# વસમા ઓરતા

જયંતીભાઈ પટેલ

# દિલની વાત

મારી કોઈ પણ રચનાની પાછળ મારા વાંચકો કાયમ રહેલા જ હોય છે. તેમના ગમા-અણગમાનો ખ્યાલ રાખવા હું કાયમ પ્રયત્નશીલ પણ રહું છું. કેટલાક લેખકો ઘણી વખત કહે છે કે તેમની નવલકથાનાં પાત્રો જ્યારે જીવંત થઈ જાય છે ત્યારે એ સ્વતંત્ર થઈ પોતાની રીતે વિહાર કરે છે અને વાર્તા નિર્ધારિત માળખાને બદલે બીજા જ માર્ગે વહેવા માંડે છે.

જો કે મારાં પાત્રો એવું મનસ્વી વર્તન કરતાં નથી. હા, ઘણી વખત વાંચકો વાર્તાના પ્રવાહને બદલવા મને મજબૂર કરે છે એ વાત મારે સ્વીકારવી જોઈએ. જ્યારે આવું બને છે ત્યારે મને વાંચકોની વાત સ્વીકાર્યાનો સંતોષ પણ થાય છે. અને ત્યારે મને લાગે છે કે મારાં સર્જનો એ એકલાં મારાં જ બની રહેવાને બદલે લેખક-વાંચકના સહિયારા પુરુષાર્થરૂપ બની રહ્યાં છે.

છેવટે વાંચકોના અભિપ્રાય જ તો કોઈ પણ નવલકથાની લોકભોગ્યતાની પારાશીશી છે. એટલે જ્યારે વાંચકો જ સીધી રીતે નવલકથાના પ્રવાહ સાથે સંકળાયેલા હોય ત્યારે તેની લોકભોગ્યતાનો આંક આપોઆપ ઊંચો આવતો હોય છે. મારા લેખક તરીકેના અનુભવમાં મેં જોયું છે કે જ્યાં વાંચકોના અભિપ્રાયને કારણે વાર્તાના પ્રવાહને વળાંક આપવામાં આવ્યો હોય છે તે પ્રસંગને વાંચકો વધાવી લેતા હોય છે.

મારી આ નવલકથામાં મેં મારી આ અગાઉની નવલકથાઓમાં વાંચકોએ કરેલા નિર્દેષોનો આધાર લેવા પ્રયત્ન કર્યો છે. એમના ગમાઅણગમાનો મેં શકય એટલો ખ્યાલ એમાં રાખ્યો છે. મને શ્રધ્ધા છે કે મારી અન્ય નવલકથાઓની જેમ આ નવલકથા પણ મારા વાંચકો પ્રેમ પૂર્વક વધાવી લેશે.

આ નવલકથાને એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં પુસ્તકરૂપે પ્રસિધ્ધ કરવા માટે એમ. એમ. સાહિત્ય પ્રકાશનવાળા ભાઈ યાકુબ મલેકે અમદાવાદની જે દડમજલ કરી છે એ દાદ માગી લે તેવી છે. એમનાં આ ખંત અને સાહસ માટે હું એમનો ઋણી છું.

હવે પછી સાહિત્યના પ્રકાશન અને પ્રસારણને ક્ષેત્રે કોમ્પ્યુટરનું વર્ચસ્વ જામવાનું છે. હવે પછીનાં દશ વર્ષમાં દેશ અને પરદેશમાં ઈન્ટરનેટ એવું પ્રચલિત અને હાથવગું થઈ જવાનું છે કે મોટાં મોટાં પુસ્તકાલયોનું સઘળું સાહિત્ય ઈન્ટરનેટના માધ્યમ મારફતે ઘરના કોમ્પ્યુટરની દાબડીમાં સમાઈ જવાનું છે. પરદેશમાં તો હાઈસ્પીડ કેબલ નેટવર્કને સહારે એ અત્યારથી જ ઘરેઘરમાં પગપેસારો કરી ગયું છે. આપણા દેશમાં પણ નજીકના ભવિષ્યમાં ઈન્ટરનેટ દરેક સુખી ઘરમાં અગત્યનું અંગ બની રહેશે એવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

મારી અન્ય નવલકથાઓની જેમ આ નવલકથા પણ પુસ્તકરૂપે પ્રસિધ્ધ કરવાની સાથે વેબ સાઈટના માધ્યમ મારફતે આપની સમક્ષ રજૂ કરવાનું સાહસ કરી રહ્યો છું. આશા છે કે પરદેશમાં વસેલાં મારાં વાંચકોને મારું સાહિત્ય વેબસાઈટ : **http://pustakalay.com** પર માણવાનું ગમશે.

આપનાં મારી અન્ય નવલકથાઓ અંગે કે વેબ સાઈટ અંગે કોઈ પણ સૂચનો હોય તો મને વિના સંકોચે મોકલી આપશો. મારું ઈમેઈલનું સરનામું આ મુજબ છે : **jd4books@gmail.com**

—જયંતીભાઈ પટેલ.

## અનુક્રમણિકા

જે પ્રકરણ વાંચવું હોય એના પર ક્લીક કરો


૧. જાગીરદારની આબરૂ

૨. મને ભૂલી જજે

૩. બે સખીઓ

૪. વીરુને ત્યાં

૫. તમે બહુ ખરાબ છો

૬. અજાણી દુનિયામાં

૭. નિશીથની રૂમ પર

૮. વૃંદાને સોંપણી કરી

૯. પિછાણની પા પા પગલી

૧૦ નિશીથ અને રવીન્દ્ર

૧૧.ઈર્ષા તારું જ નામ સ્ત્રી ને!

૧૨.મારા જેવું કોઈ ન થજો

૧૩.અકસ્માત

૧૪.પાંચહજાર

૧૫.હું પણ તેમના જેવી જ છું, બસ !

૧૬. નિશીથનું દિલ

૧૭. એનીનું ઓળખાણ

૧૮. ઑપરેશન થયું.

૧૯. લાગે છે તું મને ભૂલી ગઈ છું

૨૦. શંકાશીલ પતિ

૨૧. સેમ્યુઅલ કે સુસ્મિત ?

૨૨. વચન મોંઘું પડ્યું

૨૩. સેમ્યુઅલની ચિંતા

૨૪. એનીએ જાણ્યું

૨૫. મનના મળ્યા શું મેળ ?

૨૬. આપણે ફરીથી મળીશું જ.

૨૭. મોંઘેરું મિલન

૨૮. તારે જીવવું જ પડશે

૨૯. નિશીથનો પત્ર

૩૦. સિલ્વીઆ સ્મિથ

૩૧. જનમભૂખી

૩૨. વસમા ઓરતા

૩૩. હું દેશમાં જાઉં છું

૩૪. સિલ્વીઆને સંડોવી

૩૫. સફળ શેઠ

૩૬. ભટ્ટાચાર્યનો એકરાર

૩૭. મને માફ કરશો ને ?

# ૧. જાગીરદારની આબરૂ

મહાલક્ષ્મીના દરિયાકિનારા પર એક સલૂણી સંધ્યા ઢળવા માંડી હતી. દિવસ આખાની ગરમીથી શેકાયેલા કાળમીંઢ ખડકો દરિયા પરથી મંદ મંદ વહેતા પવનનો સહારો લઈને પોતાની શીતળતા પાછી મેળવવા પ્રયત્ન કરી રહ્યા હતા. એવા જ એક મોટા ખડકની, મોજાંની પછડાટ ખાઈને સુંવાળી બનેલી કાયા પર બે જણાં એકમેકને અડીને ગોઠવાયાં હતાં. સાગરનો આ કિનારો હજારો પ્રેમીઓની ઊર્મિઓનો મૂકસાક્ષી હતો. આ બેની ગોષ્ઠી પણ એ પોતાનાં મોજાંને ધીમાં કરી શરવે કાને સાંભળી રહ્યો હોય એમ લાગતું હતું.

યુવક નિશીથ હતો ને યુવતી સ્પંદના. બેય હમણાં જ કૉલેજના છેલ્લા વર્ષની પરીક્ષા આપીને હળવાશ અનુભવી રહ્યાં હતાં. યુવતીનું ધ્યાન પોતાના તરફથી હઠીને ક્ષિતિજની શૂન્યતામાં ખોવાઈ ગયેલું જોઈ યુવકને ઈર્શા થઈ. એણે યુવતીને ખભેથી પકડી પોતાની સામે ફેરવતાં પૂછ્યું : 'શા વિચારો ચઢી ગઈ તું પાછી! મને એકલતામાં અટવાતો મૂકીને તું કયાં સ્વૈરવિહાર કરવા ઊપડી ગઈ હતી ?'

'તે સ્વૈરવિહાર તો એકલાં જ કરાય ને. પણ તું અદેખો કયારથી થવા માંડ્યો ? તને ખબર છે કે અદેખાઈનો મૂળ  સ્રોત માલિકીપણાની ભાવનામાં રહેલો છે ?'

'તારે એમ માનવું હોય તો એમ માન પણ મારી સાથે બેસીને તું તારા મનની ગલીઓમાં ભટકયા કરે તો મને તો ન જ ગમે ને !'

'એ વાત જ હું કહેતી હતી ને ! એની પાછળ તારા મનમાં પેલી માલિકીપણાની ભાવના છુપાયેલી છે. મારા વિચારવા પર પણ તું અધિકાર જમાવવા પ્રયત્ન કરવા માંડ્યો છે. પણ હજુ હું તારી થઈ કયાં છું ?'

'મનથી તો થઈ જ ગઈ છું, હવે જે બાકી છે એય પૂરું કરી લઈએ આ વેકેશનમાં. બોલ, કયારે પરણવું છે ? હું તો તું જ્યારે કહે ત્યારે તૈયાર છું.' પેલું પુરુષદિલ જાણે ચોખવટ કરાવવા આતુર હતું.

'મારેય એ જ પ્રશ્ન સરદર્દ સમો છે. 'કયારે' એનો જવાબ જડતો નથી. હા, 'કયાં' એનો જવાબ હોઠને છેડે છે.'

'એની તો મનેય ખબર છે.'

'તને કયાંથી ખબર હોય! હજુ તો મેં મારા હૈયામાંથી એનો અણસાર પણ કોઈને આવવા દીધો નથી.'

'તોય મને ખબર છે કારણ કે એમાં મારું નામ છુપાયેલું છે.' નિશીથે આંખો નચાવતાં કહ્યું.

'તે તું એમ માની બેઠો છું કે હું તારી સાથે લગ્ન કરીશ, એમ!' સ્પંદનાએ સામી આંખો નચાવતાં કહ્યું.

'મારે એ જ તો ચોખવટ કરાવવી છે તારી પાસેથી. જો તું ના કહે તો મને બીજે વાત કરતાં ફાવે. બીજીય બેચાર છોકરીઓ જોઈ મૂકી છે.'

'લે હવે બડાઈ મારવાની છોડ. જો હું ના કહું તો તું રખડી જ જાય એની મને ખાતરી છે. પણ મારે તને એમ રખડાવી મારવો નથી.'

'તો હે દયાની દેવી, એક દયા બીજીય કર ને ! મને વહેલી તકે કંકુઆળો કરી દે ને! તે વધુ સારી નોકરી શોધવાની સમજણ પડે.' નિશીથે મજાકને આગળ લંબાવી.

'દયા કરવાનો વિચાર તો આવે છે પણ મારેય માથે ઓરમાન તોયે મા છે. મારે એમને પહેલાં મનાવવાં

પડશે ને.'

'ને કદાચ ન માને તો !' પેલા પુરુષદિલની શંકા બોલી ઊઠી.

'નહીં માને તો તારે મારું હરણ કરી જવું પડશે એટલું જ. તને હિંમત તો છે ને !'

'તું કહેતી હોય તો હમણાં જ ઉપાડી જાઉં. પૌરાણિક ઈતિહાસમાંથી એટલું તો ભણ્યો છું.'

'જો કે તારે એવું કરવાની જરૂર નહીં પડે. એ મા છે પણ સગી મા નથી ને કદી સગી મા થઈ પણ નથી એટલે એનાથી મારા પર કોઈ દબાણ કરાય તેમ નથી. માનશે તો મનાવીશ નહીં તો બે જોડી કપડાં બેગમાં ભરીને આવી જઈશ તારી રૂમ પર. તું રૂમ ખાલી તો નથી કરી નાખવાનો ને ! હા, તમારી પટેલભાઈની નાતમાં હોય છે એવી પરઠણની અને તોલાની વાતો તારે ભૂલી જવી પડશે.'

'એ તો આ ભણતરે ભુલાવી દીધી છે અને બાકી હતી તે તારા સંગે ભૂલી ગયો છું. હવે એટલું કહે કે તું તારાં એ માને મનાવીશ ક્યારે ! તારો જવાબ નહીં આવે ત્યાં સુધી મારી તો ઊંઘ હરામ થઈ જશે.'

'તે આમેય તને ઊંઘ આવે છે જ ક્યારે ? બોચિયાટ છું એક નંબરનો. એમ માનજે કે બે મહિના પરીક્ષા મોડી આવી હતી.'

'બે મહિના! બાપ રે, તારે તો મને મારી જ નાંખવો છે કે શું ! એમ કર મારા વતી થોડી ઉતાવળ કરજે. ને ત્યાં તનેય મારા વગર ક્યાંથી ગમશે ?' નિશીથ પાછો મજાકે ચઢવા ગયો પણ સ્પંદના ગંભીર થઈ ગઈ હતી એટલે એનું તીર હવામાં ખાલી જ ગયું.

'મારે બે દિવસમાં જ ઘેર જવું પડશે.'

'એટલું જલ્દી !'

'તારે ખાતર દોસ્ત, તારે ખાતર. હમણાં તો તું જ કહેતો હતો ને કે બને એટલી ઉતાવળ કરજે.' સ્પંદનાએ હસતાં એને ટોણો માર્યો.

'ચાલો, વિયોગ થવાનો જ છે તો ભલે એટલો વહેલો થાય, મિલન પણ એટલું વહેલું જ થશે ને ! પણ તું જરાય ઢીલું ન મૂકતી. જરૂર જણાય તો મને તાર કરજે હું આવી પહોંચીશ.'

'મારું હરણ કરવા ? પણ ગાંડા હવે જમાનો હરણ કરવાનો નથી રહ્યો, હવે તો આપણે જેમ ધારીએ તેમ જમાનાને મચડી શકીએ છીએ. તું જરાય ચિંતા ન કરતો.'

'ચિંતા ન કરવાનું મનને ઘણુંય સમજાવું છું પણ જે વાંચ્યું છે ને સાંભળ્યું છે ને એમાંથી તારવ્યું છે એ અનેક આશંકાઓ કરાવ્યા કરે છે. છતાં મને તારી મકકમતા પર શ્રધ્ધા છે. તું તારાં માને જરૂર સમજાવી શકીશ.'

⬥

નિશીથને આશા બંધાવી ત્યારે સ્પંદનાને જે બીક નહોતી લાગી એ હવે ઘેર જતાં લાગવા માંડી હતી. એણે ઘેર જતાં ગાડીમાં, પોતાનાં ઓરમાન માને સમજાવવાના પ્લાન ઘડવા માંડ્યા. એનાં મા ગમે એટલી દલીલો કરે છતાં એની મકકમતા આગળ એમને ઝૂકવું જ પડવાનું હતું. પણ ઓછી દલીલો અને ઓછા મનદુઃખ સાથે આ વાત પતી જાય તેમ કરવા તેનું મન ગોઠવણી કરી રહ્યું હતું.

એટલે જ ઘેર પહોંચીને તરત જ એ વાત ઉપાડવાનું તેણે મનથી નકકી કરી રાખ્યું હતું. પણ જ્યારે તે

ઘેર પહોંચી ત્યારે જાણે તેનાં મા સાવ બદલાઈ ગયેલાં લાગ્યાં. પહેલાં તો જ્યારે એ ઘેર આવવાની હોય એના પહેલાં જ એમણે ઢગલો કામ એને માટે તૈયાર કરી મૂક્યાં હોતાં. એને બદલે આ વખતે તો મા એની ચારે બાજુ ફરતાં અને એની તબિયત વિશે ચિંતા કરતાં દેખાતાં હતાં. એને થયું કે માનો યા ન માનો પણ કશુંક રંધાઈ રહ્યું છે.

કાંઈ ન સમજાતાં છેવટે એણે પોતાની સાવકી બેન કલ્પનાને જ પૂછ્યું : 'કંઈક નવાજૂની છે કે શું ? બાનો સ્વભાવ સાવ બદલાઈ ગયેલો લાગે છે !'

'તમને બાએ કશું નથી કહ્યું ?' કલ્પનાએ સામો પ્રશ્ન કર્યો.

'ના, શી વાત છે ?'

'લો, કરો વાત. ઊલટાંનું મરે તમને પૂછવાનું હોય કે શી વાત છે, એને બદલે તમે મને પૂછો છો. આ તો જાણે : વર તો કંઈ જાણે નહીં ને જાનૈયા મ્હાલા મ્હાલ, એના જેવો ઘાટ થયો.'

'શાનો વર ને શાની જાન!'

'શાનો વર એમ નહીં પણ કોનો વર એમ પૂછો. આ તો તમારા જ વરની વાતો ચાલે છે. બાએ તમારાં લગ્નની વાત શરૂ કરી દીધી છે. તમે આવો એની જ એ રાહ જોઈને બેઠાં છે.'

'મારા વિવાહની વાત! પણ કોની સાથે ?' સ્પંદના બોલી ઊઠી પણ એના મનમાં ગભરાટ થઈ રહ્યો.

'આપણાં સમરથફોઈ છે ને તેમના મામાસસરાની દીકરીના દીકરા ડૉક્ટર રવીન્દ્ર સાથે. કહે છે કે એ મુંબઈમાં હૉસ્પિટલમાં નોકરી કરે છે.'

'એમ! તમે બધાં મને પૂછ્યા પહેલાં જ સારું પાકું કરી લેવા માંડ્યાં છો ને !' ને તે સીધી વિલાસબેન પાસે પહોંચી. વિલાસબેન સાંજને માટે શાક સમારી રહ્યાં હતાં.

સ્પંદનાને પાસે આવેલી જોતાં તે બોલી ઊઠ્યાં : 'આવ, આવ બેસ અહીં. તારાં પેપર કેવાં ગયાં એ તો હું તને પૂછવાનું જ ભૂલી ગઈ.' હવે આ બનાવટી વહાલનો કેમ જવાબ આપવો એની જ એને વિમાસણ થઈ પડી.

એનાથી અનાયાસે જ બોલાઈ ગયું : 'પેપર તો સારાં ગયાં છે.' બોલતાં બોલતાં એ વિલાસબેન સામે ગોઠવાઈ. બા બદલાઈ ગયેલી લાગતી હતી ત્યારથી જ સ્પંદનાને કશુંક રંધાઈ રહ્યું હોવાની શંકા તો આવી જ ગયેલી હતી. વળી એ વિલાસબેનને જે રીતે ઓળખતી હતી એ જોતાં એને હવે લાગવા માંડ્યું હતું કે પોતાનાં લગ્નની વાત પાછળ પણ એમનો જરૂર કોઈ સ્વાર્થ તો હશે જ.

'બા મેં એમ જાણ્યું છે કે તમે મારાં લગ્નની વાત શરૂ કરી છે.'

'હા, તું હવે ભણી રહી એટલે તારાં લગ્નની વાત ચલાવવી જ પડે ને. તારા પિતાજી જો હયાત હોત તો એ આ બધું કરત પણ એમની ગેરહાજરીમાં તો મારે માથે જ બધી જવાબદારી ને!' વિલાસબેને ઠાવકું મોં રાખીને કહ્યું. સ્પંદના એમને ઓળખતી ન હોત તો એમની આ વાતની પાછળ એને એક વહાલસોઈ માના હૈયાનાં જ દર્શન થયાં હોત પણ એ વિલાસબેનને સારી રીતે ઓળખી ગયેલી હતી એટલે એને એમની આ વાતમાં એમના કોઈ કુટીલ સ્વાર્થની જ ગંધ આવી રહી હતી.

'કોની સાથે ?'

'આપણું જાણીતું જ ઘર છે. આપણાં સમરથફોઈના મામાસસરાની દીકરીના દીકરા રવીન્દ્ર સાથે.

આવો મૂરતિયો આપણને મળે એ જ ભાગ્યની નિશાની, પણ આ તો તારા પિતાની આબરૂ અને મારો એ લોકો સાથે સારો મનમેળ એટલે વાત આગળ વધી છે.'

'પણ મારો વિચાર લગ્ન કરવાનો ન હોય તો ?' સ્પંદનાએ પૂછ્યું. તે બોલવા તો બીજું જ માગતી હતી પણ ઉચ્ચાટમાં તેનાથી આમ બોલાઈ ગયું. આમ તો એ જે બોલી એ જ સમરથબેને સાંભળ્યું હતું પણ એનો અર્થ તો એમણે એ જ ઘટાવ્યો જે એમને ઘટાવવો હતો.

'અરે, એ શું બોલી! લગન નથી કરવાં એ તે કાંઈ ચાલે આ જમાનામાં ? ડોસો કુંવારો મરે પણ કોઈ ડોસી કુંવારી મરી સાંભળી છે કદી! આ જમાનામાં એકલાં રહેવું એ કેટલું અઘરું છે એની તને ખબર છે ? મારી સાથે તો તમે બધાં છો તોય મારે માથે કેટલી વીતી છે એની તને કયાં ખબર છે! વળી આ તો ડૉક્ટર થયેલો છોકરો છે. આવો હાથમાં આવેલો મોકો આપણે જો હાથમાંથી જવા દઈએ તો આખી નાત આપણને ગમાર જ કહે ને. પછી દીવો લઈને શોધવા જઈશું તોય આવો ડૉક્ટર થયેલો વર અને આવું ઘર નહીં મળે.' સમરથબેને ડૉક્ટર શબ્દ પીપરમીન્ટની જેમ જીભે એવો મમરાવીને બહાર મૂકયો કે સાંભળનાર એની મીઠાશમાં આવી જાય. પણ સ્પંદના આજે એમની વાતમાં આવે તેમ ન હતી.

પોતાના કથનની ધારી અસર સ્પંદના પર થઈ કે નહીં એ સમરથબેન એક મુત્સદ્દીની અદાથી અવલોકી રહ્યાં તો સામે પક્ષે સ્પંદનાય તડ ને ફડ કરીને આ વાત પર કાયમને માટે પૂર્ણવિરામ કેમ મૂકી દેવું એ વિચારી રહી.

છેવટે એણે બધી હિંમત એકઠી કરીને મકકમતથી કહ્યું : 'જુઓ બા, હું તમને મારો વિચાર સ્પષ્ટપણે જણાવી દઉં. હું મુંબઈમાં રહેલી છું, ભણેલી છું અને મારે માટે શું સારું છે અને શું સારું નથી એ બરાબર સમજી શકું છું. હમણાં જ્યારે મેં એમ કહ્યું કે મારો વિચાર લગ્ન કરવાનો નથી ત્યારે મારે પરણવું જ નથી એવો ન હતો. તમે એનો ભલે તમારે ફાવતો અર્થ ઘટાવ્યો હોય. મારું કહેવાનું એમ હતું કે મારો વિચાર એ ડૉક્ટર સાથે લગ્ન કરવાનો નથી.'

'પણ અવો હાથમાં આવેલો મોકો જતો કરવાનું કોઈ કારણ ?'

'કારણ વગર તો હું એમ નહીં જ કહેતી હોઉં ને ! મારે લગ્ન કરવાં છે પણ મારી પસંદગીના મૂરતિયા સાથે, તમારા હાથમાં આવી ગયેલા અને ડૉક્ટર થયેલા મૂરતિયા સાથે નહીં. મેં ભણતાં ભણતાં જ એક જણ સાથે લગ્ન કરવાનું નકકી કરી રાખ્યું છે. હું તેની સાથે જ લગ્ન કરવા માગું છું, જો તમે એમાં સંમતિ આપો તો તમારી રીતે નહીં તો મારી રીતે. આ વાતમાં કોઈ મીનમેખ થવાની નથી.'

'કોણ છે એ ?' વિલાસબેનનાં તો જાણે બારેય વહાણ ડૂબી ગયાં હોય એમણે પૂછ્યું.

'જેને મેં પસંદ કર્યો છે એ સાયન્સનો ગ્રેજ્યુએટ છે અને ભણતાંય એન પાસે અઢીસોની નોકરી હતી. હવે એ ગ્રેજ્યુએટ થઈ જશે એટલે એનો પગાર બમણો થઈ જશે. હા, એ તમારા ડૉક્ટર જેવું ઊંચું ભણેલો નથી પણ મને એ ગમ્યો છે. હા, એ આપણી નાતનો નથી. એ પટેલ છે.' સ્પંદનાએ મકકમતાથી કહ્યું. પણ એના છેલ્લા શબ્દોએ જાણે સમરથબેનના હૈયામાં દલીલનું તેલ પૂર્યું.

'તે તું એક ઊતરતી નાતમાં લગ્ન કરવાની આશા રાખે છે. તારું ભણતર અને આપણા ઘરના સંસ્કાર, એ બધાનું કશું મૂલ્ય નહીં!'

'એ બધી સંસ્કારની વાતો તો હું ભણી ગઈ છું. હવે તો મને એ વાતોથી ઉબકા આવે છે. મારી વાત સ્પષ્ટ છે જો તમને ન સમજાઈ હોય તો મને માફ કરજો પણ મારો નિર્ણય અફર છે.'

'એટલે તારે પરનાતમાં લગ્ન કરીને વિશ્વંભર જાગીરદારની પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દેવું છે ? તારા

જેવી સંસ્કારી છોકરીનું માનસ પણ જો બેચાર વરસના બહારના વસવાટે આવું બગડી જશે તો પછી આ સમાજનું શું થશે ?'

'સમાજનું જે થવાનું હશે એ થશે અને વિશ્વંભર જાગીરદારની આબરૂનુંય જે થવાનું હોય એ ભલે થાય પણ મેં જે નકકી કર્યું છે એમાંથી હું હવે પાછી હઠવાની નથી.' વાતાવરણમાં કેટલીક ક્ષણો તોલદાર શાંતિ છવાઈ રહી. વિલાસબેનના ભઠ્ઠી જેવા હૈયામાં કેટલાય વિચારો ખદબદી રહ્યા. એમણે પોતાની હકુમત અને સ્પંદનાની મકકમતાને શ્રધ્ધાને ત્રાજવે ચઢાવી જોયાં. તેમને લાગ્યું કે બન્ને પલ્લાં સરખાં થતાં હતાં. કોઈ એવો મુદ્દો હાથમાં આવી જાય તો પોતાનું પલ્લું એના ભારથી નમી જાય એવા મુદ્દાની તે ઝીણી નજરે શોધ કરી રહ્યાં.

એમના મનમાં જે હોળી સળગી રહી હતી એનો અણસાર બહાર ન આવી જાય એ માટે પ્રયત્નપૂર્વક શાંત દેખાવાનો પ્રયત્ન કરતાં એમણે કહ્યું : 'હું તને ઉતાવળે નિર્ણય લેવાનું દબાણ કરતી નથી. હું તો તને ફકત એટલું જ યાદ દેવડાવવા માગું છું કે જે કાંઈ નકકી કરે એ જોઈ વિચારીને નકકી કરજે. તારું આ પગલું આપણા આખા કુટુંબની પાયમાલીનું કારણ ન બને એ જોજે.'

'મેં જે નિર્ણય કર્યો છે એનાથી હું નથી માનતી કે આપણા કુટુંબને કશું સહન કરવાનું આવે. કલ્પના અને સુરેશનેય એનાથી કશો વાંધો આવે એમ હું માનતી નથી.' સ્પંદનાએ કહ્યું. એ મનથી મકકમ થવા પ્રયત્ન કરતી હતી અને સમરથબેનની વાતોમાં ન આવી જવાય એની કાળજી રાખવા પણ પ્રયત્ન કરતી હતી. આમ છતાં એ અજાણ્યેય એમની વાતોમાં ખેંચાતી જતી હતી એનું તેને ભાન ન હતું.

'તું ન માનતી હોય તો પણ જે સત્ય એ છે કે સમાજની ચકકીમાંથી હેમખેમ બહાર આવવા જેવી આપણામાં શકિત નથી કે એટલી આપણી યત્તા નથી. ભલભલા વિદ્વાનો અને સમાજસુધારકોય ભૂંડેહાલ પાછા વળી ગયા છે ત્યાંથી. તારે અમારો-આપણાં બધાંનો સમાજને ભોગ ચઢાવવો હોય તો જ આ પગલું ભરજે,' કહેતાં સમથબેને આંખો લૂછી.

'જુઓ બા, હવે સમાજને કોઈ ગણતું નથી. અત્યારે તો સમાજ કોઈની વાતે આડો આવવા પ્રયત્ન કરે તો લોકો એનેય લાત મારી દે છે. આપણી નાત તો દુનિયામાં નાનામાં નાની છે. ને દુનિયા ઘણી વિશાળ છે.'

'એટલે પછી સુરેશ અને કલ્પનાનેય એ વિશાળ દુનિયામાંથી જ સંબંધ શોધવાના ? અને તેય કઈ પૂંજી ઉપર! નથી આપણી પાસે કશી રોકડ કે નથી બંગલા ગાડી. પારકી નાતમાંથીય લોકો એ બધું તો જોશે જ ને!'

'કલ્પી લીધેલાં ભય અને ચિંતાઓથી તમે એટલાં બધાં હતાશ થઈ ગયાં છો કે તમને સાચો રાહ સૂઝશે નહીં કે મારી વાત સમજાશે નહીં. પણ તમે મારી એક વાત માનશો ?'

'તારી વાત અમારે તો માન્યે જ છૂટકો છે ને. પણ તું એટલું વિચાર કે જો સમજુબેન (સ્પંદનાનં મા) હયાત હોત તો તું આ પગલું ભરત?'

'હા, તો પણ હું આમ જ કરત અને આજે પણ એમ જ કરવાની વાત કરી રહી છું. મેં તો તમને મારાં સગાં મા જ માન્યાં છે અને આજ સુધી તમારો એક શબ્દ પણ મેં ઉથાપ્યો નથી. એટલે આજે એટલું કહી દઉં છું કે મારા પર કશું અણછાજતું દબાણ કરવાનો પ્રયત્ન કરશો તો તેનું પરિણામ સારું નહીં આવે. હું તો મારા મનનું ધાર્યું કરીને જ રહીશ પણ તમે લોકોમાં ગવાઈ જશો. લોકો તો એમ જ કહેશે કે ઓરમાન મા હતી તે આમ થયું.' સ્પંદનાએ મકકમતાથી કહ્યું. સમરથબેન કાંઈ ન બોલ્યાં પણ એમની આંખોમાં લાચારી તરી આવી.

એમણે પાલવથી આખો કોરી કરી અને સમય વર્તી સ્પંદના પોતાના રૂમમાં ચાલી ગઈ. તેને થયું કે પોતે એમની પાસે વધારે રોકાશે તો એ વાતોના નવા નવા ફણગા કાઢ્યા કરશે ને કદાચ પોતે એમની વાતોમાં આવી પણ જાય. એકાંતમાં જઈ તે વિલાસબેનનાં આંસુ સામે ટકી રહેવા માટે વધુ હિંમત હાંસલ કરવા માગતી

હતી.

પોતાના ખંડમાં આવી એ સીધી જ ખાટલામાં પડી અને જેવી પડી કે તરત પોતાની લાચારી પર ગુસ્સે થઈ ધ્રુસકે ચઢી ગઈ. પોતે પોતાના સ્વાર્થની આગળ વિલાસબેનની વાતોને ભલે ઠુકરાવી કાઢે પણ એમની વાતો વાસ્તવિકતાથી દૂર ન હતી. એમની ટોચ પર બેઠેલી નાતને બહારની બધી કોમો નીચી જ લાગતી હતી એટલે કોઈ બહાર જાય તો એ વટલી ગયાનું મહેણું કાયમ એને લમણે લખાઈ જતું હતું. પછી એ ન તો પેલી નાતમાં ભળી શકતો હતો કે ન તો પોતાની નાતમાં પાછો ફરી શકતો હતો.

આવું નહોતું જ બનતું એવું પણ ન હતું. કેટલાંક કુટુંબોએ લાચારીવશ એ માર્ગ અપનાવ્યો પણ હતો પણ પછી એ કુટુંબો નાતમાંથી એવાં તો દૂર ફેંકાઈ ગયાં હતાં કે એમનાં નીકટનાં સગાંય એમની દયા ખાવા સિવાય કશું કરી શકતાં ન હતાં એ હકીકત હતી.

એક તરફ તેને આવા વિચારો આવતા હતા તો બીજી તરફ તેને એમ પણ લાગતું હતું કે જો પોતે આવા જ વિચારો કરતી રહેશે તો પોતે પોતાના નિશ્ચયને અમલમાં મૂકવાનું જોમ ખોઈ બેસશે. પછી આખી જિંદગી આહો અને નિરાશાનાં ગાણાં ગાતાં પૂરી કરવી પડશે. એને ખબર હતી કે ભાવનાશીલતા એક એવી ચીજ છે કે એ એની હડફેટમાં આવી ગયેલાના દિલમાં પહેલાં મોટપનો અનુભવ કરાવે છે ને પછી આખી જિંદગી એ મોટપને મનમાં જ કોસતાં કાપવા એને મજબૂર કરે છે. ‘હું એવી વેદિયણ થવા માગતીય નથી કે મારે એવી મોટપ જોઈતી પણ નથી.’ એ મનમાં જ બબડી.

‘શું થયું મોટીબેન ?’ ખંડને બારણે આવી ઊભેલી કલ્પનાએ બેનને રડતી જોઈ સ્વાભાવિકપણે પૂછ્યું.

‘કંઈ નહીં.’ સ્પંદનાએ ઊંચું જોયા વિના જ કહ્યું.

‘કંઈ નહીં કેમ! રસોડામાં બા રડે છે ને તમે અહીં ઓશિકામાં મોં છૂપાવીને પડ્યાં છો, પછી કંઈ નહીં કેમ! નકકી કશુંક થયું છે. તમને બાએ કશું કહ્યું છે ? મનેય નહીં કહો ?’ કહેતાં કલ્પના એની કોટે વળગી પડી. તેને કયાં ખબર હતી કે બેયના રૂદન પછળ એ પોતે જ કારણભૂત હતી.

‘તને એ નહીં સમજાય.’ સ્પંદનાએ વાતને ટાળવા પ્રયત્ન કરતાં કહ્યું.

‘કેમ નહીં સમજાય! મોટીબેન, હું તમારા કરતાં ફકત ત્રણ જ વરસ નાની છું અને એક વરસથી તો કૉલેજમાં પણ જાઉં છું.’ એણે કહ્યું. તે વાચાળ પણ હતી અને સ્પંદનાની લાડકી પણ હતી.

‘એમાં ઉંમરનો સવાલ જ નથી. જ્યાં સુધી તમે એમાં ડાયરેકટ્લી ઈન્વોલ્વ ન થાવ ત્યાં સુધી તમને એની સાચી સમજણ આવતી નથી.’

‘એવું બધું તો અમારી કૉલેજના કોર્સમાં નથી આવતું પણ મોટીબેન, સામાન્ય બુધ્ધિથી વિચારતાં મને એમ લાગે છે કે બાએ તમને જે કહ્યું એ તમને પસંદ નથી પડ્યું અને તમે જે કંઈ કહ્યું તે બાને પસંદ નથી પડ્યું. મને વિગતે વાત કરો તો હું કદાચ વચલો રસ્તો કાઢી શકું.’

તેની આવી બાલિશ વાતથી હસી પડતાં સ્પંદનાએ કહ્યું : ‘એમાં વચલો રસ્તો હોય જ નહીં. કાં તો ઉત્ત ારમાં જાવ કાં તો દક્ષિણમાં જાવ. બેમાંથી એકની વાત રહે અને બીજાની વાત મૂળમાંથી ઊડી જાય.’

‘તો દેખીતું છે કે બાની જ વાત ઊડી જાય. એને હવે કેટલું જીવવાનું બાકી છે !’

‘જો એવું ન બોલાય. આ તો મારા વિવાહની વાતમાંથી અમે દલીલબાજીએ ચઢી ગયાં. મેં એમને એમ કહ્યું કે હું એ ડૉકટર સાથે પરણવા માગતી નથી.’

'પછી બાએ એમ પૂછ્યું હશે કે તમે કોની સાથે પરણવા માગો છો.'

'પછી મેં એમને કહ્યું કે હું પરનાતના એક જણ સાથે પરણવાના વચનથી બંધાઈ ગઈ છું.'

'પછી ?'

'પછી અમારા બે વચ્ચે થોડી ચકમક ઝરી.' આમ કહી એણે કલ્પનાને સઘળી વાત કરી અને છેવટે ઉમેર્યું : 'મારા આવા વિચારોથી બાને દુઃખ થયું હશે. એ એમ પણ માને છે કે જો હું આવી રીતે લગ્ન કરી લઈશ તો તારા જે વિવાહ નકકી થયેલા છે એ પણ તૂટી જશે. પણ હું લાચાર છું.'

'એમાં લાચારી શી ! તમારી જગ્યાએ હું હોઉં તો પણ એમ જ કરું. પાંચ વરસ પછી સમાજ આવો જ હશે એવું કોણે કહ્યું ? અને એવો જ રહ્યો હશે તો એને લાત મારીને એમાંથી બહાર નીકળી જતાં મને કોણ રોકવાનું છે ? તમે મારી જરાય ચિંતા કરશો નહીં. બાને ખબર નથી કે મારા વિવાહ તૂટી જવાની આશંકાને દૂર કરવા એ તમારા જીવનને ખરાબે ચડાવી રહી છે. એ હવે ઘરડી થઈ છે એટલે એને પ્રેમ કે લાગણીઓની ભાવના સમજાતી નથી. પણ હું તમારી સાથે જ છું. આપણે બેય થઈને એની સામે લડી લઈશું. તમે જરાય ચિંતા ન કરતાં.' કલ્પનાએ કહ્યું. એની મોટીબેન માટેની લાગણી એમાં દેખાઈ આવતી હતી. એ હજુ વીસની અંદર હતી એટલે એના વિચારો પુખ્ત કહી શકાય એવા ન હતા પણ મોટીબેન પ્રત્યેની તેની લાગણી માટે એ પુખ્તતાની જરૂર ન હતી.

સાંજે સુરેશે વાત જાણી તો તે પણ વિલાસબેન પર ચિઢાઈ ગયો : 'સમાજની તાબેદારી કોઈએય શા માટે ઉઠાવવી જોઈએ ? પહેલો માણસ કે પહેલો સમાજ ?'

'તારે એમ ગુસ્સે થવાની જરૂર નથી. હજુ તો મારે શું કરવાનું છે એનો વિચાર ફકત મારે જ કરવાનો છે. હું કંઈ એમ ભોળવાઈ જાઉં તેવી નથી.' હસતાં-હસવાનો પ્રયત્ન કરતાં સ્પંદનાએ કહ્યું. પણ સુરેશ એમ શાંત થાય એમ ન હતો. એ સીધો જ વિલાસબેન પાસે પહોંચ્યો.

'તમે મોટીબેનને અમુક જગ્યાએ જ લગ્ન કરવા માટે દબાણ કરી જ કેમ શકો ! તેમને તમારા કરતાં સારા-ખોટાની વધારે સમજણ પડે છે. તમારે તો ફકત તમારો જ સ્વાર્થ જોવો છે, બીજાનું મન દુભાય કે એનું જીવન રોળાઈ જાય એની તમને જરાય પડી છે ખરી ?' તેણે વિલાસબેનનો ઉધડો લીધો.

'મેં એને લગ્ન માટે કશું દબાણ કર્યું જ નથી. મેં તો એને એટલું જ કહ્યું હતું કે જો એ પરનાતના છોકરા સાથે લગ્ન કરે તો પછી તારાં કે કલ્પનાનાં લગ્ન વખતે મુશ્કેલી ઊભી થાય.'

'તમારી એ માન્યતા સત્યથી સાવ વેગળી છે. અત્યારે તો કેટલાક ભણતર જુએ છે તો કેટલાક રૂપ જુએ છે તો કોઈક વળી પૈસાના પૂજારી પૈસા જોનારાય હોય છે પણ ઘર, કુટુંબ અને આબરૂનાં તોરણ બાંધનારા તો બાપુજી જન્મ્યા તે પહેલાંના જતા રહ્યા છે.' સુરેશે કહ્યું.

'તું સમજતો કેમ નથી ? આપણે કલ્પના માટે નવનીતરાય સાથે વાત કરી મૂકી છે તે ડૉક્ટર રવીન્દ્રના બનેવીના ભાઈ થાય છે. હવે જો સ્પંદનાની વાત આપણે ઉડાડી મૂકીએ તો એ લોકોય કલ્પનાની વાત ઉડાડી મૂકે. અને તેમાંય જો સ્પંદના પરનાતના છોકરા સાથે લગ્ન કરે તો પછી આપણે કલ્પનાના એ સંબંધની તો શું પણ નાતમાંથી બીજા કોઈ સંબંધનીય આશા છોડી દેવી પડે.'

'તે છોડી દેવી પડે તોય ભલે. એવા નાતને જ આગળ કરનારા ઘરમાં કલ્પના ન જાય એ જ વધું સારું. તમારી આ નાત અને એની વાડાબંધી હવે ઝાઝી ચાલવાની નથી. ને કલ્પનાની ઉંમર પણ કયાં એવી થઈ ગઈ છે કે તમારે આજથી જ એની ચિંતા કરવી પડે !'

'ભલે ભાઈ તમને જુવાનિયાંને મારી વાત ગળે નહીં ઊતરે પણ કલ્પના ને નવનીતરાયના વિવાહની વાત ચાલે છે એમ તો આપણે જ માનીએ છીએ પણ નાત આખીમાં તો બધા એમ જ માને છે કે એ વિવાહ થઈ જ ગયા છે.' કહેતાં આંસુ દદડાવતાં વિલાસબેન રસોડામાં પેસી ગયાં. સુરેશની પાછળ દોડી આવેલી સ્પંદનાએ માદીકરા વચ્ચેની એ દલીલબાજી સાંભળી હતી. એનેય આજ સુધી કલ્પનાના વિવાહની વાત કરી મૂકયાની વાત જ ખબર હતી. આખી નાતમાં આ વાત જાહેર થયાની વાત તો તેને માટેય આશ્ચર્ય સમાન હતી. જો વિવાહ થયા જ ન હોય તો પછી એ વાત ઉડાડી કોણે ? કદાચ બીજું કોઈ વચમાં ન પેસી જાય એ બીકે બાએ જ એ ઉડાડી હોવી જોઈએ એમ તેને લાગ્યું. તેને વિલાસબેન પર ગુસ્સો આવ્યો.

'શા માટે એમણે કલ્પનાના વિવાહની આટલી બધી ઉતાવળ કરવી જોઈએ ? પોતે પરનાતમાં પરણે તો નવનીતરાયે કલ્પના સાથેના વિવાહ શા માટે તોડી નાખવા જોઈએ ? જો સમાજની બીકે એ આવું કરતા હોય તો એવા સમાજને જ દીવાસળી શા માટે ન ચાંપી દેવી જોઈએ ?' એવા અનેક પ્રશ્નો એના મનમાં ઘમરોળાઈ રહ્યા. પણ સમાજ તો એવી અનેક ચિનગારીઓને ઠારી દઈને હજુય એવો ને એવો જ ઊભો હતો એનું શું ? બીજાના સંસારમાં ચિનગારી ચાંપનાર એ સમાજને બીજાની ચિનગારી જલાવી શકે ખરી !

એ પોતાના ખંડમાં પાછી દોડી ગઈ અને પેલા આંસુભીના ઓશિકા પર વધુ આંસુનો અભિષેક કરી રહી. રડતાં રડતાં એણે પોતાનાં માતા-પિતાને સંભાળ્યાં. એ લોકો જો હયાત હોત તો આવું થયું જ ન હોત.

અને કદાચ આવો પ્રશ્ન જાગ્યો હોત તો એ સામેથી જ સમાજના એ ખાંધિયાઓને કહી દેત : 'તમે પાંચ પંદર જણ તો શું પણ આખી દુનિયા સામે પડવું પડશે તોય હું મારી દીકરીને પક્ષે જ છું. તમે બધા ભેગા મળીને અમને નાતબહાર મૂકો તે પહેલાં જ હું તમને બધાને અમારી આગવી નાતની બહાર મૂકી દઉં છું, જાવ.' પણ એવા પ્રભાવશાળી પિતા આજે હયાત ન હતા એની તો આ બધી મહોંકાણ હતી ને !

રડતાં રડતાં એ કયારે ઊંઘી ગઈ એનુંય એને ભાન ન હતું. હા, ઊંઘમાં એને એક સ્વપ્નું આવ્યું હતું : જાણે હજારો માઈલ સુધી પથરાયેલા અગાધ સાગર પર એક નાનકડી નાવડીમાં પોતે નિરાધાર બેઠી હતી. સાગરને કોઈ કિનારો હોય એમ લાગતું ન હતું અને મહાવિકરાળ મોજાં ચારે બાજુથી એની નાવડીને ઘમરોળવા ધસી આવતાં હતાં. ડરની મારી બે હાથ વચ્ચે મોં છુપાવી પોતે રડી રહી હતી, એવામાં એક તોતિંગ મોજું ધસી આવ્યું ને નાવડી ઊંધી વળી ગઈ ને સ્પંદના ચીસ પાડીને બેઠી થઈ ગઈ. થોડીવારે મહાપ્રયત્ને સ્વસ્થ થતાં તે બબડી : 'મન પણ કેવા કેવા વિચારો કર્યા કરે છે ? તે સ્વપ્નામાંય એનો છાલ છોડતા નથી !'

સવારમાં પરવારીને એ પોતાની બેનપણી ઉષાને ત્યાં ગઈ. સ્પંદના ગામમાં આવી છે એની ઉષાને જાણ થઈ હોય એમ લાગતું ન હતું નહીં તો બાકી એ જ એને ત્યાં પહોંચી ગઈ હોત.

'ઉષા છે કે માસી!' સ્પંદનાએ એનાં બાને પૂછયું. સ્પંદના એમને માસી કહીને બોલાવતી હતી. એ એક તો સ્પંદનાનાં મૃત માતાનાં ખાસ બેનપણી હતાં ને વળી પોતાની ખાસ બેનપણી ઉષાનાં બા હતાં એટલે સ્પંદના તેમને માસી કહીને જ બોલાવતી હતી.

' હા, છે ને. કાં તો તારી જ રાહ જોતી હશે કદાચ. પણ મને તો તું આવી છે એનીય ખબર ન હતી. કયારે આવી તું ?' એનાં બાએ પૂછયું.

'હું કાલની આવી છું.' કહેતાં એ ઘરમાં પેઠી.

'તે તું ગઈ કાલની આવી છે છતાં મને મળવાની તને આજે નવરાશ મળી ! કે પછી બાઈ સાહેબ અત્યારથી જ મોંઘાં થવા માંડ્યાં !' એને જોતાં જ ઉષાએ સ્વાગત કર્યું.

'મોંઘી તો તું થવા માંડી છું. તને મારા આવ્યાની ખબર હતી તો પછી તું મળવા કેમ ના આવી ?'

'મને હજુ તે બાને કહ્યું ત્યારે સેકન્હેન્ડ ખબર પડી. બાકી સાચી ખબર તો હજુ કંકોત્રી આવે ત્યારે પડશે.' ઉષાએ પાછું ટીખળ આદર્યું.

'તમને બધાંને થયું છે શું ! જે હોય તે બસ લગ્નની જ વાત કરવા માંડ્યાં છો તે ? તમને એ સિવાય બીજો કોઈ વિષય સૂઝતો જ નથી શું ?' તેના બોલવામાં ચિઢનો સ્હેજ અણસાર હતો એટલે કે પછી એના મૂડની ખબર ન પડવાથી ઉષા ચૂપ જ રહી. સ્પંદનાને પોતાની ભૂલ સમજાઇ. તે સ્હેજ છોભીલી પડી ગઈ પછી એણે ઉમેર્યું : 'હું તને એક ગંભીર વાત કહેવા આવી છું.'

'તો તારી ગંભીર વાતો અત્યારથી જ શરૂ થઈ ગઈ એમ ને ! મારી બેન હજુ તો ગંભીર વાતો માટે ઘણા દિવસો છે.' ઉષાએ પોતાના સ્વભાવ મુજબ પાછું ટીખળ શરૂ કર્યું. સ્પંદનાને તેની આવી મજાક પસંદ ન પડી.એનો અણગમો એના મોં પર જણાઈ આવ્યો. ઉષાએ આ ફેરફાર જોયો એટલે એણે ઉમેર્યું : 'સોરી મને ખબર નહીં કે તું આટલી બધી ગંભીર હોઈશ. ચાલ, કહે તારે શું કહેવું છે ?'

'તને ખબર છે કે મારા વિવાહની વાત ચાલે છે ?'

'મને તો શું પણ આખા ગામને એની ખબર છે. અરે, રવીન્દ્ર પાછળ આંટા મારતા ઓચ્છવલાલ જેવાએ તારું નામ પડતાં એમની પાછળ આંટા મારવાના બંધ કરી દીધા છે.'

'તે હું મારાં બાને એમ કહેવા માગું છું કે જેમ ઓચ્છવલાલે આંટા મારવાના બંધ કરી દીધા છે એમ એ પણ એની પાછળ આંટા મારવા બંધ કરી દે.'

'અરે, તું ગાંડી તો નથી થઈ ગઈ ને ! તેં રવીન્દ્રને જોયો છે ખરો કે પછી એમ જ હાથ ધોઈ નાખવાની ચીસો પાડવા માંડી છું ? કોઈને કહેતી નહીં પણ મારા મનની વાત કહું છું. જો મારો ત્યાં ચાન્સ લાગે તેમ હોય તો મારા થયેલા વિવાહ તોડીનેય હું એની સાથે પરણી જાઉં.' આંખો નચાવતાં ઉષાએ કહ્યું. ગંભીર થવાનું એના સ્વભાવમાં જ ન હતું.

'પ્લીઝ, તું એક વખત મારી વાત તો સાંભળ પછી તારે વિવાહ તોડીને એની સાથે પરણી જવું હોય તોય મને વાંધો નથી. એ ડૉક્ટર રવીન્દ્રને હું દીઠેય ઓળખું છું અને એ સ્વભાવનોય સારો માણસ છે એનીય મને ખબર છે પણ મારું મન બીજે છે.' સ્પંદના જેમ તેમ બોલી ગઈ. નિશીથ સાથેના એના પ્રણયની વાતથી ઉષા અજાણ હતી.

તેનું આવું બોલવું સાંભળીને તે મોં ફાડી એની સામે તાકી રહી, જાણે સ્પંદના કોઈ અજાણ્યા ગ્રહમાંથી આવી ચઢી હોય એમ તાકતાં એ બોલી : 'એટલે તું એમ કહેવા માગે છે કે તારી પસંદગી કોઈ બીજાની છે ?'

'હા.'

'શું નામ છે એ ભાગ્યશાળી મૂરતિયાનું જે લગ્નની હરીફાઈમાં ડૉક્ટર રવીન્દ્રને પણ છકકડ ખવડાવીને આગળ નીકળી ગયો છે ?'

'નિશીથ. મુંબઈમાં રહે છે ને માસિક રૂપિયા અઢીસોની નોકરી કરે છે ને બી.એસસી. થયેલો છે. એ પટેલ જ્ઞાતિનો છે.'

'તારું તે ફટકી ગયું છે કે શું ! તેં કહ્યો એટલો પગાર તો રવીન્દ્ર એની કામવાળીને આપતો હશે. આવા ડૉક્ટર થયેલા નાતના મૂરતિયાને છોડીને તું પારકી નાતમાં જવા માગે છે ? તે તેં તારાં ભાઈ-બહેનનોય વિચાર કર્યો છે ?'

'તેમનો વિચાર કરવાવાળાં તો બા બેઠાં છે પછી મારે એમની ચિંતા કરવાની શી જરૂર ! વળી હું નથી

માનતી કે મારા આ પગલાથી એમને કશી તકલીફ પડે.'

'શી વાત ચાલે છે જાણવા અને જણાવવાની બેય બેનપણીઓ વચ્ચે ?' અંદર આવતાં ઉષાનાં બા-ઈચ્છાબાએ પૂછયું.

'તમારી આ ગાંડી દીકરી એના વિવાહ ડૉક્ટર રવીન્દ્ર સાથે થાય એમ નથી ઈચ્છતી. હવે તમે જ એને સમજાવો કે એના મગજમાં શી ખામી છે.' ઉષાએ બાનો સહારો લીધો.

'પણ કેમ ?' ઈચ્છાબાનું આશ્ચર્ય બોલી ઊઠ્યું.

'એ પરનાતના કોઈ છોકરા સાથે પરણવાની ગાંડી વાત લઈને બેઠી છે.' એની વાતથી ઈચ્છાબા એક વખત તો હેબતાઈ જ ગયાં.

પછી સ્હેજ સ્વસ્થ થતાં સ્પંદનાની પાસે બેસતાં એમણે કહ્યું : 'સ્પંદુ, તું તો ભણેલી અને વિચારશીલ છોકરી છું. આ બધી છોકરીઓને અમે તારો દાખલો આપીએ છીએ અને એમને તારા જેવી થવાની શિખામણ આપીએ છીએ. હવે તું જ જો આવું કરે તો પછી–'

'પણ માસી, આમાં હું ખોટું શું કરું છું એ મને સમજાવશો ?' સ્પંદના તેમને વચમાં જ બોલતાં અટકાવતાં બોલી ઊઠી.

'ખોટું જ છે એમ તો કેમ કહી શકું પણ આપણો સમાજ સહન ન કરી લે એવું ક્રાંતિકારી પગલું તું ભરવા માગે છે.'

'ભલે એમ માનો, પણ એમાં ખોટું શું છે ?'

'તેં તારા આ પગલાના પ્રત્યાઘાતો અંગે કશો વિચાર કર્યો છે ખરો! જો તું પરનાતના છોકરા સાથે પરણી જાય પછી શું થાય એની કશી તને ખબર છે ખરી ?'

'શું થાય ?'

'વિશ્વંભર જાગીરદારની આબરૂ કોડીની થઈ જાય. તારી બેન કલ્પનાના વિવાહ તૂટી જાય અને એ વિવાહ તૂટે એટલે શું થાય એની તને ખબર છે ?'

'એવી કશી ખબર મારે રાખવી નથી. હું કેટલાંની ચિંતા કર્યા કરું ?'

'ચિંતા કરવી પડે. કલ્પનાના વિવાહ તૂટે પછી વિલાસબેનને માટે એક જ રસ્તો બાકી રહે-ઝેર ઘોળવાનો. તમારા આખા કુટુંબમાં આજ સુધીમાં થયેલા બે જ વિવાહ તૂટ્યા છે અને એ બેય વેળા કુટુંબના મુખ્ય માણસે જતી આબરૂની સાથે ઝેર ઘોળ્યું છે.' ઈચ્છાબાએ જૂની વાતો તાજી કરતાં કહ્યું અને સ્પંદનાને શાંત જોતાં ઊમેર્યું : 'સારું થયું કે તેં વહેલી વાત કરી. હજુ કશું મોડું થયું નથી. તું શાંતિથી વિચાર કરી જો. તું સમજું છે અને ભણેલી છે ને સારું નરસું સમજી શકે તેવી છે.'

'માસી, હું સારુંનરસું સમજી શકું છું એની જ આ બધી રામાયણ છે ને ! આનું આમ થશે અને આનું તેમ થશે એવી ખોટી ચિંતાએ કરીને હું હાથે કરીને મારા પગ પર કુહાડો મારું ?' એ ખેદથી બોલી.

'એમાં કુહાડો મારવાનો સવાલ જ નથી. ડૉક્ટર રવીન્દ્ર જેવો છોકરો આજે આપણી આખી નાતમાં બીજો કોણ છે ? છતાં જો તારે તારા મનનું જ ધાર્યું કરવું હોય અને વિલાસને મરવા દેવી હોય તો તું જાણે. પણ જો એમ થશે તો તારે માથે એક કહેણી રહી જશે.'

'મારે માથે! શી ?'

'લોકો તો એમ જ કહેશે કે માએ તો ઓરમાનપણું ના રાખ્યું પણ દીકરીએ તો ઓરમાનપણું કરી બતાવ્યું ને માને ઝેર ઘોરવા વેળા આવી.' સ્પંદનાના કાનમાં જાણે કોઈ ઊકળતું સીસું રેડતું હોય એમ એ બળતરા અનુભવી રહી.

'માસી, હું તમારી પાસે એવી આશાએ આવી હતી કે તમે મને સાથ આપશો, ટેકો આપશો. પણ તમે તો મને-' કહેતાં સ્પંદના છૂટે મોંએ રડી પડી.

'તેને થોડી રડી લેવા દીધા પછી ઈચ્છાબેને કહ્યું : 'તારી મરનાર બા અને હું બે ખાસ બેનપણીઓ હતાં. તારા પિતાજી હયાત હતા ત્યાં સુધી તો એ પણ અમારા ઘર સાથે સારો નાતો રાખી રહ્યા હતા. એટલે હું તારા કુટુંબની રજેરજ વાતની ભોમિયણ છું. આવે પ્રસંગે તને સાચી સલાહ આપવાની મારી ફરજ સમજું છું. હું ખાતરીથી કહી શકું એમ છું કે વિલાસે તારી સાથે ઓરમાયું વર્તન રાખ્યું છે એમ તો એનો વેરી પણ કહી શકે એમ નથી. જો તું એને ઝેર ખાવાનો વખત લાવશે તો પછી સમાજ કે ગામને બાજુ પર મુકીએ તો પણ ખૂદ મારે કહેવું પડશે કે એક દીકરી તરીકેની તારી ફરજ બજાવવામાં તો તું નિષ્ફળ નિવડી છે.' ઈચ્છાબેને કહ્યું અને સ્પંદનાને ચૂપ જોતાં ઉમેર્યું : 'ખોટું ન લગાડતી પણ તારી બાની એક બેનપણી તરીકે મને જે તારે માટે યોગ્ય લાગ્યું એ કહ્યું છે.'

'મને કશું સમજાતું નથી કે મારે શું કરવું જોઈએ.'

'મારી એક વાત માન. જ્યારે આપણને કોઈ રસ્તો ન સૂઝે ત્યારે મોટાં માણસ કહે તેમ કરવું જોઈએ. મારી વાતનો વિચાર કરી જોજે છતાંય જો તને એમ લાગે કે તારી જ વાત સાચી છે તો તને ઠીક લાગે એમ કરજે. હું તારા પર કશું દબાણ લાવવા માગતી નથી પણ તારી સામે જે વાસ્તવિકતા આવી ઊભી છે એનો ચિતાર આપવાની મારી ફરજ સમજીને આ બે શબ્દો તને કહ્યા છે. લો, તમે બે બેનપણીઓ વાતો કરો ત્યાં સુધીમાં હું તમારે માટે ચ્હા મૂકી લાવું.' કહેતાં ઈચ્છાબા અંદર ચ્હા મૂકવા ચાલ્યાં ગયાં.

બે બેનપણીઓ એકલી પડી એટલે ઉષાએ કહ્યું : 'તને અમે બધાં જૂનવાણી લાગતાં હોઈશું.' ઉષા એના મૂળ સ્વભાવ પર તો નથી જતી ને એ જાણવા માટેય સ્પંદનાએ ઊંચું ન જોયું.

થોડી વાર પછી એ બોલી : જો ઉષા બધાં એમ ઈચ્છતાં હશે કે હું મારી એક દીકરી તરીકેની ફરજ ન ચૂકું તો હું એમના કહેવા પ્રમાણે કરીશ, પણ પછી ઝેર ખાવાનો વારો બાને બદલે મારો આવશે. કાંઈ વાંધો નહી જો તમે બધાં એમ ઈચ્છતાં હશો તો હું એમ જ કરીશ.' કહેતાં તે ધ્રુસકે ચડી ગઈ.

'તને ઝેર ખાવાનું કોઈ કહેતું નથી. મને લાગે છે કે તું અમારા પર ગુસ્સે ભરાઈ છે. ચાલ, હસ જોઉં.'

'કોઈ એમ સ્પષ્ટ નથી કહેતું પણ બધાં કહે છે એમ કરું તો એવું જ કરવું પડે મારે.' કહેતાં એ પાછી રડી પડી.

'જો એમ ઢીલી ન પડી જઈશ. તું તારે એમ જ માન કે અમે તને કાંઈ કહ્યું જ નથી. તને જેમ ઠીક લાગે તેમ કર. લોકોનું તો એવું છે કે બેચાર દિવસ વાતો કરીને ઠંડાં પડી જશે. અને વિલાસબેન ઝેર ખાય એ વાતને તો સો ગાઉનું છેટું. બાને ખબર નથી પણ મને ને તને તો એમના સ્વભાવનો પરિચય કયાં ઓછો છે ? કોઈની ચિંતા કરીને તારા નિશ્ચયમાંથી પાછી ન હઠતી. મેં તને શરૂમાં રવીન્દ્ર વિશે કહ્યું તે સાચું છે પણ જો તારું હૈયું અપાઈ જ ગયું હોય તો એનો વિચાર કરવાનુંય હું તને કેમ કહી શકું ? ને મારી બાની તું ચિંતા ન કરીશ. એને તો હું અષ્ટમ પષ્ટમ સમજાવી દઈશ.'

'હવે તું કંઈક મારી બેનપણી જેવું બોલી.''હું તો પહેલાંય તારી બેનપણી જેવું જ બોલી હતી પણ તે

વખતે મને ખબર ન હતી કે બેનબા હૈયું કયાંક મૂકીને આવ્યાં છે.'

'એમાં માસીનો કોઈ વાંક નથી એમને તો જે યોગ્ય લાગ્યું એ એમણે કહ્યું. વાંક જો કોઈનો હોય તો તે મારા નસીબનો છે. ઉષા તું નિશીથને નથી જાણતી. હું તેને લગ્નની ના પાડીશ તો તે - તો તે -' બોલતાં તે પાછી ધ્રુસકે ચઢી ગઈ. ઉષા તેને દિલાસો દેવા લાગી. ત્યાં ઈચ્છાબેન હાથમાં ચ્હાના પ્યાલા લઈને આવ્યાં ને બેય બેનપણીઓની વાતો અટકી. ચ્હા પીધા પછી જતી વખતે સ્પંદના બોલી : 'ઉષા તું નિશીથને જાણતી નથી.'

'તું એને સાચી વાત સમજાવી શકશે. જરૂર પડે તો મને પણ સાથે લઈ જજે. તેને આઘાત જરૂર લાગશે પણ સમય જતાં એય કયાંક મન પરોવી લેશે.'

'ના ઉષા તું એને નથી જાણતી. એ માથું પટકીને મરી જશે. એ એવો તો ભોળો અને કૂણા દિલનો માણસ છે કે એનું દિલ કાચના વાસણની જેમ તૂટી જશે. મને લાગે છે કે મારા પિતાજીને બદલે હું જ મરી ગઈ હોત તો સારું થાત.' કહેતાં એણે છૂટે મોંએ રડી લીધું.

અનુક્રમ

## ૨. મને ભૂલી જજે

ઘણા મનોમંથનને અંતે સ્પંદનાએ નકકી કર્યું કે એણે તાત્કાલિક મુંબઈ જઈ નિશીથને આ આઘાતભરી દાસ્તાન સુણાવવી પડશે. એ તો બાપડો સારા સમાચાર માટે દિવસો જ ગણતો હશે ત્યાં આ દુઃખદ સમાચારથી એની કેવી દશા થશે !

સવારમાં વહેલાં ઊઠી એ મુંબઈ જવા તૈયાર થઈ. એને તૈયાર થયેલી જોતાં વિલાસબેને પૂછયું : 'કેમ આજે બહુ વહેલી તૈયાર થઈ ગઈ ?' જયારથી એણે ડૉકટર રવીન્દ્ર સાથેના સંબંધ માટે તૈયારી બતાવી ત્યારથી વિલાસબેનના ચહેરાની જાણે રોનક જ બદલાઈ ગઈ હતી. એમના પ્રત્યેક શબ્દમાંથી હવે મમતા ઝરતી હોય એમ લાગતું હતું.

'હું મુંબઈ જઈ આવું.' તે સહજ ભાવથી બોલી.

'મુંબઈ!' જાણે મુંબઈના નામ સાથે જ વિલાસબેનના દિલમાં ચમક ઊપડી.

'એમાં તમે આટલાં ચમકો છો શા માટે ? હું કાંઈ આજે પહેલી વખત મુંબઈ નથી જતી. હું ત્રણેક દિવસમાં પાછી આવી જઈશ.' સ્પંદનાએ બાની મજાક કરતાં કહ્યું.

'પણ હમણાં તું મુંબઈ ન જાય તો નહીં ચાલે ! એક વખત વિવાહની વિધિ પતી જાય પછી...' સ્પદંનાની મુંબઈ જવાની વાતથી એ ગભરાઈ ગયાં. એમને થયું : સ્પંદના મુંબઈ જાય તો પેલાને ના કહેવાને બહાનેય મળે ને વખત છે અને પેલાની વાતમાં આવી જાય અને બેય જણાં છાનાંમાનાં પરણી જાય તો શું ? જાત જાતની આવી શંકાઓ વિલાસબેનના દિલમાં ઘમસાણ મચાવી રહી.

'બા, જો મેં લગ્ન માટે ના પડી હોત તો દુનિયાની કોઈ તાકાત તેને હા માં બદલી શકવા મને ફરજ પાડી શકે તેમ ન હતી. હવે જયારે મેં મનથી એની હા જ પાડી છે ત્યારે તમારે એના પર શંકા લાવવાનું કશું કારણ નથી. તમે નિરાંતે વિવાહની તૈયારી કરવા માંડો. હું ત્રણેક દિવસમાં જરૂર પાછી આવી જઈશ.' સ્પંદનાએ કહ્યું. તેને ખબર ન હતી કે જે શકિતની એ અવહેલના કરી રહી હતી એ જ શકિતએ તેને વિવાહ માટે 'હા' પાડવા મજબૂર કરી હતી.

'મને તારા પર તો વિશ્વાસ છે પણ તું હમણાં ન જાય અને થોડા દિવસ પછી જાય તો શું ખોટું,એમ મારું કહેવું

છે!' વિલાસબેને લૂલો બચાવ કર્યો.

'તમને એ નહીં સમજાય બા, પણ મારે જવું જ પડશે. મારા આ નિર્ણયથી તેને કેવો મોટો આઘાત લાગશે એની તો તમને કલ્પનાય નહીં આવે. હું માનું છું કે એ જેટલો વહેલો આ વાત જાણે એટલો વહેલો કદાચ એના આઘાતમાંથી મુકત થઈ શકે. એ પણ મારી જેમ બીજી કોઈ છોકરી સાથે પરણી જાય અને સુખી થાય એમ હું ઈચ્છું છું. એ માટે મારાથી બનતા બધા પ્રયત્ન હું કરવા માગું છું. મારા ભાગ્યમાં એ ને એના ભાગ્યમાં હું નહીં લખાયાં હોઈએ, બીજું શું ?' બોલતાં એ આંસુ છુપાવવા આડું જોઈ ગઈ.

વિલાસબેન પણ આંખો કોરી કરતાં બોલ્યાં : 'ભલે જેવી તારી મરજી, પણ બને તો કાલે જ આવી જવા પ્રયત્ન કરજે. પૈસાબૈસા જોઈએ છે તારે ?' પિતાના મરણ પછી માએ પહેલી વાર જ પૈસા માટે તેને પૂછ્યું હતું એ સ્પંદનાના ધ્યાનમાં આવી ગયું અને ખૂંચી રહ્યું. સ્પંદનાને એની તેજસ્વી કારકિર્દીને કારણે સારી એવી રકમની સ્કોલરશીપ મળતી હતી ને ખૂટતા પૈસા માટે તે બે ટ્યૂશનો કરી લેતી હતી. એટલે એને ઘેરથી પૈસા કયારેય માગવા પડ્યા ન હતા. પણ સામે એ વાત પણ એટલી જ સાચી હતી કે વિલાસબેને એને કદી પૈસા માટે પૂછ્યું પણ ન હતું.

'ના, મારી પાસે છે.' કહી તે ઘરની બહાર નીકળી. તે કયારે બસમાં બેઠી અને કયારે સ્ટેશને પહોંચી તેનુંય તેને ભાન ન હતું. નિશીથને પોતાની મજબૂરી કેમ કરીને સમજાવવી એની જ વિમાસણમાં એનું આખું ચિત્તતંત્ર અટવાયેલું હતું. તેણે યંત્રવત્ મુંબઈ સેન્ટ્રલની ટિકીટ લીધી અને પાછી વિચારોમાં ખોવાઈ ગઈ.

'પહેલાં તો નિશીથ એમ જ સમજશે કે હું એની મશ્કરી કરું છું.' તે વિચારી રહી. 'પણ હું એને એકની એક વાત વારંવાર કહ્યા કરીશ ત્યારે તેને વાતની ગંભીરતા તેને સમજાશે ને ત્યારે એક વખત તો - ના ના, હું તેને મારી લાચારીની દાસ્તાન વિગતવાર સમજાવીશ. તેને પારાવાર દુઃખ થશે પણ એ છેવટે મને સમજી તો શકશે. એ મને એથી ઊલટું સમજાવવાય પ્રયત્ન કરશે. એ કહેશે વિવાહ તૂટી જવાથી કોઈ મા આપઘાત નથી કરતી. બેચાર દિવસ ઘરને ખૂણે બેસીને એ આંસુ સારશે પછી મનને મનાવી લેશે. ને એક જ્યાએથી સંબંધ તૂટશે તો વરસ વહેલો કે મોડો પણ બીજી જ્યાએ ગોઠવાઈ જશે.

'તે તો એમજ કહે ને ! એને વિશ્વંભર જાગીરદારની પેલી કહેવાતી આબરૂની કયાંથી ખબર હોય ! એને એ પણ કયાંથી ખબર હોય કે એ કુટુંબમાં થયેલા વિવાહ તૂટવાના આજ સુધીમાં ફકત બે જ બનાવ વન્યા છે અને એ બેય વખતે કુટુંબના વડાએ ઝેર પીને કુટુંબની આબરૂ સાચવવા પ્રયત્ન કર્યા છે. કહો ને કે કુટુંબની આબરૂ કાજે શહાદત વહોરી છે. હા, વિવાહ ન તોડવા દઈને એ આબરૂએ કેટલા ભોગ લીધા છે એની કોઈએ ગણતરી રાખી નથી એ વાત પણ એટલી જ સાચી છે.

'ના, ના, એમ નહીં. મારી વાત સાચી છે એમ તે જાણશે એટલે તે ખૂબ જ ગુસ્સે થશે અને મને ન કહેવાના શબ્દો કહેશે. મારી સખત શબ્દોમાં ઝાટકણી કાઢશે. મને, મારા આ કુટુંબને અને તેની આ કહેવાતી આબરૂને એ ગાળો દેશે, બહુ ગુસ્સે થશે તો કદાચ હાથ પણ ઉપાડી બેસશે. મરા બેય ગાલ પર ઉપરાછાપરી ત્રણચાર ધોલ ચોઢી દેશે; સટાક, સટાક, સટાક.' ને જાણે તેના ગાલ પર ધોલ પડી હોય એમ એ એના ગાલ પંપાળી રહી. તેની આંખો સજળ બની ગઈ હતી. કોઈ તેની સામે જોતું તો નથી ને એવા ભાવ સાથે એણે આસપાસ નજર ફેરવી લીધી. કોઈ જોતું ન હતું એની ખાતરી થયે એણે આંખો લૂછી.

ગાડી આવતાં એ એમાં ગોઠવાઈ.તે સામાન્ય રીતે સ્ત્રીઓના ડબ્બામાં બેસવાનું પસંદ કરતી ન હતી પણ આજે તે સ્ત્રીઓના ડબ્બામાં જ બેઠી. બેસતાં તો બેસી ગઈ પણ મન પાછું ચકરાવે ચઢ્યું. પોતાની આવી રોતી સૂરત જોઈને કોઈ સહપ્રવાસિની કદાચ પૂછી બેસશે : 'બેન, કેમ બહુ દુખી જણાવ છો ?' તો ? 'પણ કોઈએ મારી વાતમાં માથું શા માટે મારવું જોઈએ ?' તે બબડી. છતાં તે થોડી છપાઈ તો ખરી જ. તેણે ડબ્બામાં આમતેમ નજર નાખી. સદ્ભાગ્યે ડબ્બામાં આઠદશ જ સ્ત્રીઓ હતી અને તે પણ સ્પંદનાની જ નાતની એટલે કે યુવાન

અને ભપકાદાર; એટલે એમાંની કોઈ એની સાથે વાત કરવાનો પણ પ્રયત્ન નહીં કરે એમ માની એણે થોડી શાતા અનુભવી.

વળી પેલું જરાક શાંત થયેલું મન પાછું વિચારે ચઢ્યું. પોતે ઉતાવળે નિર્ણય લઈ લીધો છે એ વાત સાચી અને નિશીથને એ નિર્ણયથી વાકેફ કરવા અને તેની માફી માગી લેવા માટે એ ઘેરથી નીકળી હતી એ વાત પણ સાચી પણ પોતાનું કર્તવ્ય શું હતું અને પોતે જે નિર્ણય ઉતાવળે લઈ લીધો હતો – લઈ લેવો પડ્યો હતો એની ચકાસણી કરી લેવાની તક એને મળી હતી તેનો પૂરતો ઉપયોગ કરી લેવાનું તેણે મનથી નકકી કર્યું. પછી પોતાને બદલે આવી પરિસ્થિતિમાં મુકાયેલી કોઈ ત્રાહિત સ્ત્રીનો વિચાર કરતી હોય એમ તેણે વિચારવા માંડ્યું.

'એણે જે નિર્ણય લીધો છે એ માટેનું મુખ્ય પ્રેરક બળ, કલ્પનાના વિવાહ ન તૂટે અને બાને ઝેર ન ખાવું પડે એ છે. પણ એમ પણ કેમ ન બને કે એ પરનાતમાં લગ્ન કરે છતાં કલ્પનાના વિવાહ ન તૂટે ! જો નવનીતરાય દેખાય છે એવા સમજુ અને વિચારશીલ હોય તો વિવાહ ન પણ તૂટે. જો આ શકયતા હોય તો એણે ભાવનાશીલ બની આવેશમાં જે નિર્ણય લીધો છે એ એક પ્રકારની મૂર્ખાઈ જ કહેવાય. પણ એ શકય ન હતું.

'કલ્પનાના વિવાહ જે કુટુંબમાં કરવામાં આવ્યા હતા એ કુટુંબને પોતે વર્ષોથી જાણતી હતી. આમ તો એ બધાં માણસો સ્વભાવનાં સારાં હતાં પણ રૂઢિચૂસ્ત હતાં. એમાં નવીનચંદ્ર કદાચ થોડા નવારંગે રંગાયેલા હોય તોય એમનું ત્યાં ઊપજે શું ! બાકી જ્યાં પાંચસાત હજારનો દાયજો આપવાવાળાં લોકો દીકરી આપવા પડાપડી કરતાં હતાં ત્યાં એમણે જ્યાંથી દાયજો મળવાની જરાય આશા ન હતી એવા ઘરની દીકરી કલ્પના માટે હા પાડી હતી. જો કે એને ખાતરી હતી કે એમની આ ચાલની પાછળ વિશ્વંભર જાગીરદારના ઘરની આબરૂનો મોહ ઘણો અગત્યનો ભાગ ભજવી ગયેલો હતો. હવે જો પોતે પર નાતમાં લગ્ન કરે તો એ લોકો કલ્પનાના વિવાહ બીજે જ દિવસે તોડી નાખે એ વાતમાંય શંકા નહીં.

'હવે રહી ઝેર ખાવાની વાત. વિવાહ તૂટે તો કુટુંબની ટોચની વ્યક્તિએ શું કરવું એનો જે રસ્તો પૂર્વજોએ કંડારી રાખ્યો હતો એ રસ્તે કદાચ બા જાય કે ન જાય પણ પોતે પરનાતમાં લગ્ન કરીને એને એ રસ્તે જવા મજબૂર કરી હતી એમ તો આખી નાત માને જ ને ! વળી મેં ફકત મારો જ સ્વાર્થ જોયો છે અને મારાં નાનાં ઓરમાન ભાઈબહેનના હિતનો જરાય વિચાર કર્યો નથી ને એમ કરવામાં મારા કુટુંબ પ્રત્યેની મારી ફરજ હું ચૂકી છું એમજ બધાં માનવાનાં. વિલાસબેને પોતાની સાથે કદી ઓરમાયું વર્તન રાખ્યું નથી પણ પોતે ઓરમાયી દીકરી બની બતાવ્યું છે એમ પણ બધાં માનવાનાં. અલબત્ત વિલાસબેને પોતાની સાથે કેવું વર્તન રાખ્યું છે એની સાચી જાણ ભલે કોઈને ન હોય પણ લોકો તો એ જ માનવાનાં જે પોતે આજ સુધી કુટુંબની આબરૂને કારણે એમની છબી રજૂ થવા દીધી છે. અને એ છબી તો સગી મા કરતાંય સવાઈ ઓરમાન માની જ છે. કડવા ઘૂંટડા ગળી જઈને સદાય હસતું મોં રાખવાની પોતાની નીતિને કારણે માની છબી હોવી જોઈએ એના કરતાં વધુ સુંદર છબી સમાજ સમક્ષ ઉપસેલી છે જ. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે એ સાચી નહીં એવી છબી ન ખરડાય અથવા સમાજે જે ખોટી છાપ એમની આજ સુધી જોઈ છે એમાં મારે બલિ બની જવું ?

'એના કરતાં આ વસઈની ખાડીમાં જ કૂદી પડ ને. લાખ દુખોની એક રામબાણ દવા. નહીં કલ્પનાના વિવાહ તૂટે કે નહીં બાને ઝેર ખાવાની વેળા આવે. ને નિશીથને તો પોતે જીવતી રહે તોય કે મરી જાય તોય સરખું જ સહન કરવાનું આવવાનું જ છે ને ! ઉપાય ખોટો નથી. પોતાને બેવફા ન થવું પડે ને વિશ્વંભર જાગીરદારની આબરૂના કાંગરા પણ અખંડ રહે. પણ આપઘાત તો કાયર માણસો જ કરે. જે આવા ઘા સહન કરીનેય સામે પાણીએ તરી શકવાની હામ ધરાવતાં હોય એ આપઘાત ન જ કરે. તો પછી આંસુ લૂછી નાખ અને સામે પાણીએ તરવા તૈયાર થઈ જા.' એના મનનો પેલો અજ્ઞાત ખૂણો બોલી ઊઠ્યો.

એને મનને મકકમ કરી લીધું ને બારી બહાર નજર નાખી. હરિયાળાં ખેતરો અને એમાં આછાં આછાં વૃક્ષો. ચાલતી ગાડીની સામે ધસી આવતાં અને એક બાજુ ખસી જઈ ગાડીને રસ્તો કરી આપતાં. નજીકનાં વૃક્ષો

ઝડપથી દોડી જતાં જાણે ગાડીથી ભડકીને ને દૂરનાં વૃક્ષો ગાડીની સાથે હોડ બકતાં દોડતાં ને થાકીને પાછળ રહી જતાં. નજીકનાં અને દૂરનાં એ વૃક્ષો જાણે ગરબે ઘૂમતાં લાગતાં હતાં, દોડતાં અને ગોળ ફરતાં. ગાડી જે દોડતી હતી તે સ્થિર લાગતી હતી અને પેલાં સ્થિર વૃક્ષો દોડતાં.

'પોતાનુંય આવું જ છે ને!' અજાણ્યેય એ પોતાની હાલની પરિસ્થિતિની તુલના કરવા માંડી. 'વિશ્વંભર જાગીરદારની આબરૂ કે જેનું અસ્તિત્ત્વ તેનું વાસ્તવવાદી હયું સ્વીકારી શકતું ન હતું એને ખાતર મા ઝેર ખાવાનો ચાળો કરે અને પોતાને એની પ્રત્યે પ્રેમ ઉભરાઈ જતો ન હોવા છતાં, પોતે એને બચાવવા હોમાઈ જાય. શું આ બધું વિચિત્ર ન હતું ?' તે વિચારી રહી. તે ઠેઠ બોમ્બે સેન્ટ્રલ આવતાં સુધી તે આવા ગાંડાઘેલા વિચારોમાં અટવાયેલી જ રહી. તેને કોઈ રસ્તો સૂઝતો ન હતો.

સેન્ટ્રલ પર ઊતરી એણે ટેક્સી કરી. બીજો કોઈ પ્રસંગ હોત તો એ ટેક્સી કરત નહીં. બેસ્ટની બસોના ઘણા રૂટના નંબરો તેને ખબર હતા પણ આજે તે એટલી ઉદાસ હતી કે એ બસમાં બેસી બીજાંના તમાસાનું કેન્દ્ર બનવા માગતી ન હતી. ટેક્સી ઊપડતાં જ એનું હૈયું પાછું વેદના અને ગભરાટની મિશ્ર લાગણીની અસરમાં આવી ગયું. નિશીથની ઓરડી જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ તેનો ગભરાટ વધતો ગયો. 'આ ટેક્સી નિશીથની રૂમ સુધી પહોંચે જ નહીં તો! એને વચમાં જ કોઈ એકસીડન્ટ થાય તો!' એનું પાપભીરું મન આવા તો કેટલાય ગાંડાઘેલા વિચારો કરી રહ્યું. ને જાણે સામેથી ધસી આવતી પેલી ડબલ ડેકર ટેક્સીની સાથે ભટકાવાની જ હોય એમ એ આંખો બંધ કરીને એના ઓછા થતા અંતરનો અંદાજ કાઢી રહી. એણે ગણવા માંડ્યુ : પચાસ, ઓગણ પચાસ, અડતાલીસ પણ એને એનીય ખબર ન હતી કે એ કયા માપની બાદબાકી કરી રહી હતી. થાકીને એણે આંખો ખોલી તો પેલી બસ તો કયાંય દૂર ચાલી ગઈ હતી ને નિશીથની ઓરડી નજીક - સાવ સામે જ આવી ગઈ હતી.

તેણે ટેક્સી ઊભી રખાવી અને વગર બોલ્યે ડ્રાયવરના હાથમાં બે રૂપિયાની નોટ મૂકી અને ચાલવા માંડ્યું. સામે જ નિશીથની ઓરડી હતી. રસ્તા પર પડતી બારી બંધ હતી, બારણું બીજી તરફ પડતું હતું. બારી બંધ જોઈ એણે રાહતનો દમ ભર્યો. કદાચ નિશીથ ઘેર જ નહીં હોય. પણ માત્ર દશ જ ડગલાં દૂર એનો જવાબ હતો પણ એ દશ ડગલાંમાં જ જીવન-મરણનો ફેંસલો થઈ જવાનો હતો એના અને ભેગા નિશીથનાય. એ દશ પગલાંમાં જાણે દશ ગાઉનું અંતર હોય એમ એના પગમાં પાણી ઊતરવા માંડ્યાં હોય એવો તેને ભાસ થઈ રહ્યો.

બારણે ટકોરા મારતાં નિશીથે બારણું ખોલ્યું ને સામે જ સ્પંદનાને ઊભેલી જોતાં તે સ્તબ્ધ બની ઊભો રહી ગયો. સ્હેજ સ્વસ્થ થતાં એણે કહ્યુંઃ 'અરે તું તો ઘણી વહેલી પાછી આવી ગઈ ને ! આવ બેસ, હું હમણાં જ બહારથી આવ્યો.' કહેતાં એણે અધા ખસી એને અંદર આવવા રસ્તો કરી આપ્યો. સ્પંદના ક્ષણાર્ધ થંભી પછી અંદર દાખલ થઈ પલંગને નામે ઓળખાતા, સાદાં પાટિયાં જડીને બનાવેલા અને સદાય પાથરેલા રહેતા એ ડામચિયા પર ગોઠવાઈ. એમ તો ઓરડીમાં એક ખુરસી પણ હતી પણ નિશીથની આળસ એને કદી ધૂળના આવરણમાંથી મુકત કરતી ન હતી એટલે લગભગ અજડ જેવી જ એક ખૂણામાં પડી રહેતી હતી. આજે નિશીથ એના પરથી ધૂળ ઝાપટી, એને સ્પંદનાની સામે ગોઠવી એના પર ગોઠવાયો.

'પહેલાં તું તૈયાર થઈ જા, આપણે કયાંક દૂર ફરવા જવું છે.' સ્પંદનાએ કહ્યું. તેના મોં પર હવાઈઓ ઊડતી હતી પણ પેલા પ્રેમી હૈયાને તો એમાં ફકત મુસાફરીનો થાક જ વર્તાતો હતો એટલે એ અંગે એણે કશી પૃછા ન કરી.

'ભલે હું તો તૈયાર જ છું, પણ પહેલાં આપણે ચ્હા પી લઈને પછી નીકળીએ.' નિશીથે કહ્યું ને સ્પંદનાએ કશી દલીલ કર્યા સિવાય સ્ટવ સળગાવ્યો અને ઉપર તપેલી ચડાવી.

'મેં તો ઓછામાં ઓછા એક મહિના સુધી તો તારા આવવાની આશા જ નહોતી રાખી. પેલી કહેવત છે

ને કે ડુંગરે ચડેલો ભીલ અને પિયર ગયેલી પત્ની કદી આપેલે વાયદે પાછાં આવે નહીં.'

'એ તો સાસરેથી પિયર ગયેલી પત્ની માટે એવું કહેવાય. હું તો હજુ પરણી નથી એટલે સાસરી કે પિયર જે ગણો તે એક જ છે.' તેણે કહેવા ખાતર કહ્યું.

'એમ હોય કે ન હોય પણ મને તો એમ જ લાગતું હતું કે તું તારાં ભાઈબેન અને મામાં એવી ખોવાઈ જઈશ કે તને કદાચ મારી યાદ પણ નહીં આવે. હા, તું આટલી વહેલી આવી પહોંચી એટલે લાગે છે કે હું રોજ રાતે તારા સ્વપ્નામાં આવી તને પજવતો હોઈશ.' પણ પોતાની આ મજાક એણે સ્ટવના ઘોંઘાટમાં સાંભળી નહી હોય એમ નિશીથને લાગ્યું, કારણ કે સ્પંદના તરફથી એનો કશો પ્રતિભાવ ન આવ્યો. એણે મોટેથી કહ્યું : 'તું આજે તારા કાયમના મૂડમાં નથી એમ લાગે છે. કશું થયું છે કે શું ?'

આ વખતે તો સ્પંદનાએ પોતાનું બોલવું ન સાંભળ્યું હોય એ શક્ય જ ન હતું છતાં સ્પંદના ચૂપ જ રહી એટલે નિશીથ એની સામે પ્રશ્નાર્થભરી નજરે તાકી રહ્યો. ધડાકો થવા પૂર્વેની શાંતિ બેયની વચમાં આંટા મારી રહી. સ્પંદના બધું જાણતી હતી માટે ઉદાસ હતી ને નિશીથ કશું જાણતો ન હતો છતાં ઉદાસ થઈ ગયો હતો. કારણ કે સ્પંદના ઉદાસ હતી અને પોતાનાથી એની ઉદાસી છુપાવતી હતી માટે. ચ્હા તૈયાર થઈ એટલે બે પ્યાલામાં ગળીને સ્પંદનાએ એક પ્યાલો નિશીથને આપ્યો અને બીજો પ્યાલો પોતે લઈ એ પાછી પલંગ પર બેઠી.

'સ્ટવના અવાજમાં કદાચ તેં મારું કહેવું સાંભળ્યું લાગતું નથી. હું એમ પૂછતો હતો કે તું તારા હંમેશના મૂડમાં આજે લાગતી નથી.'

'મેં એ સાંભળ્યું છે. પણ આપણે ફરવા જવાનું નક્કી કર્યું જ છે. તારે જે કહેવું હોય એ કહેજે અને જે પૂછવું હોય એ પૂછજે. આપણી પાસે પૂરતો સમય છે.' કહેતાં એણે ચ્હા પીવા કર્યું તો તેના પ્યાલામાં એક માખી પડી ગઈ હતી અને ગરમ ગરમ ચ્હામાં પડતાંની સાથે જ મરી ગઈ હતી. એણે ઊભાં થઈ પોતાનો પ્યાલો ચોકડીમાં ઢોળી દીધો. આ બધું શાંતિથી જોતા નિશીથે પોતાના પ્યાલામાંથી રકાબીમાં અર્ધી ચ્હા કાઢી લઈ એ પ્યાલો સ્પંદનાની સામે ધર્યો.

ને સ્પંદના વિચારી રહી : 'આને મારે કેમ કરીને કહેવું કે મને ભૂલી જા, તારા દિલમાંથી મને જાકારો દઈ દે!' સ્પંદનાએ ચ્હાનો પ્યાલો હોઠે મંડ્યો ને મૂંગાં મૂગાં જ ચ્હા પીવા માંડી. આ આખો વખત નિશીથ એની સામે તાકી જ રહ્યો હતો.

છેવટે એણે એ ચૂપકીદી તોડવાનો બીજો પ્રયત્ન કરી જોયો : 'ઘરમાં કરવા જેવી વાતો બહાર રસ્તા પર કરવાનું કશું કારણ ખરું!' પણ એનો આ તૂટી વાતનો તાર સાંધવાનો પ્રયત્ન પણ અનુત્તર રહ્યો એટલે એની ધીરજની હદ આવી ગઈ. એણે પોતાની ખુરસી પલંગની વધુ નજીક ખેંચી અને સ્પંદનાના બન્ને ઢીંચણ પર હાથ ટેકવી પૂછ્યુ : 'તું મને પહેલાં એ જણાવ કે તારી આ ઉદાસી માટેનું કારણ શું છે ? એ જાણ્યા સિવાય આપણે અહીંથી ઊઠવાના નથી એ ફાઈનલ.' કહેતાં તેણે સ્પંદનાની સામે નજરો નોંધી. સ્પંદના ક્યારનીય નીચું જ જોઈ રહી હતી. આખરે તેની નજરો પછી ઢળી જવાની ગણતરી સાથે ઊંચકાઈ અને એમ કરતાં નિશીથની સાથે આંખો ચાર થઈ ગઈ. ને સ્પંદનાના દિલમાંથી એક તીવ્ર ધ્રૂજારી પસાર થઈ ગઈ. એને થયું કે પોતે કહેવામાં જેટલું મોડું કરતી હતી એટલી જ રજૂઆત મુશ્કેલ થતી જતી હતી.

'તું મને નકકામી ગુસ્સે કરે છે,હોં.' વાત કેમ શરૂ કરવી તે ન સૂઝતાં સ્પંદનાએ કહ્યું.

'સાક્ષરો માને છે કે સ્ત્રીઓ જ્યારે ગુસ્સે થાય છે ત્યારે વધુ સુંદર લાગે છે.' સ્પંદનાનું મૌન તૂટતાં નિશીથ પોતાના મૂળ સ્વભાવ મુજબ ટીખળે ચડ્યો.

'સાક્ષરોને એવો અનુભવ થતો હોય તો એ લોકો જાણે પણ તું જો નહીં ઊઠે તો તને તો એવો જ અનુભવ નહીં જ

થાય. લે, ઊભો થા.'

'જેવો અનુભવ થવાનો હોય એવો ભલે થાય પણ તારો જવાબ લીધા વગર હું આ ખુરસી પરથી ઊભો થવાનો નથી એ વાત ચોકક્સ.'

'તું સમજતો કેમ નથી! મારી વાત ગંભીર છે, ઘણી જ ગંભીર.'

'હેં !' એક વખત તો નિશીથ ચમકી જ ગયો પણ તરત જ સ્વસ્થ થઈ જતાં બોલ્યો : 'ભલે, ગંભીર હોય તો ગંભીરતાથી કહી નાખ. હું ગંભીરતાથી એ સાંભળી લઈશ.'

'પણ મારાં બાએ કહ્યું છે કે નિશીથને કોઈ એકાંત સ્થળે લઈ જઈને આ વાત કહે જે.' કહેતાં તેણે હસવા પ્રયત્ન કર્યો ને તે હસી; દિલ વગરનું હસવું જેવું વેવલું લાગે એનાથીય અનેકઘણું વેવલું એ હસવું પણ પેલા પ્રેમી હૈયાને કશી આશંકા ન લાવી શકયું.

તેણે એવા જ મજાકના ભાવ સાથે કહ્યું : 'કહી નાખ. મેયરના દિલ જેવી, કોંક્રીટની દીવાલોથી રક્ષાયેલી બાર બાય દશની કોટડીથી એકાંત સ્થાન તને દુનિયામાં બીજે કયાંય નહીં મળે.' સ્પંદના મશ્કરી કરે છે એમ માનતો નિશીથ આવો જ જવાબ આપે ને !

સ્પંદનાની હાલત દયનીય બની રહી. એણે કહી નાખ્યું : 'આપણાં લગ્ન થઈ શકે એમ નથી. હું....'

'બીજું તારે કહેવું હોય એ કહે પણ મહેરબાની કરીને ફરી આવી મશ્કરી ના કરીશ.' સ્પંદનાની વાતથી એક વખત તો નિશીથ આંચકો જ ખાઈ ગયો છતાં એની વાતને મશ્કરીમાં ખપાવતાં એનાથી આટલું જ બોલાયું. તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'હું મશ્કરી નથી કરતી, નિશીથ, હું પૂરે પૂરી ગંભીર છું. મેં લાખ પ્રયત્ન કર્યા પણ હું લાચાર બની ગઈ છું. મારાથી હવે જાણે મારોય ભાર વેઠાતો નથી. સમાજ, જ્ઞાતિ અને કુટુંબની વાતોએ મને ચારે બાજુથી ભીંસી નાખી છે. હું તને એટલું જ કહેવા માંડ આવી શકી છું કે મને ભૂલી જજે અને કોઈ સારું ઠેકાણું જોઈ પરણી જજે.' નિશીથથી નજરો બચાવતાં એ બોલી અને દડી પડતાં આંસુને છુપાવવા આડું જોઈ ગઈ.

નિશીથની નજરે એનો આ ભાવ ન પડ્યો. એની આંખોમાંથી ચોધારે આંસુ વહી નીકળ્યાં : 'હું તને પહેલેથી જ કહેતો હતો કે મને તારા સમાજની બીક લાગે છે. પણ તારી પેલી વાત હજુ ઊભી જ છે; હરણ કરી જવાની. જો તું તૈયાર હો તો મારી તો એ પણ તૈયારી છે. પછી તારી નાત તો શું પણ આખી દુનિયા સામે લડી લેવું પડે તોય મને વાંધો નથી.'

'એય હવે તો શકય રહ્યું નથી. મારા પર આખા કુટુંબની એવી ભીંસ છે કે એમ કરું તો હું જ મારા મનથી ઊતરી જાઉં. હવે તો જે ભગવાને ધાર્યું છે એ જ થવા દેવું પડશે. મારી અને તારી વાત અડધે રસ્તે જ પૂરી થઈ ગઈ. કદાચ આવતે જન્મે એ શકય બનશે. તું મન મોળું ના કરતો. મારી વાત માનજે અને યોગ્ય પાત્ર જોઈ પરણી જજે.'

'તારા જેવું યોગ્ય પાત્ર મળશે ખરું ! અને કદાચ મળશે તો એ પણ તારી જેમ અધવચ્ચેથી અંગૂઠો નહીં બતાવી દે એની શી ખાતરી ! એટલે તું તારું કર્તવ્ય નિભાવ અને મને મારા હાલ પર છોડી દે. હું પરણું કે ન પરણું એની તું ચિંતા ન કરીશ. પણ મને એ નથી સમજાતું કે તારા જેવી ભણેલી ગણેલી અને સ્વતંત્ર વિચારવાળી યુવતીને સમાજ અને કુટુંબ શી રીતે ભોળવી જાય !'

'એ બધું વિચિત્ર છે. તારા માન્યામાં એ નહીં આવે. જો ફકત વહેવાર, જ્ઞાતિ કે આબરૂનો જ પ્રશ્ન હોત તો હું નમતું ન આપત પણ આ તો –' કહી એણે બધી વાત કરી. અને છેલ્લે ઉમેર્યું : 'એટલે હવે તો જે આપણે

માથે પડી છે એ વેઠી લીધે જ છૂટકો છે. અમાં જો તને મારો વાંક લાગે અને તું મને માફ કરી શકે તો માફ કરજે ને જો તારે શિક્ષા કરવી હોય તો તેય ખમવાની મારી તૈયારી છે. પણ તું મનમાં ઓછું ના લાવીશ અને તારી જાત પર રોષ ન ઉતારીશ. અને મારું કહેવું માનીને -'

'એ વાત હવે રહેવા દે. તારી એ વાત મારે માથે ન મારીશ. હવે વધારે સહન કરવાની મારામાં હામ રહી નથી. મને તારા પર રોષ નથી ચડતો પણ મને થાય છે કે તું ખોટું હારી બેઠી છે. આ પ્રશ્નનો ઉકેલ ફક્ત આ જ કેમ હોય ! આના સિવાય બીજો ઉકેલ પણ હોવો જ જોઈએ.' તે બોલ્યો. એણે સ્પંદનાની સામે નજર મેળવવા પ્રયત્ન કર્યો પણ સ્પંદનાની નજરો તો જમીન ખોતરી રહી હતી. એની આંખોમાંથી પણ હતાશાથી ખરડાયેલાં આંસુ ટપક ટપક કરતાં ધરતી પર દડી રહ્યાં હતાં. એ તો સારું થયું કે એમની આંખો ચાર ન થઈ નહીં તો ખુદ ભગવાન પણ એમને હૈયાફાટ રડતાં અટકાવી શકયો ન હોત.

'છેલ્લા ચાર દિવસથી હું એના જ વિચાર કર્યા કરું છું પણ મને એવો કોઈ રસ્તો દેખાતો નથી. તારે માટે હવે એક જ રસ્તો છે મને ભૂલી જવાનો. તારે મને કાયર ગણવી હોય તો તેમ અને બેવફા ગણવી હોય તો તેમ ગણીનેય તું મને ભૂલી જાય અને બીજે મન પરોવી લે એટલું જ હું તારી પાસે માગું છું.'

'આપણે ચાહે તે ઉપાય કરીએ છતાં પ્રીતના ઘાવ તો દૂઝતા જ રહેવાના.' નિશીથ - ના તેની વ્યથા બોલી. સ્પંદનાની પાંપણો પર જાણે બ્રહ્માંડનો ભાર આવી ગયો હોય એમ ઊંચી ન જ થઈ શકી.

'છતાં મને એક વચન આપ કે તું મને ભૂલી જવાનો પ્રયત્ન તો કરશે જ અને કોઈ લાયક છોકરી જોઈ પરણી પણ જઈ સુખી થશે.' વેદના વચ્ચેય સ્પંદના નિશીથની મનોવ્યથામાંથી તેને બહાર લાવવા પ્રયત્ન કર્યા વગર રહી શકતી ન હતી.

નિશીથ સ્હેજ વાર ચૂપ રહ્યો પછી ગમગીન ચહેરે બોલ્યો : 'મારાથી પાળી ન શકાય એવું વચન લઈને શું કરીશ! તને વચન આપીને એ ન પળાયાના પાપમાં હું પડું એવું તું ઈચ્છે છે ?'

'શા માટે ન પળાય ?'

'તારા દિલને પૂછ, મને શું પૂછે છે ! ફરજના ને ઝેર ખાવાની ખોટી ધમકીના ઓઠા નીચે તને તારાં વડીલો ભોળવી ગયાં છે. તું તેમનું કહ્યું માનીને બીજે પરણશે પણ દિલ પર હાથ રાખીને કહે કે તું મને ભૂલી શકશે ખરી ?'

'ભૂલી ભલે નહીં શકું પણ હું બીજે પરણીશ, હું સુખી થઈશ કે નહીં પણ સામા માણસને સુખી કરવાનો પ્રયત્ન તો જરૂર કરીશ જ. તું પણ જો એટલું કરવાનું મને વચન આપશે તો મારા મનને શાંતિ થશે.'

'તું લગ્ન કરે છે કારણ કે તું એક સ્ત્રી છે. સમાજે જે વાડ બાંધી છે તેમાં રહીને જ તારે જીવવાનું છે, પણ મારે માટે એવું કોઈ બંધન નથી. હું મને જેમ ફાવે તેમ જીવી શકું છું.'

'જો મારા દોષની શિક્ષા તેં તારી જાત પર જ વેઠવાનું નકકી કર્યું હોય તો મને કહેવા દે કે તું એમ નહીં કરી શકે.'

'કેમ ?'

'કારણ તો ઘણાં છે. એક સૌથી મોટું તો એ કે તું તારાં માબાપનો એકનો એક દીકરો છે. એમનો વંશવેલો ચાલુ રાખવાની તારી ફરજ છે.'

'કઈ મિલકત માટે ! વતનમાંનું પાંચ હજારના બોજાવાળું એક ઘર અને દિલ વગરનું આ શરીર; એમને માટે ! તું સુખી થવા પ્રયત્ન કરજે. મોટા માણસોએ ત્યાગને જ મોક્ષ ગણ્યો છે. તું જે કરી રહી છે એ એનાથીય

મહાન છે. તું સુખી થશે જ એવી મને શ્રધ્ધા છે. જેટલે અંશે તું સુખી થઈશ એટલે અંશે હું પણ ખુશી થઈશ.' નિશીથે ઢળેલી આંખો ઊંચકવા પ્રયત્ન કર્યા સિવાય કહ્યું.

'સુખી' અને 'સુખી' નહીં પણ 'સુખી' અને 'ખુશી'નું જોડકું સ્પંદનાના મનમાં ઘમસાણ મચાવી રહ્યું. 'સુખી એટલે જ ખુશી નહી?' એવો એક સવાલ એના મનમાં ઊઠ્યો ને અનુત્તર જ સમેટાઈ ગયો. પણ પેલું મન એમ છોડે ! એ બબડી રહ્યું : 'સુખી એટલે સુખી અને ખુશી એટલે ખુશી; બન્ને એક તો નહીં જ.'

'તું વાત ઉડાવે છે.' આખરે તે બોલી.

'ના હું હિસાબ માંડું છું. તું કોઈકને સુખી કરવા પ્રયત્ન કરશે અને એમ કરતાં તું પણ સુખી થશે અને તને સુખી જોઈને હું પણ-'

'તું પણ બીજી કોઈ છોકરીને પરણીને એને પ્રેમ કરશે ને એને સુખી કરવા પ્રયત્ન કરશે ને એમ કરતાં-'

'એવી પ્રેમની વાતો મને હવે નથી ગમતી. મારે અને પ્રેમને નાનપણથી જ બનત નથી. નાનો હતો ને માનો પ્રેમ છીનવાઈ ગયો, સમજણો થયો ને બાપે સ્વર્ગનો રસ્તો લીધો ને વતનનો થોડો પ્રેમ હતો તે ગરીબીએ છીનવી લીધો. એક તું હતી એ વિશ્વંભર જાગીરદારની આબરૂમાં ખોવાઈ ગઈ.' એણે કહ્યું. સ્પંદના એ બધી વાતોથી ક્યાં અજાણ હતી ? પણ આજે એ લાચાર હતી. નિશીથના હૈયામાં ઘણાય જવાબ વગરના સવાલો ઊઠ્યા અને એના જવાબ ન હતા એટલે એ તડપતા હૈયામાં જ પાછા સમાઈ ગયા. સ્પંદના એ વલવલતી નિરવતાથી ગુંગળાઈ ગઈ.

ને પછી પેલા બળતા હૈયાને રોતું મૂકીને એ ભારે પગલે બહાર નીકળી ગઈ. પાછાં સ્ટેશને જવા એણે ટેકસી જ રોકી લીધી. રડતા દિલનો ભાર ઉપાડી શકે એવી હામ એનામાં બચી ન હતી.

અનુક્રમ

## ૩. બે સખીઓ

સ્પંદના મુંબઈથી આવી કે એના વિવાહની તૈયારીઓ શરૂ થઈ ગઈ. વિલાસબેને એનાં લગ્ન એક મહિનામાં જ પતાવી દેવાનું નકકી કર્યું હતું ને સ્પંદનાએ પણ એમાં પોતાની મૂક સંમતિ દર્શાવી હતી એટલે વિલાસબેનની દોડધામ વધી ગઈ હતી.

નિશીથને પોતાની લાચારી વિશે જણાવી પોતે પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ મનાવવા એ લાખ પ્રયત્નો કરતી હતી પણ તેનું મન તેમાં એને સાથ દઈ શકતું ન હતું. તેની હતાશા એના દરેક કાર્યમાં વરતાયા સિવાય રહેતી ન હતી. દિવસ તો તે જેમ તેમ કરી પસાર કરી દેતી હતી પણ રાત તો એની કેમેય ખૂટતી ન હતી. પથારીમાં પડતાં જ એનું હૈયું આક્રંદ કરી ઊઠતું હતું.

બધાં કહેતાં હતાં કે રવીન્દ્ર ડૉકટર હતો, સ્વભાવનો સારો હતો અને સારું કમાતો હતો. સ્પંદના રવીન્દ્રને જાણતી હતી એટલે બધાં જે કહેતાં હતાં એમાં જરાય અતિશયોકિત હતી એમ પણ કહી શકે એમ ન હતી. બધાંની આવી વાતો સાંભળી પેલું રડી રહેલું હૈયું કદીક કહીય દેતું હતું : 'એ ગમે તેવો સારો હોય પણ નિશીથ તો નથી જ ને !' બિચારી રાત એનો શો જવાબ આપે ! એ તો જાણે સ્પંદનાને ચિઢવવા લાંબી ને લાંબી જ થતી જતી હતી ને છેવટે પાસાં ઘસતી સ્પંદનાની પથારીની ચાદરની જેમ સવાર પડતાં ચૂંથાઈને સરકી જતી હતી.

વિલાસબેન સ્પંદનાની આવી સ્થિતિથી અજાણ ન હતાં. દિવસના ભાગમાં તો એ સ્પંદનાને નાનાં મોટાં

કામમાં રોકાયેલી રાખી તેના હૈયા પરથી ભારને હળવો કરવા પ્રયત્ન કરતાં હતાં, પણ રાતે-? રાતે તો સ્પંદનાની એ એકલતામાં પોતે કરીય શું શકે ! હા, એમણે સ્પંદનાની આવી સ્થિતિ બાબતમાં ઉષાને ટકોર કરી હતી ખરી.

કલ્પના અને સુરેશ બેનની આવી મૂંઝવણ પામી જતાં દુઃખ અનુભવી રહ્યાં હતાં. કલ્પના તો એટલે સુધી કહેતી હતી કે મોટીબેને કુટુંબની ખોટી આબરૂ માટે થઈને આટલો મોટો ભોગ આપવાની કશી જરૂર ન હતી.

'મારી એક વાત માનશો મોટીબેન ?' એણે એક દિવસ પૂછ્યું.

'હું તારી વાત ન માનું એવું બનતું હશે ! કહે, મારે શું માનવાનું છે ?' હસીને - હસવાનો પ્રયત્ન કરતાં સ્પંદનાએ સામું પૂછ્યું.

'તમે મુંબઈ ચાલ્યાં જાવ અને તમારા એ ફ્રેન્ડ સાથે પરણી જાવ.'

'કેમ ?'

'એની મને શી ખબર! એ તો પ્રેમ કરનારને અને પરણનાર જાણે.'

'એ વાતનું તો પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.' ખેદથી સ્પંદનાએ કહ્યું. પણ એમ કહેવાથી એ વાતનું પૂર્ણવિરામ મુકાઈ જતું ન હતું. હજુ રાત ને દિવસ, ડગલે ને પગલે નિશીથની યાદ એનો પીછો છોડતી ન હતી એ વાત તો એણે કબૂલ કર્યે જ છૂટકો હતો.

'તો એ વાત પાછી ફરીથી શરૂ કરો.'

'એ વાત તારી નવલકથાની ચોપડી જેવી નથી કે જ્યારે બંધ કરવી હોય ત્યારે બંધ કરી શકાય અને જ્યારે ફરીથી શરૂ કરવી હોય ત્યારે પાછી શરૂ કરી શકાય. અને હવે તો એ વાત પાછી શરૂ કરવાની મારી ઈચ્છા પણ નથી.' કહેતાં તે પોતાના ઓરડામાં ચાલી ગઈ. પણ આજે કલ્પના એનો એમ પીછો છોડે એમ ન હતી. એ પાછળ જ આવી.

'તમે આ લગ્ન માટે હા જ કેમ પાડી એ જ મને તો સમજાતું નથી.'

'જો બેન, તને હજુ એ બધું નહીં સમજાય. લગ્નો બધાં સ્વર્ગમાં ગોઠવાતાં નથી. કેટલાંક અહીં ધરતી પર જ ગોઠવાતાં હોય છે. અને દરેક લગ્ન ગોઠવાવા પાછળ કોઈને કોઈ કારણ હોય છે એ વાત ખરી પણ એ જાહેર કરવાનાં હોતાં નથી. માન કે મારા આ લગ્નની હા પડવા પાછળ પણ કોઈ કારણ છે, પણ અગત્યનું તો એ છે કે મેં મારા દિલથી આ લગ્ન માટે હા પડી છે.' મોં પર કશા વિપરિત ભાવ લાવ્યા સિવાય સ્પંદનાએ કહ્યું.

'જુઓ મોટીબેન, તમારી વાત મારા મગજમાં ઊતરતી નથી. તમે આ લગ્ન માટે હા પાડી છે એ વાત તો આખું ગામ જાણે છે પણ મને જ ખબર છે કે તમારી પાસે પરાણે હા પડાવવામાં આવી છે. તમે ભલે વાત ઉડાવી મૂકો પણ એનાથી મારા પ્રશ્નનું સમાધાન થવાનું નથી.'

સ્પંદનાને એક વખત તો થઈ ગયું કે આ નાદાન પણ વહાલસોઈ બહેનને કહી દે કે મેં તારે કારણે જ આ લગ્નની હા પાડી છે પણ એ બોલી ત્યારે બીજું જ : 'આપણા ઘરની શાંતિ માટે, વિશ્વંભર જાગીરદારની આબરૂને માટે ને-'

પણ ત્યાં જ કલ્પના વચમાં બોલી ઊઠી : 'તમે આટલું ભણ્યા પછી વળી આબરૂના આ ધતિંગમાં ક્યાંથી માનતાં થયાં !'

'જ્યારથી મને એનું મહત્ત્વ સમજાયું ત્યારથી. ચાલ, મને તો ઊંઘ આવે છે. ને તારે આવા ગાંડાઘેલા વિચારો

કરી જીવ બાળવાની જરૂર નથી.' સ્પંદનાએ કહ્યું.

'કેમ ?'

'કેમ કે જ્યાં હું પોતે જ એવા વિચારો કરતી નથી ત્યાં મારે માટે એવા ખોટા વિચારો કરી તારે દુખી થવાની શી જરૂર !'

'તમે મને પારકી ગણો છો ?'

'ના, એથી ઊલટી, હું તો તને મારી પોતાની ગણું છું અને તેથી તો મારી ચિંતા કરી જીવ બાળવાની તને ના પાડું છું.' મહામહેનતે તે પોતાના મનના આવેગને કાબૂમાં આખી રહી હતી. એક તો પેલું મન અંદરથી ડંખતું હતું ને તેમાં આ નાની બેનની સમજણ વગરની વાતો ને તેનું વહાલ એના દૂઝતા જખમ પર નમક ભભરાવી રહ્યું હોય એવી વેદના તેને થઈ રહી હતી.

'તો પછી તમે મને સીધો જવાબ કેમ નથી આપતાં !'

'કઈ વાતનો ?'

'તમે આ લગ્ન માટે હા કેમ પાડી, એ વાતનો.'

સ્પંદના મનમાંના ગુસ્સાને બહાર આવતો પ્રયત્નપૂર્વક રોકી રહી ત્યાં જ પાછળથી સુરેશનો અવાજ આવ્યો : ' એ સવાલનો જવાબ તને એમની પાસેથી નહીં મળે. જો તારે જાણવું હોય તો હું જ કહું. એમણે આ લગ્નની હા પાડી એટલા માટે કે તારા થયેલા વિવાહ ફોક ન થઈ જાય.'

'તમને કોણે કહ્યું કે તમે બીજે પરણી જશો તો મારા વિવાહ ફોક થઈ જશે ?' તેણે સીધું સ્પંદનાને જ પૂછ્યું.

'સ્પંદનાએ કશો જવાબ ન આપ્યો પણ એને બદલે સુરેશે જ કહ્યું : 'રામ જાણે મોટીબેનને આવું બધું કોણ ભરમાવે છે. એમને તો એમ જ થઈ ગયું છે કે એ જો પરનાતમાં લગ્ન કરશે તો તારા વિવાહ ફોક થઈ જશે અને બા ઝેર ખાશે.'

'મોટીબેન, બા ઝેર ખાય એ વાત તમે માનો છો? અરે, એ તો આખા ગામને ઝેર ખવડાવે એવી છે. અને મારી એક વાત ચોકકસ માનજો કે મારા વિવાહ કોઈ કાળે ફોક થવાના નથી. તમે હજુ હરિકૃષ્ણને ઓળખતાં નથી.'

'એમ કે ! ચાલો, તું તો એમને ઓળખે છે એટલે પત્યું. પરણવાનુંય તારે જ એમની સાથે છે ને !' સ્પંદનાએ હસવામાં વાતને ઉડાવી મૂકવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'તમે એમ વાત ઉડાવો નહીં. તમે લોકો જે કહે તેને સાચું માની લો છો અને ડરી જાવ છો. અરે, એક વખત માની લો કે બધા કહે છે એમ મારા વિવાહ ફોક થયા તો પણ શું અને બાએ ઝેર ખાધું તો પણ શું ?'

'કેમ એમ બોલે છે ?' સ્પંદનાને આ નાદાન ભાઈબેનની આવી લાગણીભરી વાતો પર ગુસ્સો કરવો હોય તોય કેમ કરવો એ પ્રશ્ન થઈ પડ્યો.

'એમાં એ ખોટું શું કહે છે ? તમારે આખી જિંદગી વિરહની આગમાં બળ્યા કરવું પડે એના કરતાં બા ઝેર ખાય તો પણ એ વધુ સારું ગણાય. એણે બહુ જિંદગી જોઈ નાખી છે.'

'એક તો મારા વિવાહ ફોક થાય એ વાત જ પાયા વગરની છે ને એમ થાય તો બા ઝેર ખાય એ વાત તો એથીય વધારે હંબંગ છે. બા એવી સેન્ટીમેંટલ છે જ નહીં. પિતાજીના મરણ વખતેય એ કયાં સાચું રડી હતી!'

'અને એ કદાચ ઝેર ખાય ને મરી જાય તોય હું એના મરણ પર એક આંસુય ન પાડું. જો એ આટલી બધી સ્વાર્થી હોય તો એ જીવે કે મરી જાય એની મને કશી પરવાહ નથી. મને તો આવી માનો દીકરો કહેવડાવતાંય શરમ આવે છે.'

'તમારા આવા ગાંડા વિચારો બા જાણે તો એમને કેવું લાગે ? તમે બન્ને તમારા રૂમમાં જાવ અને વાંચવા બેસો. મારી ખોટી ચિંતા ન કરશો. મેં જે કાંઈ કર્યું હશે એ સમજી વિચારીને જ કર્યું હશે ને ! અત્યારે તમને કદાચ નહીં સમજાય પણ બે પાંચ વરસે તમને મારા આ પગલાની સચ્ચાઈની ખબર પડશે. ડૉક્ટર રવીન્દ્ર સાથે લગ્ન કરવાની હા પાડી હું કોઈ ત્યાગ નથી કરી રહી. હું મારી ઈચ્છાથી જ એમની સાથે લગ્ન કરવા તૈયાર થઈ છું.' સ્પંદનાએ મક્કમતાથી કહ્યું. પેલાં બેમાંથી કોઈને તેની વાત માન્યામાં આવી હોય એમ એમનાં મોં પરથી લાગતું ન હતું.

છેવટે સુરેશ અને કલ્પના પોતાના રૂમમાં ગયાં. સ્પંદના જે મક્કમતાથી એ લોકોના સવાલોનો સામનો કરી રહી હતી એ મક્કમતા કાચી ઘડીમાં ઊડી ગઈ ને એને સ્થાને દુનિયા આખીની ગમગીની એના હૈયા પર સવાર થઈ ગઈ. ને મન એનું વિચારોના ચકડોળે ચઢી ગયું. પોતે મનથી જ રવીન્દ્ર સાથે પરણવાનું નક્કી કર્યું હતું અને નિશીથની યાદ દિલના કોઈ અજ્ઞાત ખૂણે દબાવી દેવાનો મક્કમ નિરધાર કર્યો હતો પણ એમ મનને મારવું શક્ય ન હતું. એને નિશીથનો વિરહ જેટલો નહોતો સાલતો એના કરતાં વધારે તો પોતે એના ભોળા દિલને જે ઠેસ પહોંચાડી હતી એનો ગમ એને સાલતો હતો. અને એ ગમ એટલે જ નિશીથની યાદ.

પછીની બાકીની રાત એણે પાસાં ઘસ્યા કર્યાં. જે યાદને એ ભૂલવા માગતી હતી એની જ યાદ એને આવ્યા કરી. ને છેવટે લાખ દુખોની એક દવા જેવા રુદને એને ઘેરી લીધી.

⬍

બીજે દિવસે ઘરના કામમાંથી પરવારી એ ઉષાના ઘર તરફ ગઈ. લગ્નની ધમાલ શરૂ થઈ ત્યારથી એનાથી ઉષાને ઘેર ખાસ જવાતું ન હતું પણ ઉષા રોજ એને સાથ આપવા આવ્યા કરતી હતી. આજેય ઉષા હજુ ઘડી પહેલાં જ એનાથી છૂટી પડીને પોતાને ઘેર ગઈ હતી. સ્પંદનાને આવેલી જોતાં જ એ બોલી ઊઠી : 'આવ, તું આવવાની છે એવી ખબર હોત તો હું બે ઘડી વધારે રોકાઈને તારી સાથે જ ન આવી હોત! બેસ.'

એને આવેલી જોઈ ઈચ્છાબા પણ રસોડામાંથી બહાર આવી પહોંચ્યાં. 'લાગે છે કે આજે તને માસી સાંભળી છે. તારી બેનપણી તો રોજ તને મળે જ છે. આજે બહુ દા'ડે આવી છું એટલે જમ્યા વગર તો નહીં જ જવા દઉં.'

'તમે તો જમાડવાની વાત કરો છો પણ હું તો તમારે ત્યાં રહેવા જ આવી છું. બોલો, રહેવા દેવી છે કે કાઢી મૂકવી છે ?' હસવાનો વેવલો પ્રયત્ન કરતાં સ્પંદનાએ કહ્યું.

'તે રહી જ જા ને, તારું જ ઘર છે. હમણાં કોઈ પોયરાને મોકલીને વિલાસને કહેવડાવી દઈશ. કે પછી તું કહીને જ આવી છો ?'

'ના, કહીને તો નથી આવી પણ આવતાં જ વિચાર થયો કે ઉષાની સાથે આજની રાત રહી જાઉં.'

'તે એનો શો વાંધો છે ! હું વિલાસને કહેવડાવી દઉં છું. તમે બેય બેનપણીઓ આખી રાત સુખદુઃખની વાતો કરજો.'

સ્પંદનાને કહેવાનું મન થયું કે સુખની વાતો તો બધી પતી ગઈ હવે તો દુઃખની વાતો કરવાની જ બાકી રહી છે પણ બોલી ત્યારે બીજું જ : 'આ તો તમારો ભાવ છે તો આવવાનું મન થાય છે પણ આજે દશ દિવસથી જોઉં છું કે ઉષાએ મને અહીં આવવાનું ક્યારેય કહ્યું નથી.'

'તે ન જ કહ્યું ને! બેનબા એનાં માથી ઘડીય વેગળાં ન થતાં હોય તો મારા કહેવાનોય શો અર્થ ? હવે બોલી જ હોઉં તો રોજ આવજે સાથે ખાઈશું ને વાતોનાં ગપાટાં હાંકીશું.'

બીજો કોઈ સમય હોત તો સ્પંદનાએ ઉષાના આ વ્યંગનો જવાબ જરૂર વાળ્યો હોત પણ આજે એ ચૂપ જ રહી. એ બે જણીઓ ઉષાના ઓરડામાં પેઠી અને ઈચ્છાબા વિલાસબેનને સંદેશો કહેવડાવવા બહાર ગયાં.

'કેમ પાછી તું ઉદાસ છે. તબિયત તો બરાબર છે ને !' ઉષાએ એને ઢીલી જોઈ પૂછ્યું.

'મને તો કશું થયું નથી, તબિયત તો તારી બરાબર લાગતી નથી. તને કાંઈ થયું છે કે શું?'

'તો મારી તબિયતનેય શું થવાનું હતું ! અને કદાચ કાંઈ થશે તોય એક ડૉકટર સાથે સગપણ શોધી કાઢ્યું છે. મફત દવા થશે ને ઉપરથી ચ્હાનો પ્યાલોય પાશે.' ઉષા એની ટેવ પર આવી ગઈ.

'એવાં સગપણ શોધવાનો જ ધંધો લઈને તું બેઠી છો કે શું ! વાતવાતમાં તને વહેવાર, સંબંધ અને સગપણ જ સૂઝે છે !' સ્પંદના આજે એની આવી મજાક સાંભળવાના મૂડમાં ન હતી.

'અમારે તો એવું હોય ને ! તારી જેમ અમે મુંબઈ સુધી ભણેલાં નહીં એટલે. પણ તું બેસ તો ખરી, કે પછી ઊભાવ્રત લીધું છે ?'

બોલ્યા સિવાય જ સ્પંદનાએ ખુરસી ખેંચી ને એમાં બેઠી. એ જોઈ ઉષાની જીભ પાછી સરવરી : 'કેમ આજે બેનબા ખુરસીમાં ગોઠવાયાં! કે એટિકેટ આડે આવી ?' ઉષાએ પાછો વિનોદ કર્યો.

ને એની વાત સાચી પણ હતી. સ્પંદના જ્યારે પણ ઉષાને ત્યાં આવતી ત્યારે સીધી જ પલંગમાં પડતી ને ચ્હા પણ અર્ધાં બેઠાં થઈને જ પી લેતી. ઉષા કદી એની આવી ટેવ માટે કશી ટકોર કરતી તો એ કહેતી : 'આપણો તો એક સિધ્ધાંત છે કે સૂવાનું મળતું હોય ત્યાં સુધી બેસવું નહીં ને બેસવાનું મળતું હોય ત્યાં સુધી ઊભાં રહેવું નહીં ને ઊભાં રહ્યે ચાલતું હોય ત્યાં સુધી ચાલવું નહીં.' પણ એ વખતની સ્પંદના અને આજની સ્પંદના ક્યાં એક હતી !

'તું તારે પલંગે ચઢીને બેસ ને ! હું મને ઠીક લાગે છે ત્યાં બેઠી છું.'

'તે હું તો બેઠી જ છું ને ! મેં ક્યાં તારી જેમ વ્રત લીધું છે કે પરણ્યો સાથે હોય તો જ પલંગે બેસવું !' સ્પંદનાની ઉદાસી પામી ગયેલી ઉષાએ મજાક કરવી ચાલુ રાખી.

'તું આમ અકકલ વગરની મજાક કરવાની બંધ કર, મને એ નથી ગમતું. જો હું અહીં આવી એ તને ન ગમ્યું હોય તો મને સ્પષ્ટ કહે એટલે ફરીથી નહીં આવું.' સ્પંદનાનો કચવાટ બહાર આવી ગયો.

'તું મારે ત્યાં આવે એ મને ન ગમે એવી કલ્પના તો તું જ કરી શકે. આ તો તું જાણે બારેય વહાણ ડૂબી ગયાં હોય એવી સૂરત લઈને બેઠી હતી એટલે તને હસાવવા પ્રયત્ન કર્યો. છેવટે તું હસી નહીં તો ગુસ્સે તો થઈ એય ઓછું છે ! બાકી મારો તો સિધ્ધાંત છે કે હસે એનાં વસે.'

'તે વખત જોઈને હસતી હો તો !'

'તું આવી ત્યારે વખત જોઈ જ લીધો હતો. બરાબર ચાર ને વીસ મિનિટ થઈ હતી. પછી જ હસવાનું શરૂ કર્યું હતું. હવે તુંય તારી આ રોતી સૂરત બાજુ પર મૂકીને હસવા માંડ.'

'તું રડવાનું શરૂ કર એટલે હું હસવા માંડું. કે પછી મારે તને રડાવવા માટે ચીમટી ખણવી પડશે !'

'હું રડવાનું શરૂ કરવાની છું એક ડૉકટર આવીને મારી આ સખીને ઉપાડી જાય ત્યારે. જો કે મારે તો રડવાની તાલીમ પણ તારી પાસેથી જ લેવી પડશે. તને રડતાં સારું આવડી ગયું છે જ્યારથી તું હસવાનું ભૂલી

ગઈ છે ત્યારથી.' ઉષા ગંભીર થાય એ વાતમાં માલ જ નહીં.

સ્પંદનાને તો રડવું કે હસવું એ જ સમજાતું ન હતું. ઉષાની મજાક કરવાની આદતથી એ અજાણી ક્યાં હતી ! આખરે સ્પંદનાએ એની સામે એનો જ દાવ અજમાવવાનું નક્કી કર્યું : 'તું જ્યારે રડતી હોઈશ ત્યારે મારો હસવાનો વારો હશે.'

'ત્યારે તો બેનબા હસવાના મૂડમાંય નહીં હો. મધુરજનીનાં સપનાં જોતાં હશો.'

'એ વાત તો સાચી જ ને. પણ ખરો આનંદ તો મને એ વાતનો થતો હશે કે હું એક મૂર્ખ અને કાયમ બબડતી બેનપણીની સોબતમાંથી તો ઉગરી ગઈ.'

'તો પછી અત્યારથી જ છૂટી થઈ જા ને ! તને કોણ રોકે છે ?'

'છૂટી થતી જ જાઉં છું પણ તને મૂર્ખીને એય ક્યાં સમજાય છે ! પહેલાં હું તને મળવા રોજ આવતી હતી અને આજે દશ દિવસે મળવા આવી છું ને હવે પછી મહિને-'

'ને બે મહિના પછી તો રોજ રાતે મળવાનું રાખીશ એમ ને !'

'મળે છે મારી બલારાત.'

'મને નહીં પેલાને -' કહેતાં ઉષાએ આંખનો એવો ચાળો કર્યો કે સ્પંદનાને એના પર ગુસ્સે કેવી રીતે થવું એ જ ન સમજાયું. ને તે હસી પડી.

'હવે કાંઈક મારી બેનપણી જેવી લાગી. બોલ જમતા પહેલાં ચ્હા પીશ ? ન પીવી હોય તો વાંધો નહીં, એટલાં ચ્હા મોરસ બચશે.'

'જમ્યા પહેલાં ચ્હા - નાસ્તો કરી લઈશ. પછી જમવાનું મોડું થાય તોય ચિંતા નહીં.' સ્પંદના પણ એની પાસેથી જ આવું બોલતાં શીખી હતી.

'એ તો તું આવી ત્યારથી જ મેં સમજીલીધું હતું કે મારો અઠવાડિયાના નાસ્તાનો કવોટા તું એક જ દિવસમાં પૂરો કરી જવાની છો. પણ મને એમ થાય છે કે આવી ભૂખડી બારસ વહુ એનાં સાસરિયાંમાં સમાશે કેવી રીતે ?'

'જો તારા જેવી નાના મનની સાસુ હોય તો ન જ સમાય.' સ્પંદનાએ જેવા સાથે તેવા થઈ ટોણો મારી લીધો.

'મોટા મનની કે નાના મનની પણ તારા નસીબમાં તો સાસુ જ ક્યાં લખાઈ છે ? ચાલો એટલી તું ભાગ્યશાળી. પણ નાસ્તો કરવો જ હોય તો રસોડામાં જ ચાલ ને.' ઉષાએ ઊઠતાં કહ્યું. સ્પંદના પણ તેની પાછળ રસોડામાં ગઈ. ઉષાએ પાછું કહ્યું : 'તું હમણાંની બહુ ઉદાસ જણાય છે.'

'ના રે ! તને એવું લાગતું હશે. હું તો જેવી હતી એવી જ છું, હા, તારી જેમ કાયમ બકબક કરવાની મને ટેવ નથી એટલે તને એમ લાગતું હોય કદાચ.'

'મને તો જેવું હોય છે એવું જ લાગે છે. અને મને એની પણ ખબર છે કે તું આજકાલ ઉદાસ કેમ રહે છે. અને એક વાત નક્કી કરી લીધા પછી તારે એમ હિજરાયા ન કરવું જોઈએ.'

'હું કાંઈ હિજરાતી નથી, પણ મારો ચહેરો જ એવો હોય એમાં હું શું કરી શકું! હું ગંભીર હોઉં છું ત્યારે તને એમાં ઉદાસી નજર આવતી હોય તો એમાં તારી ભૂલ છે, મારી નહીં.' સ્પંદનાએ શબ્દોને મચડીને કહેવા કર્યું પણ

એનું હૈયું એમાં સાથ આપી શકતું ન હતું.

ઉષાની નજર બહાર એ રહે જ કેમ ? 'એમ વાત ઉડાવીને મને ઊઠાં નહીં ભણાવી શકે તું. માણસ ધારે તો હજારો દુ:ખ વચ્ચેય હસતું રહી શકે છે. હા, એને પરિસ્થિતિ સાથે સમાધાન કરતાં આવડે તો. આપણી વીરુનો જ દાખલો લે ને. એને નથી સાસરામાં સુખ કે નથી પિયરમાં, પણ તેં એને કદી મોં ચઢાવીને ફરતી કે રોદણાં રડતી જોઈ છે ?'

'એવાં માણસો બહુ ઓછાં હોય છે. મારે કબૂલ કરવું જોઈએ કે હું તો એવી નથી જ.'

'એવું નથી. પ્રયત્ન કરવાથી એવો સ્વભાવ કેળવી શકાય છે. વળી તારે તો એના કરતાં હજાર ઘણું સારું છે. તારે તો પિયરમાં વિલાસબેન જેવાં મા છે ને સગાં ભાઈબેન કરતાંય વિશેષ હેત ધરાવતાં ભાઈબેન છે. ને સાસરીમાં નથી સાસુ સસરાની ડખલ. વળી રવીન્દ્ર જેવો સારું કમાતો **Young toll and handsome husband** છે.'

'તું એક સ્ત્રી છે છતાં મારા મનની વાત નથી સમજી શકતી, કદાચ પુરુષ હોત તો-- ?'

'તો હું તારી સાથે જ પરણત અને મારા રસોડાનો ચાર્જ તને સોંપી દેત; પણ શું થાય તું મારા નસીબમાં જ નહીં લખાયેલી એટલે હું પુરુષ તરીકે ન જન્મી અને તું એક ડૉક્ટરને પરણવા-' પણ તે આગળ બોલે તે પહેલાં તેનું ધ્યાન ઉભરાતી ચ્હા તરફ ગયું ને તે બોલવાનું પડતું મૂકીને ચ્હાની પરોજણમાં વળગી ગઈ.

'આવી ને આવી વાતોમાં તેં અર્ધી ચ્હા તો ઉભરાવી નાખી.' સ્પંદનાએ એ જોઈ ટકોર કરી.

'એ તો ઉભરાય. ચ્હાનો પ્રેમ ચૂલા પર છે. પ્રેમનો ઉભરો આવે અને વચમાં તપેલી નડતી હોય તો પછી એણે ઉભરાના જોરે છલકાઈનેય ચૂલાને ભેટવું જ જોઈએ ને !'

'તું કોને ભેટવાના ઉભરા મારી રહી છું ?'

'અમે કાંઈ તારી જેમ નામ છુપાવતાં નથી. ઉષાએ ચ્હા ગાળતાં કહ્યું. સ્પંદના ખિન્ન થઈને આવી હતી પણ તેની એ ખિન્નતા કોણ જાણે ક્યાંય જતી રહી હતી. ઉષાના સ્વભાવમાં જ ગંભીરતા ન હતી એટલે તે ચાહે કે ન ચાહે તો પણ તે હળવા વાર્તાલાપમાં ઊતરી જ પડતી. ચ્હાનો એક જોરદાર સબડકો મારતાં એણે આંખ ઉલળી.

'એમાંથી જ તું ઊંચી આવતી નથી ને. હું જો એક વખત રજનીકાન્ત ભેગી થઈ જાઉં તો તને બરાબરનો બોધપાઠ ચખાડાવું.' સ્પંદનાએ એનો એવો ચાળો જોઈ કહ્યું.

'તું જો એને ભેગી થઈ જાય તો પછી ડૉક્ટરને કોઈ બીજી શોધવી પડે એનું શું ?'

'તને ડૉક્ટર સિવાય બીજું કંઈ સૂઝે છે કે નહીં ?'

'મને તો બીજું ઘણુંય સૂઝે છે પણ તારા મનને પૂછી જો કે એને એ સિવાય બીજું કંઈ સૂઝે છે ખરું ?'

'મારું એક કામ કરીશ ?' કંટાળીને સ્પંદનાએ કહ્યું.

'અરે એક શું હજાર હોય તોય કરીશ, બોલ.'

'તું બે ઘડી મોઢું બંધ રાખીશ! તારી બકબક સાંભળીને મારું તો માથું પાકી ગયું.'

'તો તો ડૉક્ટરને બોલાવીએ; વગર ફીએ દોડતો આવશે.' ઉષા ગંભીર થાય એ વાતને સો ગાઉનું છેટું.

'હું જાઉં પછી બોલાવજે. તારા મગજનો ઈલાજ કરાવવાનો થયો છે.' સ્પંદનાએ કહ્યું પણ ઉષા તરફથી

મળવો જોઈતો વળતો જવાબ ન મળ્યો. એ કોઈક બીજા જ વિચારમાં ડૂબી ગયેલી લાગી.

'હું આવું છું.' કહેતાં એ બહાર નીકળી ગઈ. દશેક મિનિટમાં પાછી આવતાં તેણે પૂછ્યું : 'કાલે તું શું કરવાની છે ?'

'કેમ ?'

'કોઈ કારણ વગર તો નહીં પૂછતી હોઉં ને !'

'કાલે હું પૂજા, પાણિયારું, પોતું અને વાસણ માંજવાનાં કામ કરવાની છું; એમાં ભાગ પડાવવો હોય તો સવારથી જ આવી પહોંચજે.' ઉષા મજાકમાં જ પૂછતી હશે એમ માની સ્પંદનાએ પહેલેથી જ વાંકી વાત કરવા માંડી.

'એ બધાં કામ વિલાસમાસીને સોંપીને આપણે કાલે સૂરત જઈએ.'

'કેમ ?' સ્પંદનાને એની આ અચાનક સૂરત જવાની વાત ન સમજાઈ.

'વીરુને મળતાં આવીએ. તને તો ખબર છે કે આપણા જેવી કોઈ બેનપણીઓ એને મળવા જાય ત્યારે એને કેટલી ખુશી થાય છે ! ને ઘણા વખતથી કોઈ ફિલ્મ નથી જોવાઈ તે એકાદ સારી ફિલ્મ પણ જોતાં આવીએ. આપણે બહાને બિચારી વીરુનેય ફિલ્મ જોવા મળશે.'

'ભલે મને વાંધો નથી પણ બાને પૂછવું પડશે.'

'તે પૂછી લેજે, પણ મહેરબાની કરીને તારાં ભાઈબેનને સાથે ન લેતી.'

'એવી એકલપેટી છે તું !' કહેતાં સ્પંદનાએ એને કોણી મારી.

અનુક્રમ

# ૪. વીરુને ત્યાં

બીજે દિવસે સવારમાં ઉષા તૈયાર થઈને એને બોલાવવા આવી ત્યારે સ્પંદના તેયાર થઈ જ ગયેલી હતી. સ્પંદના મુંબઈથી પાછી આવી હતી ત્યારથી વિલાસબેનના મનમાં તેને માટે કોઈ બીક કે શંકા રહ્યાં ન હતાં. એમણે સ્પંદનાની સૂરત જવાની ઈચ્છા જાણી ત્યારે ઊલટાનાં એ ખુશ થયાં હતાં. સ્પંદનાએ લગ્ન માટે હા પાડી હતી છતાં એનું મન હજુ ચચણતું હતું એની એમને જાણ હતી જ. એમને થયું કે એ આવી રીતે બહાર જતી થાય અને એની બેનપણીઓને મળતી થાય તો એના મનમાં થોડી શાંતિ પણ થશે.

એમણે સ્પંદનાને સૂરત જવાની રજા આપતાં કહ્યું : 'ભલે જઈ આવ બે દિવસ. ઉષા સાથે છે એટલે તને મજા પડશે. બને તો વીરુને સાથે લઈને ડુમ્મસ પણ જતાં આવજો. એ બહાને એ બિચારીના બે દિવસ તો આનંદમાં વીતે.'

'મને તો એમ હતું કે તું હજુ તો ઊઠીય નહીં હો, એટલે તો હું વહેલી આવી.' એને તૈયાર થઈ ગયેલી જોતાં ઉષાએ કહ્યું.

'તને શું હોય છે ને શું નથી હોતું એ જ અટપટો પ્રશ્ન છે. લે ચાલ, તારા મનમાં એવું તો નથી ને કે બસ તારી રાહ જોઈને ઊભી રહેવાની છે !' કહેતાં એણે પોતાની નાની બેગ સંભાળી.

રસ્તામાં ઉષાએ પૂછ્યું : 'વિલાસમાસી તને રજા આપતાં અચકાયાં હતાં ?'

'એ તારા જેવાં વહેમી નથી. વળી હું મુંબઈથી વાયદાસર પાછી આવી ગઈ ત્યારથી તો એમને ખાતરી થઈ જ ગઈ છે કે મેં મનથી એમની ઈચ્છા મુજબ વર્તવાનું નકકી કરી લીધું છે.'

'હું જૂનવાણી વિચારની નથી છતાં મને પણ તારું આ પગલું વ્યાજબી લાગ્યું છે. તું જો ડૉકટરને સ્હેજ નિકટથી ઓળખતી હોત તો આજે તારા આનંદની અવધિ જ ન હોત.' કોણીનો હળવો ગોદો મારતાં ઉષાએ તેને કહ્યું. ગંભીર વાત કરતાંય તે એનો મૂળ સ્વભાવ છોડી શકતી ન હતી.

'મને લાગે છે કે તું એમને નિકટથી ઓળખે છે એટલે જ તારા આનંદની અવધિ નથી રહી આજે !'

'તને શું લાગે છે અને શું નથી લાગતું એ જ મોટો પ્રશ્ન છે.' ઉષાએ ઘડી પહેલાંના એના શબ્દો એને પરત કરતાં કહ્યું.

બસમાં બે વચ્ચે ખાસ વાત થઈ નહીં પણ સ્ટેશને પહોંચતાં જ ઉષાની જીભ પાછી ચાલુ થઈ ગઈ : 'ટિકીટ કઢાવવા તું જાય એ મને બરાબર લાગતું નથી.'

'કેમ ?'

'આપણે ટિકીટ સૂરતની લેવાની છે પણ જો તું ટિકીટ લેવા જાય તો કયાંક સૂરતને બદલે મુંબઈની લઈ આવે તો !'

'તારી તે જીભ છે કે કરવત! હું હજાર વાર કહી ચૂકી છું કે મેં એના નામનું મીંડું વાળી દીધું છે. હું એને ભૂલી ગઈ છું, પછી તું વારેવારે એ યાદ કરીને શા માટે પાપમાં પડે છે ?' સ્પંદનાએ કડવાશથી કહ્યું ને પાછી ઉદાસ થઈ ગઈ.

'હું એ મીંડું વાળી દીધેલાની વાત નથી કરતી પણ મારા અને તારા ઓળખીતા એક ડૉકટર મુંબઈમાં રહે છે એમની વાત કરું છું. એટલે હું વહેમ ખાતી હતી કે - ' કહેતાં એ ટિકીટબારી તરફ ગઈ. ટિકીટબારી પર લાંબી લાઇન તો ન હતી છતાંય ઉષાને ટિકીટ લઈને આવતાં પાંચેક મિનિટ તો થઈ જ. આ સમય દરમિયાન પેલું મીંડું વાળી દીધેલું નામ સ્પંદનાના દિલમાં ધમાસાણ મચાવી ગયું.

તેને થયું : પોતે એને ફોસલાવીને ચાલી તો આવી પણ એના હૈયા પર શી વીતી હશે ! નિશીથ લાગણીશીલ જીવ હતો. એક માણસ જે વાત માટે બે આંસુય ન પાડે ને બીજે દિવસે જાણે કાંઈ જ ન બન્યું હોય એમ કામ પર ચઢી જાય ત્યાં બીજો માણસ વરસો સુધી કરાર ન મેળવી શકે. નિશીથ આ બીજા પ્રકારનો માણસ હતો. અને પાછી આ તો હતી એના દિલના કટકા થઈ જાય એવી વાત -

- પણ એ બધા વિચારોને બળપૂર્વક હડસેલવા માગતી સ્પંદના મનમાં જ બબડી રહી : 'મેં જ્યારે એક નિર્ણય કર્યો છે ત્યારે એને વળગી જ રહેવું એટલું જ નહીં પણ એને મનથીય અપનાવી લેવું એ જ મારું હવે કર્તવ્ય છે. મારે નિશીથને ભૂલી જવો જોઈએ અને એણેય મને વિસારી દેવી જોઈએ. મારે મારા કુટુંબમાં, ડૉકટર રવીન્દ્રમાં અને મારા લગ્નજીવનમાં ઓતપ્રોત થઈ જવું જોઈએ. નિશીથનો વિચાર સરખોય કરવો એ હવે તો પાપ ગણાય. હું એને ભૂલી જઈશ અને એ પણ મને ભૂલી જાય એ પણ હું જોઈશ.' પણ એનો આ જુસ્સો એથી આગળ ન વધી શકયો. એક તરફ એ નિશીથને ભૂલી જવાની વાત કરતી હતી અને બીજી તરફ નિશીથ પણ પોતાને ભૂલી જાય એ જોવાની ઈચ્છાય રાખતી હતી. એ કેવી રીતે શકય બનવાનું હતું એની મથામણ એનું મન કરી રહ્યું. એને લાગ્યું કે એવું બધું વિચારવું જેટલું સહેલું હતું એટલું આચારમાં મૂકવાનું સહેલું ન હતું.

હા, નિશીથને ભૂલવાનો પ્રયત્ન તો તે કરવાની જ હતી - કરતી જ હતી. એના મનને અંધારે ખૂણે કોઈ ડોકિયું કરે તો ખબર પડી જાય એવી વાત હતી કે ન તો નિશીથ એને ભૂલી શકવાનો હતો કે ન તો એ નિશીથને. પણ સ્પંદના એને ભૂલી જવાનો નિશ્ચય વારંવાર કર્યા કરતી હતી અને નિશ્ચયનાં એ મૃગજળમાં

ડૂબકાં મારવા પ્રયત્ન કર્યા કરતી હતી. ન તો તે હસી શકતી હતી કે ન તો તેનું રડવું બહાર આવતું હતું.

બીજો વિચાર તેને રવીન્દ્રનો પણ આવતો હતો. લગ્ન માટે એણે પોતાને કદી દબાણ કર્યું હોવાનું તેને યાદ ન હતું. જો લગ્ન પછી પણ પોતે આવી જ ખોવાયેલી અને ઉદાસ રહ્યા કરે તો રવીન્દ્રનું શું ? એનાં અરમાનોનું શું ? એના લગ્નજીવનનું શું ?

પોતે તો ના છુટકે રવીન્દ્ર સાથે પરણતી હતી પણ એ તો એકબીજાને સહારે જીવનપથ પસાર કરવાનાં તથા એકબીજાના સુખે સુખી અને દુખે દુખી થઈ ભવસાગર તરી જવાનાં અરમાનો લઈને તેની સાથે લગ્ન કરતો હતો. એનો બાપડાનો શો દોષ ? તે વિચારી રહી ને એ વિચારોની પરંપરા સામે જાણે પડકાર ફેંકતી હોય તેમ એ મનોમન બબડી પણ ખરી : 'હું એને દુખી નહીં થવા દઉં. હું એને કોઈ પણ ભોગે સુખી કરીશ ને હુંય સુખી થવા મનથી પ્રયત્ન કરીશ.'

'લે, ચાલ. શાના વિચારે ચઢી ગઈ છું પાછી !' ટિકીટ લઈને આવી પહોંચેલી ઉષાએ તેની વાસ્તવિકતાને ઢંઢોળી.

'હા, ચાલ.' તેણે કહ્યું પણ તેના અવાજમાં દુઃખની જે છાંટ આવી ગઈ એ ઉષાથી છાની ન રહી શકી.

'તું દીવાસ્વપ્ન જોતી થઈ ગઈ છું એની મને ખબર નહીં.' એણે એને ટકોર કરી.

'તું ખોટી કલ્પનાઓ કરતાં શીખી ગઈ છું એની મનેય ખબર ન હતી.' સ્પંદનાએ એને એવો જ જવાબ વાળ્યો.

ટ્રેન આવી અને બેય તેમાં બેઠાં ત્યાં સુધી બેમાંથી કોઈ બોલ્યું નહીં. સ્પંદનાના મનની ડામાડોળ સ્થિતિથી અજાણ હોવાનો ડોળ કરીને ઉષા તેને ચિઢવવા પ્રયત્ન કરતી હતી પણ તેના મનની સ્થિતિની ઉષાને ખબર ન હતી એવું ન હતું. તેના પડી ગયેલા મોં પરથી અને વાતવાતમાં તેને બેધ્યાન થઈ જતી જોઈને એ ઘણું સમજી ગઈ હતી. એટલે તો એણે ધનુમાસીને મળીને સ્પંદનાને સૂરત લઈ જવાનું કાવતરું યોજ્યું હતું ને.

વીરુ સૂરતમાં હતી તેની ના નહીં પણ સ્પંદનાને સૂરત લઈ જવા પાછળ ફક્ત વીરુને મળવાનું જ માત્ર કારણ ન હતું. ત્રણેક દિવસથી રવીન્દ્ર સૂરત આવ્યો હતો અને બીજા બે દિવસ હજુ સૂરતમાં જ રોકાવાનો હતો. ધનુમાસી પાસેથી ઉષાને એ માહિતી મળી હતી. એટલે એણે તાત્કાલિક સૂરત જવાનો પ્લાન વિચારી કાઢ્યો હતો. એને ખાતરી હતી કે સ્પંદના ને રવીન્દ્ર એક બે વખત એકલાં મળશે તો સ્પંદનાના મનમાં જે ગમ છે એ નિર્મૂળ થઈ જશે.

પણ સ્પંદનાના મનની સ્થિતિથી જો એ સારી રીતે વાકેફ હોત અથવા એના અને નિશીથના પ્રણયની એને સાચી જાણકારી હોત તો તે સમજી જ ગઈ હોત કે સ્પંદનાની ઉદાસી દૂર કરવા એવી કોઈ દવા કામ લાગે એવી ન હતી. હા, સમય કદાચ એના એ ગમને દૂર કરી શકે ખરો. અલબત્ત એના અને નિશીથના સંબંધની તો પૂર્ણાહુતિ થઈ જ ગઈ હતી એની તો એને ખાતરી હતી જ.

એ સૂરત પહોંચ્યાં ત્યારે હજુ સવારના નવ જ વાગ્યા હતા. વીરુ શાક લેવા બહાર જવા નીકળતી જ હતી. એણે એ બેયને જોયાં ને આનંદથી બોલી ઊઠી : 'અરે, શું કહેવાય! આજે સૂરતનાં નસીબ ફરી ગયાં કે શું !'

'સૂરતનાં નસીબ ફર્યાં કે નહીં એની તો ખબર નથી પણ તારો પ્રોગ્રામ તો ફરી જ જવાનો છે. ક્યાં જવા તૈયાર થઈ હતી ?' ઉષાએ પૂછ્યું.

'નીકળતી હતી તો શાક લેવા માટે પણ બારણામાં જ બે લાલ ટામેટાં જેવી બેનપણીઓ મળી ગઈ પછી –'

'પછી શું ?'

'પછી શું હોય બીજું ? શાક લેવા તો જવું જ પડશે પણ પહેલાં તમને ચા પિવડાવીને જાઉં. હવે તો શાકની સાથે સૂરતનું ફરસાણ પણ લેતાં આવવું પડશે ને.' કહેતાં વીરુ રસોડામાં પેઠી. બેય બેનપણીઓય એની પાછળ ગઈ ને પાટલા ખેંચીને ગોઠવાઈ ગઈ. ચ્હાની તપેલી ગેસ પર મૂકી વીરુએ કહ્યું : 'સાસુસસરા દેશમાં મજા કરે છે ને અમે અહીં. સૂરતમાં આવ્યા પછી થોડી લે'રમાં પડી ગઈ છું. બાર વાગ્યા પહેલાં કદી ખાવાનું તૈયાર જ નથી થતું.'

'એ તો ખાનાર પર આધાર.'

'એટલે જ ને. એમને તો વળી કોઈ દિવસ દોઢ વાગે તો કોઈ દિવસ બેય વાગી જાય. તપેલાં પકડીને બેસી રહેવાનું. હું તો મારે બારને ટકોરે ખાઈ લઉં. પણ તમે બેય જણીઓએ આજે કેમની અચાનક મહેર કરી?'

'તારી ખબર જોવા સ્તો. એકબે જણાંએ કહ્યું કે સૂરત ગયા પછી વીરુ એવી જાડી થઈ ગે છે, એવી જાડી થઈ ગઈ છે _ તે અમે જોવા આવ્યાં કે કયાંક એકની બે તો નથી થઈ જવાની ને!' ઉષાએ એના સ્વભાવ મુજબ વ્યંગ કર્યો.

'એવું થઈ જાય તોય નવાઈ થોડી છે ! કોઈને વરસ વહેલું તો કોઈને વરસ મોડું. પણ સ્પંદના, તું કેમ ચૂપ છે, ગાડીમાં કોઈ ભટકાઈ ગયું હતું કે શું ?'

'કોઈ ભટકાયું નથી. હવે ભટકાઈ જાય તો નવાઈ નહીં. વાત જાણે એમ છે કે _ ' કહેતાં ઉષાએ એને એક બાજુ પર લઈ જઈ કાનમાં ફૂંક મારી : 'રવીન્દ્ર સૂરત આવ્યા છે ને બેયને ભેગાં કરવા વિચાર છે. શાક લેવા જાય ત્યારે એમને ટહુકો કરતી આવજે. જોજે એમને સાચું કહેતી નહીં. નહીં તો બધી મજા મારી જશે.' પછી વીરુને કશું સમજાવવું પડે એમ ન હતું.

ચ્હા પિવાઈ રહી એટલે શાક લેવા જતાં બહાર નીકળતાં વીરુએ કહ્યું : 'મારે આવતાં સ્હેજ મોડું થાય તો કંસાર કરી રાખજો; બાકીનું હું આવીને કરીશ.'

'કેમ કંસાર ?'

'વિવાહ થયા પછી તું મારે ત્યાં પહેલી વખત આવી છે તે કંસાર નહીં તો તને ખિચડી ખવડાવું એમ !' કહી વીરુ હસતાં બહાર નીકળી ગઈ.

ખાસ્સા દોઢ કલાક પછી તે પાછી ફરી ત્યારે કંસાર તો કંસાર પણ સાથે દાળભાત પણ તૈયાર થઈ ગયાં હતાં. 'તે તું બજારમાં શાક લેવા ગઈ હતી કે પછી વાડીએ ?' તેને જોતાં જ સ્પંદનાએ પોંકવા માંડી.

'શું થાય ! ગરજ સમજીને લોકોય શું મોંઘા થાય છે ! આ તો તમારે લીધે નહીં તો હું કંઈ નવરી છું એવા કાલાવાલા કરવા.'

'હોય એ તો વખત આવ્યે બધાય મોંઘા થાય.' ને ઉષા વીરુને ખાનગીમાં કાંઈ પૂછે તે પહેલાં જ બારણા પર કોઈના ટકોરા પડ્યા.

વીરુએ બારણું ખોલ્યું. રવીન્દ્ર અંદર આવ્યો : 'કયાં છે રણજીત?' એણે આવતાં જ પૂછયું.

'અંદર સૂતા છે.' કહેતાં વીરુએ અંદરની તરફ ઈશારો કર્યો.

ત્યાં રવીન્દ્રએ ઉષાને જોઈ. ઉષાનું અને રવીન્દ્રનું મોસાળ એક જ ગામમાં એટલે એ ઉષાને તો ઓળખતો જ હતો. એને જોઈ રવીન્દ્રએ આશ્ચર્ય વ્યકત કર્યું : 'તમે કયારનાં આવ્યાં છો ?'

'આજે જ આવી.' ઉષાએ ટૂંકમાં જ પતાવ્યું.

રવીન્દ્ર અંદરના રૂમમાં પેઠો અને નીચું જોઈ કચરો કાઢી રહેલી સ્પંદનાને અછડતી નજરે જોઈ એણે પૂછયું : 'કયાં છે રણજીત ?' ને જવાબ વાળવા ઊંચું જોતી નજરોએ એને જોયો ને જવાબ વાળ્યા સિવાય જ ઢળી ગઈ. રવીન્દ્રએ પણ ત્યારે જ સ્પંદનાને ઓળખી ને તેય સ્હેજ છપાઈ ગયોઃ 'મને વીરુબેને એમ કહીને બોલાવ્યો હતો કે રણજીત બિમાર છે. પણ વાંધો નહીં એ બહાને તમને મળાયું તો ખરું. આપણે એક બીજાને જાણીએ છીએ જરૂર પણ પ્રત્યક્ષ મળવાની ઘણી ઈચ્છા હતી. તે દિવસે વિવાહની વિધિ વખતે એ ભીડમાં આપણે એક બીજાને મળ્યાં એને બદલે એમ કહેવું જોઈએ કે આપણે એક બીજાને દીઠાં. કેમ છો તમે ?'

'એમને ઠીક નથી એટલે તો હું તમને સ્પેશ્યલ વિઝિટે બોલાવી લાવી છું. પણ ફીની આશા રાખતા હો તો ભૂલી જજો. અમે ઓળખીતા ડૉકટરને ફી આપતાં નથી.' ઉષાની સાથે અંદર આવતાં વીરુ બોલી.

'ને હું તમારા જેવાં ઓળખીતાંની મફત દવા કરતો પણ નથી. એટલે તો દવાની એટેચી લીધા સિવાય જ આવ્યો છું.' રવીન્દ્રએ પણ એને યોગ્ય જવાબ વાળ્યો.

'જોયુ ને કેવું અદ્‌ભૂત મિલન છે ! સ્પંદના ડૉકટરને એટેચી લીધા વગર આવ્યા બદલ ઝડુ બતાવે છે. એ બેની વચ્ચે જામી જાય અને આપણે એમાં સાક્ષી બનવું પડે એના કરતાં ચાલો અમે બે બહાર જઈએ.' કહેતાં ઉષા વીરુને ખેંચતી બહાર નીકળી ગઈ.

સ્પંદના જેટલી ઝડપથી ગભરાઈ ગઈ હતી એટલી જ ઝડપથી સ્વસ્થ થઈ ગઈ. એણે ઝાડુ એક તરફ મૂકી દીધું ને રવીન્દ્ર તરફ એક ખુરસી સરકાવી. રવીન્દ્ર ખુરસી પર બેઠો એટલે એય સામે બીજી ખુરસીમાં ગોઠવાઈ : 'એવી અટકચાળી છે બેય !' એણે કહ્યું.

'મને એ રણજીતની તબિયતનું બહાનું કાઢીને બોલાવી લાવી.'

'મનેય વીરુને મળવાને બહાને જ સૂરત લઈ આવી છે. તમે અહીં કયારના આવ્યા છો ?'

'હું અઠવાડિયાની રજા લઈને આવ્યો છું. ઘર સાફ કરાવ્યું. આવ્યો તે સારું થયું, તમને મળવાની તક તો મળી.'

'મનેય.' સ્પંદનાએ કહ્યું. હવે શું થશે એ ભયે એનું કાળજું ફફડતું હતું. બહાર બારણા પાસે ઊભી રહીને પેલી બેય જણીઓ એમની વાતો સાંભળતી જ હશે એની સ્પંદનાને ખાતરી જ હતી. એક તરફ આ ક્ષોભ હતો તો બીજી તરફ પેલું અસ્થિર મન ચટકા ભરી રહ્યું હતું.

'ઉષા શા માટે આવાં અટકચાળાં કરતી હશે !' એણે મનમાં જ ઉષાને ચોપડાવી. પણ એના મનનો પેલો ખૂણો એની સામે બળવો પોકારી ઊઠ્યો : 'એમાં વળી અટકચાળાં શાનાં ! સવારે તો તું કહેતી હતી કે નિશીથને ભૂલી જઈશ અને રવીન્દ્રમાં મન પરોવીશ. તો રવીન્દ્ર સામે જ બેઠો છે પરોવી દે ને મન. આમ તાકી શું રહી છે જમીન તરફ ?'

ને એ મનને જવાબ આપતી હોય એમ એ મનમાં જ બબડી રહીઃ 'હું એમ જ કરીશ. હું એનામાં મન પરોવીશ. હું એની સાથે પરણીશ અને જીવીય બતાવીશ.'

'વીરુ.' તેણે હાંક મારી અને હસતી બેય બેનપણીઓ અંદર આવી. હવે સ્પંદનામાં જીવ આવ્યો : 'એવી લુચ્ચી છે તું !' એણે મુકકી ઉગામતાં કહ્યું.

'ને હું નહીં ? આટલા માટે તો હું તને અહીં લઈ આવી છું.' ઉષાએ કહ્યું.

'અમે બે અહીં બેસીએ તો તમને વાંધો તો નથી ને !' વીરુએ આંખ મીંચકારતાં સ્પંદના તરફ જોયું.

'અરે, ના રે, કબાબમાં હડ્ડી હોય એમાં વળી વાંધો શાનો ?' સ્પંદનાને બદલે રવીન્દ્રએ જવાબ આપ્યો.

'જોયું ને માણસો કેવાં સ્વાર્થી થઈ જાય છે ! ગરજ મટી કે વૈદ વેરી.' ઉષાએ કહ્યું પણ રવીન્દ્રએ વૈદ શબ્દ પકડી લીધો.

'વૈદ તો હું છું જ. તમે મને વેરી ગણો છો એ આજે જ જાણ્યું.'

'એ બેય બહુ ભણેલાં આપણને નહીં પહોંચવા દે. ને તમે બેઉ ઘુટુર્ઘુ કરવા માંડો ને હું અને ઉષા રસોડામાં પેસીએ. તમને મોટે ઉપાડે બોલાવી લાવી છું તે કંસાર જમાડ્યા વગર ઓછા જવા દેવાશે ! ને થોડી વારમાં તમારા દોસ્ત પણ આવી પહોંચશે.' કહેતાં વીરુ રસોડામાં પેઠી અને ઉષાય તેને અનુસરી. જતાં ઉષા વચલું બારણું આડું કરતી ગઈ એ જોઈ રવીન્દ્ર હસી પડ્યો.

'કેમ ચૂપ થઈ ગયાં ? પેલાંએ આપણને વાતો કરવાનો મોકો આપવા માટે તો આ બધી દોડધામ કરી છે.'

'પહેલી વાત તો એ કે તમે મને હવે 'તમે, તમે' નહીં કરો તો સારું લાગશે અને મને પણ ગમશે.'

'મારી બાબતમાં હું સ્હેજ સુધારો સૂચવું છું. તું મને અહીં સૂરતમાં કે આપણાં ગામડાંમાં હોઈએ ત્યાં સુધી 'તમે' કહીશ તો સારું લાગશે પણ મુંબઈ પહોંચ્યા પછી તારેય 'તું તાં' શરૂ કરી દેવાની, બરાબર?'

'એ તો હજુ કોઠે પડતાં વાર લાગશે, પણ મુંબઈ જઈને એ અંગે વિચારીશું. તમે તમારી વાત કરો તો મને સમજણ પડે કે તમારો ગમો-અણગમો શો છે તો મને એમ કરતાં સમજણ પડે.'

'તારો જે ગમો એ મારોય ગમો છે અને તારો અણગમો એ મારોય અણગમો છે એમ જ માનજે. કયાંક ફેરફાર કરવા જેવો લાગશે તો હું તને જણાવીશ. શકય હોય તો તું સુધારો કરજે નહીં તો હું તને અનુકૂળ થવા પ્ર યત્ન કરીશ.'

'મારી પહેલી ટેવ એ છે કે હું બહુ ઓછું બોલું છું.'

'એ તો બહુ ખરાબ કહેવાય. એક લેખકે તો કહ્યું છે કે સ્ત્રીઓને ચૂપ રહેવાનું આવડતું નથી એટલે જ એ કાયમ બોલ્યા જ કરે છે.' રવીન્દ્રએ ટોળ કરી.

'મને લાગે છે કે એ લેખક પુરુષ જ હશે અને એને સ્ત્રીઓ પ્રત્યે પૂર્વગ્રહ હશે. ખાતરી રાખજો કે એ મારી બાબતમાં ખોટો જ સાબિત થશે.'

'છતાંય તારે આજે તો તારી એ ટેવને બાજુ પર મૂકીને બોલવું જ પડશે નહીં તો પેલી બેય જણીની આ દોડધામ પાણીમાં જશે.'

'પણ તમે બોલશો તો એમની અર્ધી મહેનત તો લેખે લાગશે ને !' જાણ્યે અજાણ્યેય સ્પંદના વાચાળ થતી જતી હતી. રવીન્દ્રનો નિખાલસ સ્વભાવ એને એમ કરવા પ્રેરી રહ્યો હતો.

'તો ચાલો હું જ બરફની પાળ તોડું. હું તો આપણાં લગ્નની કાગને ડોળે રાહ જોઉં છું.'

'કેમ એટલી બધી ઉતાવળ આવી ગઈ છે ?' સ્પંદનાએ મનમાં જ એનો જવાબ વિચારી લેતાં પછ્યું - એનાથી પુછાઈ ગયું.

'આપણા વિવાહની વાત શરૂ થઈ ત્યારથી હું રોજ તારાં જ સ્વપ્નાં જોઉં છું અને એમને સાકાર કરવાની હવે તો તલપ લાગી છે. તને એવું નથી થતું ?'

'એવા ખરાબ છો તમે !' સ્પંદનાએ શરમાતાં કહ્યું.

'ચાલ, તને ગમે એવો સારો થઈ જાઉં. તારે આગળ ભણવાની ઈચ્છા ખરી ?'

'અત્યારથી શું કહી શકાય ?'

'કેમ ?'

'એ તો જેવી અનુકૂળતા હોય એમ ગોઠવાય. બાકી હું ભણીને થાકી ગઈ નથી. હજુ તો તક મળે તો એમ. એ. કરી નાખવાનું મન ખરું.'

'એમાં વળી અનુકૂળતા શેની !' રવીન્દ્રએ એની સામે તાકતાં પૂછ્યું. ને સ્પંદના તરફથી કશો જવાબ ન મળતાં એણે એ જ પ્રશ્ન પાછો દોહરાવ્યો.

શરમાઈને સ્પંદનાએ કશો જવાબ ન આપ્યો પણ ત્યાં તો બારણેથી અંદર આવી ગયેલી ઉષા બોલી ઊઠી : 'ભલા માણસ આટલું ભણ્યા છ્તાં તમે સમજતા કેમ નથી ! અનુકૂળતા એટલે છડેછડાં, છોકરાં વગરનાં હોવું તે. જો છોકરાં થઈ જાય તો પછી ભણવાનું બાજુ પર મૂકી ઉંવાં ઉંવાંમાં પડી જવાનું.'

ને ઉષા તેમની વાત સાંભળી ગઈ એ જાણી બેય શરમાઈ રહ્યાં. એ જોઈ ઉષા કહે : 'સોરી, પણ મારે ચારણી જોઈતી હતી એટલે આવવું પડ્યું.'

'પણ ઉષાબેન, ડૉક્ટરોને ત્યાં છોકરાં વગર માગ્યે આવતાં નથી.' રવીન્દ્રએ ઉષાની ટકોરનો જવાબ વાળ્યો.

'એની તો શી ખબર પડે પણ મારે જો આશીર્વાદ આપવાના હોય તો હું તો એવા આપું કે સો_'

'તારા એ આશીર્વાદ તને જ ફળે એવા આશીર્વાદ હું તને અત્યારથી જ આપી રાખું છું. ને આમેય હું તારાથી મોટી છું એટલે મને આશીર્વાદ આપવાનો હક છે.' સ્પંદના બોલી ઊઠી. ઉષાને એક વાતે સંતોષ થઈ ગયો કે સ્પંદના મૂડમાં આવી ગઈ હતી. એ બોલ્યા સિવાય રસોડામાં પેસી ગઈ.

⬘

બધાંએ જમી લીધું પછી રવીન્દ્રએ પૂછ્યું : 'આજે બપોરનો તમારો શો પ્રોગ્રામ છે ?'

'અમારો એટલે અમારો બધાંનો કે માત્ર સ્પંદનાનો ?' ઉષાની મજાક ટહુકી ઊઠી.

'બધાંનો.'

'અમારો તો બધો પ્રોગ્રામ ફરી ગયો છે, તમે આવ્યા એટલે. બાકી અમે નક્કી કર્યું હતું કે થોડું ફરીશું, એકાદ પિક્ચર જોઈશું ને રંગ ઉપવનના બાગમાં જઈ બે ઘડી બેસીશું. તમારો શો પ્રોગ્રામ છે ?' ઉષાએ સામું પૂછ્યું.

'હતો તો કશો નહીં પણ તમે બધાં આવતાં હો તો ડુમ્મસ જઈ આવીએ. એક મિત્રની કાર નવરી જ પડી છે.' રવીન્દ્રએ કહ્યું.

'જોયું ને ઉષા, હું તને કહેતી હતી ને કે ડૉક્ટર બહુ ભલા માણસ છે. જો ને આપણે માટે કેવો ફટાફટ કાર્યક્રમ ઘડી કાઢ્યો ! એ આપણી કેવી કાળજી રાખે છે ?'

'મૂરખ સખી, આપણી નહીં એમનાં 'એ'ની કાળજી રાખે છે. આપણને તો ઘા ભેગો ઘસરકો જ સમજતા હશે. પણ વાંધો નહીં આપણે એમને નિરાશ નહીં કરીએ. સ્પંદના અમને સાથે લઈ જવા તૈયાર હશે તો આપણેય એમની સાથે જોડાઈશું.'

'તમે બેય જણીઓને આજે થયું છે શું ? મેં આ કાર્યક્રમ ઘડ્યો નથી કે મારે તમને લઈ જવાનાં હોય. પણ તમે બેયે મારી તૈયારી પૂછી છે તો મારે કહેવું પડશે કે તમારા જેવી ચાવી વગરના રેડિયો જેવી સખીઓ વગર તો ડુમ્મસ સાવ સૂનું લાગે એટલે તમને તો સાથે લેવાં જ પડે. એમ માનીશું કે માથે પડ્યાં હતાં.' સ્પંદનાએ બેયને ઉડાવી.

કલાકેક પછી આવવાનું કહીને રવીન્દ્ર ગયો એટલે વીરુએ કહ્યું : 'એ બે જણ જતાં હોય ત્યારે વચમાં મોભના ડોયા જેવાં થઈને જવામાં મારું તો મન માનતું નથી.'

'મારેય જવાનું માંડી જ વાળવું જોઈએ એમ મને લાગે છે.' ઉષા પણ ચાલતી ગાડીએ ચઢી બેઠી.

'તમારે મને મારી નાખવી છે કે શું ? એમની સાથે એકલાં જતાં મારો તો જીવ ફડફડ થાય છે. જો તમે બેય સાથે ન આવતાં હો તો આખો પ્રોગ્રામ કેન્સલ જ ગણજો.'

'તું તો કાલે સવારે પરણીને જઈશ તોય કહીશ કે મારી સાથે ચાલ, એક બાજુ હું સૂઈ જઈશને બીજી બાજુ તું સૂઈ રહેજે.' આંખો નચાવતાં ઉષાએ કહ્યું.

'મારે તો પરણ્યો પાછળ બુધુ લઈને આવે એવો છે એટલે એમાં તો તને ઉષા જ સાથ આપી શકે એમ છે; લઈ જજે એને.' કહી વીરુએ ઉષાનેય ભેગી લીધી. ને સ્પંદના મોં ચઢાવી બીજા રૂમમાં ચાલી ગઈ.

એ બધાંની સાથે વાતો કરતી હતી જરૂર પણ મન તો એનું ક્યારનુંય બીજા જ વિચારોમાં ગોથાં ખાઈ રહ્યું હતું. એણે પેલા નિર્ણયને વળગી રહેવાનો પ્રયત્ન કર્યો હતો અને એમ કરતાં એને રવીન્દ્રમાં રસ પણ પડવા માંડ્યો હતો. પણ આ બે જણીઓ જે ખુલ્લંખુલ્લા ટકોરો કરતી હતી એ પચાવવી એને હજુ અઘરી લાગતી હતી. હા, એને લાગ્યું હતું કે રવીન્દ્રનું વ્યકિતત્ત્વ એને પોતાના નિર્ણયને વળગી રહેવામાં મદદરૂપ જરૂર થશે.

અનુક્રમ

## ૫. તમે બહુ ખરાબ છો

બપોરના લગભગ બે વાગ્યે બધાં કારમાં ડુમ્મસ જવા નીકળ્યાં ત્યાં સુધીમાં સ્પંદનાની ઉદાસી સંપર્ણપણે જતી રહી હતી એમ ઉષા માનતી હતી. ને વીરુને તો સ્પંદનાના પ્રેમપ્રકરણની ખબર જ ન હતી. રવીન્દ્ર કાર ચલાવતો હતો એ જોઈ ઉષાની બોબડી ચાલુ થઈ ગઈ : 'તમને કાર ચલાવતાં આવડે છે એ જાણીને બહુ આનંદ થયો. હૉસ્પિટલમાં ડૉક્ટર અને ઘેર ડ્રાયવર. સ્પંદનાને તો દાઢી કી દાઢી ઔર ઝાડુ કા ઝાડુ.'

'તે તમેય કોઈક દાઢીવાળા સાથે પરણી જજો, પછી તમારેય દાઢી કી દાઢી ને ઝાડુ કા ઝાડુ.' રવીન્દ્રને ઉષાના સ્વભાવનો પરિચય સવારની વેળામાં થઈ જ ગયેલો હતો એટલે એને ઉષાને ઉડાવવામાં સંકોચ નહોતો થતો.

આખે રસ્તે સ્પંદના ને રવીન્દ્રને કેન્દ્રમાં રાખીને જ વાતો થયા કરી. રવીન્દ્ર એમાં તક મળ્યે મજાક કરી લેતો હતો પણ સ્પંદના લગભગ ચૂપ જ રહી હતી. એક વખત કંટાળીને સ્પંદનાએ કહી નાખ્યું : 'આજે તમને બેયને અમારા બે સિવાય વાતનો કોઈ ટોપિક જ નથી જડતો કે શું !'

'ટોપિક તો ઘણાય જડે છે પણ સમયને અનુરૂપ નથી હોતા. જાનમાં જતાં હોઈએ તો વરઘોડિયાંની જ

વાતો યોગ્ય ગણાય. હજુ છૈયાં છોકરાંની વાતો કરીએ તો વહેલી કહેવાય. તું કહેતી હોય તો છૈયાં છોકરાંની વાતો શરૂ કરીએ પણ આપણા ચારેયમાંથી કોઈને એવી વાતોનો અનુભવ નથી એટલે એ જામશે નહીં.'

'તે લગ્નનોય તને કયાં અનુભવ છે તે કયારની રેકોર્ડ વગાડ્યા કરે છે !'

'વીરુને આખા લગ્નનો અનુભવ છે તો આપણને ત્રણેયને વિવાહનો એટલે કે અર્ધલગ્નનો અનુભવ તો છે જ ને ! એટલે હું અર્ધી વાત કરીશ અને વીરુ તું એને પૂરી કરજે ; આપણી વિદુષી બેનપણીને સંતોષ થાય કે બધું નિયમ પ્રમાણે થાય છે.' ઉષાએ સ્પંદનાના ગુસ્સાની ઠેકડી ઉડાડી પણ તોય વતોનો પેલો દોર પાછો ન સંધાયો. અને ત્યાં તો ડુમ્મસ આવી ગયું હતું એટલે ગાડી એક છાંયાવાળી જગ્યાએ પાર્ક કરી બધાં રેતીનો સાગર ખૂંદતાં દરિયાનાં પાણી તરફ ચાલવા માંડ્યાં.

ઉષા જાણે પગની ચપ્પલમાંથી રેતી ખંખેરતી હોય તેમ અટકી. શું થયું એ જોવા વીરુ એની પાસે ગઈ તો ઉષાએ એને હાથ પકડીને રોકી રાખી. રવીન્દ્રએ અચાનક જ પાછળ નજર કરી ને એની નજરે ઉષાનું આ તરકટ પડી ગયું. એ જાણે સાનમાં જ બધું સમજી ગયો. એણે સ્પંદનાનો હાથ પકડીને સમુદ્ર તરફ દોડવા માંડ્યું. સ્પંદના અચકાતી ગભરાતી તેની સાથે દોડવા લાગી.

'લુચ્ચાં તકની જ રાહ જોતાં હતાં.' પાછળથી ઉષાનો ઉપાલંભ સંભળાયો. પણ રવીન્દ્ર એમ શરમાય તેવો ન હતો. સ્પંદનાને શું કરવું એ સમજાતું ન હતું પણ પેલા હાથની પકડ એને ખેંચી રહી હતી. એમને જવા દઈ ઉષા અને વીરુ રેતીમાં ચોખ્ખી જગ્યા જોઈ બેસી ગયાં.

રવીન્દ્રની પાછળ ખેંચાતી જતી સ્પંદનાએ થોડી સ્વસ્થતા મળતાં પોતાનો હાથ છોડાવ્યો અને બોલી : 'તમે બહુ ખરાબ છો.'

'તને જે અનુભવ થયો એના કરતાંય હું વધુ ખરાબ છું.' કહેતાં રવીન્દ્રએ સ્પંદનાની કમરમાં હાથ ભરાવી એને પોતાની નજીક ખેંચી. સ્પંદના શરમની મારી ફફડી ઊઠી.

'પેલી બેય દૂરથી આપણને તાકી રહી હશે.' એનાથી એટલું જ બોલાયું.

'એમનાથી ડરવાની જરૂર નથી. એમને ખબર છે કે હું ડૉક્ટર છું અને મને પ્રેકટીસ કરવાનો હક છે.'

'એમાં પ્રેકટીસ કયાં આવી ?'

'કેમ, કાલે અત્યારે આપણે પરણી જઈશું પછી હનીમૂન પર પણ જઈશું. આવી પ્રેકટીસ કરી રાખી હોય તો એ વખતે તને ને મને બેયને અજાણ્યું તો ન લાગે. જો કે મને રજાઓ એટલી મળવાની નથી એટલે હનીમૂન કોઈ યોગ્ય સમય માટે મુલત્વી રાખવું પડશે. કયારેક સમય મેળવીને આપણે સીમલા કે દાર્જીલિંગ જઈશું અને બાકી રાખેલું હનીમૂન મનાવીશું.'

'તમે આવી વાતો કરો છો ને મને શરમ આવે છે.'

'શરમ તો મનેય આવે છે પણ જો આપણે લગ્નજીવન શરૂ કરવું હશે તો કોઈકે તો પહેલ કરવી જ પડશે ને !'

'પણ એ બધી વાતો તો પરણ્યા પછીની છે.'

'ઉષા કહેતી હતી એમ આપણે અદરાયેલાં છીએ એટલે અર્ધાં પરણેલાં તો કહેવાઈએ જ ને ! ચાલ આપણે અર્ધું હનીમૂન તો પતાવી લઈએ.' કહેતાં રવીન્દ્રએ સ્પંદનાને નજીક ખેંચી એના ગાલ પર એક ચૂંબન દઈ દીધું. સ્પંદના ગભરાઈને એની પકડ છોડાવી દૂર ભાગી. એના મનમાં જાણે પોતાનાથી કેવુંય પાપ કરાઈ ગયું

હોય એવો ભાવ પેદા થયો. 'લે, હવે તને નહીં સતાવું, બસ. આવ, દરિયાનાં પાણીમાં છબછબિયાં તો કરીએ.'

શરમાતી ગભરાતી સ્પંદના ધીમે ધીમે કરીને એની નજીક આવી. રવીન્દ્રએ એનો હાથ પકડી એને આવતાં મોજાં સામે ખેંચી. આ વખતે સ્પંદનાએ હાથ છોડાવી લેવાનો કશો પ્રયત્ન ન કર્યો. પાછી રવીન્દ્રની જીભ ખૂલી : 'તું એટલી બધી શરમાય છે કે મને લાગે છે કે ક્યારેક મારે તારા પર બળજબરી કરવી પડશે.'

'કેવી બળજબરી !' એની વાતમાં સમજણ ન પડતાં સ્પંદનાથી બોલાઈ ગયું.

'અહીં તો કેવી રીતે બતાવું પણ ક્યાંક એકાંત જગ્યાએ મળી હોત તો એય કરી બતાવત.'

'એવા નફફટ છો તમે !'

'પેલા એક કવિએ કહ્યું જ છે ને કે પ્રિયતમ તો નફફટ જ ગમે માનુનીને. તું તો લીટરેચરમાં ભણીય હોઈશ એવું બધું. એ ભણતરને આચરણમાં મૂકવાનો આવો અવસર ફરી ક્યાંથી મળવાનો ?' રવીન્દ્ર હવે અટકે તેમ ન હતો. બેય જણ કપડાં સંકોરી પાણીમાં પગ પખાર્યા પછી પોતાનાં પગરખાં હાથમાં લઈ થોડાં બીજી તરફ જઈ કોરી રેતીમાં ગોઠવાયાં. 'તારી બેય બેનપણીઓ સમજુ લાગે છે.' પાછો રવીન્દ્ર ચાલુ થયો.

'સમજુ એટલે મસ્તીખોર કે ?' સ્પંદનાય જાણ્યે અજાણ્યેય એની વાતોમાં ખેંચાતી જતી હતી.

'જો ગુજરાતી ડિક્ષનેરી મેં બાપ જન્મારેય ઉઘાડી નથી એ બધું તો તું કહે એમ મારે માનવાનું.' રવીન્દ્રએ પોતાનું અજ્ઞાન છતું કર્યું. પછી વાતમાં ક્ષણેકનો આંતરો પડ્યો.

ને આંતરો પડે એટલે વિષય પણ બદલાય જ ને ! 'તમે સ્વતંત્ર પ્રેકટીસ કેમ નથી કરતા ?' સ્પંદનાને પેલી પ્રેમની વાતોને બદલે આવી વહેવારુ વાતો અત્યારે વધુ માફક આવે તેમ હતી.

'પ્રેકટીસ કરવાનો હમણાં જ પ્રયત્ન કર્યો ત્યાં તો તું દૂર ભાગી ગઈ.'

'જુઓ પાછા તમે મજનુવેડા કરવા માંડ્યા.'

'સોરી, હવે મારા મજનુવેડા બંધ. જો સ્વતંત્ર પ્રેકટીસ કરવા માટે દૂર પરામાં જઉં તોય સારા એવા પૈસા જોઈએ. થોડા ભેગાય કર્યા હતા પણ એ તો આ લગ્નમાં વપરાઈ જશે. પછી પાછું એકડે એકથી શરૂ કરવાનું છે. વળી બૈરી પણ એવી શોધી છે કે એય કશો દાયજો લઈને આવવાની નથી.'

'એટલા તમે કાચા. એવી બૈરી શોધી હોત તો પાછું એકડે એકથી શરૂ કરવાની નોબત ન આવત.'

'દોલત સાથે પરણવાનો વિચાર હોત તો કદાચ એવી બૈરી મળી પણ જાત. પણ મને કોઈકે તારી વાત કરી એટલે પછી એવી ગાંડી વાતનો વિચાર પણ કેવી રીતે કરાય ! દોલતવાળી કે દોલત વગરનીય તારા જેવી બીજી છોકરી નાતમાં છે ખરી ? વરસ બે વરસ મોડી પ્રેકટીસ શરૂ કરાશે એટલું જ ને. પણ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોઢું ધોવા જાઉં એવો હું ગાંડો ગોકળિયો નથી.'

'મારામાં શા હીરા ટાંગ્યા છે ?'

'કસ્તુરી મૃગને ક્યાં ખબર હોય છે કે એનામાં શા હીરા ટાંકયા છે?' રવીન્દ્રએ પોતાના મનની વાત કરી દીધી.

'તમે તો કવિતા કરવા માંડ્યા. આવી કવિતા કોઈ બીજીને તો નથી સંભળાવતા ને ?'

'કોઈ બીજી મળી હોય તો એને સંભળાવું ને. તારા પહેલાં કોઈ છોકરી લગ્ન માટે જોઈ ન હતી ને હવે

તો દિલ પર નો વેકેન્સીનું તેં પાટિયું લગાવી દીધું.'

'એવા બટરિયા છો તમે !' સ્પંદના મનમાં આનંદાનુભવ કરતાં બોલી. ગમે તેમ પણ એ રવીન્દ્રની વાતોમાં ખેંચાતી જતી હતી. હજુ કાલે જે મન નિશીથ વગર જીવાશેય નહીં એમ માની હિજરાયા કરતું હતું એ આજે રવીન્દ્ર સાથે પ્રણયના ફાગ ખેલવા માંડ્યું હતું.

'એમાં બટર મારવાની વાત નથી જે સાચું છે એ જ કહું છું. મને થાય છે કે આજે આવો સારો મોકો મળ્યો છે તે એનો લાભ લેવાને બદલે આપણે બટરની વાત કયાં માંડી બેઠાં !'

'કદાચ પહેલા મિલનમાં કેવી વાતો કરવી જોઈએ એથી આપણે અજાણ્યાં છીએ.'

'તારી એ વાત સો ટકા સાચી. મારો જ દાખલો લે ને. મારે શી વાતો કરવી જોઈએ તારી સાથે એ મને સમજાતું નથી પણ મારે શું કરવું જોઈએ એની મને રજેરજની જાણ છે. પણ_'

'પણ ?'

'પણ એકાંત નથી એટલે લાચાર છું.'

'જુઓ તમે પાછા ફાસ્ટ જવા માંડ્યા.'

'તે અહીં વધુ ઝડપે જવાની મનાઈ છે એવું પાટિયું કયાં મારેલું છે?'

'ડૉક્ટરો નફ્ફટ હોય છે એમ સાંભળ્યું હતું.'

'અને જે ડૉક્ટરો નફ્ફટ ન હોય તેમને એવા થવા માટે તારી આ ટકોર કારણભૂત બનશે એમ લાગે છે.'

'નફ્ફટ માણસોને ઠેકાણે લાવતાં મને આવડે છે.'

'સાંભળ્યું છે કે સ્ત્રીઓ પ્રેમથી ઘણાને ઠેકાણે લાવે છે.'

'અને સખ્તાઈથી પણ.' હોઠ પીસવાનો ચાળો કરતાં સ્પંદનાએ કહ્યું.

'તું એમ હોઠ ના પીસ, મારા હોઠ ભીના થઈ જાય છે.'

'કાંઈ વાંધો નહીં આપોઆપ સુકાઈ જશે ;આવો મુલાયમ તડકો પડે છે એટલે.' કહેતાં એ ઊભી થઈ અને બોલી : 'ચાલો થોડે સુધી ફરીએ.' ને તેનો લંબાયેલો હાથ પકડી લઈ રવીન્દ્ર ઊભો થયો ને હાથ પકડેલો જ રાખી એની સાથે ચાલવા માંડ્યો. એણે સ્પંદનાનાં આંગળાં એવાં ચપસીને પકડ્યાં હતાં કે એ જાણે ભાગી જવાની ન હોય !

'તારે મારાં આંગળાં સાથે વેર છે કે શું ?' સ્પંદનાથી બોલાઈ ગયું. તેના મોંએથી રવીન્દ્ર માટે પહેલી જ વખત એકવચન સર્યું હતું એ રવીન્દ્રના ધ્યાન બહાર ન રહ્યું. તે હસી ઊઠ્યો. એને લાગ્યું કે બરફ પીગળવા માંડ્યો હતો.

'વેર તો નથી.' તેણે તૂટી વાતનો તાર સાંધતાં કહ્યું.

'તો પછી આટલાં દબાવીને શું કરવા પકડી રાખ્યાં છે ?'

'શું કરું દબાવીને તો તને કચડી નાખવાનું મન થાય છે પણ આ સાવ ઉઘાડા આકાશ નીચે એવી હિંમત નથી થતી.' કહેતાં એણે પેલાં આંગળાં પરની ભીંસ સ્હેજ જ વધારી ને તેણે ધાર્યું હતું એમ જ સ્પંદના

ચીસ પાડી ઊઠી. તેની આંખમાં આંખ પરોવી સ્હેજ મલકાતાં રવીન્દ્રએ હાથની પકડ ઢીલી કરી. ને એ પકડ ઢીલી થતાં જ સ્પંદનાએ પોતાનો હાથ સરકાવી લીધો.

પછી સ્હેજ દૂર ખસી તે સાથે ચાલવા લાગી. રવીન્દ્ર વળી પાછું પેલું લોભામણું નફટાઈભર્યું હસ્યો. એણે પાછો પોતાનો હાથ સ્પંદના તરફ લંબાવ્યો. સ્પંદનાએ રવીન્દ્રની આંખોમાં તોફાની ચમક જોઈ. તેણે એ હાથમાં પોતાનો હાથ મૂકવાને બદલે ખભા ચઢાવ્યા અને સ્હેજ વધુ દૂર ખસીને ચાલવા માંડ્યું. રવીન્દ્રએ પાછળ દોડી એને પકડી પાડી અને એની કમરમાં હાથ નાખી તેને પોતાસરસી ખેંચી પડખે પડખું દબાવી ચાલવા માંડ્યું.

‘એઈ, કોઈક જોશે તો ?’

‘અહીં કોઈને આપણી સામે જોવાની નવરાશ નથી. પેલા માછીમારો એમના કામમાં મશગૂલ છે. એમાંનો કોઈ કદાચ ભૂલથી આપણા તરફ જોઈ જાય તો પણ તે મને કે તને ઓળખતો નથી.’ કહેતાં રવીન્દ્રએ એને પોતાની સાથે વધુ ભીંસી. સ્પંદનાને માટે પુરુષનો આવો સ્પર્શ પ્રથમ જ હતો અને તેમાંય વળી આવી ખુલ્લી જગ્યા. તેના હૈયાની ધડકન વધી ગઈ. તેણે રવીન્દ્રની કમર પર આંગળીથી સ્હેજ ગલી કરી, રવીન્દ્રના હાથની પકડ સ્હેજ ઢીલી થઈ. સ્પંદના એ ઢીલી પડેલી પકડ છોડાવી દૂર ખસીને ઊભી રહી. રવીન્દ્ર તેને પકડવા આગળ વધ્યો. સ્પંદના એની સામે જોતાં પાછે પગલે હઠવા માંડી. ને અચાનક ચીસ પાડતાં દોડી આવીને રવીન્દ્રની બાંહોમાં સમાઈ ગઈ.

‘શું થયું ?’ એની આચી ચમકથી ચમકી જતાં રવીન્દ્રએ પૂછ્યું.

‘સાપ !’

‘અહીં સાપ ક્યાંથી ! ક્યાં છે ?’ કહેતાં રવીન્દ્ર આગળ થયો. એણે બેએક ફૂટ લાંબા અને કાળા ને પીળા પટ્ટાવાળા એક સાપને રેતીમાં સરકતો જોયો. એ હસી પડ્યો. ‘અરે, એ સાપ જેવું દેખાય છે એટલું જ. એ કરડતોય નથી ને ઝેરી પણ હોતો નથી. એ પાણીના સાપ કહેવાય છે. માછીની જાળમાં એ માછલાં ભેગા પકડાઈ આવે છે ને માછીઓ તેમને પકડીને બહાર રેતીમાં ફેંકે છે.’

‘હું તો એવી ગભરાઈ ગઈ.’

‘ગભરાઈ તો હું પણ ગયેલો જ ને. નહીં તો તું આમ સામે ચાલીને મને વળગી પડે અને હું એનો યોગ્ય રીસ્પોન્સ પણ ન આપું એવું બનતું હશે કદી ?’

‘પણ તારા એ રીસ્પોન્સનાં રીએક્શન તને ભારે પડ્યાં હોત એનું શું ? હું ગુસ્સે થાઉં ત્યારે કોઈનીય નહીં હોં !’

‘મારીય નહીં ?’

‘તારી તો હજુ થઈ છું જ ક્યાં ?’

‘એટલે તો મારી અધિરાઈ વધતી જાય છે ને. મારે તારી ફ્રેન્ડને કહેવું પડશે કે એનો કોઈ રસ્તો કાઢી આપે ; નહીં તો મારે જ તને ક્યાંક ઉપાડી જવી પડશે, એકાંતમાં.’ ને છેલ્લો શબ્દ બોલતાં એણે એવો ચાળો કર્યો કે સ્પંદનાના મોં પર લજ્જાની લાલીમા ફરી વળી. એણે રેતીનો એક લાડવો વાળતાં કહ્યું : ‘જો મને અડ્યો છે તો હું આ તારા માથામાં મારીશ.’ બોલતાં બોલતાં એ પાછળ હઠતી જતી હતી. એમ કરતાં એ પણીની ધાર પર આવી ગઈ. એને રેતીનો લાડવો વાળવો પડતો મૂકી રવીન્દ્ર પર પાણીની છાલકો મારવા માંડી. નજીક આવી ગયેલા રવીન્દ્રએ પાણીની એ છાલકોની પરવા કર્યા વગર તેને એક હાથે પકડી બીજા હાથે તેની સાડીનો પાલવ

ખેંચી પાલવથી મોં લૂછવા માંડ્યું. એમ કરતાં પાલવના આવરણથી મૂકત થયેલા તેના ઉરપ્રદેશ પર એની નજરો મંડાઇ.

'તારા દિલની ધડકનો ઘણી જ વધી ગઈ લાગે છે. હું માપી જોઉં?' કહેતાં એણે સ્પંદનાની છાતી પર કાન માંડવાનો ચાળો કર્યો. ને ગભરાઈને એના હાથમાંથી સાડીનો પાલવ ખેંચતી સ્પંદના દૂર ભાગી.

સાડી વ્યવસ્થિત કરી તેણે કહ્યું : 'જો તું હવે આગળ વધતો નહીં અટકે તો મારે ગુસ્સે થવું પડશે, હું કહી દઉં છું.'

'પણ તું ગુસ્સે થાય એ પહેલાં હું કેટલો આગળ વધી શકું છું એનું માપ તું મને નહીં કાઢી લેવા દે કે ?' કહેતાં રવીન્દ્રએ એક પગલું આગળ ભર્યું કે સ્પંદનાએ અવળાં ફરીને જે દોટ દીધી કે સીધી કાર પાસે જઈને ઊભી રહી.

◆

એ રાતે સ્પંદનાની ઊંઘ હરામ થઈ ગઈ. રવીન્દ્રનો સ્વભાવ જ એવો મિલનસાર અને નિખાલસ હતો કે પોતે અવશ થઈ એના તરફ ખેંચાતી જતી હતી. રવીન્દ્ર સાથે પરણી એને સુખી કરવાનો પેલો નિશ્ચય એના એ આવેગને પ્રોત્સાહન આપી રહ્યો હતો. રવીન્દ્રનું સાનિધ્ય દૂર થતાં નિશીથની યાદ એના દિલોદિમાગ પર પાછી સવાર થઈ ગઈ હતી.

જ્યારે રાતના અંધારામાં તે એકલી પડી ત્યારે એનું મન એના વિચારોમાં પરોવાયા સિવાય ન જ રહી શકયું. ન ઊંઘતાં ન જાગતાં એવી વચગાળાની અવસ્થામાં જાણે એની સામે આવીને નિશીથ ઊભો રહી ગયો હતો. એ કહી રહ્યો હતો : 'તારે મને આમ લાત મારીને દૂર કરવાની જરૂર ન હતી. મને તારી બેવફાઈની – ના બેવફાઈ નહીં કહું – તારા લાચારીભર્યા નકારની હજુ તો કળ વળી નથી ત્યાં હું આવું બધું નહીં ખમી શકું. હા, ધીરે ધીરે હું તારા દિલની હદમાંથી બહાર દૂર ચાલ્યો જઈશ. મેં કયારેય તારા દિલના ભોગવટાનો દાવો કર્યો નથી. હું મારે ચાલ્યો જઈશ. ધરતી વિશાળ છે ને એથીય વિશાળ વિશ્વ કયાં નથી !' એનું કેટલુંક બોલવું સ્પંદનાને ન સમજાયું તો કેટલુંક એ સમજવા જ માગતી ન હતી. ઝબકીને તે બેઠી થઈ ગઈ.

'તું કેવા પાગલ જેવા વિચારો કરે છે ? શા માટે હાથે કરીને દુખી થાય છે ?' તેણે મનને તતડાવ્યું.

અનુક્રમ ?

# ૬. અજાણી દુનિયામાં

સંધ્યા સમેટાઈ ગયેય કલાકેક થઈ ગયો હતો. મહાલક્ષ્મીનો સાગરકિનારો સૂમસામ થઈ ગયો હતો. ચંદ્ર અંધકારની ગોદમાં લપાઈ જતા પહેલાં દૂર ક્ષિતિજમાં સાગરનાં પાણીમાં છબછબિયાં કરતો જણાતો હતો. ને એનાં આછા થતા જતા અજવાસમાં મહાલક્ષ્મીના ખડકો, જાણે ધરતી પર ઢીમણાં બાઝી ગયાં હોય એવા તગતગી રહ્યા હતા.

એવા જ એક ઢીમણા પર એક માણસ બેસી રહ્યો હતો. ન તો એની નજર ઘડી પહેલાં આથમી ગયેલા સૂરજની લાલીમાથી હમણાં જ મુકત થયેલાં સગરનાં મોજાં પર હતી કે ન તો ડૂબતા જતા ચંદ્ર પર. એની નજરથી આખી દુનિયા ઓઝલ થઈ ગઈ હોય એમ એમાં શૂન્યતા ભરાઈ બેઠી હતી.

કપડાં એણે જે પહેર્યાં હતાં એ હતાં તો ચાલુ ફેશનનાં પણ વગર કાળજીએ પહેરાયા - ધોવાયાથી એ સાવ ચિંથરા જેવાં થઈ ગયાં હતાં. પેલા માણસને એની કશી પડી હોય એમ લાગતું ન હતું. એનાં કપડાંની જેમ એના દેહનીય એવી જ સ્થિતિ લાગતી હતી. એની દાઢી વધી ગઈ હતી ને વાળમાં દિવસોથી કાંસકો ફર્યો હોય એમ લાગતું ન હતું. એના ચહેરા પર જે ભાવો રમી રહ્યા હતા તેય આનંદ કે ઉલ્લાસના કયાં હતા!

તે નિશીથ હતો. સ્પંદના મુંબઈ આવી ગઈ અને પોતાની લાચારી દર્શાવી ગઈ ત્યારથી તેના જીવનમાંથી જાણે રસ જ ઊડી ગયો હતો. છેલ્લા એક મહિનામાં અર્ધા જેટલા દિવસ તો એ નોકરી પર પણ ગયો ન હતો. એને નોકરીમાંથી આ અનિયમિતતાને કારણે છૂટો કર્યાની નોટિસ બે દિવસ પહેલાં જ એને રજિસ્ટર પોસ્ટ મારફત મળી હતી. નોકરી ગયાનો રંજ એની આ ગમગીનીમાં કશો ઉમેરો કરી શકે તેમ ન હતો. કયારે સવાર થતી હતી ને કયારે સાંજ પડતી હતી એનીય જાણે એને ખબર પડતી ન હતી.

લાખ મણનો નિસાસો નાખીને તે ઊઠ્યો ને એક હતાશ-નિરાશ માનવીની બધી જ લાક્ષણિકતાની સભર ધીમી લથડતી ચાલે ચાલતો એ કિનારાનાં પગથિયાં ચઢ્યો. એ પગથિયાં ચઢી રહ્યો કે બાજુની પાનની દુકાન પરથી આબિદનો અવાજ આવ્યો : ‘નિશીભૈયા, આપ આજ ઈધર કૈસે ?’

‘કયૂં, મેં હરરોજ તો ઈધર આતા હું.’ તેણે કહ્યું. પણ તેનું આમ કહેવું પણ સાચું ન હતું. છેલ્લા એક મહિનાથી એનું કોઈ કામ વ્યવસ્થિત કે એકધારું રહ્યું ન હતું.

‘કલ સ્પંદા કી શાદી હૈ. આપ કો દાવત નહીં ભેજી કયા ?’ સ્પંદનાનું સ્પંદા કરતાં તેણે આશ્ચર્ય વ્યકત કર્યું.

‘કલ શાદી હૈ ? કિસને કહા તુજે ?’

‘ઉસ કે સાથ કભીકભી જો લડકી આતી થી ઉસને કલ મુઝે બતાયા થા. લગતા હૈ આપ કો દાવતનામા નહીં મિલા હૈ.’ અબ્દુલને જે કહેવું હતું એ કહેતાં એની જીભ ઊપડતી ન હતી. એ તો નિશીથ અને સ્પંદનાની જોડી તો ખુદાને ત્યાંથી જ બનીને આવી હતી એમ માનતો હતો. રોજ જતાં ને આવતાં એ બેય અબ્દુલની દુકાને ઊભાં રહેતાં. બે ઘડી તડાકા મારતાં ને અબ્દુલ એમને પ્રેમથી તાસક ધરતો તો એમાંથી સોપારીની એકએક કટકી લઈ, એનો આભાર વ્યકત કરી બેય જણ રવાના થતાં. જતાં સુધી એ નજરથી ઓઝલ ન થઈ જાય ત્યાં સુધી અબ્દુલ એમની પીઠ તાકતો રહેતો ને આવી જોડી બનાવવા બદલ જાણે ખુદાનો શુક્ર ગુજારતો. એને બદલે_

‘નહીં દોસ્ત, એ મુજ સે રૂઠી હૈ. વો મુજે કૈસે દાવત ભેજેગી ? મેં ચલુ અબ. આજ બડી દેર હો ગઈ.’ કહેતાં એણે ચાલવા કર્યું. અબ્દુલે આદત મુજબ તાસક ધરી અને નિશીથેય એમ જ સોપારીની એક કટકી ઉપાડી ને બોલ્યા સિવાય નજરથી જ કુરનિશ બજાવી એ ચાલવા માંડ્યો.

એની પીઠ પાછળ અબ્દુલનો ગણગણાટ આવી રહ્યો : ‘કૈસી બેનમુન જોડી થી. ન જાને કિસ કી નજર લગ ગઈ ઉસકો !’ ને નિશીથના પગમાંથી રહ્યું સહ્યું જે જોર હતું એય અબ્દુલના આ ગણગણાટે હરી લીધું. રસ્તાની ધારે બનાવેલી પથ્થરની પાળ પર એ જાણે કે ફસડાઈ પડ્યો. એની આંખો સામે લાલ પીળાં નાચવા લાગ્યાં. તેને અચાનક યાદ આવ્યું કે આગલા દિવસની સાંજ પછી તેણે કાંઈ ખાધું ન હતું. એને થયું થોડો આરામ કરવાથી તેનામાં ઘેર જવા જેટલી શકિત આવશે. ઘેર કદાચ ખાવાનું ઢાંકી રાખેલું પડ્યું હશે.

સમય સમયનું કામ કર્યે જતો હતો. નિશીથના દિલમાં વિચારોની હેલી ચઢી આવી : ‘સ્પંદનાના ઘરના આંગણામાં અત્યારે મંડપ બંધાયો હશે, ચોરી ચિતરાઈ હશે, તોરણો બંધાયાં હશે. મહેમાનો હરખમાં આમથી તેમ દોડાદોડી કરી રહ્યાં હશે.

‘કાલે સ્પંદના ચૂંદડી ઓઢી, શણગાર સજી મોંયરામાં બેસશે. પેલો ડૉકટર બની ઠનીને આવશે અને

એને પરણીને લઈ જશે. આનંદના એ માહોલમાં સ્પંદનાને કદી આ બેહાલ નિશીથ યાદ પણ નહીં આવે. કદાચ આવશે તોય એ એની દયા જ ખાતી હશે મનોમન.'

ત્યાં તો એના મનમાંના પેલા અંધારા ખૂણામાંથી પવનના કારમા સૂસવાટા જેવો અવાજ આવ્યો : 'તારે હવે એવું બધું યાદ કરીને શા માટે પાપમાં પડવું જોઈએ ? તેં એને ભૂલી જવાનું વચન આપ્યું છે એ ભૂલી ગયો? તારી હતાશાના છાંટા એના અવસરમાં પાડી શા માટે અવસરની શોભાા બગાડી રહ્યો છે ?' ને જાણે એના વિચારોનાં કમાડ વસાઈ ગયાં. પેલું અવળચંડુ મન પાછું ગાંડાઘેલા વિચારે ચઢી જાય એ પહેલાં એ ઊભો થઈ ગયો. એનાં પગલાં ડગમગતાં હતાં. એને ચકકર આવતાં હતાં. એને જે કાંઈ ઝાંખું ઝાંખું દેખાતું હતું એય જાણે ચકર ચકર ફરતું હોય એમ લાગતું હતું.

તેને લાગ્યું કે પગમાંથી જાણે ચેતન જ હરાઈ ગયું હતું. એણે સહારો શોધવા આમતેમ બાથોડિયાં માર્યાં પણ કશું હાથમાં ન આવ્યું. આંખોની સામે ચકર ચકર ફરતી દુનિયામાં દૂરથી પ્રકાશના બે લિસોટા એના તરફ ધસી આવતા હતા. તેને લાગ્યું કે એ કોઈ કારની લાઈટોના લિસોટા હશે. એને એ તીવ્ર પ્રકાશથી બચવા આંખ આડે હાથનું નેજવું કર્યું ને રસ્તામાંથી એક બાજુ ખસી જવા માટે પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. હતાશ હૈયું અને ભૂખથી ભાંગી પડેલું તન એને સાથ ન દઈ શકયાં. એ ફસડાઈ પડ્યો. એને લાગ્યું કે પેલી ધસી આવતી કાર હમણાં જ એનો કોળિયો કરી જશે.

-?-

તેની આંખ ખૂલી ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. એને લાગ્યું કે એ કોઈ હૉસ્પિટલમાં આવી ગયો હતો. પથારીમાં પડ્યાં પડ્યાં જ તેણે ઉપર રંગે મઢેલી છત નિરખી. દીવાલો પણ ઝાંખા અને આધુનિક રંગે રંગાયેલી હતી. એને થયું કે એ કોઈ હૉસ્પિટલ તો નહીં જ હોય. એણે બેઠા થવાનો પ્રયત્ન કર્યો તો એક નર્સ જેવી છોકરી દોડી આવી : 'તમે સૂઈ જ રહો, બેઠા થવા પ્રયત્ન ન કરતા.' એણે કહ્યું.

'કેમ ?' તેણે ગૂંચવાતાં પૂછયું. પોતે કયાં હતો એ જ એને સમજાતું ન હતું. અહીં એ શા માટે આવ્યો હતો એય એને યાદ આવતું ન હતું. એનું કુતૂહલ વધતું જતું હતું.

'ડૉકટરે તમને બેઠા થવાની ના કહી છે.' એણે કહ્યું.

'ડૉકટરે ?' નિશીથે મનોમન પ્રશ્ન કર્યો. પોતે માંદો પડ્યો હશે કે ઘવાયો હશે એ યાદ કરવા એણે પ્ર યત્ન કર્યો. બહુ મથામણને અંતે એને યાદ આવ્યું કે પોતાની સામે એક કાર ધસી આવતી જોઈ હતી. અને તેનાથી બચવા માટે પોતે- તેને થોડો ખ્યાલ આવવા લાગ્યો.

'મને શું થયું છે ? મને કશી ઈજા થઈ છે ?' તેણે પૂછયું.

'તમને કશું થયું નથી. થોડી અશકિત આવી ગઈ છે. તમે આરામ કરો. બધું ઠીક થઈ જશે.'

તેણે ફરીથી બેઠા થવાનો પ્રયત્ન ન કર્યો. આમેય તેને અશકિત તો લાગતી જ હતી અને તેમાં ભળ્યો આ ડૉકટરનો આદેશ. 'આ ડૉકટરોય કમાલ છે !' તે વિચારી રહ્યો. 'બેઠાય ન થવાય ? સ્પંદનાય કોઈક ડૉકટર સાથે જ પરણવાની હતી ને. અરે, એના લગ્નની આગલી રાતે જ આ બન્યું હતું. મને બધુંય યાદ આવે છે...' તે બબડ્યો.

'સ્પંદના પરણી ગઈ ?' તેણે પૂછયું. પેલી ગૂંચવાઈ ગઈ.

'કોણ સ્પંદના ? તમે શાંતિ રાખો અને આરામથી સૂઈ રહો હું તપાસ કરીને કહું છું.' એને કદાચ એમ લાગ્યું હશે કે હું આ કુટુંબનો જ કોઈ સભ્ય હોઈશ એટલે તો એણે તપાસ કરવાનું કહ્યું ને ! નિશીથ વિચારી

રહ્યો.

એને ભાનમાં આવેલો જાણી બંગલાનાં માલિકણ અમૃતગૌરી દોડી આવ્યાં.

'હું ક્યાં છું અને તમે કોણ છો ?' એમને જોતાં ગૂંચવાઈને નિશીથે પૂછ્યું.

'તને બધું કહીશ, પણ એ પહેલાં તું શાંત રહે અને આરામ કર.' એમણે કહ્યું. નિશીથે વળી પાછી છત તરફ નજરો નોંધી. એ વિચારમાં પડી ગયો. કેટલાય વખતથી સ્પંદના સિવાય કોઈએ એને તુંકારીને બોલાવ્યો ન હતો. આ સ્ત્રી એનાં માની ઉંમરની છે ને વળી પોતાને તુંકારીને બોલાવે છે. એ માની કોઈ સગી કે બેનપણી તો નહીં હોય ને ! એના મનમાં વિચારો વણાઈ રહ્યા. તેની પાંપણો ભારે થતી જતી હતી ને શરીરે થાક પણ વર્તાતો હતો.

'મેં એમને ઘેનનું ઈંજેક્શન આપ્યું છે એની અસર થવા માંડી છે. એ ભલે બેચાર કલાક વધારે ઊંઘે. હવે ચિંતા કરવા જેવું નથી.' તેણે કોઈને બોલતાં સાંભળ્યા. પછી કોઈ કાંઈ બોલ્યું કે નહીં એ એને યાદ ન હતું.

એ ફરીથી જાગ્યો ત્યારે ઓરડામાં પ્રકાશ ઘણો ઓછો હતો. એની પાસે પેલી નર્સ પણ બેઠી ન હતી. અત્યારે નર્સને બદલે એક સુંદર યુવતી સ્હેજ દૂરના ટેબલ સામે બેસીને કાંઈક વાંચી રહી હતી. 'તમે કોણ છો ?' નિશીથે એને પૂછ્યું ને પેલી યુવતી ચમકી.

'મારું નામ વૃંદા છે.' તે બોલી.

'તમે નર્સ છો ?'

'ના, કેમ ?'

'તમે સ્પંદનાને જાણો છો ?'

'ના, સ્પંદના કોણ છે ?' સ્હેજ ગૂંચવાતાં એણે સામું પૂછ્યું.

'હું ક્યાં છું ?'

'તમે અમારે ઘેર છો. આ અમારું ઘર છે. આ મુબઈનો ઘાટકોપર વિસ્તાર છે. હવે આગળ કશું ન પૂછતા. ડૉક્ટરે તમને બહુ બોલવા દેવાની ના કહી છે.'

'શા માટે ?'

'કારણ કે તમારામાં ઘણી અશકિત આવી ગઈ છે. તમારે ચ્હા કે કૉફી પીવી હોય તો મંગાવી આપું. બોલો, શું લેશો ?'

'બન્ને.'

'બન્ને ?' પેલી ગૂંચવાઈ.

'ભૂલ્યો, ગમે તે.' નિશીથે ઝડપથી સુધાર્યું. પેલી યુવતી અંદરના ઓરડામાં ગઈ. નિશીથ પાછો વિચારે ચઢ્યો : આ વૃંદા કોણ હશે ! પોતાને અશકિત આવી ગઈ છે એમ બધાં કહે છે પણ આ અશકિત છે શાની ? શું હું પેલી કાર સાથે અથડાઈ પડ્યો હોઈશ ! હા, કમરમાં હજુ થોડો દુખાવો છે ખરો. નકકી હું અથડાઈ જ પડ્યો હોઈશ. સ્પંદના તો પરણીય ગઈ હશે. મારે એને હવે શા માટે યાદ કરવી જોઈએ ? એ જ્યાં જાય ત્યાં સુખી થાય એવી મારે તો પ્રાર્થના કરવી જોઈએ.

જે સ્ત્રીએ એને તુંકારીને બોલાવ્યો હતો એ કોણ હશે ! એ આ વૃંદાની મા જ હશે એમ તેને લાગ્યું પણ

એવું બધું પૂછવાની તેની હિંમત ન થઈ. આ ઘર સુંદર હતું, વૃંદા પણ સુંદર હતી, આ લોકો ઘણાં ધનિક હશે એમ તેને લાગ્યું,.

થોડી વારે વૃંદા ચ્હાની ટ્રે લઈને આવી ને ટેબલ પર ટ્રે મૂકી ચ્હા બનાવવા માંડી. 'કેટલી ખાંડ ?' તેણે પૂછયું.

'પ્રમાણસર.' નિશીથથી બોલાઈ ગયું પણ બીજી જ ક્ષણે કાંઈક કાચું કપાયાનું ભાન થતાં એણે કહ્યું : 'માફ કરજો પણ આવી રીતે તૈયાર કરાતી ચ્હાના કોઈ પ્રમાણ અંગે મને કશી જ ખબર નથી. આજ સુધી મેં ફક્ત તૈયાર જ ચ્હા પીધી છે.' વૃંદા કાંઈ બોલી નહીં. તેણે પોતાની રીતે ચા બનાવી ન્નિશીથને આપી.

ચા પીવાઈ રહી એટલે નિશીથને લાગ્યું કે એનામાં શકિતસંચાર થયો હતો. તેણે બેઠા થવા પ્રયત્ન કર્યો. વૃંદાએ ઊભાં થઈ એની પાછળ તકિયો મૂકયો અને તેને બેસવામાં મદદ કરી.

'તમારું નામ શું છે ?' તેણે સહજ પ્રશ્ન કર્યો.

'મારું નામ નિશીથ. હું ઓલ્ફિસ્ટન રોડ પર ગુરુમુખ એવન્યુ પર રહું છું.'

'તમે શું કામ કરો છો ?'

'એસોસિયેટેડ કાર્બાઈડમાં કામ કરતો હતો પણ ત્યાંથી ચારેક દિવસ પહેલાં છૂટો થયો છું. આ બંગલો કોનો છે ?'

'અમારો-ધનુભાઈ શેઠનો. તમે પરમ દિવસે રાતના એમની કારની કાર સામે બેભાન થઈને પડી ગયા હતા એટલે એ તમને અહીં લઈ આવ્યા છે. ડૉકટર કહે છે કે તમે ભૂખને કારણે બેભાન થઈ ગયા હતા. હવે તમને ઠીક લાગે છે ?'

'હા, હવે મારે અહીંથી જવું જોઈએ. તમને બધાંને નાહક તકલીફ આપી.'

'એ તો ડૉકટરના કહ્યા પર છે. કાલે સવારે તમે શેઠ સાહેબને જ પૂછજો ને.'

'તમારા પિતાને બધાં શેઠ સાહેબ જ કહે છે ?'

'એ મારા પિતા નથી. હું એમને કાકા કહું છું. બા તેમને શેઠ કહે છે. અને ઑફિસના સ્ટાફના માણસો તથા બીજા લોકો એમને શેઠ સાહેબ કહે છે.' વૃંદાએ કહ્યું. નિશીથને આટલી વાત કરી તેમાંય થાક વર્તાતો હતો. તે થોડી વાર સુધી કાંઈ ન બોલ્યો એટલે વૃંદા પાછી વાંચવામાં પડી ગઈ.

'મને હવે સારું લાગે છે. તમારે મારે કારણે ઉજાગરો કરવાની જરૂર નથી. જતાં પહેલાં મને પાણી આપતાં જજો એટલે બસ.' વૃંદાએ તેને પાણી આપ્યું અને થોડી વાર પછી નર્સ આવી એટલે એને જાગવાનું સોંપીને એ પોતાના ખંડમાં સૂવા માટે ચાલી ગઈ.

પોતાના ખંડમાં જઈ તે નિશીથના વિચારે ચઢી ગઈ. તેને થયું કે એ કોઈ ભટકતો માણસ ન હતો. ભણેલો લાગતો હતો અને સારી કંપનીમાં નોકરી કરતો હતો. હજુ નોકરી છોડ્યે એક અઠવાડિયુંય થયું ન હતું ત્યાં એ ભૂખે મરતો થઈ જાય એ શકય ન હતું. વળી સ્પંદના નામની કોઈ છોકરીની ને એનાં લગ્નની વાત કરતો હતો. સ્પંદના કોણ હશે! નિશીથ સાથે તેનું શું સગપણ હશે! આવા ને આવા વિચારોમાં તે પંદરેક મિનિટ અટવાઈ રહી પછી જે હશે તે, આપણે શું એમ માની એણે નિશીથના વિચારો પર પૂર્ણવિરામ મૂકી દીધું.

બીજે દિવસે સવારમાં લગભગ સાડા છ વાગ્યે તે જાગી ગયો. તેણે જોયું તો નર્સ ખુરસીમાં બેઠી ઝોકાં ખાઈ રહી હતી. તે ઊભો થયો ને બારણા તરફ ચાલ્યો. નર્સ જાગી ગઈ અને ઉતાવળે ઊભી થઈ તેની આગળ

ફરી વળી.

'તમે ઊભા કેમ થયા ? ડૉક્ટર જાણશે તો ?' તે બોલી ઊઠી.

'તમે ચિંતા ન કરશો. મને હવે અશકિત જણાતી નથી. તમે મને ટૂથ બ્રશ આપો તો હું મોં સાફ કરી લઉં.' તેણે કહ્યું. નર્સે એને ટૂથ બ્રશ આપ્યું એટલે એ બ્રશ કરી, મોં ધોઈ, વાળ સરખા કરી સથેના ખંડમાં આવ્યો. ડાયનિંગ ટેબલ પર ચ્હા નાસ્તાની સામગ્રી પડી હતી. વૃંદા ચ્હા બનાવતી હતી. શેઠ તથા શેઠાણી સામે બેઠાં હતાં ને મહારાજ-રસોયો એક તરફ ઊભો હતો.

શેઠાણીની નજર નિશીથ પર પડતાં તેમની આંખોમાં વાત્સલ્યની ચમક આવી. શેઠે પણ હસી લેતાં પૂછ્યું : 'કેમ લાગે છે તને હવે, ભાઈ!'

'હવે સારું છે આપની દયાથી.' તેણે કહ્યું અને તેને ટેકો દેવા ઊભાં થવા જતાં શેઠાણીની સામે જોતાં એણે ઉમેર્યું : 'તમે શાંતિથી બેસો, હું પડી જવાનો નથી.' કહેતાં તેણે ખુરસી ખેંચી અને આસન જમાવ્યું. ને શેઠ-શેઠાણી મલકાઈ રહ્યાં.

'તું ચા લેશે કે કૉફી ?' શેઠાણીએ પૂછ્યું.

ત્યાં વૃંદાની આંખોમાં ચમક વર્તાઈ. તેનાથી બોલી જવાયું : 'બન્ને.' અમૃતગૌરીએ એની આ વિચિત્ર વાત સામે સૂચક નજર નાખી પણ વૃંદાની નજરો ચ્હાનાં પાત્રોમાં અટવાઈ ગઈ હતી એટલે એમને કશો પ્ર તિભાવ ન મળ્યો.

'એટલે કે ગમે તે. મને ચા પીવાની ટેવ છે ને કૉફી નહીં પીવાની મેં બાધા લીધી નથી એટલે જે તમારી બધાંની પસંદ એ મારીય ગણવાની. વૃંદાબેને મને કાલે રાતના ચા બનાવી આપેલી.'

અત્યારે પણ પોતે ખુલાસો કરવામાંથી ઉગરી ગઈ એના સંતોષ સાથે વૃંદાએ ચાનો પ્યાલો એની તરફ ધર્યો. નિશીથે પ્યાલો ટેબલ પર મૂકતાં એક ખાલી પ્લેટ ખેંચતાં એમાં બે ટોસ્ટ ગોઠવતાં અમૃતગૌરી તરફ જોઈ પૂછ્યું : 'ડૉક્ટરે આની ના તો નથી કહી ને ?'

'ડૉક્ટરને કયાં ખબર હતી કે તું આમ નાસ્તાના ટેબલ પર આવીને ગોઠવાઈ જવાનો હતો ?'

'તો ખાતરી રાખજો કે આ મને પચી જશે.' હસીને તેણે કહ્યું અને આરામથી ટોસ્ટ ખાવા માંડ્યો. એક ટોસ્ટ પૂરો કરી એણે બીજો લેવા હાથ લંબાવ્યો ત્યાં અમૃતગૌરીએ હાથ આડો ધર્યો ને નિશીથથી બોલી જવાયું : 'ઓહ, ડૉક્ટર. મારું ચાલે તો હું ડૉક્ટરને એક મહિનાના ઉપવાસ કરાવું.'

'તારે એ માટે બહુ રાહ નહીં જોવી પડે. હમણાં નવ વાગ્યે એ આવ્યા જ સમજ. તે વખતે તારે એમને જે કહેવું હોય એ કહેજે. પણ અત્યારે તો ચા પીલે અને સીધો પથારીમાં જઈને સૂઈ જા.' અમૃતગૌરીએ કહ્યું. ને નિશીથ ચા પતાવી પથારીમાં પડ્યો.

થોડી વાર પછી શેઠ એની પાસે આવ્યા તો એણે કહ્યું : 'જુઓ શેઠ સાહેબ હવે મને સારું લાગે છે. હું હવે તમારે માથે બોજો બની રહું એ બરાબર નથી. તમે મને અજાણ્યાને ઘેર લઈ આવ્યા અને આટલી બધી કાળજી રખાવી અને દવા કરાવી એ માટે હું તમારો ઋણી છું. હવે મારે જવું જોઈએ.'

'હજુ શી ઉતાવળ છે હજુ તારી તબિયત બરાબર થઈ નથી. છતાં શેઠાણી કહે એમ કરજે. વળી મને ખબર છે ત્યાં સુધી તારી પાસે હાલ કોઈ નોકરી તો છે નહીં પછી જવાની આટલી શી ઉતાવળ છે! કોઈને કશું કહાવવું હોય તો નામ સરનામું આપ એટલે ખબર કરી દઈએ.' તેમણે કહ્યું.

'જેમ નોકરી નથી એમ કોઈ ખબર કરવા જેવું પણ નથી. અને છ મહિના સુધી રૂમ પર ન જાઉં તોય

મકાન માલિક મારી ચિંતા કરે તેમ નથી. પણ તોય હવે મારે જવું જોઈએ.'

'જો તું અહીંથી જવાની ઉતાવળ ન કરીશ. એક વખત તારી તબિયત બરાબર થઈ જાય પછી જોઈશું. તું શું ભણેલો છે ?' કંઈક વિચારતાં એમણે પૂછ્યું.

'કેમિસ્ટ્રીમાં બી. એસસી. કર્યું છે. એક વરસથી નોકરી પણ કરતો હતો. પાંચેક દિવસ પહેલાં જ એ છૂટી ગઈ.'

'કેમ ?'

'મારી અનિયમિતતા વધી ગઈ હતી. મારો જ વાંક હતો. કંપની મને પછી કયી રીતે ચાલુ રાખે !'

શેઠની આંખો ઝીણી થઈ. એમણે પૂછ્યું : 'સ્પંદના કોણ છે ?'

નિશીથ ચમકયો. એણે વિનયથી કહેવા પ્રયત્ન કર્યો : 'માફ કરજો અવિનય લાગે તો, પણ એ એક એવો પ્રશ્ન છે કે જેનો જવાબ હું તમને નહીં આપી શકું.'

'ભલે, જેવી તારી મરજી.' તેમણે કહ્યું. એની આ વાતથી એમના મનમાં એની પરિસ્થિતિનો કંઈક ખ્યાલ આવી ગયો. એ ઑફિસે જવા નીકળ્યા.

પછી ડૉકટર આવ્યા તે પહેલાં શેઠાણી, વૃંદા અને નર્સ પાસેથી એ એટલું જાણી ચૂકયો હતો કે શેઠ એક ફેકટરીના માલિક હતા. આ ફેકટરીમાં ફોર માઈકા જેવાં લેમિનેટનું ઉત્પાદન થતું હતું જે તેઓ આવી ફેકટરીઓમાં રૉ મટીરિયલ તરીકે સપ્લાય કરતા હતા. આ સિવાય બીજાં પણ પાંચ સાત પ્રોડક્ટ એમની ફેકટરીમાં બનતાં હતાં. એકંદરે શેઠ સુખી હતા અને બંગલા મોટર અને ઘણી મિલકતોના ધણી હતા.

વૃંદા શેઠના એક વખતના મુનિમ હરસુખરાયની દીકરી હતી અને મુનિમ ગુજરી જતાં તેની મિલકત અને દીકરી બેયને સાચવવાની જવાબદારી શેઠે સંભાળી લીધી હતી. અને આજે તો એ જાણે શેઠની દીકરી જ બની ગઈ હતી. શેઠને આજે કોઈ સંતાન હયાત હતું નહીં એટલે એમને તો જે ગણો તે આ વૃંદા જ હતી. એ જ અત્યારે શેઠની મિલકત અને શેઠ શેઠાણીના પ્રેમની એકલી જ વારસ હતી.

અનુક્રમ

# ૭. નિશીથની રૂમ પર

ડૉકટર રવીન્દ્રને વધારે રજાઓ મળી શકી ન હતી એટલે લગ્ન પછી હનીમૂન પર જવાનો વિચાર એમને પડતો મૂકવો પડ્યો હતો ને લગ્ન પછી ત્રીજે જ દિવસે એમને બેયને મુંબઈ આવી જવું પડ્યું હતું.

બેત્રણ દિવસ મિત્રોમાં અને પાર્ટીઓમાં એમના વીત્યા ત્યાં સુધીમાં સ્પંદનાએ ઘર ગોઠવી દીધું હતું. ઘર તો ઝડપથી ગોઠવાઈ ગયું હતું પણ મન એટલું ઝડપથી ગોઠવાતું ન હતું. નિશીથની ઓરડી પાસેથી સ્પંદનાને એક વખત નીકળવાનું થયું ત્યારે એનું મન ફફડી ઊઠ્યું હતું. એને થયું હતું કે કયાંક નિશીથ સામો ભટકાઈ તો નહીં જાય ને ! પણ એની એ શંકા સાચી પડી ન હતી. એટલે હવે ધીમે ધીમે એ ઈચ્છવા લાગી હતી કે એમ થાય તો સારું. પણ એમ પણ ન બન્યું. એની રસ્તા પર પડતી બારી બંધ જ હતી એ જોઈ સ્પંદનાને ચિંતા થવા માંડી.

અને એટલે તો બહાર જતાં આવતાં થોડું મોટું ચકકર પડે તોય એણે નિશીથની ઓરડી તરફથી નીકળવાનું

રાખ્યું. પણ તોય એની આશા ન જ ફળી. હવે તેને એની ચિંતા થવા માંડી. એના મનમાં જાત જાતના વિચારો આવવા લાગ્યા. એને થયું કે નિશીથ મુંબઈ છોડીને ચાલ્યો ગયો હશે ! એણે રહેવાની જગ્યા બદલી નાખી હશે ! પણ મુંબઈમાં એમ જગ્યા ક્યાં મળતી હતી કે રાતોરાત બદલી નાખે ? તે મનમાં જ કલ્પનાઓ કરતી અને એનું સમાધાન પણ મનમાં જ કરી લેતી હતી.

આમ ને આમ પંદરેક દિવસ પસાર થઈ ગયા. નિશીથના રૂમની બારી હજુ એવી ને એવી જ બંધ હતી. એ બારી બંધ જોઈ સ્પંદનાની ચિંતા વધી જતી હતી. એના મનમાં એક સરખા જ પ્રશ્ન જાગતા હતા : 'શું થયું હશે ? ગમનો માર્યો એ બિમાર તો નહીં પડી ગયો હોય ને ! કે પછી આપઘાત તો–

ને તેનું હૈયું ધબકારો ચૂકી જતું. છેવટે નિશીથની ચોકકસ ભાળ મેળવવાનું તેને નકકી કર્યું. પેલું પાપભીરુ મન આનો વિરોધ કરી રહ્યું. 'હવે એની ભાળ મેળવીનેય તું શું કરીશ ? હવે એને ને તારે શું ? તારે શા માટે એવાં ઊંડાં પાણીમાં ઊતરવું જોઈએ ? એક તરફ તું એને ભૂલી જવાનો નિશ્ચય કરે છે ને બીજી તરફ એને માટે તપાસ કરી તારા લગ્નજીવનમાં ઝંઝાવાત પેદા થાય એવું પગલું ભરવા તૈયાર થાય છે. તારું તો ઠીક પણ એનું શું ! તારે એનેય કરાર નથી વળવા દેવી કે શું ?'

પણ એ મનની આવી દલીલોથી એમ હારી જાય તો પછી આ મન માંકડું જ શાનું ! તે ઊપડી જ. રસ્તા પર પડતી બારી તો કાયમની જેમ આજે પણ બંધ જ હતી પણ આજે તો સ્પંદના એનો તાગ લીધા સિવાય છોડે તેમ ક્યાં હતી ! તે આગળને બારણે પહોંચી. બારણે પણ તાળું જ મારેલું હતું. એણે મકાન માલિક પાસે જઈ તપાસ કરી તો જાણવા મળ્યું કે છેલ્લા વીસેક દિવસથી એ રૂમ પર આવ્યો જ ન હતો. એટલે કે એમનાં લગ્નના દિવસથી જ લગભગ. તેની ચિંતા હવે આશંકામાં ફેરવાઈ ગઈ. તેને લાગ્યું કે નકકી કશુંક ન કરવાનું એ કરી બેઠો હતો. જો આવું કશું બન્યું હશે તો પોતે પોતાની જાતને કદીય માફ કરી નહીં શકે.

'એ છે જ એવો. એણે શા માટે આવું કરવું જોઈએ ? જેમ પોતે પરણી ગઈ એમ એણે પણ કોઈની સાથે શા માટે પરણી જવું ન જોઈએ ? જગતમાં બધાંને પોતાની ઈચ્છા મુજબનું પાત્ર ક્યાં મળે છે ? એણેય શા માટે મનની સાથે બાંધછોડ ન કરી લેવી જોઈએ ?' વિચારતી એ જાણે વાસ્તવિકતાથી ભાગવા માંડી. એણે ઝડપથી પગલાં ભરવા માંડ્યાં. પણ ભાગવુંય કોનાથી ? પોતાના મનથી કોઈ દૂર ભાગી શક્યું છે ખરું ? 'કેમ, સાચી વાત સાંભળીને ડરી ગઈ ને ! સાચું સાંભળવાનીય તારામાં હિંમત નથી રહી ?' પેલું અવળચંડુ મન જાણે એની ઠેકડી ઉડાડી રહ્યું.

ત્યાં જ સામેથી નિશીથને આવતો જોઈ તેને હૈયે ધરપત વળી. તેનાં કદમ થંભી ગયાં. તેણે નિશીથને જોયો, નિશીથે એને જોઈ; કોઈ હસ્યું નહીં – હસી શક્યું નહીં. 'તે ઘણો લેવાઈ ગયો છે. બે મહિનામાં તે કેટલો બધો સુકાઈ ગયો છે ! લાગે છે પણ કેવો નિરાશ અને દુખી. મને ભૂલી શક્યો નથી એનું જ આ પરિણામ છે.' સ્પંદના વિચારી રહી.

સામે નિશીથ પણ આવા જ વિચાર કરી રહ્યો ; 'એ મને ભૂલી શકી નથી એ તો એનું ઊતરી ગયેલું મોં જ કહી આપે છે. એ શા માટે મને ભૂલી જતી નહીં હોય ?' પણ એ એવું વિચારી રહે એ પહેલાં જ એના હૈયાના બીજા ખૂણામાંથી અવાજ આવ્યો : 'તેમ તો તું પણ એને ક્યાં ભૂલી શક્યો છે ?' ને તેનાથી અભાનપણે બબડી જવાયું : 'હૈયાંની હોળીમાં શેકાતાં જ જન્મારો કાઢવાનો ને હવે !'

એનો અવાજ એવો ધીમો અને અસ્પષ્ટ હતો કે સ્પંદનાને એમાં ફકત ગણગણાટ જેવો જ આભાસ થયો. 'શું કહ્યું ?' તેણે પૂછ્યું.

'કંઈ નહીં. આવે છે રૂમ પર ?' નિશીથે પૂછ્યું. સ્પંદના કાંઈ બોલ્યા સિવાય તેની પાછળ ચાલવા લાગી. નિશીથે બારણું ખોલ્યું. અંદર બધે ધૂળનું આવરણ ચઢી ગયું હોય એમ લાગતું હતું.

સ્પંદનાએ એ જોયું ને હાથમાં ઝડુ લીધું : 'લાવ હું કચરા કાઢી નાખું.' તેણે કહ્યું.

'રહેવા દે કચરા પછી કઢાશે. હું પહેલાં ચા મૂકવાની વ્યવસ્થા કરું.' કહેતાં એણે દૂધની તપેલી પરથી ઢાંકણ ખસેડ્યું ને અંદરથી ફાટીને ગંધાઈ ગયેલા દૂધની જે વાસ આવી તેનાથી એની આંખેમાં પાણી આવી ગયાં. દૂધ તો દૂધ અહીં તો પાણી પણ બહારથી લાવવાનું હતું એ તેને યાદ આવી ગયું. કોણ જાણે કયારથી તે રૂમ પર આવ્યો જ ન હતો ને !

'તમે એમ કરો બહારથી પાણી લાવી આપો એટલે હું તપેલી સાફ કરી પ્રયમસ સળગાવું. ત્યાં સુધીમાં તમે દૂધ લેતા આવો.' શું કરવું તે ન સમજાતાં વચમાં જ ઊભી રહી ગયેલી સ્પંદના મોકો મળતાં બોલી ઊઠી. પણ બોલતાંની સાથે જ એના ખ્યાલમાં આવી ગયું કે તે આજે નિશીથને માટે એકવચન વાપરી શકી ન હતી.

જેમ તેને એ વાતનો ખ્યાલ આવ્યો એમ નિશીથને પણ આવી જ ગયો હતો એટલે તો એણે કહ્યું ને : 'તમે શા માટે ચા મૂકશો ? તમે તો મારાં મહેમાન છો. તમે બેસો. હું હમણાં દૂધ લાવીને તમારે માટે ચા મૂકું છું.'

'તું કેમ આમ કરે છે ?'

'એ તો તારા જ દિલને પૂછ ને. મનથી તો તેં ઉતારી નાખ્યો છે હવે જીભથીય શા માટે ઉતારી નાખે છે ?' કહેતાં નિશીથનો અવાજ ગળગળો થઈ ગયો. તેની આંખમાં જળજળિયાં આવી ગયાં.

'તું આમ ઢીલો ન થઈ જા, નિશીથ. મેં મનથીય તને ઉતારી નાખ્યો નથી કે જીભથીય ઉતારી નાખ્યો નથી. તું આમ હિંમત હારી જશે તો પછી મારાથી એ કેવી રીતે સહન થશે ? ઊલટું તારે તો મને આશ્વાસન આપવાનું હોય.' તે બોલી.

'હું ક્યાં પોચો થઈ ગયો છું ? પણ તું કરે છે જ એવું કે–'

'મને ખાતરી હતી જ કે તું એવું જ કહેવાનો. પણ તારો વર્તાવ, તારો મિજાજ, તારો ભપકો, તારો રંગીલો સ્વભાવ, એ બધું હવે પહેલાંના જેવું રહ્યું છે ખરુ ?'

'બદલાયેલા સંજોગોએ મને થોડો બદલ્યો હશે પણ એમાં ખોટુંય શું છે ?'

'એમાં સંજોગોની વાત નથી. એની સાથે તો માણસ સમજૂતી કરી શકે છે. પણ તું એવી કશી સમજૂતી કરવાને બદલે તેનાથી મોઢું ફેરવીને ઊભો રહી ગયો છે. તેં મને વચન આપ્યું હતું કે તું મને ભૂલી જશે અને બીજે પરણી પણ જશે. પણ મને ભૂલવા પ્રયત્ન કરવાને બદલે તું મારી યાદને હૈયે લગાડીને મજનુવેડા કરી રહ્યો છે.'

'મને ખબર નથી પડતી કે મારે શું કરવું જોઈએ. જો આપઘાત કરવો એ પાપ છે એમ ન માનતો હોત તો મેં કયારનોય એ માર્ગ અપનાવ્યો હોત. હવે તું જ કહે કે મારે શું કરવું ?'

'જો મારું કહેવું માને તો તારે તારી નોકરી ચાલુ રાખવી, પહેલાં જેમ જીવતો હતો એમ જીવવું. હું તારે માટે કોઈ છોકરીની તપાસ કરીશ પણ જો મારી દરમિયાનગિરી વગર પણ તને કોઈ સારી છોકરી મળી જાય તો તારે એની સાથે પરણી જવું.'

નિશીથ જો એના પહેલાના મૂડમાં હોત તો કહત : 'ને એય તારી જેમ અંગૂઠો બતાવશે તો ?' પણ અત્યારે તેનાથી એવો વિનોદ ન થયો. તેણે કહ્યું : 'મારાથી એ નહીં બને.'

'તો શું બનશે ?'

'એની મને ખબર નથી. તું કહેતી હશે તો હું આજથી તને કદી મારું મોં નહીં બતાવું. જે રસ્તેથી તું જતી હોઈશ એ રસ્તાનો રસ્તોય ભૂલી જઈશ. અરે, તુ કહેતી હોઈશ તો હું મુબઈ છોડીને ગામ ચાલ્યો જઈશ પણ તને ભૂલી

જવી એ મારા હાથની વાત નથી.' બોલતાં તે રડી પડ્યો.

'તું આમ રડ નહીં. રડવું તો મારે જોઈએ. બેવફાઈ મેં કરી છે અને રડે છે તું.' દિલ તો એનું કયારનુંય આક્રંદ કરી રહ્યું હતું છતાં એનો અણસાર પણ બહાર ન આવે એની કાળજી રાખી સ્પંદના બોલી રહી હતી. વિધિ પણ કેટલી વિચિત્ર છે ! જો નિશીથને રસ્તે ચઢાવી બીજે પરણવા તૈયાર કરવાનો તેનો નિરધાર ન હોત તો અત્યારે એ રડવા બેઠી હોત અને નિશીથ એને આશ્વાસન આપતો હોત કદાચ કે પછી બેય સાથે આંસુ વહાવતાં હોત.

'તું કહેશે તો આજ પછી એક આંસુ પણ નહીં પાડું પણ આજે મને રડી લેવા દે.' નિશીથે કહ્યું ને સ્પંદના વધુ ગળગળી થઈ ગઈ. એને લાગ્યું કે એ જો કંઈ બોલવા જશે તો એનાથીય રડી પડાશે. ઘડીક તો એને એમ પણ થઈ ગયું કે પોતે એક એવા માણસનું દિલ તોડ્યું છે કે જેનું પ્રાયીશ્ચત કરવું શકય નથી. છતાં એને પ્રયત્ન કરતાં કોઈ રોકી શકશે નહીં. છેવટે રોઈ કરગરીને કે પગે પડીને પણ એ તેને મનાવીને જ રહેવાની હતી. એ તેનો નિર્ધાર હતો.

થોડી વાર રડીને શાંત પડ્યા પછી તે ઊભો થયો અને બોલ્યો : 'હું દૂધ લાવું છું , તું સ્ટવ સળગાવ.'

'રહેવા દે આજે આપણે ચા નથી પીવી. તું શાંતિથી બેસ અને મારી લાચારી સમજવા પ્રયત્ન કર. આમાં જો કોઈનો દોષ હોય તો એ મારો જ છે. તારે મને જે શિક્ષા કરવી હોય એ કર. તને ગુસ્સો ચઢ્યો હોય તો તેને મારી પર ઉતાર. તું જે શિક્ષા કરે તે ખમવાની મારી તૈયારી છે. પણ મારી ભૂલની શિક્ષા તરી જાતને ન કરીશ.'

'હું કયાં મારી જાતને શિક્ષા કરું છું ? ને તારા પર પણ કયાં ગુસ્સો કરું છું ? મારે કોઈના પર જો ગુસ્સો ઉતારવાનો હોય તો જ્ઞાતિ અને સમાજના પેલા ઠેકેદારો પર ઉતારવો જોઈએ કે જેમણે તને ને મને આ હોળીમાં હોમી દીધાં છે.'

'તો આ શું કરે છે ? તારું આ શરીર જો. બે મહિનામાં જાણે બે વરસનો દુકાળ વેઠ્યો હોય એવું કરી મૂકયું છે તેં.'

'તો તુંય કયાં જાડી થઈ છુ ં! હું જાણું છું કે તેં તારા મનને માર્યું છે. હુંય મારા મનને મારીશ. નોકરી પણ કરીશ ને મોઢું હસતું રાખવા પણ પ્રયત્ન કરીશ. હા, પરણી જવાની વાતમાં તું મને આગ્રહ ન કરીશ.'

સ્પંદનાને થયું કે નિશીથ જ્યારે આટલી વાતે સંમત થયો છે તો વરસ વંટોળમાં લગ્ન માટેય કદાચ તૈયાર થઈ શકશે. તેણે કહ્યું : 'તો તું મને આ બધા માટે માફ તો કરે છે ને ?'

'તારો દોષ મારા મનમાં વસ્યો હોય તો તને માફ કરું ને ! માફ જો કોઈએ કરવાનું હોય તો ઊલટાંનું તારે મને માફ કરવું જોઈએ કે તારા સુખને માટે થઈનેય મારે તને ભૂલી જવી જોઈએ છતાં હું તને ભૂલી શકતો નથી.'

'તો હવે તું નોકરી મન લગાવીને કરશે ને ?'

'નોકરી તો છૂટી ગઈ છે. બીજી શોધીશ ને મળશે તો કરીશ જ ને. આ પેટનો ખાડો પૂરવા એટલું તો કરવું જ પડશે ને ?' નિશીથે કહ્યું ને સ્પંદનાને એક વાતે તો સંતોષ થયો કે નિશીથ હવે કંઈક સમજણભરી વાત કરતો હતો.

'આટલા દિવસ તું કયાં હતો ? રૂમના હાલહવાલ જોતાં એમ જ લાગે છે કે તું એક મહિનાથી એમાં આવ્યો જ નથી.' યાદ આવતાં સ્પંદનાએ પૂછ્યું.

'એક શેઠિયાને ત્યાં મહેમાન બન્યો હતો.' કહી પોતે બેભાન બન્યો ત્યારથી માંડીને આજે ત્યાંથી જ આવી રહ્યો હતો ત્યાં સુધીની વાત એને કરી. છેવટે એણે ઊમેર્યું : 'બહુ ભલાં માણસો છે એ લોકો.'

'સારું ત્યારે, અત્યારે તો હું જાઉં છું પણ તું નોકરી વળગ્યો કે નહીં એ જોવા ફરીથી કયારેક આવી જઈશ.'

'ભલે, પણ જો મારું માને તો હવે ફરીથી કદી અહીં ન આવીશ.'

'કેમ, તને મારું આવવું નથી ગમતું ?'

'તું આવે એ મને ન ગમે તો પછી મારા જેવો અકકર્મી કોણ ? પણ તોય તું હવે અહીં ન આવે એ જ યોગ્ય છે.'

'કેમ? તને તરામાંથી ને મારામાંથીય વિશ્વાસ ઊઠી ગયો કે શું ?'

'વિશ્વાસ તો મારો નથી ઊઠી ગયો તારામાંથી કે નથી ઊઠી ગયો મારામાંથી; પણ સાચું પૂછો તો હું હવે ડરી ગયો છું સમાજથી. મને તો એણે બરાબરની લાત મારી દીધી છે. એ તારા સંસારમાંય ચિનગારી ન ચાંપે એ માટે કહું છું કે ફરીથી અહીં ન જ આવતી.'

'તું ખોટી ચિંતા કરે છે.'

'તોય જો તું ફરીથી અહીં આવશે તો તને હું નહીં જ આવકારું એ નકકી માનજે.'

'ભલે તારી એવી જ ઈચ્છા હશે તો એમ કરીશ, પણ એક વખત તું નોકરીએ વળગી જાય અને પહેલાંના જેવો હસતો હસાવતો થઈ જાય પછી.' કહેતાં તે બહાર નીકળી ગઈ. એ બહાર આવી ત્યારે જ એને સમયનું ભાન થયું. છ વાગી ગયા હતા.

એ ઘેર પહોંચી ત્યારે રવીન્દ્ર આવી ગયેલો હતો. 'કયાં ગઈ હતી ?' એણે માત્ર ઔપચારિક સવાલ કર્યો.

'એક ફ્રેન્ડને ત્યાં.'

'કોઈ સ્ત્રીમિત્ર હોય તો મનેય કયારેક એની ઓળખાણ કરાવજે, કેવીક છે ?' આંખનો ચાળો કરતાં રવીન્દ્રએ કહ્યું.

'કેમ જાણ્યું કે સ્ત્રીમિત્ર જ હશે ? કોઈ પુરુષમિત્ર હોય તો ઓળખાણ ન કરાવું ?'

'તો તો ખાસ કરાવજે. હું એવો ઈર્શાખોર નથી.'

અનુક્રમ

# ૮. વૃંદાને સોંપણી કરી

માનવીનો મનોવ્યાપાર પણ કેવો વિચિત્ર છે ! એક વખત એ પોતે જ એક વાત નકકી કરે છે અને બીજી જ મિનિટે એ એનાથી વિપરિત વાત વિચારવા માંડે છે. નિશીથને મળીને તે દિવસે ઘેર આવતાં રસ્તામાં જ સ્પંદનાએ નકકી કર્યું હતું કે ફરીથી નિશીથની રૂમ પર ન જ જવું. પણ ઘેર પહોંચી તે જ પળથી તેણે એની રૂમ પર જવાનું વિચારવા માંડ્યું હતું. એનો એ પાછળ એક શુભ આશય જ હતો; નિશીથ કામે વળગે અને કોઈની

સાથે પરણે ને સુખી થાય એ.

એટલું સારું હતું કે નવું વસાવેલું ઘર એની સજાવટમાં અને ગોઠવણીમાં એનો સારો એવો સમય લઈ લેતું હતું, નહીં તો એ બીજે જ દિવસે પાછી નિશીથને ત્યાં એના હાલ હવાલ જોવા પહોંચી ગઈ હોત.

એક દિવસે રવીન્દ્રએ એને ટકોર કરી : 'તું ચાર વરસ મુંબઈમાં રહી અને ભણી તોય તારાં કોઈ મિત્રો નથી તને મળવા આવતાં કે નથી તું કોઈને મળવા જતી. શી વાત છે ?'

'હજુ વેકેશન ચાલે છે એટલે ભણતાં કોઈ આવ્યાં નથી અને જે ધંધે લાગી ગયાં છે એમને કદાચ હું મુંબઈમાં આવી ગઈ છું એની ખબર નહીં હોય. કેટલાંક તો એમ પણ વિચારતાં હશે કે આપણે હનીમૂન પરથી હજુ પાછાંય નહીં આવ્યાં હોઈએ. પછી તો તમે એમનાથી કંટાળી જાવ એટલાં મિત્રો આવવા માંડશે.'

'તારાં મિત્રોથી હું શું કંટાળવાનો ! એમાં બધી બેન પણીઓ જ છે કે કોઈ મર્દ મૂછાળા પણ ખરા !'

'મર્દેય એમાં ખરા પણ મૂછાળા નહીં.'

'કેમ ?'

'એમની સ્ત્રીમિત્રોને કારણે સ્તો વળી.'

'લુચ્ચી.'

'**Don't be jealous.** તારાં ડૉક્ટરો ને નર્સો કરતાં સારા હોં.'

'કેમ ?'

'બધાં ભાવનાશીલ અને મર્યાદા સમજનારાં માણસોનો એ મેળો.' સ્પંદનાએ આંખો નચાવતાં કહ્યું.

'શેક્સપિયરે કહ્યું છે કે કોઈ બીજાએ એ તો મને યાદ નથી પણ એનો ભાવાર્થ એવો થાય છે કે સ્ત્રી તારું બીજું નામ જ ઈર્ષા છે.'

'મારે લખવાનું હોય તો હું પુરુષો માટે એવું ઘણુંય લખી શકું એમ છું, જો લખાયેલું જ સનાતન સત્ય મનાતું હોય તો.' સ્પંદનાએ કહ્યું.

'એ તો લખનાર અને એના વાંચનાર પર આધાર રાખે છે. પણ જો તું લખશે તો મને તો જરૂર ગમશે જ. લખવાનો વિચાર હોય તો લખવા માંડ. એમાં તારો સમય પણ જશે હમણાં છૈયાંછોકરાં નથી ત્યાં સુધી.'

'શું બોલ્યો ? લગ્ન પહેલાં તો કહેતો હતો કે આગળ ભણવું હોય તો_'

'ને લગ્ન પહેલાં તો તેંય ક્યાં નહોતું કહ્યું કે જો અનુકૂળતા હશે તો જ ભણવાની તારી ઈચ્છા છે. એક વખત ભણવાનું શરૂ કર્યા પછી એવી પ્રતિકૂળતા ઊભી થાય એના કરતાં પહેલેથી જ ઉંવાં ઉંવાંમાં પડી જવાનું શું ખોટું ?'

'એવો લુચ્ચો છે તું !' કહેતાં સ્પંદના શરમાઈ ગઈ.

'જેવો છું એવો હવે તો તરો છું. ન માનતી હો તો મને તારા કોઈ મિત્રની સાથે ઓળખાણ કરાવ પછી એમને પૂછી જોજે. તારી મિત્રો સાથે ઓળખાણ કરાવતાં તું અચકાય છે શા માટે ! હું કાંઈ એટલો ખરાબ છું ?'

'તું જેટલો ખરાબ છે એનાથી મારે વધારે ખરાબ કરવો નથી એટલે હું એવી ઓળખાણ કરાવતી નથી એમ માન.'

'તો પછી મને તારા કોઈ પુરુષ દોસ્તની ઓળખાણ તો કરાવ. એમાં તો તારે કશું બીક રાખવા જેવું નથી.'

'પછી તું જેલસ થવા માંડશે હોં.'

'એવી જરાય બીક રાખતી નહીં. હું એવો જુનવાણી નથી.'

'મને લાગે છે કે મારે તને એવી કોઈ ઓળખાણ કરાવવી પડશે.'

રવીન્દ્ર તેના બોલવા ચાલવા પરથી જેવો જણાતો હતો એવો જ મિલનસાર, હસમુખો અને ઉદાર માણસ હતો. એ એકલિયો જીવ હતો એમ તો કોઈ કહી શકે એમ ન હતું, પણ બીજી તરફ એ વાતેય એટલી જ સાચી હતી કે તેને જિગરી કહી શકાય એવા કોઈ દોસ્તો ન હતા.

તેની નોકરી સ્થાનિક સિવિલ હૉસ્પિટલમાં હતી. સવારના આઠથી બાર અને એકથી પાંચ. બપોરે તો તે હૉસ્પિટલમાં જ ઘેરથી સ્પંદનાએ ભરી આપેલું ભાથું ખાઈ લેતો હતો. સાંજે બેયને સમસામે બેસીને ખાવાનો સમય મળતો હતો. સાંજેય તે મોટે ભાગે તો સમયસર છૂટી શકતો ન હતો. તે મોડો આવતો તો કદીક સ્પંદના તેને ટકોર કરતી. ને તેની ટકોરની જ રાહ જોતો હોય એમ એ ચાલુ થઈ જતો : 'શું કરું આજે આવવા નીકળતો હતો ને એક લેડી ડૉક્ટર વચમાં ટપકી પડી. હું એક નર્સની સાથે લેબોરેટરીમાં ગુસપુસ કરતો હતો. એનો હાથ મારા હાથમાં હતો ને મારો હાથ એના ડ્રેસ નીચે કશુંક ફંફોસતો હતો. બધી મજા બગાડી નાખી એણે.'

'પછી ?' આંખો નચાવતાં સ્પંદનાએ ટાપસી પૂરી.

'પછી શું ! એણે મને ઑફિસમાં બોલાવ્યો. કહે : મિ. દેસાઈ અમે તમારી પાસે આવી આશા નહોતી રાખી. મને એની ઈર્ષાનો ખ્યાલ આવી ગયો. ને મેં એને આમ કમરમાંથી પકડીને મારી છાતી સાથે ભીંસી નાખતાં આવું એક બુચ...' કહેતાં એણે સ્પંદનાને એક ચૂંબન દઈ દીધુ. અને એનો એવો તો બૂચકારો બોલાવ્યો કે પાડોશમાં કોઈ ઊંઘતું હોય તોય જાગી જાય.

'એવો લુચ્ચો છે તું. પછી પેલી ડૉક્ટરે તને સટાક કરતી એક ચોઢી દીધી એ વાત કેમ બાકી રાખી ! આ તો આપણાં લગ્નની શરમે મેં તને જતો કર્યો બાકી આવી નાલાયકી કરે તો માર જ ખાય ને !'

'સારું થયું કે આવી હરકત કરતા પહેલાં મેં લગ્ન કરી લીધાં એ. જો કે મેં તો તને લગ્ન પહેલાંય આવી ઑફર તો આપી જ હતી પણ તને એ સમજાઈ નહીં. નહીં તો આપણો કેટલો સમય બચી ગયો હોત અત્યારે તો તું ભારે પગે દિવસો ગણતી હોત.'

'કે પછી તું હજુય ચચરતો ગાલ પંપાળતો હોત.'

'એ તો પડત એવા દેવાત. પણ પેલી લેડી ડૉક્ટરની વાત તો હજુ તેં પૂરી સાંભળી જ ક્યાં છે ! એણે કહ્યું મને બચકાં ભરવા આવે છે એના કરતાં પેલી બારણામાં વાટ જોઈને ઊભી હશે એને જ જઈને વળગ ને. એટલે તો હું સીધો તારી પાસે આવ્યો અને... બાય યૂ.'

'બોલ્યો બાય યૂ. હું મરી જાઉં તો તારે શું ?'

'મારે શું કેમ ? જો તું મરી જાય તો હું ભગવાનનેય જીવતો ના છોડું.'

'કેવી વાત કરે છે ? તું તે ડૉક્ટર છે કે બહારવટિયો ? લોકો કોઈને જીવાડવાની વાતો કરતા હોય ત્યારે તું ભગવાનનેય મારી નાખવાની વાત કરે છે !'

આ બધાં મસ્તી તોફાનો છતાં પેલું મન-માંકડું જરાક એકલું પડતું કે નિશીથના વિચારે ચઢી જતું હતું.

અને એટલે તો આજે જ્યારે રવીન્દ્ર હૉસ્પિટલે ગયો ત્યારે એ નિશીથની રૂમ પર જવા નીકળી ને. એને લાગતું હતું કે નિશીથને નોકરી મળી ગઈ હશે તો એ નોકરી પર ગયો હશે. તો વળી એનું પેલું અટકચાળું મન એની એ દહેશતનો જવાબ વાળતું હતું : 'એમ મુંબઈમાં નોકરીઓ કયાં રેઢી પડી છે કે આજે શોધવા જાવ અને કાલે કામ પર ચઢી જવાય ?'

બહાર નીકળતા પહેલાં તો એ એના મનને મનાવવા પ્રયત્ન કરતી હતી કે તે માત્ર ફરવા જ નીકળી હતી. નિશીથને મળવા જવાની તેને લેશમાત્ર ઈચ્છા ન હતી. પણ જ્યારે એનાં પગલાં આપોઆપ જ નિશીથની રૂમ તરફ વળ્યાં ત્યારે એણે પેલા અટકચાળા મનને છાંસિયું કરતાં કહી જ દીધું : 'હા, હું નિશીથને મળવા જ જાઉં છું, બોલ, તારે શું કહેવું છે ?'

'મળવા જાય એનો વાંધો નહીં પણ જરા વિચાર કરી જો કે તું જે પગલું ભરી રહી છે એ બરાબર છે ?' પેલું મન સામી દલીલ કરી રહ્યું.

'કેમ, એમાં ખોટું શું છે ? હું મારા કોઈ મિત્રનેય ન મળી શકું ?'

'સાંજે રવીન્દ્ર આવે ત્યારે તું એને જણાવી શકીશ ખરી કે તું તારા એ મિત્રને મળવા ગઈ હતી ?'

'શા માટે મારે એને જણાવવું જોઈએ ?'

'એટલે જ કહું છું કે એ ચોરી છે, વિશ્વાસઘાત છે, છેતરપીંડી છે. તું એક એવા માણસને છેતરી રહી છે કે જેણે તારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકયો છે.' સ્પંદના એના આંતર મનના આ દ્વંદ્વથી કંટાળી ગઈ. તેણે કયાંક વાંચ્યું હતું કે માણસનું મન એ જ એની સારી નરસી ક્રિયાઓની આરસી છે. છેલ્લા ત્રણચાર મહિનાથી એ આનાથીય વધારે દુષ્કર અનુભવ કરી રહી હતી. કદીક તે મનનાં આ બે પાસાંના ગજગ્રાહને વધુ પડતી શંકાશીલતામાં ખપાવવાનો લૂલો પ્રયત્ન પણ કરતી હતી. પણ-

ગમે તેમ પણ તેનું ફફડતું મન આમાંનું કશું રવીન્દ્રને તો જણાવી શકવાનું જ ન હતું,. એ કેવી રીતે એને કહી શકે કે એ એના એક પુરુષ મિત્રને મળવા માટે ગઈ હતી. કદાચ કહે અને રવીન્દ્ર એને મળવાની જીદ પકડે તો નિશીથના વર્તન પરથી એને ખ્યાલ આવી જ જાય કે એ પ્રેમમાં આઘાત પામેલો માણસ છે. અને એ કદાચ બે અને બે ચાર કરી લે અને પોતાની સાથે એના સંબંધની એને ગંધ આવી જાય તો પોતાનું તો જે થવાનું હોય એ થાય પણ એને જ કારણે અમારા સંસારમાં ડખો પેદા થયો જાણી નિશીથ તો બાપડો આપઘાત જ કરી બેસે. એના મનમાં અનેક વિચારો પગથિયાં માંડતા હતા.

એ નિશીથની રૂમ પાસે પહોંચી. આજે બારી ખૂલ્લી જ હતી. એ ઘેર હશે જાણી તેને છૂપો આનંદ થયો તો હજુ એ નોકરી પર નથી લાગ્યો એમ માની એને દુઃખ પણ થયું. બારણું બંધ હતું પણ ટકોરા મારવાની જરૂર ન પડી. એ ઠાલું જ વાસેલું હતું. આંગળીના હળવા સ્પર્શે જ તે ખૂલી ગયું. તે અંદર પેઠી. નિશીથ બારી પાસે આરામ ખુરસીમાં બેસી કંઈક વાંચી રહ્યો હતો. સ્પંદનાને જોતાં એ ઊભો થઈ ગયો ને હાથમાંની ચોપડી એક તરફ મૂકતાં બોલ્યો : 'આવ, તબિયત તો બરાબર છે ને ?'

'મારી તબિયતને શું થવાનું હતું ? આ તો આ તરફથી નીકળી હતી તો થયું કે જોતી જાઉં કે તું નોકરીએ વળગ્યો છે કે પછી હજુ બેસી જ રહ્યો છે ?' રે દિલ નિશીથની આગળેય આવું જૂઠાણું શા માટે!

'નોકરીની વાતમાં તો એવું બન્યું કે તું ગઈ એને બીજે દિવસે જ નોકરી જાણે ઘર પૂછતી આવી હતી. બીજે જ દિવસે હું નોકરી પર લાગી ગયો હતો.'

'એમ ? કયાં ?' આવા કપળા કાળમાં નિશીથની નોકરી ઘર પૂછતી આવી એનું સ્પંદનાને આશ્ચર્ય થાય જ ને !

'પેલા શેઠની મેં તને વાત કરી હતી ને. એ શેઠની ફેક્ટરીમાં નોકરી મળી ગઈ.'

'ને એ શેઠને ત્યાં એમની એક પાલક છોકરી પણ છે એવુંય તું કહેતો હતો ને.' રે, મન તુંય કેવા કલ્પનાના ઘોડા દોડાવે છે !

'એ તો છે જ. પણ તેનું શું છે ?' નિશીથ ગૂંચવાઈ રહ્યો.

'મને એમ થયું કે નોકરીની સાથે કદાચ એ છોકરી સાથેય તારું ગોઠવાઈ જાય.'

'ક્યાં એ અને ક્યાં હું ! તારા અણસમજ્યે કરેલા નિશ્ચયની પાછળ તું આંધળી થઈને વળગી પડી છે. કોઈને માટે આવા અણછાજતા વિચારો કરી શા માટે ખોટા પાપમાં પડે છે ?'

'કોઈના લગ્ન માટે વિચાર કરવો એ કાંઈ પાપ છે ?'

'જ્યાં શક્યતાની જરાય આશા જ ન હોય ત્યાં એવી વાત કરવી એ તો પાપ કરતાંય વધારે.'

'તું ક્યારથી આવો થઈ ગયો છે ? તું પૈસાદાર નથી તેથી શું ! તું જુવાન છે, સુંદર છે, છોકરીઓને આકર્ષણ થાય એવો પ્રતિભાશાળી છે. તારામાં શું નથી ? અને તને ખબર છે આજની આ છોકરીઓ શાની પાછળ ઘેલી થાય છે ?'

'મને ખબર છે કે હું કોઈ છોકરીને ઘેલી કરી શકું એવો સ્માર્ટ નથી અને સાચું કહું તો મારે કોઈ છોકરીને ઘેલી કરવીય નથી.'

'તું નિરાશાવાદી બની ગયો છું. તને ખબર નથી કે તારામાં શું છે પણ મને ખાતરી છે કે તું જો એ છોકરી સાથે વાતચીતનો પ્રસંગ પાડશે તો એ છોકરી તારી પાછળ પાગલ થઈ જશે.'

'ને પછી એની દવા કરાવવા એને તારા દાકતર પતિ પાસે આવવું પડશે.' બોલતાં તે આડું જોઈ ગયો. એ બહારથી હસવા પ્રયત્ન કરતો હતો પણ એનું હૈયું તેમાં એનો સાથ દઈ શકતું ન હતું.

'તું પાછો આડી વાતોમાં ઊતરી ગયો.' તે બોલી.

'આડી વાતોમાં તો તું ઊતરી ગઈ. તું એ જોવા આવી હતી કે હું નોકરીએ વળગ્યો કે નહીં. હવે તને સંતોષ થઈ ગયો હશે કે હું નોકરીમાં લાગી ગયો છું. પછી બીજી આડીતેડી વાતો કરવાનો શો અર્થ ?' સ્હેજ ઊંચા અવાજમાં નિશીથથી બોલાઈ ગયું.

'હવે તું કેવો મરદ લાગે છે ! ભલા માણસ પુરુષ થઈને ગુસ્સો કરતાંય ન આવડે એ કેમ ચાલે ? પણ તું જેમ નોકરીએ વળગ્યો એવી રીતે કોઈ છોકરી સાથેય ગોઠવાઈ જાય એ પણ મારે જોવાનું છે તેનું શું ?' તે બોલી. તેને એમ હતું કે એનાં આવાં વચનોથી નિશીથ વધારે ગુસ્સે થશે પણ એ તો ગુસ્સે થવાને બદલે દિલગીર થઈ ગયો.

એણે કહ્યું : 'તારે શું જોવાનું છે અને શું જોવાનું નથી એ જ મને સમજાતું નથી. પણ આજે છેલ્લી વાર એક વાત કહી દઉં છું કે તું મહેરબાની કરીને કશું એવું જોવાની ઈચ્છા ન કરીશ કે જે મારા વશમાં ન હોય. હું તારી લાગણી સમજું છું પણ સાથેસાથે એ પણ જાણું છું કે તું મારા દિલને જાણી ચૂકેલી છે. એના પર ખોટું દબાણ લાવવા પ્રયત્ન કરીને તું દુઃખી ન થાય એવું હું ઈચ્છું છું.'

'હું તારા એ દિલની ગલીકૂંચીઓથી પરિચિત છું એટલે જ એક વાતની ચોખવટ કરી લેવા માગું છું કે તારે તારા એ દિલને કુંવારું રહેવા દેવાનું નથી.'

'તને તો ખબર જ છે કે એ મારા હાથની વાત નથી.'

'તારા હાથની વાત નથી તો પછી કોના હાથની વાત છે ?'

'મને ખબર નથી.' તે બોલ્યો અને ખુરસીના હાથા તરફ તાકી રહ્યો. ઘડીભર ખામોશી એ રૂમમાં આંટા મારી રહી, સ્પંદનાને શું બેલવું એ સમજાતું ન હતું ને નિશીથને કડવું બોલી એને વધુ દુઃખી કરવી ન હતી માટે. હા, નિશીથ થોડેઘણે અંશે નરમ થયો હતો એમ સ્પંદનાને લાગતું હતું. તેનો ગમ થોડો ઓછો થયો હોય એમ લાગતું હતું. થોડો સમય આમ જ પસાર થઈ જશે તો એ પોતાનું કહેવું ગંભીરતાથી સાંભળશે અને એનો અમલ કરવા પણ પ્રયત્ન કરશે ઃ તે વિચારી રહી.

તે નિશીથ સામે તાકી રહી હતી પણ નિશીથની આંખોનાં પોપચાં ઉંચકાતાં જ ન હતાં ને. સ્પંદનાને નિશીથના સ્વભાવનું આ પાસું વિચિત્ર લાગતું હતું. પોતે એને બેવફા નિવડી હતી. પોતાના પર એને ગુસ્સો આવવો જોઈએ. ગુસ્સે થવાને બદલે જાણે કે એ પોતે જ ગુનેગાર હોય એમ ઓશિયાળો બની રહ્યો હતો. આને એના સ્વભાવની લઘુતાગ્રંથી કહેવી કે એનો નિર્ભેળ પ્રેમ!

લગભગ અર્ધા કલાક જેટલો સમય એમ જ પસાર થઈ ગયો. અચાનક તંદ્રામાંથી જાગી જતાં એ બોલ્યો ઃ 'તને ચા પાવાનુંય હું ભૂલી ગયો.' કહેતાં એ ઊભો થયો. એ સ્ટવ તરફ આગળ વધ્યો. સ્પંદના નિશીથની રૂમ પર આવે ત્યારે એમનો કાયમનો આ કાર્યક્રમ હતો. લગ્ન પહેલાં સ્પંદના નિશીથના બોલવાની રાહ જોતી ન હતી. એ સ્ટવ સળગાવી ચાનું પાણી મૂકી દેતી હતી. મોટે ભાગે તો ચા માટેનું દૂધ નિશીથે પાણીની માટલી પાસે ઠંડકમાં ઢાંકી જ મૂકેલું હોતું. પણ કોઈ દિવસ દોસ્તો આવી ચઢ્યા હોય ને વપરાઈ ગયું હોય તો એ ખાલી તપેલી નિશીથને માથે પછાડતાં કહેતી ઃ 'મારા મોં સામે તાકી શું રહ્યો છું ? જા અને દૂધ લઈ આવ જલ્દી. વાંઢાના રાજમાં કદીક ચા ન હોય તો કદીક દૂધ ન હોય.'

ને આજેય જાણે સ્પંદનાએ એ શબ્દો કહ્યા હોય એમ એનાથી પુછાઈ ગયું ઃ 'શું કહ્યું ?'

મૂંગી થઈ ગયેલી સ્પંદના પણ આવા જ વિચારમાં અટવાયેલી હતી. ચમકતાં એ બોલી ઊઠી ઃ 'લાવ હું ચા મૂકું છું.' કહેતાં એ સ્ટવને પંપ કરવા લાગી. આ એ જ સ્ટવ હતો કે જેને માટે હજુ થોડા વખત પહેલાં જ સ્પંદનાએ નિશીથને કહ્યું હતું ઃ 'મારા અહીં આવતા પહેલાં જો તેં આ સ્ટવને બદલે નવો સ્ટવ નહીં વસાવ્યો હોય તો હું આને બારીએથી બહાર ફેંકી દઈશ.'

ને એની વાત સમજવા છતાં ન સમજ્યાનો ડોળ કરતાં નિશીથે કહેલું ઃ 'તે અત્યારેય તું આવેલી જ છે ને. ફેંકવો હોય તો ફેંકી દે. પણ કોઈને વાગે એવો જોરથી ન ફેંકતી પાછી.'

'અત્યારે તો હું ખાલી મળવા આવી છું એટલે ચલાવી લઉં છું પણ જ્યારે હું પરણીને આવીશ ત્યારે નહીં ચલાવી લઉં.'

'ત્યારે તો તારે માટે ગેસનો ચૂલો જ નહીં લઈ આવું ! પણ તું આવવાનું મૂરત કાઢે ત્યારે ને.' હસતાં જ નિશીથે એને ટકોર કરી હતી.

એ બધી જૂની યાદો તાજી થતાં સ્પંદનાની આંખોમાં પાણી તગી રહ્યાં. આડું જોઈ એણે આંખો લૂછી ત્યાં જ બારણું ખૂલ્યું ને એક યુવતી અંદર ડોકાઈ પણ અંદર એકને બદલે બે જણને જોતાં અચકાઈને પાછી ફરી જતાં એ બોલી ઃ 'સોરી.' ને એ બહાર નીકળી જવા ગઈ.

સ્પંદનાએ એને જતી જોઈ બૂમ મારી ઃ 'એઈ સોરી ! આમ આવ.'

પોતાને આમ બોલાવાતી જોઈ પેલી યુવતી ચમકી. ને આવી રીતે બોલાવનારને વૃંદા ન ઓળખે એ તો

બને જ કેમ ! પાછી ફરતાં એ બોલી ઊઠી : 'અરે સ્પંદના તું ?' ને સ્પંદનાએ ચ્હાનું પાણી ઉમેર્યું ત્યારથી ચ્હા ગળાઈ ત્યાં સુધીમાં બેય બેનપણીઓએ એટલી બધી વાતો કરી નાખી હતી કે બાપડા નિશીથને વચમાં પુરાવું હોય તોય ના પુરાઈ શકે.

આ વાતોમાંથી સ્પંદનાએ જાણી લીધું હતું કે નિશીથ પેલા શેઠની જે છોકરીની વાત કરતો હતો એ જ આ વૃંદા હતી. અને એમની ફેક્ટરીમાં જ નિશીથની નોકરી ચાલુ થઈ ગઈ હતી. અને વૃંદાને પણ ખબર પડી ગઈ હતી કે નિશીથ જે સ્પંદનાનાં લગ્નની વાત પૂછતો હતો એ આ જ સ્પંદના હતી.

'તે તારાં લગ્ન થઈ ગયાં એની મને તો ખબર જ નહીં.'

'બધું બહુ ઝડપથી ગોઠવાઈ ગયું એટલે મુંબઈથી કોઈ બેનપણીઓને બોલાવાઈ ન હતી.'

'વાંધો નહીં. પણ એ તો કહે કે તું કોની સાથે પરણી છે. આઈ મીન તારા હસબંડ શું કરે છે ?'

'ડૉક્ટર છે. સિવિલ હૉસ્પિટલમાં સર્વિસ કરે છે. ડૉક્ટર રવીન્દ્ર દેસાઈ. કયારેક ઓળખાણ કરાવીશ મારે ત્યાં આવીશ તો. અમે મરીન લાઈન્સ પર ઝંકારમાં ૧૫ નંબરમાં રહીએ છીએ.'

પરણ્યા પછી એને આ પહેલી જ સખી મળી હતી અને તે પણ નિશીથના ભાવિ જીવનમાં અગત્યનો ભાગ ભજવી શકે તેમ હતી એમ સ્પંદનાને લાગતું હતું. એટલે તો તેણે એને ઘેર આવવાનું આમંત્રણ આપી દીધું ને. બાકી લગ્નમાં એણે કોઈ બેનપણીઓને બોલાવી જ નહતી, કારણ કે નિશીથની યાદ એમની હાજરીથી વારંવાર તાજી થાય એવું તે ઈચ્છતી ન હતી. એમની ગેરહાજરી છતાં એ નિશીથની યાદથી લગ્નમંડપમાંય કયાં મુકત રહી શકી હતી ?

હવે લગ્નમાં ન બોલાવ્યાનો બેનપણીઓનો ઠપકો સાંભળવાની તેની સીઝન શરૂ થવાની હતી. આજે વૃંદાએ એનાં લગ્નની વાત જાણી હતી એટલે એક અઠવાડિયામાં તો બધી જ બેનપણીઓને કાનોકાન ખબર પડી જ જવાની હતી.

'હું તને એક જવાબદારી સોંપવા માગું છું.' ચા પિવાતી હતી એ દરમિયાન સ્પંદનાએ વૃંદાને કહ્યું.

'કહે, તારું કામ કરવાની કંઈ મારાથી હવે ના પડાવાની હતી ! આમેય તું ડૉક્ટરની પત્ની એટલે સમાજમાં મોટું માથું.' વૃંદાએ એને ઉડાવી.

'તારે જેમ માનવું હોય એમ માન પણ આ નિશીથની જવાબદારી તારે લેવી પડશે. એણે તમારે ત્યાં નોકરી તો લીધી છે પણ એ કયારે છોડી દે એનું કશું કહેવાય નહીં. વળી તે મહિના પહેલાં હતો એવો ઉદાસ ફરીથી ન થઈ જાય એ પણ જોવું પડશે. ખરું કહું તો તારે એને જીવતાં શિખવાડવાનું છે. ને બને તો એક છોકરી શોધી એને ગળે વળગાડી દેવાની છે. પછી-'

'તારે એમની ચિંતા કરવાની કશી જરૂર નથી. મારા કરતાંય એક મોટી પાર્ટીએ એમની જવાબદારી લઈ લીધી છે. મારા કાકાએ એમને માટે ઘણું બધું વિચારવા માંડ્યું છે.' વૃંદાએ એને વચમાંથી અટકાવતાં કહેવા માંડ્યું.

'તમે બધાં મારે માટે એટલું બધું વિચારવા માંડ્યાં છો કે મારે પોતાનેય મારે માટે કશું વિચારવાની જરૂર નહીં પડે એવું મને લાગે છે.' એમની વાતોથી કંટાળી નિશીથ વચમાં બોલી ઊઠ્યો.

'જરૂર કેમ નહીં પડે ! એક વખત ઘંટીના પડિયા જેવી કોઈ છોકરી તારે ગળે વળગી જશે પછી બધું તારે જ વિચારવું પડશે ને. ગોર પરણાવી આપે કંઈ ઘર થોડું માંડી આપે ! પછી તો વચમાં પડી માથું ફોડાવવું હોય એ જ તમારામાં વચમાં પડે.' સ્પંદનાએ કહ્યું. પછી અચાનક યાદ આવતાં પૂછ્યું : 'પણ અત્યારે નોકરીના

સમયે તું ઘેર ક્યાંથી ?'

'સ્હેજ સુસ્તી જણાતી હતી એટલે આજે કામ પર ગયો ન હતો.' પાછી એની ઉદાસી ડોકાઈ રહી.

'તમે કામ પર ન આવ્યા એટલામાં તો કાકા તળેઉપર થઈ ગયા. મને કહે : જા જોઈ આવ કે એ પાછો ક્યાંક માંદો તો નથી પડી ગયો ને.' વૃંદાએ પોતાના આવવાનું કારણ સ્પષ્ટ કરતાં કહ્યું.

'ચાલો એક વાતે તો શાંતિ થઈ. લાગે છે કે શેઠને તારા પ્રત્યે ઘણી લાગણી છે. પણ કંઈ દવાબવા લીધી કે નહીં ?' સ્પંદનાએ પૃછા કરી.

'બે એસ્પ્રો લીધી હતી ને તમે બેય જશો એટલે બીજી બે લઈ લઈશ.' તેણે કહ્યું.

'એટલે તારું કહેવું એમ છે કે અમે બે તારું માથું દુખાડીએ છીએ! ચાલ વૃંદા, આપણે જઈએ આ તો હવે ઊંધો વળગવા માંડ્યો છે.' કહેતાં સ્પંદના ઊભી થઈ. વૃંદા પણ ઊભી થઈ.

અચાનક નિશીથે કહ્યું : 'ફરીથી મારી ભાળ કાઢવા આવતી નહીં.'

'કેમ, હું આવું છું એ તને નથી ગમતું ?' સ્પંદનાએ ગુસ્સો દબાવી પૂછ્યું. આ એકનો એક સવાલ એણે કેટલી વાર ફરી પૂછવો પડશે તેનો વિચાર તે મનમાં કરી રહી. તે આવ્યા સિવાય રહી શકવાની ન હતી ને નિશીથ તેને ટોક્યા સિવાય રહી શકવાનો ન હતો એની તેને ખબર હતી જ.

'તારે એમ માનવું હોય તો એમ માન પણ ફરીથી મારી ખબર કાઢવા આવતી નહીં.' અપમાન કર્યેય જો એ આવતી બંધ થતી હોય તો તેમ કરવામાંય નિશીથને વાંધો ન હતો.

ને સ્પંદનાને તેનું આવું બોલવું રુચ્યું નહીં જ. છતાં એ બોલી : 'ભલે હું હવે નહીં આવું પણ મેં જે કહ્યું છે એના પર અમલ જરૂર કરજે.' કહેતાં એ બહાર નીકળી ગઈ. નિશીથની આવી તોછડી વર્તણૂકથી તેને ખોટું લાગે એ સ્વાભાવિક જ હતું. હા, જો વૃંદાની એ વખતે હાજરી ન હોત તો એને એ વાતનું બહુ ખોટું ન લાગ્યું હોત એ વાતેય સાચી. વૃંદા હાજર ન હોત તો સ્પંદનાએ તેની વાત હસવામાં કાઢી નાખી હોત કે પછી ખોટો ગુસ્સો કરી એને મનાવી પણ લીધો હોત કદાચ. પણ આજે એણે બહાર નીકળી સાડીનો પાલવ આંખે લગાડી આંખો કોરી કરવા પ્રયત્ન કર્યો એ વાત તો સાચી જ.

વૃંદા અને નિશીથની વચ્ચે હજુ કોઈ મૈત્રીભાવ જનમ્યો ન હતો. છતાં તે સ્પંદનાના બહાર નીકળી ગયા પછીય રોકાઈ : 'કાકા તમારી તબિયત વિશે પૂછે તો એમને શું કહું ?' એણે પૂછ્યું.

'કહેજો કે સ્હેજ બેચેની લાગતી હતી એટલે કામ પર આજે અવાયું ન હતું પણ કાલે તો હું જરૂર આવી જઈશ.' તેણે કહ્યું ને વૃંદા બહાર નીકળી.

વૃંદાનો ઊછેર મુંબઈમાં જ થયો હતો એટલે તે કાંઈ વહેમી સ્વભાવની ન હ્તી. છતાં તેના મનમાં વહેમનો કીડો તો સળવળ્યો જ. નિશીથનું નોકરી પર ન આવવું અને સ્પંદનાનું તેને ત્યાં હોવું એ બે વચ્ચે કોઈ સંબંધ તો જરૂર હતો જ એમ તેને લાગ્યું. બેચેની હોવાની વાત તેને સાચી લાગતી ન હતી પણ છતાં એ બે વચ્ચે કોઈ અઘટિત સંબંધ હોવાનું માની લેવા જેટલી વહેમી તો તે નહોતી જ.

એણે સ્પંદનાને હજુ બહાર વાટ જોઈને ઊભેલી જોઈ કહ્યું : 'ચાલ, તને ઘેર મૂકી જાઉં.' ને થોડી આનાકાની કર્યા પછી સ્પંદનાએ એની સાથે કારમાં બેસી જવું જ પડ્યું. હજુ થોડે દૂર ગયાં હશે ત્યાં જરવીન્દ્ર હાથમાં એટેચી હલાવતો ઘર તરફ જતો તેમને મળ્યો. સ્પંદનાએ વૃંદાને ગાડી ઊભી રાખવા જણાવ્યું. રવીન્દ્રની નજર સ્પંદનાના પર પડી.

સ્પંદનાને ગાડીમાં જોતાં એની આંખો હસી રહી : 'તારાં સહેલીની કાર મને બતાવવાનો તારો ઈરાદો

લાગે છે.' હસતાં જ એણે કહ્યું.

'બહાર ઊભા રહીને જ ન જોવી હોય તો આવી જાવ અંદર.' વૃંદાએ એવો જ હળવો જવાબ વાળતાં કહ્યું. ને રવીન્દ્ર પાછળનું બારણું ખોલવા જતો હતો તે જોતાં ઉમેર્યું : 'આગળ તમારાં 'એ'ની પડખે જ આવી જાવ ને. ઘણી જગ્યા છે આગળ.' એની આવી ટકોરે સ્પંદનાના હોઠ મલકાયા. એણે એક હાથે બારણું ખોલ્યું ને બીજા હાથની કોણીનો હલકો ગોદો વૃંદાને મારી લીધો.

'તેં મને તારાં આ સહેલીનો મને પરિચય તો કરાવ્યો જ નહીં.' બેઠા પછી રવીન્દ્રએ સ્પંદનાને કહ્યું.

'ઓળખાણ કરાવવાની રાહ જુઓ એવાં છો બેમાંથી એકેય!' સ્પંદનાએ કહ્યું અને વારા ફરતી બેયની સામે જોઈ લીધું.

'કયાં ગયાં હતાં બન્ને ?' રવીન્દ્રએ પૂછ્યું.

સવાલ આમ તો સાદો જ હતો જો વૃંદાની હાજરી ન હોત તો. સ્પંદના એક વખત તો તેના આ સવાલથી ગભરાઈ પછી તેણે હસતાં જવાબ આપ્યો : 'અમારા એક પુરુષ મિત્રને ત્યાં.'

'બાપડો, બે બે જુવાનડીઓ એકી સાથે મળવા આવે એટલે એની તો રેવડી જ થઈ ગઈ હશે.'

'અરેરે, ત્યારે તો તમારીય હવે તો રેવડી જ થશે. ચાલો એ બહાને બહુ દિવસે રેવડી ખાવાની તો મળશે.' થોડું રવન્દ્ર તરફ અને થોડું સ્પંદના તરફ જોઈને વૃંદાએ કહ્યું. એની એક ગણતરી તો ખોટી પડી હતી. સ્પંદનાએ ખોટું બોલવાને બદલે પોતાના પુરુષ મિત્રને મળવા ગઈ હોવાની વાત કરી એને ચકિત કરી દીધી હતી. તો શું રવીન્દ્ર પણ નિશીથને જાણતો હતો કે પછી નિશીથ એમના બેમાંથી કોઈનો સગો હતો ! એ ગૂંચવાઈ રહી.

'મારી રેવડી બનાવશો તો તે પણ દવા જેવી કડવી જ લાગશે હો.'

'તમારી દવાઓ તો કડવી હોય છે પણ રેવડીય એટલી જ કડવી થતી હશે એની ખબર ન હતી. બહુ કડવા થવું સારું નહીં. લોકો થૂંકી નાખશે, થૂંકી.'

'લોકો ઓગાળીને પી જાય એવા મીઠા થવાનું પણ બહુ સારું તો નહીં જ ને.' કહી રવીન્દ્રએ સ્પંદના તરફ જોતાં ઉમેર્યું : 'પછી તમારા પેલા પુરુષમિત્રની વાત તો તમે કહી જ નહીં.'

'મારા એ પુરુષમિત્રની પાછળ મારી એક સ્ત્રીમિત્ર હમણાંની પાગલ થઈ આંટા મારવા માંડી છે તે એ મને પૂછતો હતો કે ડૉક્ટર એવા પાગલપણાની દવા કરે છે ખરા ?' સ્પંદનાએ ત્રાંસી આંખે વૃંદા તરફ જોતાં કહ્યું.

વૃંદા પહેલાં તો એમાંનું કંઈ સમજી નહીં પણ પછી સમજાતાં એ થોડી શરમાઈ, વધારે તો ગુસ્સે થઈ અને એથીય વધુ તો સ્પંદનાને સણસણતો જવાબ આપવા એની સામે તાકી ત્યાં રવીન્દ્ર બોલી ઊઠ્યો : 'એને કહેજે કે ડૉક્ટરો પાછળ ખોટા પૈસા ન બગાડે. છાનો માનો પરણી જાય. પેલીનું પાગલપણું આપોઆપ દૂર થઈ જશે.'

'આય હાય, તમે તો કેવા ડૉક્ટર છો! લાલ-પીળાં પાણીની બાટલીઓ ભરી આપીને ને પાણીનાં ઈંજેક્શન મૂકીને પૈસા પડાવી લેવાને બદલે આવી ઊંધી સલાહ આપો છો!' વૃંદાને હાથ સ્પંદનાને બદલે રવીન્દ્ર ચઢી ગયો.

'આ તો બિનધંધાધારી સલાહ થઈ, કારણ કે આ તો મારી પત્નીના પુરુષમિત્રની સ્ત્રીમિત્રનો કેસ છે. એટલે એ પુરુષમિત્રની સ્ત્રીમિત્રના પતિ તરીકે મારે યોગ્ય જ સલાહ આપવી પડે. પણ તમને કેમ અત્યારથી જ દાઝવા માંડ્યું ?'

અનુક્રમ

# ૯. પિછાણની પા પા પગલી

નિશીથને એ સમજાતું ન હતું કે ધનુભાઈ શેઠે એને નોકરીમાં શા માટે રાખ્યો હતો. આમ જોવા જઈએ તો તેની આ વાત ખોટી પણ ન હતી. જે કામ તે કરી રહ્યો હતો એ કામ તેના પોતાના શબ્દોમાં કહીએ તો કામ જ ન હતું. આમ છતાં શેઠે તેને આસિસ્ટંટ મેનેજરની સાથે મૂકયો હતો. તેને કોઈ ચોકકસ કામની સોંપણી કરવામાં આવી ન હતી પણ શેઠે એને રૂબરૂમાં એટલું કહ્યું હતું કે એ મેનેજર બતાવે એ કામ કરવું અને બાકીના સમયમાં પેઢીનો જૂનો પત્રવ્યવહાર વાંચ્યા કરવો. અલબત્ત આ કામ તેને દેખીતી રીતે ઉપયોગી જણાતું ન હતું પણ એને એના પરથી એક ખ્યાલ આવી ગયો હતો કે શેઠ એને પેઢીના વ્યવહારથી પરિચિત કરવા માગતા હતા.

આની પાછળ એમની કોઈ ગણતરી હોય તો એ જ હોઈ શકે કે શેઠ એને કોઈ ચોકકસ જગ્યા માટે તૈયાર કરી રહ્યા હતા. નિશીથને એટલે તો એક પ્રશ્ન વારંવાર થયા કરતો હતો કે આખર તે આવું શા માટે કરતા હશે ? પોતાનામાં એમને એવો કયો ગુણ દેખાયો હશે કે તે પોતાના ગોડ ફાધર બનવા માગતા હશે ?

તેના આ પ્રશ્નનો જવાબ તેની પાસે ભલે ન હતો પણ શેઠ પાસે એનો જવાબ હતો અને એથીય ચોકકસ જવાબ હતો શેઠાણી પાસે. આજથી પંદરેક વરસ પહેલાં એમનો એકનો એક દીકરો સુસ્મિત અચાનક ગુમ થઈ ગયો હતો. તેના ગુમ થયાની વાતથી શેઠાણીના મગજની સમતુલા છિનવાઈ ગઈ હતી. શેઠે સુસ્મિતની શોધ માટે એક જ મહિનામાં દશ હજાર રૂપિયાનું પાણી કર્યું હતું. પણ બધું જ વ્યર્થ. સુસ્મિતને જાણે ધરતી જ ગળી ગઈ હતી. તેનો કયાંયથી પતો લાગ્યો ન હતો. ન તો તેનો કશો પતો મળ્યો હતો કે તે જીવતો છે કે મરણ પામ્યો છે એની કોઈ ભાળ તેમને મળી શકી ન હતી.

શેઠાણીની હાલત ત્યારથી દયનીય બની ગઈ હતી. દિવસનો મોટો ભાગ તે ઘરમાં મૂંગાં, શૂન્યમનસ્કશાં બેસી રહેતાં હતાં. પણ કદીક મનમાં રુંધું ભરાઈ આવતાં સુસ્મિતને શોધવા ગાડી ડ્રાયવર સાથે મુંબઈની ગલીઓમાં નીકળી પડતાં ને પચાસ-સાઠ માઈલની રખડપટ્ટી કરી આવતાં હતાં. શરૂમાં તો ડૉકટરોએ તારણ કાઢ્યું હતું કે એમાં વખત જતાં સુધારો થઈ જશે પણ હવે તો એ ડૉકટરોય ખોટા પડયા હતા. શેઠે પણ જાણે તેમની સાજાં થવાની આશા મૂકી દીધી હતી.

છેલ્લાં સાતેક વરસથી તો તેઓ અવાર નવાર પોલીસ ચોકીનો ફોન જોડતાં હતાં અને સુસ્મિતની તપાસ કરવા ફરિયાદ નોંધાવતાં હતાં. શરૂમાં તો પોલીસ ખાતાએ શેઠની શરમે આ ચલાવી લીધું હતું પણ છેવટે એમણે શેઠને જણાવી દીધું હતું કે જો તેમની આવી જ કનડગત રહેશે તો પોલીસે ઘટતાં પગલાં લઈ શેઠાણીને પાગલખાને મોકલવાની કારવાઈ કરવી પડશે. પછી તો શેઠે પોતાનો ઘરનો ફોન તાળાકૂંચીમાં મૂકી દીધો હતો અને બહાર એક કનેકશન વગરનો ફોન શેઠાણી માટે મૂકી રાખ્યો હતો. ને શેઠાણીની સંભાળ રાખવા માટે એક કાયમી નર્સની વ્યવસ્થા કરી દીધી હતી.

છેલ્લાં ચારેક વરસથી શેઠને માથે વૃંદાની જવાબદારી આવ્યા પછી શેઠાણીની તબિયતમાં સરો એવો સુધારો જણાવા લાગ્યો હતો. ત્યાં જયારે ચારેક મહિના પહેલાં શેઠ બેભાન નિશીથને મોટરમાં બંગલે લઈ આવ્યા ત્યારે તો શેઠાણીની સ્થિતિમાં એક નવો જ વળાંક આવ્યો હતો.

શેઠાણીએ શેઠને કહી દીધું હતું કે એ ભલે એમનો સુસ્મિત ન હતો પણ એમને એ પોતાના દીકરા જેવો લાગ્યો હતો. ગમે તે ભોગેય એ એને પોતાની નજર સમક્ષ રાખવા માગતાં હતાં. ને એની લાયકાત તથા સ્વભાવ જોયા પછી શેઠનેય તે ગમવા માંડ્યો હતો. એટલે શેઠે એને પોતાની ફેકટરીમાં નોકરી આપી દીધી હતી. એ

બહાને એને કોઈ ને કોઈ બહાનું કાઢી બંગલે બોલાવી શકાશે અને શેઠાણીના દિલને કરાર વળશે એવી તેમની ગણતરી હતી. પણ જેમ જેમ તે એના પરિચયમાં આવતા ગયા તેમ તેમ એમને પણ તે વધુને વધુ ગમવા માંડ્યો. એમને થયું કે એનામાં ખાનદાનીની આભા હતી. એને કોઈ પણ જવાબદારી સોંપવામાં આવશે તો એ નિભાવવામાં તે પાછો નહીં જ પડે.

ને શેઠાણીના મનમાં તો ઊગી ગયું હતું કે ભગવાને એમના સુસ્મિતને જ નિશીથના રૂપે એમની પાસે મોકલ્યો છે. જેટલે અંશે એ નિશીથને સુખી કરશે એટલે અંશે ભગવાન એમના સુસ્મિતને એ જ્યાં હશે ત્યાં સુખી રાખશે. એટલે તો એમણે જ્યારે શેઠે એને નોકરીમાં રાખ્યો ત્યારે એમણે શેઠને કહી દીધું હતું ને કે એને ગમે તે કામ સોંપો પણ સવારે એ આપણે ત્યાં જ નાસ્તો કરવા આવે એવું ગોઠવજો.

તો શેઠનું વેપારી માનસ એને નોકરી રાખતા પહેલાં એક ગણતરી તો કરી જ ચૂક્યું હતું. શેઠાણીની લાગણી સમજી એમણે એને નોકરીમાં રાખવાનો નિર્ણય કર્યો એમાં કોઈ વાતે ખોટનો ધંધો તો ન જ હતો. એને જે પગાર આપવાનો હતો એની સામે એટલી લાયકાતવાળો માણસ તો મળતો જ હતો. વળી એની વર્તણૂંક અને એનો સ્વભાવ જોતાં એ નોકરી વફાદારી પૂર્વક કરશે એની પણ એમના મનમાં શ્રધ્ધા બેસી ગઈ હતી.

નિશીથને એક વખત નોકરીમાં રાખી લીધો પણ એક જ મહિનામાં શેઠ અને શેઠાણી એના સ્વભાવથી એવાં તો પ્રભાવિત થઈ ગયાં હતાં કે તેના બગર એમને જાણે ગોઠતું જ ન હતું. થોડા દિવસ પહેલાં જ શેઠાણીએ નિશીથને જણાવી દીધું હતું કે ઑફિસે પાછા જવાનું થોડું મોડું થાય તોય વાંધો નહીં પણ તેણે રોજ બપોરે ખાવા માટે તો શેઠની સાથે બંગલે જ આવવું. બજારનું આચરકુચર ખાઈને પાછો માંદો પડી જાય એવું એણે કરવાનું ન હતું. નિશીથે આનાકાની કરવા પ્રયત્ન કરી જોયો પણ શેઠ પણ શેઠાણીની સાથે જોડાઈ ગયા એટલે નિશીથે પણ લોલ ભેગી લોલ કરવી પડી.

એમ કરતાં સાંજના ઘેર જતી વખતે પણ શેઠે એને પરાણે પોતાની સાથે બંગલે લઈ આવવા માંડ્યો તો કેટલીક વખત બજારમાંથી નાની મોટી ચીજ-વસ્તુઓ ઘેર પહોંચાડવાની હોય તો તે કામ પણ શેઠે તેને સોંપવા માંડ્યાં. આ બધામાં એક વાત રહી ગઈ હતી અને તે હતી નિશીથનો પગાર નકકી કરવાની. પણ તેનો પગાર નકકી કરવાની વાત શેઠને હવે અગત્યની જણાતી ન હતી.

હજુ ગયે મહિને જ એમણે વૃંદાને કહ્યું હતું : ‘આ છોકરો બધી રીતે લાયક છે પણ એને ગાડી ચલાવતાં નથી આવડતું એટલે એ કદીક મૂંઝાઈ જાય છે. તું એને એટલું શિખવાડી દે તો !’

પછી તો જોઈએ જ શું ? વૃંદા જ્યારે નવરી પડતી ત્યારે નિશીથને લઈ દૂર પરાંમાં એને કાર ચલાવતાં શિખવવા ઊપડી જતી. નિશીથ તો એ બધાંના આવા વહાલથી ગભરાઈ જ રહ્યો હતો. બધાંનો આટલો બધો ભાવ એને મૂંઝવી રહ્યો હતો છતાં જાણે આ કાર ચલાવતાં શીખવાનું પણ પોતાની નોકરીનો જ એક ભાગ હોય એમ એ એમાં વળગી પડ્યો હતો. છેલ્લા એક અઠવાડિયાથી તો એ શહેરમાં પણ સ્ટીયરિંગ વ્હીલ સંભાળતો થઈ ગયો હતો.

આજે પણ એ વૃંદાની સાથે પચીસેક માઈલની મુસાફરી કરીને કાર ચલાવતો પાછો ફરી રહ્યો હતો ત્યારે એણે સ્પંદનાને શાકની થેલી ઝુલાવતાં ઘરભણી જતી જોઈ. સ્પંદનાની નજર પણ તેના પર પડી અને વૃંદાની અડોઅડ બેસીને કાર ચલાવતા નિશીથને જોઈ એ મલકાઈ રહી. નિશીથ થોડો શરમાયો પણ એણે કાર ઊભી રાખી. બાજુની સીટ પરથી બારણું ઉઘાડતાં વૃંદાએ કહ્યું : ‘આવી જા અંદર, અમે હવે બંગલે જ જઈએ છીએ.’

‘માફ કરજો પણ મારે ડૉકટરના આવવાનો સમય થયો છે એટલે ઘેર જ જવું પડશે.’ સ્પંદનાએ કહ્યું.

'તે ડૉક્ટરની પાસે ઘરની ડુપ્લીકેટ ચાવી તો હશે જ ને !' નિશીથે મમરો મૂકયો. કેમ તેની તો તેનેય ખબર ન પડી.

'હા, ચાલને આપણે બંગલેથી તારા ડૉક્ટરને ફોન કરી દઈશું કે અમે તારી ઘરવાળીને ઉપાડી ગયાં છીએ. પાછી જોઈતી હોય તો રૂબરૂ આવી ને લઈ જજો.' ને આ લોકો સાથે વધારે લમણાંઝીક કરવાને બદલે સ્પંદના વૃંદાને હડસેલો મારતાં તેની બાજુમાં ગોઠવાઈ ગઈ. ને નિશીથે કાર ચલાવી. તેને કાર ચલાવતો જોઈ સ્પંદના આનંદથી મુસ્કુરાઈ રહી. વૃંદા જાણ્યે અજાણ્યે પણ નિશીથની સાથે મન પરોવતી જતી હતી એ એની નજરથી ઓછાયું ન રહ્યું. વૃંદા સ્પંદનાનો મુસ્કુરાટ જોઈ મનમાં શરમાઈ રહી હતી. અલબત્ત આ બે જણને એકબીજામાં આટલો રસ લેતાં જોઈ પોતે કેટલી ખુશ થઈ હતી એ પ્રગટ કરી સ્પંદનાએ એમને વધુ શરમાવવાનું માંડી વાળ્યું.

પણ એનો આ આનંદ વધારે વખત મૂંગો રહી શકે ખરો ! 'તેં તો નિશીથને મેનેજર બનાવવાને બદલે ડ્રાયવર બનાવી દીધો.' તેણે ટકોર કરી.

'શું કરું! કાકા કહે છે કે મેનેજરની પહેલી લાયકાત એ હોવી જોઈએ કે તેને બધાં કામ જાતે કરી લેતાં આવડવાં જોઈએ.' વૃંદાએ બચાવ કર્યો.

'ને એમાં પહેલી નજર એમને ડ્રાયવિંગ પર પડી. તારા કાકાને કહેજે કે નિશીથને જાતે ચ્હા બનાવતાં, રસોઈ કરતાં, વાસણ માંજતાં ને કચરા કાઢતાં એવા આવડે છે કે એવા તો તમારા કોઈ મેનેજરને નહીં આવડતા હોય. અને બાપડો પરણશે તોય એવી પત્ની પામવાનો છે કે એ બધાં કામ એણે જાતે જ કરવાં પડવાનાં છે.' સ્પંદનાએ હસતાં કહ્યું.'

'ચિબાવલી.' એની ટકોર સમજી જતાં વૃંદા ચીઢથી બોલી પડી.

'તું વગર સમજ્યે બાફ્યે જાય છે.' નિશીથે કહ્યું.

'એક નંબરની ઘોચું.' વૃંદાએ પણ ઉમેર્યું.

'તમે બે અંદર અંદર લઢતાં હો તો મને વચમાં ન લાવતાં.' સ્પંદનાએ કહ્યું.

'અમે તને જ કહીએ છીએ, મૂર્ખી.' વૃંદા બોલી ઊઠી. નિશીથ પણ સ્પંદનાની ટકોરનો ભાવાર્થ સમજી ગયો હતો એ જાણી એ વધારે શરમાઈ ને એટલી જ ગુસ્સે થઈ.

'ભલે મને કહો.'

'તું આટલી બધી મૂર્ખ હોઈશ એ હું નહોતી જાણતી.' ચીઢથી વૃંદાએ કહ્યું.

'તે એમાં પણ તું તારી જાતને નંબર વન જ સમજતી હતી કે શું?' સ્પંદનાએ વળી પાછો ઉપાલંભનો ગોળો ફેંકયો.

'તું કશું સમજતી નથી કાકાએ કહ્યું કે એમને ડ્રાયવિંગ શિખવાડ એટલે પછી મારે–' વૃંદા બોલવા ગઈ.

'બિચારા ઘરડા માણસ. એમને કોઈ ડ્રાયવર નહીં મળ્યો હોય નિશીથને ડ્રયવિંગ શિખવાડવા એટલે પોતાની ઉંમરલાયક ભત્રીજીને એ કામ સોંપ્યું. પણ તનેય એમના આ સૂચનનો ભાવાર્થ ન સમજાયો એ આશ્ચર્યની વાત કહેવાય.'

'એટલું સારું છે કે તારા જેવા નાના મનનું કોઈ માણસ અમારા ઘરમાં નથી. ભગવાનનો એટલો આભાર.' વૃંદા ખરેખરની ચીઢાઈ હોય એમ લાગતું હતું.

'તમે બેય કાબરો કલબલાટ મૂકી મને શાંતિથી કાર ચલાવવા દેશો!' પેલા પુરુષદિલે શાસનમાં જ ઉધ્ધર જોયો. આ બેની જીભાજોડીમાં એની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ હતી. સ્પંદના તો પોતાના ધ્યેય પાછળ આંધળી થઈને પડી હતી એટલે એ તો કોઈ પણ પ્રસંગને પોતાની રીતે જ જોતી હતી અને પોતાની રીતે જ એને મૂલવતી હતી. વૃંદા પોતાના મનમાં શું માનતી હતી એની તો નિશીથને ખબર ન હતી પણ નિશીથને એટલી તો ખબર હતી કે એમની બે વચ્ચેનો સંબંધ હજુ બે સમવયસ્ક દોસ્તો જેવા પાયા પર પણ પહોંચ્યો ન હતો. અને એને એ વાતનીય ખાતરી હતી કે એ સંબંધ કદી એનાથી આગળ વધવાનો ન હતો. પણ જો એણે વૃંદાના દિલમાં ડોકિયું કરવાનો પ્રયત્ન કર્યો હોત તો એને સમજાઈ જ ગયું હોત કે સાવ એવું ન હતું. વૃંદાએ ચિઢાવાનો ચાળો કર્યો હતો જરૂર પણ એ વાસ્તવમાં ચિઢાઈ ન હતી – ચિઢાઈ શકી ન હતી.

બંગલે પહોંચી વૃંદાએ અમૃતગૌરીને સ્પંદનાની ઓળખાણ આપી અને એને ટેલિફોનવાળો ઓરડો બતાવી એ કપડાં બદલવા એના ખંડમાં ગઈ. સ્પંદનાએ હૉસ્પિટલનો નંબર જોડ્યો. સદ્‌ભાગ્યે રવીન્દ્ર નવરો જ હતો અને ઘેર જવા નીકળવાની જ તૈયારીમાં હતો. સ્પંદનાએ પૂછ્યું : 'આજે તારો ઘેર આવવાનો કેટલા વાગ્યાનો પ્રોગ્રામ છે ?'

'હજુ સુધી તો મારો કોઈ પેશન્ટ સીરીયસ થયો જણાતો નથી. જો કોઈ છેલ્લી મિનિટે પોતાનો વિચાર નહીં બદલે તો હું પાંચેક મિનિટમાં ઘેર આવવા નીકળું જ છું. કેમ ફોન કરવો પડ્યો ! પણ તું કયાંથી બોલી રહી છે ?'

'મારી બેનપણી વૃંદાના કાકાને બંગલેથી.'

'એમ, તો તો પછી ઘેર આવવાની ઉતાવળ ન કરતી. હુંય હવે તો ઘેર આવવાની ઉતાવળ નહીં કરું. પણ તું ત્યાં કયાંથી પહોંચી ગઈ ?'

'થયું એવું કે વૃંદા અમારા એ પુરુષ મિત્રને કાર ચલાવતાં શિખવતી હતી ત્યાં હું સામી ભટકાઈ પડી. પછી તો એ મને સાથે લીધા વગર છોડે !'

'મનમાં તો બબડ્યાં હશે કે આ કયાંથી સામી ભટકાઈ ગઈ; કબાબમાં હાડકા જેવી. હં પછી ?'

'પછી શું ? હું તેમની સાથે હજુ હમણાં જ એમને બંગલે આવી.'

'હવે પછી તમારો શો કાર્યક્રમ છે ?'

'જો વૃંદા વચમાં ન હોત તો હું મારા એ મિત્ર સાથે કોઈ ફિલ્મ જોવા જાત અને તને મૂકત પડતો.'

'મેની મેની થેંકસ ટુ વૃંદા. પણ જો તમારો ફિલ્મ જોવાનો પ્લાન હોય તો મારે કારણે કેન્સલ ન કરતાં. હું તમને મેટ્રો પર બરાબર આઠ ને ત્રીસે મળીશ. હું ટિકીટો મંગાવી લઉં છું.'

'તો મહેરબાની કરીને ચાર ટિકીટો લેજે. એ લોકો મને આજે એમ છોડવાનાં નથી.'

'ચાલો ત્યારે મારે એમ સમજવાનું છે કે એ બહાને તું મને તારા એ પુરુષમિત્રની ઓળખાણ કરાવવા માગે છે. તો તમારી આજ્ઞાનો જરૂર અમલ કરવામાં આવશે, મેમ.' કહેતાં રવીન્દ્રએ ફોન મૂકયો. સ્પંદના ફોન મૂકી જ્યારે સિટિંગરૂમમાં આવી ત્યારે નિશીથ અને શેઠાણી વાતોએ વળગ્યાં હતાં. ત્યાં વૃંદા પણ કપડાં બદલીને આવી પહોંચી.

'ડૉકટર સાથે કાંઈ બહુ વાતો કરી!' આવતાં જ એણે કહ્યું.

'તું કપડાં બદલીને આવી અને મેં ફોન પર તમારો પ્લાન બદલી નાખ્યો.'

‘શાનો ?’

‘બે ફાટેલાં જુવાનિયાંને મેટ્રો પર લઈ જઈ બોકસમાં પૂરવાનો પ્લાન કરી નાખ્યો. રવીન્દ્ર ટિકીટો મંગાવી લેશે અને આપણને મેટ્રો પર સાડા આઠે મળશે. ને મારી એક બેનપણીની કાર છે અને એક દોસ્ત તાજો જ ચલાવતાં શીખ્યો છે એટલે બીજી વાત શી વિચારવાની !’

‘બિચારા ડૉકટરને ભૂખ્યા જ રાખવાનું તેં નકકી કર્યું લાગે છે.’

‘નાસ્તો તો જાણે થિયેટર પર કરી લઈશું ને ઘેર જઈને બાર વાગે ખાઈશું વળી.’

‘બાર વાગ્યે! બાર વાગ્યે ખાવામાં તો કશી મજા આવતી હશે !’

‘તું હજુ પરણી નથી એટલે બાકી પરણ્યા સાથે સામે બેસીને ખાવાનું હોય તો કેટલા વાગ્યા છે એ તો શું પણ શું ખાવાનું બનાવ્યું છે એનુંય ભાન ન રહે. પરણી જા એટલે બધી ખબર પડશે.’ પોતાના સ્વભાવથી વિપરિત નિશીથથી બોલાઈ ગયું. એણે કહ્યું તો વૃંદાને પણ એનું લક્ષ્ય સીધું સ્પંદના તરફ હતું અને એટલે તો એની ચોટ સીધી સ્પંદનાના દિલમાં વાગી ને. એણે કેમ આ ટોંણો માર્યો એ સમજાવાની મથામણમાં સ્પંદના અટવાઈ રહી.

ત્યાં અમૃતગૌરી તેમની પાસે આવતાં વચમાં પુરાયાં : ‘શી વાતો કરો છો તમે જુવાનિયાં ?’

‘અમે જમીને બહાર જવાનું ગોઠવતાં હતાં.’

‘કોણ કોણ ?’

‘અમે ત્રણ જણ અને સ્પંદનાના પતિ. એ હૉસ્પિટલથી બારોબાર આવવાના છે.’ વૃંદાએ બધાંનો પ્લાન કહ્યો. નિશીથને આવી કશી ખબર જ ન હતી. એણે એમાં પોતાની બાદબાકી કરાવવાનો વિચાર કર્યો પણ એની રજુઆત કેમ કરવી એ ન સમજાતાં એ ગૂંચવાઈ રહ્યો.

‘સિનેમા જોવા જવાનાં હશે પણ નિશીથની તબિયત-’ એમનું વહાલ નિશીથની ચિંતા કરી રહ્યું.

‘એટલે તો આ કાર્યક્રમ ઘડ્યો છે. સ્પંદનાના પતિ દાકતર છે એટલે એમની સાથે નિશીથની ઓળખાણ પણ કરાવી લેવાશે.’ વૃંદાને માને કેમ સમજાવવાં એ બરાબર આવડતું હતું.

‘એમ! ત્યારે એમને આપણે ત્યાં કયારેક લઈ આવજે. કયાં છે દવાખાનું એમનું ?’

‘દવાખાનું હજુ શરૂ નથી કર્યું, સિવિલ હૉસ્પિટલમાં હજુ સર્વિસ કરે છે.’ વૃંદાને બદલે સ્પંદનાએ જવાબ વાળ્યો.

તે સાંજે સ્પંદનાની ઘણી આનાકાની છતાં એણે બધાંની સાથે જમવા બેસી જવું પડ્યું. ફિલ્મ જોવા જવામાં નિશીથ આનાકાની કરતો હતો પણ આ બે જણીઓએ એને પરાણે કારમાં ધકેલી દીધો. ને આ બધી ખેંચાખેંચ જોયા કરતાં અમૃતગૈરી મનમાં મલકાઈ રહ્યાં હતાં. ‘આવીઓ એને ઠેકાણે લાવીને જ રહેશે.’ એ બબડી રહ્યાં.

નિશીથને કારમાં ધકેલ્યો ત્યાં સુધી જેની કલ્પનાય ન હતી એ ભય હવે સ્પંદનાને ઘેરી વળ્યો.

‘રવીન્દ્ર આજે નિશીથને મળશે અને વાતોમાં કદાચ એને અમારા જૂના સંબંધ વિષે જાણવા મળશે અને એના મનમાં કદાચ શંકાનો કીડો સરવળશે તો ! અને માનો કે વૃંદા પોતાના મજાકીયા સ્વભાવ મુજબ કંઈક બોલી બેઠી તો ?’ તેને વિચાર આવ્યો પણ તરત જ એ વહેમને મનમાંથી કાઢી નાખતાં તે સ્વગત બબડી રહી : ‘એ ગમે તે હોય પણ રવીન્દ્ર એવો વહેમી નથી ને પોતાના સંબંધમાં એવું શરમાવા જેવું કશું એણે કર્યું નથી કે પોતે

ગભરાવું પડે.'

નિશીથ કાર ચલાવી રહ્યો હતો અને એની ગાઈડ તરીકે અત્યારે પણ વૃંદા તેની બાજુમાં બેઠી હતી. કાર થિયેટર પર પહોંચી ત્યારે રવીન્દ્ર બહાર ફૂટપાથ પર તેમની રાહ જોતો જ ઊભો હતો. સ્પંદના ને નિશીથ નીચે ઊતર્યાં અને વૃંદા કાર પાર્ક કરવા ગઈ. 'આ મારો મિત્ર નિશીથ અને આ મારા પતિ ડૉક્ટર રવીન્દ્ર. તમે બન્ને એકબીજાને મારે કારણે નામથી તો જાણો જ છો.' સ્પંદનાએ બેયને ઓળખાણ કરાવતાં કહ્યું. બન્નેએ હસ્તધૂનન કર્યું અને ઔપચારિક વાતોએ વળગ્યા.

એટલામાં વૃંદા આવી તેમની સાથે જોડાઈ : 'શી ગુસપુસ કરો છો બધાં ?' એણે બધાંની વચમાં ઊભાં રહી જતાં પૂછ્યું.

'કાંઈ નહીં હું તો નિશીથભાઈને સલાહ આપતો હતો કે જ્યારે આમ બે જુવાન છોકરીઓની સાથે બહાર નીકળવાનું થાય ત્યારે પહેલેથી જ બે ગોળી એસ્પ્રોની લઈ લેવી. તમારું શું માનવું છે ?' રવીન્દ્રએ વિનોદ કર્યો.

'હું કંઈ ડૉક્ટર થોડી જ છું કે આમ ફૂટપાથ ઉપર ઊભી રહી એસ્પ્રોની જાહેરાત કરતી ફરું ? પણ એક વાત સાચી છે કે જેના માથામાં ખાલી જગ્યા વધારે હોય એમને આવી અસર વધારે વર્તાય છે.' બોલવામાં તે ઓછી ઊતરે એમ ન હતી.

'એમ! ત્યારે તો તમારી અનુભવેલી વાત છે એટલે મારે સાચી માનવી જ પડશે.' રવીન્દ્રએ મમરો મૂક્યો અને વૃંદાને પણ હસ્યે જ છૂટકો થયો.

'પહેલાં આપણે પેટપૂજા કરી લઈએ પછી અંદર પેસીએ.' થોડી વાર પછી રવીન્દ્રએ કહ્યું.

'અરર, તમે ભૂખ્યા છો એ તો મને યાદ જ ન રહ્યું નહીં તો ઘેરથી કંઈક બાંધી લાવત. શું હાઈકલાસ કચોરી હતી! આહા ! સ્પંદનાના હોઠ પર હજુય તેનો સ્વાદ વળગી રહ્યો હશે.' વૃંદાએ પાછી ટોળ કરી.

'એમ કે ! તો તો તમારા હોઠ પર પણ એ સ્વાદ વળગી રહ્યો જ હશે ને ! કે પછી કોઈ ચાખી ગયું ?' રવીન્દ્રએ બોલતાં આંખથી નિશીથ ભણી હળવો ઈશારો કરી લીધો. સારું થયું કે નિશીથનું એ તરફ ધ્યાન ન હતું નહીં તો એ બાપડો શરમાઈ જ ગયો હોત.

'તમે બહુ ફાસ્ટ જાવ છો. કોઈકને ખોટું લાગી જાય.' સ્પંદનાએ તેને ટકોર કરી. પણ વૃંદા આવી હસવાની વાતનું ખોટું લગાડે એવી ન હતી કે આવી મજાકનો જવાબ ન વાળે એવી અરસિકા પણ ન હતી, પણ આજે એ એના સ્વભાવ વિરુધ્ધ ચૂપ રહી.

નિશીથ આ બધાંથી જુદો તરી આવતો હતો.મનમાં તે મૂંઝાઈ રહ્યો હતો. નહોતો એ આ કંપનીમાં ખૂલ્લા દિલે ભળી શકતો કે નહોતો એમનાથી દૂર જઈ શકતો.

રવીન્દ્રની ધ્યાન બહાર આ ન હતું. એણે કહ્યું : 'ચાલો સમય થાય ત્યાં સુધીમાં હું પેટપૂજા કરી લઉં. તમે બધાં ત્યાં બેસીને કંઈક પીજો.' નિશીથને તો કશી આનાકાની કરવાનો સવાલ જ ઊભો થતો ન હતો ને વૃંદાને તો સ્પંદનાએ કોણીનો હળવો હડસેલો મારીને આગળ કરી હતી.

નાસ્તો કરતાં રવીન્દ્ર નિશીથને કહેતો હતો : 'જુઓ મિ. નિશીથ, સ્ત્રીઓની કંપનીમાં હોઈએ ત્યારે મગજને જરાય તસ્દી ન આપવી. ફકત જીભ જ ચાલુ રાખવી. પેલું કહેવતમાં કહ્યું છે ને કે મગજવાળા સાથે જ મગજથી કામ લેવું.' વૃંદા કંઈક બોલવા જતી હતી પણ કંઈક વિચારીને તે અટકી ગઈ. સ્પંદના પોતાના વિચારમાં જ મગ્ન હતી. તેને રવીન્દ્રના સ્વભાવનું આ પાસું સમજાતું ન હતું. એ નિશીથ સાથે એટલી છૂટથી વાતો કરતો હતો કે સ્પંદના વહેમાઈ રહી હતી કે એ નિશીથને અને એની સાથેના પોતાના સંબંધ વિશે જાણતો તો નહીં હોય

ને !

ને તેનો એ વહેમ ફિલ્મ પૂરી થઈ ત્યાં સુધી ચાલુ જ રહ્યો. બહાર નીકળી બધાં કારમાં ગોઠવાયાં. આ વખતે કાર વૃંદા ચલાવતી હતી. રસ્તામાં પહેલું સ્ટેન્ડ નિશીથનું આવતું હતું. તેની રૂમ પાસે જઈ વૃંદાએ કાર ઊભી રાખી એટલે નિશીથ નીચે ઊતર્યો. રવીન્દ્ર પણ તેની પાછળ ચાલવા લાગ્યો. નિશીથથી આપોઆપ જ બોલાઈ ગયું : 'આવો, મારી ખોલી તો જુઓ.' ને બધાં તેને અનુસર્યાં.

બધાં એની ઓરડીની અંદર ગયાં. નિશીથ તેમને ચા-પાણીની ઑફર કર્યા સિવાય રહી શકે ખરો ? પછી બન્ને બેનપણીઓએ મળીને ચ્હા બનાવી ત્યાં સુધીમાં રવીન્દ્ર અને નિશીથે વાતોના જે તડાકા માર્યા એમાંથી રવીન્દ્ર એટલું તો જાણી જ શકયો કે નિશીથ બી. એસસી. થયેલો હતો ને છેલ્લા કેટલાક મહિનાથી એ વૃંદાના કાકાની ફેકટરીમાં આસિસ્ટંટ મેનેજરના હાથ નીચે કામ કરતો હતો, શેઠ, શેઠાણી તથા વૃંદા તેના પ્રત્યે સારો પ્રેમ રાખતાં હતાં.

'તમારો એક મેનેજર આવી નાનકડી ખોલીમાં રહે છે એ માટે તમારે શરમાવું જોઈએ.' ચા પીતાં રવીન્દ્રએ વૃંદાને ટકોર કરી.

'એકલા માણસ માટે મુંબઈમાં આ જ્ગ્યા ચાલી જાય.'

ને રવીન્દ્રએ નિશીથને આંખ મીંચકારતાં કહ્યું : 'સાંભળ્યું ને નિશીથભાઈ! એકલા માણસને રહેવા માટે આ જ્ગ્યા સારી છે. પણ પરણ્યા પછી તો તમારે બંગલો જ લેવો પડશે.' ને એણે બધાની સામે નજરો ફેરવતાં હસીને ઉમેર્યું : 'આ તો વૃંદાનો અભિપ્રાય છે.'

ને એમાં બધાંની સાથે વૃંદાનેય હસવું પડ્યું. એક તરફ આવી ખૂલ્લી મજાકથી એ શરમાઈ મરતી હતી તો બીજી તરફ પોતાના મનમાં હમણાંની ચકરાવા લેતી આવી વાત આમ આડકતરી રીતે પ્રગટ થતી જોઈ તેને છૂપો આનંદ પણ થતો હતો. તેને લાગતું હતું કે જે વાત નિશીથને કરતાં પોતાને હિંમત એકઠી કરવી પડવાની હતી એ વાત આમ આપોઆપ જ છતી થતી જાય તો એમાં કશું ખોટું ન હતું.

પણ જો એ નિશીથના મનને જરાય ઓળખી શકી હોત તો કયારનીય પાછી વળી ગઈ હોત.

અનુક્રમ

# ૧૦. નિશીથ અને રવીન્દ્ર

ડૉકટર રવીન્દ્રએ જ્યારથી નિશીથને જોયો ત્યારથી એને લાગ્યું હતું કે એ મૈત્રી કરવા લાયક માણસ હતો.તેથી તેણે પાંચ સાત દિવસ તેના આવવાની રાહ જોઈ. પણ જ્યારે એ સામે ચાલીને એને ત્યાં ન આવ્યો કે ન તો સ્પંદના કે વૃંદા એને લઈ આવ્યાં ત્યારે, એક દિવસે થાકીને એણે હૉસ્પિટલેથી શેઠની ફેકટરી પર ફોન કર્યો. ત્યાંથી એને જાણવા મળ્યું કે છેલ્લા ત્રણેક દિવસથી એ નોકરી પર આવ્યો ન હતો. શેઠે એની તપાસ કરવા વૃંદાને એકબે વખત એને ત્યાં મોકલી હતી પણ એ એવો ઉડાઉ જવાબ લઈને પાછી આવી હતી કે એને સ્હેજ સુસ્તી જણાતી હતી અને બેચાર દિવસ આરામ કરીને સ્વસ્થ થઈ જતાં એ નોકરી પર હાજર થઈ જશે. શેઠાણીએ શેઠને આ અંગે ટકોર કરી હતી અને શેઠે નવરાશ મેળવી એની પોતાની જાતે તપાસ કરશે એવું એમને આશ્વાસન પણ આપ્યું હતું. પણ ઑફિસના કામમાંથી એમને હજુ નવરાશ મળી ન હતી.

નિશીથની તબિયત ખરાબ હોય અને એ પોતાને ખબર ન આપે એમાં રવીન્દ્રને કશીક અસંગતિ દેખાઈ. નિશીથ જાતે પોતાની સાથે સંબંધ વધારવા માગતો ન હોય એવો એને ભાસ થયો. એણે એ પ્રશ્નનો

જવાબ જાતે જ શોધી કાઢવાનું નકકી કર્યું. તે દિવસે એ હૉસ્પિટલેથી સ્હેજ વહેલો નીકળ્યો ને સીધો જ નિશીથની ઓરડી પર પહોંચ્યો. તે ત્યાં પહોંચ્યો ત્યારે નિશીથ ખાટલામાં પડ્યો હતો. પાસે સ્ટૂલ પર પાણીનો કૂંજો તથા પ્યાલો પડ્યાં હતાં. તેણે જોયું કે નિશીથ સાવ નંખાઈ ગયેલો લાગતો હતો. રવીન્દ્રને જોતાં જ તેણે બેઠા થવા પ્ર યત્ન કર્યો પણ રવીન્દ્રએ તેને તેમ કરતાં રોકયો : 'બેઠા થવાની જરૂર નથી. તમે એમ જ સૂઈ રહો. મને જોવા દો કે તમને શું થયું છે.' કહેતાં એણે નિશીથને તપાસવા માંડ્યો. તેનું શરીર તાવથી ધીખી રહ્યું હતું.

'તમે હાથે કરીને જ તમારી તબિયત બગાડો છો. ભલા માણસ ભગવાને આવું સરસ શરીર આપ્યું છે તે એની જરાક તો કાળજી લો.' ને તપાસ પૂરી કરી સ્ટેથોસ્કોપ બેગમાં પાછું મૂકતાં એણે પૂછ્યું : 'કોની દવા લો છો?'

'કોઈની નહીં. બજારમાંથી કેટલીક જરૂરી દવાઓ લાવી રાખી છે. એનાથી સારું થઈ જાય છે.'

'તમારું આ શરીર તમને પોતાનું લાગતું હોય એમ જણાતું નથી. ભલા માણસ, તમને ત્રણ દિવસથી ફ્લ્યુ થયો છે અને તમે બજારની સસ્તી દવાઓને ભરોસે બેસી રહ્યા છો. નથી તમે કોઈ ડૉક્ટર પાસે જતા કે નથી મને ખબર કરતા. ઠીક હું તમને દવાઓ અને થોડી ગોળીઓ મોકલી આપું છું. ને ખાવાની તમે શી વ્યવસ્થા ગોઠવી છે ?'

'મોટે ભાગે તો હું શેઠને ત્યાં જ ખાઉં છું. પણ જ્યારે નોકરી પર ન ગયો હોઉં ત્યારે હોટેલમાં જમી લઉં છું કે પછી ત્યાંથી મંગાવી લઉં છું.'

'એટલે મારે એમ માનવું કે અહીં મુંબઈમાં તમને તમારાં મિત્રો કરતાં હોટેલવાળા નિકટના લાગે છે! વૃંદા શું કરે છે ?'

'એ ગઈ કાલે ખબર કાઢવા આવી હતી. એને કદાચ એનીય ખબર નહીં હોય કે મારું ટિફિન હોટેલમાંથી આવે છે.' તે બોલ્યો.

'એ કદાચ એમ માનતી હશે કે તમારું ખાવાનું રસોઈઓ બનાવતો હશે અને તમારી ચાકરી કરવા નર્સો આવતી હશે. તમે સ્પંદનાને તમારી માંદગીની ખબર કરી હતી ?'

'ના એમાં શું કહેવાનું ! ખાલી તાવ આવ્યો એમાં-' તેણે વાતને રોળીટોળી નાખતાં બોલવા કર્યું.

પણ તેને અર્ધેથી અટકાવતાં રવીન્દ્રએ કહ્યું : 'તમે ડૉક્ટર છો?'

'ના.' કંઈક ગૂંચવાતાં નિશીથ બોલ્યો.

'તો પછી તમને કેમ ખબર પડી કે તમને ખાલી તાવ જ આવ્યો હતો ? આવી બાબતોમાં ગાફેલ રહેવું બરાબર નથી. જેની દવા કરાવવાની સ્થિતિ ન હોય એ દવાને બદલે દીવો અને નારિયેળમાં પતાવે. પણ તમને એવી કશી તો તકલીફ નથી. અને વખત છે ને એમ હોય તોય તમારા મિત્રો બધા શા કામના છે ! એમનેય સેવાનો મોકો તો આપવો જોઈએ ને. આવે વખતેય તમે અમને ખબર ન આપો તો પછી એ દોસ્તીનો શો અર્થ!'

'એવું કશું નથી ડૉક્ટર. તમે અમસ્થા એવું માની લો છો. ખરી વાત તો એ છે કે આ તાવને હું મામુલી સમજ્યો હતો અને મને મૂળથી જ દવાખાને જવામાં શરમ લાગે છે. હવે તમે સામે ચાલીને મૈત્રીધર્મ બજાવવા આવી જ ગયા છો તે તમારે જેટલી દવાઓ આપવી હોય એટલી આપો હું લીધા કરીશ.' નિશીથે કહ્યું.

ને રવીન્દ્રએ ઊભા થઈ સ્ટવ સળગાવવા માંડ્યો : 'કેમ આવો સ્ટવ રાખો છો ? તમે એકલા રહો છો એ તો જાણે સમજ્યા પણ સ્વભાવમાં અને કાળજી લેવામાં પણ તમે આવા એકલિયા થઈ ગયા હશો એ તો આજે જ જાણ્યું. તમારી જાતની જેમ તમારી ચીજોની પણ તમને કાળજી રાખવાની આદત નથી એમ લાગે છે.'

નિશીથને કહેવાનું મન થયું કે એક જણીએ એમ કહ્યું હતું કે એ પરણીને આવશે પછી જો આ સ્ટવને સ્થાને બીજો નવો સ્ટવ નહીં લાવ્યો હોઉં તો એ એને બારીએથી બહાર ફેંકી દેશે. પણ એ હવે અહીં પરણીને આવવાનીય નથી એટલે મારેય-

પણ બોલ્યો ત્યારે બીજું જ : 'થોડી આળસ અને થોડી નિરૂપયોગિતા પણ ખરી. લાવો હું સળગાવી આપું. મને લાગે છે કે તમે મારા આ શરીરમાં એકબે કાણાં પાડ્યા સિવાય મને છોડવાવા નથી.' હસવાનો પ્ર યત્ન કરતાં નિશીથે કહ્યું.

'તમે સૂઈ જ રહો. હું મારી જાતે સ્ટવ સળગાવી લઈશ. એકબે કાણાંમાં પતે એવું તમે રાખ્યું નથી ને. એક અઠવાડિયામાં તમારે ઓછામાં ઓછાં પંદરેક ઈંજેક્શનો તો લેવાં જ પડશે.' રવીન્દ્રએ કહ્યું અને સ્ટવ સળગતાં એના પર તપેલીમાં પાણી ગરમ કરવા મૂક્યું. પાણી ગરમ થતાં તેણે બે ઈંજેક્શનો તૈયાર કર્યાં ને નિશીથને આપી દીધાં. પછી જતા પહેલાં એણે નિશીથ પાસેથી ધનુભાઈ શેઠના બંગલાનો ફોન નંબર જાણી લીધો.

જતાં પહેલાં તેણે કહ્યું : 'જુઓ આજે હોટેલમાંથી ખાવાનું ન મંગાવશો. તમારે માટે હું ઘેરથી ટિફિન મોકલી આપું છું. એક ડૉક્ટર તરીકે તો મારે તમને ભૂખ્યા રહેવાની સલાહ આપવી જોઈએ પણ એક દોસ્ત તરીકે હું તમને ભૂખ્યા રાખવા માગતો નથી એટલે તમારે માટે પચ્ય ગણાય એવો ખોરાક હું મોકલી આપીશ. અલબત્ત એને કારણે તમારે થોડી વધારે દવાઓ પીવી પડશે ને બેચાર ઈંજટકશન વધારે લેવાં પડશે, પણ તેનો કશો વાંધો નહીં.'

'એના કરતાં ઉપવાસ કરી લેવો આગળ પડશે એમ મને લાગે છે.' નિશીથ કહેવા ગયો.

'પેલી કહેવત છે ને કે ઓળખીતો સુથાર બે ટચકા વધુ મારે. અને હાં, સાંજ પહેલાં જો વૃંદા આવે અને તમને બંગલે લઈ જવા માગે તો એની સાથે જવાની ના ન પાડતા. ત્યાં તમારી દેખભાળ વધારે સારી રીતે થઈ શકશે. બનશે તો સાંજ પહેલાં હુંય એક આંટો તો મારી જ જઈશ.' નિશીથ ના ના કરતો રહ્યો પણ તેની વાત કાને ધર્યા સિવાય રવીન્દ્ર બહાર નીકળી ગયો.

ને રસ્તા પરના પબ્લીક બૂથમાંથી જ એણે શેઠને બંગલે ફોન કર્યો અને નિશીથની માંદગીની સ્પષ્ટ વાત કરી. તેણે એને બંગલે લઈ જવાનું પણ ખાસ સૂચન કર્યું. ઘેર આવી તેણે પોતાની પાસેની દવાઓમાંથી કેટલીક દવાઓ કાઢી અને સ્પંદનાને પૂછ્યું : 'આજે ખાવામાં શું બનાવ્યું છે?'

'આજે શુક્રવાર એટલે-'

'ખીચડી જ છે ને! વેરી ગૂડ. તો તું એમ કર થોડી ખીચડી ટિફિનમાં ભર અને આ દવાની સાથે નિશીથની રૂમ પર આપી આવ. પણ રહે, ખાઈને આપણે બેય સાથે જ નીકળીએ.'

'કેમ એને ટિફિન પહોંચાડવાનું છે ? એ માંદો તો નથી પડ્યો ને પાછો !'

'તે તમે લોકો તમારા મિત્રની આવી જ કાળજી રાખો છો કે ! એ બાપડો એકસો ચાર ડીગ્રી તાવમાં ધગધગે છે ને પાછું હોટેલનું ખાવાનું ખાય છે. નથી તને કશી ખબર કે નથી પડી એની કશી વૃંદાને. કેવાં મિત્રો છો તમે લોકો ?'

'પણ મને તો કશી ખબર જ નથી. વૃંદાને તો તરત ખબર પડી જવી જોઈએ. એ નોકરી પર ન જાય એટલે શેઠ એને તપાસ કરવા મોકલે જ.' રવીન્દ્રને આ વાત કેવી રીતે જાણવા મળી તેનો વિચાર કરતાં સ્પંદના ગૂંચવાઈ રહી.

'મેં વૃંદાને ફોન કર્યો છે. એ કદાચ આવી પહોંચશે. એને મેં ખાસ કહ્યું છે કે એને બંગલે લઈ જાય.'

કહેતાં એણે ખંડમાં આંટા મારવા માંડ્યા. પછી સ્પંદનાએ થાળીઓ તૈયાર કરી એટલે ખાઈને બેય ટિફિન અને દવાઓ લઈને નિશીથની રૂમ તરફ ઊપડ્યાં.

નિશીથની રૂમની બહાર જ વૃંદાની કાર પડી હતી એ જોઈ રવીન્દ્ર મલકાઈ રહ્યો. રૂમમાં જતાં ખબર પડી કે આજે તો વૃંદાની સાથે અર્મતગૌરી પણ આવ્યાં હતાં. રવીન્દ્રએ દવા કાઢી આપી અને નિશીથને પિવડાવી દીધી પછી વૃંદા તરફ ફરતાં કહ્યું : 'તમે તમારા મેનેજરની આવી જ આવી જ ખબર રાખો છો કે ! એક તો એકસો ચાર ડીગ્રી તાવમાં બફાય છે ને ઉપરથી હોટેલનું ખાવાનું. તમને ફોન કર્યો તે પહેલાં એક વખત તો મને એવો વિચારેય આવી ગયો હતો કે એમને મારા ફ્લેટ પર જ લઈ જાઉં.'

અમૃતગૌરી આ બધો સમય રવીન્દ્રની સામે તાકી જ રહ્યાં હતાં. તે પહેલી જ વખત બોલ્યાં : 'હું એને મારે ત્યાં લઈ જવા જ આવી છું. તમે દવા માટે રોજ મારે ત્યાં એકાદ આંટો મારી જજો. તમને જે સમય અનુકૂળ હોય એ કહો એટલે હું કાર મોકલીશ.'

'સવારે સાત વાગ્યે રાખો. હું ત્યાંથી બારોબાર હૉસ્પિટલે જઈશ.'

'તો સાથે સ્પંદનાને પણ લેતા આવવાનું રાખજો. તમારા ગયા પછી એય ઘરમાં એકલી બોર થતી હશે.' વૃંદાએ કહ્યું ને અમૃતગૌરીએય એમાં સાથ પૂરાવ્યો.

'હું એ જ વિચાર કરતો હતો સવારની વેળામાં એને ઘરમાં ખાસ કામ પણ નથી હોતું.' સ્પંદના કદાચ ના કહેવાનો પ્રયત્ન કરત પણ રવીન્દ્રએ એમનો એ પ્રસ્તાવ વધાવી લીધો એટલે એને બોલવાનું જ ન રહ્યું.

પછી કારમાં એમને ઉતારીને નિશીથની સાથે એ લોકો બંગલે ગયાં. 'બહુ ભોળો માણસ છે. એ ગ્રેજ્યુએટ છે એમ મને ખબર ન હોત તો હું એને ગામડામાંથી તાજો જ ઈમ્પોર્ટ થયેલો કોઈ ગામડિયો જ સમજત.' ઘેર પહોંચ્યા પછી રવીન્દ્રએ કહ્યું. પછી સ્પંદનાને ચૂપ જોતાં એણે ઉમેર્યું : 'મુંબઈને માટે એ ઘણો શરમાળ ગણાય, નહીં ?'

'ગામડિયા માણસો તો શરમાળ જ હોય ને !' આંખથી હસવાનો ચાળો કરતાં સ્પંદનાએ કહ્યું.

'એ આવો ને આવો જ શરમાળ રહેશે તો એને વૃંદાની સાથે એને કેમનું ગોઠશે એની જ મને તો બીક લાગે છે.'

'કેમ ?'

'એના જેવો ભોળો માણસ આવી વૃંદા જેવી ઓવર સ્માર્ટ છોકરી માટે ટૂંકો પડે. એને તો તારા જેવી એક ઘરરખ્ખુ છોકરી સાથે જ વધારે અનુકૂળ પડે.' રવીન્દ્રએ જાણે સામાન્ય વાત કરતો હોય એમ કહ્યું ને સ્પંદનાના આખા શરીરમાંથી જાણે વીજળી દોડી ગઈ. એટલું સારું હતું કે રવીન્દ્રનું ધ્યાન એની તરફ ન હતું નહીં તો તેનો ગભરાટ વધી ગયો હોત.

રવીન્દ્ર આ શબ્દો એવી સહજતાથી બોલ્યો હતો કે સ્પંદનાના હાથમાંથી ડીશ પડતી રહી ગઈ. એક તો રવીન્દ્રનું ફક્ત એક જ વખતના પરિચયે નિશીથની રૂમે જવું અને તેની બિમારી માટે આટલી ચિંતા કરવી એ એને ગભરાવવા માટે પૂરતાં હતાં. સ્પંદના આ બધા પાછળ રવીન્દ્રના મનને માપવાનો પ્રયત્ન કરી રહી. એ વધારે વિચારતી જતી હતી એમ એનો ગભરાટ વધતો જતો હતો. પછી તો પેલી કહેવત : ચોરની દાઢીમાં તીનકા જેવો જ ઘાટ. એને લાગતું હતું કે રવીન્દ્રને એમના પૂર્વસંબંધ વિશે ખબર પડી ગઈ હશે એમ લાગતું હતું. એમાંય જ્યારે રવીન્દ્રએ વૃંદાને સ્થાને તેને મૂકી જોઈ ત્યારે તો એનો ગભરાટ હદ વટાવી ગયો હતો.

રવીન્દ્રને એમના પૂર્વજીવન માટે કોઈ વહેમ આવવાની શકયતા ન હતી અને કદાચ એમ થાય તોય

એમાં સ્પંદનાને કાંઈ ડરવા જેવું ન હતું છતાંય એનો ડર ઓછો થતો ન હતો. આમેય રવીન્દ્ર ખેલદિલ માણસ હતો. એણે સામેથી કેટલીય વખત સ્પંદનાને એના પુરુષમિત્ર વિશે કયાં પૂછ્યું ન હતું ! છતાં આખરે તો તે એક પતિ જ હતો ને. ને એ જ્યારે સામે ચાલીને નિશીથ માટે આટલી બધી કાળજી લેવા માંડે ત્યારે સ્પંદના વ્યાકુળ થઈ જાય એ સ્વાભાવિક જ હતું.

બીજે દિવસે સવારના સાડા પાંચ વાગ્યે જ એ પથારીમાં બેઠો થઈ ગયો ત્યારે પણ સ્પંદનાને એવો જ ભય લાગ્યો. 'હજુ તો સાડા પાંચ જ થયા છે.' તે બોલી ઊઠી.

'સાત વાગ્યે તો વૃંદા આવી પહોંચશે. એ પહેલાં બ્રશ કરવાનું, શેવિંગ કરવાનું, નહાવાનું અને બ્રેકફાસ્ટ કરી તૈયાર રહેવું પડશે ને.' કહેતાં તે ઊઠી ગયો. રોજ સાત વાગ્યે પણ પરાણે ઊઠનાર આજે વગર કહ્યે સાડા પાંચ વાગ્યે બેઠો થઈ જાય એટલે સ્પંદના વિચારમાં ન પડી જાય તો બીજું શું થાય! રવીન્દ્રનું એક એક પગલું એના મનમાંની શંકાને વધારે ને વધારે બળવત્તર કરતું જતું હતું.

હજુ સાત પણ વાગ્યા ન હતા ત્યાં વૃંદા કાર લઈને આવી પહોંચી. 'જો હું તને નહોતો કહેતો કે સાત વાગ્યા પહેલાં જ વૃંદા આવી પહોંચવાનાં !' રવીન્દ્ર તેને જોતાં જ બોલી ઊઠ્યો.

'મારી બેનપણીને મારા કરતાં તું વધુ ઓળખે, એમ ?' કોણ જાણે કેમ પણ વૃંદાની હાજરીમાંય સ્પંદનાથી રવીન્દ્રને તુંકારો થઈ ગયો. રવીન્દ્રના ધ્યાન બહાર આ વાત આવી જ ગઈ.

એણે હસી પડતાં કહ્યું : 'જો આપણી વચ્ચે નકકીથયેલા કરારનો ભંગ કરીને તું મને જાહેરમાં આમ તુંકારીને બોલાવશે એ નહીં ચાલે.'

'પણ આ કયાં જાહેર જગ્યા છે ? આ તો ઘરની ચાર દીવાલોની વચ્ચેની વાત છે.' સ્પંદનાએ પણ હસતાં કહ્યું.

'આ લડાઈ જ પાયા વગરની છે.' વૃંદા વચમાં પૂરાઈ.

'અમે લગ્ન પહેલાં જ નકકી કર્યું હતું કે સ્પંદનાએ મને ફકત ખાનગીમાં જ તુંકારીને બોલાવવો. હવે કોઈ બહારની વ્યકિતની હાજરીમાં એ મને આમ તુંકારીને બોલાવે એ કેમ ચલાવી લેવાય!' રવીન્દ્રએ પોતાનો કેસ રજૂ કર્યો.

'જ્યાં સુધી સમાન હકને લાગે વળગે છે ત્યાં સુધી જેમ મને જાહેરમાં તુંકારીને બોલાવી શકે છે એમ હું પણ કદાચ કાયમ એમને તુંકારીને ન બોલાવું પણ અપવાદે તો એમ કરી શકું છું.' સ્પંદનાએ પણ સામી દલીલ કરી.

'તમારા મીયાં બીબીના ઝઘડામાં મારે પડવું ન હતું પણ આ તો સમાનહકની વાત છે એટલે કહેવાની મારી ફરજ છે કે ડૉકટરનો કેસ તદ્દન પાયા વગરનો છે. એટલે આ કોર્ટ આથી ચૂકાદો આપે છે કે સ્પંદનાને અપવાદમાં નહીં પણ કાયમ ડૉકટરને તું કારીને બોલાવવાનો હક છે અને આ ચૂકાદા મુજબ સ્પંદનાએ હવે એનો અમલ કરવો એવો હુકમ આ કોર્ટ કરે છે. અને હા, મારાં માસીએ ખાસ કહેવડાવ્યું છે કે કાલથી તમે બન્ને સવારનો નાસ્તો અમારી સાથે અમારે ત્યાં જ કરવાનું રાખશો.'

'ચાલો, એટલું સારું થયું કે મેં બુધ્ધિ વાપરીને આજનો નાસ્તો પતાવી લીધો છે નહીં તો તમારાં માસી મને આજે ઉપવાસ જ કરાવત ને.' હસીને રવીન્દ્રએ કહ્યું અને બેગ સંભાળી.

અનુક્રમ

# ૧૧. ઈર્ષા તારું જ નામ સ્ત્રી ને!

નિશીથની તબિયત સુધારા પર હતી. પંદર દિવસથી રોજ સવારે રવીન્દ્ર તથા સ્પંદના તેની દેખભાળ માટે હાજર થઈ જતાં હતાં. રવીન્દ્ર તો રોજ દવાઓ ને ઈજેક્શનો સાથે એકબે મીઠી વાતો કરીને જતો રહેતો હતો પણ સ્પંદના ત્યાં લગભગ દશ વાગ્યા સુધી રોકાતી હતી. તે આ દરમિયાન નિશીથ અને વૃંદાની સાથે ગપ્પાં મારતી તો કયારેક અમૃતગૌરી સાથેય કલાકેક વાતો કરી લેતી હતી. અમૃતગૌરીને તેનો સ્વભાવ ગમી ગયો હતો. કયારેક એ ઘેર જવા તૈયાર થાય ત્યારે એ ટકોર કરતાં : 'એના કરતાં દાકતરને ફોન કરી દે ને કે સાંજે છૂટીને સીધા અહીં આવી જાય. તમે જણાં આજે અહીં જ જમજો.' ને સ્પંદનાના લાખ નકાર પછીય અમૃતગૌરીના આગ્ર હ આગળ એને ઝૂકવું જ પડતું. ને કયારેક તે વધુ મકકમ થવા પ્રયત્ન કરતી તો છેવટે શેઠ કહેતા : 'તમારાં માસીના કહેવાથી તો તમે અહીં જમ્યાં છો આજે મારા કહેવાથીય જમી લો.' ને સ્પંદનાને પછી બોલવાનું જ ન રહેતું.

તે રોકાવાની અને જમવાની હા પાડતી પછી રવીન્દ્રને એ મુજબ ફોન કરતી. તો હસીને રવીન્દ્ર કહેતો : 'ચાલો તારે રાંધવાની કડાકૂટ મટી. મનેય હવે ડાયનિંગ ટેબલનો મોહ વધવા લાગ્યો છે.' અલબત્ત તેણે આ બાબતમાં કદી વાંધો દર્શાવ્યો ન હતો. ઊલટો એ તો આવી વ્યવસ્થાને હસતે મોંએ વધાવી લેતો હતો.

પણ આજની સવાર રોજના કરતાં જાણે જુદી જ ઊગી હતી. સ્પંદનાએ પંદર દિવસથી ચાલ્યા આવતા આ ક્રમમાંથી આજે પહેલી જ વખત ગાપચી મારી હતી. આગલે દિવસે ઘેરથી કલ્પનાનો કાગળ આવ્યો હતો. એણે જણાવ્યુ હતું કે બા તેને બહુ યાદ કરતાં હતાં વળી એના એટલે કે કલ્પનાના વિવાહની વિધિ પણ આ વરસે પતાવી એ પેલી મોઢામોઢની વાત પર નાતના વહેવારની મહોર મારવા માગતાં હતાં. એટલે એમણે સ્પંદનાને ખાસ તેડાવી હતી.

કલ્પનાના વિવાહની વાતમાં પોતાની સલાહ લેવી પડે એટલું તો પોતાનું મહત્ત્વ વધ્યું હોય એવી સ્પંદનાને આશા ન હતી. પણ પહેલે આણે સાસરે ગયેલી દીકરીને થોડા દિવસ માટે પિયર તેડાવી પછી બીજે આણે વળાવવી જોઈએ એવી રૂઢિ, અને પોતે પોતાની ફરજ બજાવી છે એવો વિલાસબેનનો સંતોષ આની પાછળ ડોકિયાં કરતાં હોય એમ એને લાગ્યા સિવાય ન રહ્યું.

છતાં બેનનો પત્ર હોય અને પોતે જયાં જન્મથી તે આજ સુધીનો કાળ વ્યતીત કર્યો હોય એવા સ્થાને જવાનું સ્પંદનાને મન ન થાય એવું બને ખરું ! પત્ર વાંચી એણે રવીન્દ્રની સામે ધર્યો. રવીન્દ્રએ એ વાંચ્યો અને એક પ્રશ્નાર્થભરી નજર તેની સામે નાખી. સ્પંદનાએ પણ મૂંગાં રહીને આંખોથી જ જવાબ આપી દીધો કે એને જવું હતું. ને સદા હસમુખો લાગતો રવીન્દ્ર એની જવાની ઈચ્છાથી જાણે વીલો પડી ગયો.

'તારાથી નહીં જવાય.' તે ગભરાટથી બોલી ઊઠ્યો.

'કેમ ?'

'તું સમજતી નથી. તું જાય તો પછી ખાવાનું, ઘરનું કામ, કપડાં એ બધાંનું શું ? ના ના તું નહીં જ જાય બરાબર ને !'

'હા તારી એ બધી વાત બરાબર.' સ્પંદના બોલી અને આંખો નચાવી એને ચિઢવવા જોરથી હસી પડી.

'શું બરાબર ?'

'હું નહીં જાઉં તે. તેં એમ જ કહ્યું ને !'

'કહ્યું.'

'કેમ ?'

'સાચું કહું ! તું જાય તો પછી મને તારા સિવાય નહીં ગમે. મને તો લાગે છે કે તું જશે તો તારા વિયોગે હું એવો તો બેબકળો બની જઈશ કે એવો ભોગ મારો કોઈ દર્દી બની જશે એવો મને ભય છે.'

'એમાં દર્દીનો બાપડાનો શો વાંક!'

'ભગવાન જાણે.'

'તો પછી ખાવાપીવાની અને અગવડની બધી વાતો તો ફક્ત બહાનાં જ ને !'

'સાવ એમ તો નહીં જ. એ તો તું પણ કબૂલ કરીશ કે તારા આવ્યા પછી હું ઘરની બધી વાતોમાં કેવો પરોપજીવી બની ગયો છું.'

'અહં એ વાત સાચી નથી. વળી હું પિયર જઈશ એટલે અમૃતગૌરી માસી તને કાયમ ત્યાં જ જમાડશે અને જો તું બહુ વાંધો નહીં લે તો તને ઘેર પણ નહીં આવવા દે. વળી મને યાદ છે ત્યાં સુધી તને હમણાંનો ડાયનિંગ ટેબલ પર જમવાનો મોહ વધી ગયો છે.'

'એટલે મારે એમ માનવું કે તેં જવાનું નકકી કરી જ લીધું છે ?'

'એમ ન કહેવાય. મારી જવાની ઈચ્છા છે અને એ માટે હું તારી રજા માગું છું. પરણ્યાને ત્રણ મહિના થઈ ગયા છે છતાં હું પિયર ગઈ નથી.'

રવીન્દ્ર સ્હેજ વાર ચૂપ રહ્યો પછી બોલ્યો : 'ભલે જઈ આવ. કેટલા દિવસ ત્યાં રોકાઈશ ?'

'જેટલા દિવસ અહીં રોકાઈ એટલા દિવસ તો ત્યાં નહીં જ રોકાઉં, બસ!' કહેતાં સ્પંદનાએ આંખો નચાવી.

'તારો વિચાર મને માંદા પડી દેવાનો તો નથી ને. તું ત્યાં વધુમાં વધુ એક અઠવાડિયું રોકાશે, એથી વધારે એક દિવસ પણ નહીં. ઓકે!'

'જોઈશ પણ પેલી કહેવતમાં કહ્યું છે ને કે પિયર ગયેલી પત્ની અને ડુંગરે ચઢેલા ભીલના વાયદાનો વિશ્વાસ ન કરવો.' બોલતાં તો તે બોલી ગઈ પણ બોલતાંની સાથે તેના મનમાં નિશીથે આ કહેવત સંભળાવી હતી એ યાદ તાજી થયા સિવાય ન રહી. એ ઉદાસ થઈ ગઈ.

રવીન્દ્રએ એના મોં પરની આ ઉદાસી પારખી લેતાં કહ્યું : 'તું મને હમણાંની બહુ પજવવા માંડી છે, હાં.'

છેલ્લા પંદરેક દિવસથી એ રોજ બંગલે જતી હતી અને નિશીથ સાથે ગપ્પાં મારતી હતી ત્યારથી એને લાગવા માંડ્યું હતું કે નિશીથના મને કરાર મેળવી લીધો હતો. સ્પંદનાના આગ્રહથી એણે પહેલાંની જેમ હસતા રહેવાનું શરૂ કરી દીધું હતું. એક જ મહિનાના સમયમાં એણે પોતાનો બાહ્ય વર્તાવ એવો તો બદલી નાખ્યો હતો કે સ્પંદના પણ એક વખત તો ચકરાવામાં પડી ગઈ હતી. પણ-

-પણ સ્પંદનાને એના આ હાવભાવમાં ઊંડું દર્દ પણ કયારેક વર્તાયા વગર રહેતું ન હતું. છેવટે એને એમ લાગવા માંડ્યું હતું કે એના એ હસતા મોં પાછળ ભગ્ન પ્રેમનો ધગધગતો કાટમાળ જ પથરાયેલો પડ્યો હતો. ન તો વૃંદા એ કાટમાળમાંથી પોતાની ઈમારત સર્જી શકી હતી કે ન તો એ કાટમાળને દૂર કરી શકી હતી. નિશીથ હસતો જણાતો હતો અને વૃંદા એના હસવાનો પોતાને ગમતો એવો અર્થ કરી રહી હતી એ વાત પણ

સાચી.

પણ ત્વરાથી આવા વિચારોને દૂર હડસેલી સ્પંદનાએ રવીન્દ્રના ઉદાસ ચહેરા સામે નજર કરી અને આવા વિચારોથી વર્તમાનને ખેદભર્યો ન બનાવવાની ચોકકસ ગણતરી સાથે લાઈટ બંધ કરી દીધી. જો કે એ બેય ઊંઘ્યાં ત્યારે તો એ લાઈટને બંધ થયાને ખાસ્સા બે કલાક વીતી ગયા હતા.

ને સવારમાં વૃંદા આવી ત્યાર પહેલાં બેય પતિપત્નીએ ઘણી બધી વાતો કરી લીધી હતી. બપોરની દોઢની ગાડીમાં જવાનું સ્પંદનાએ નકકી કર્યું હતું. જો વૃંદા તેના જવાની વાત જાણી તેને સ્ટશને મૂકવા આવવાની તૈયારી બતાવે તો એને નિરાશ ન કરવાની વાત પણ એમણે નકકી કરી જ લીધી હતી. અને વૃંદા આ વાત જાણ્યા સિવાય રહેવાની ન હતી એની એમને બેયને ખબર હતી જ. કારણ કે છેલ્લા પંદર દિવસથી ચાલ્યો આવતો ક્રમ તોડીને આજે સ્પંદના પિયર જવાની તૈયારી કરવા માટે ઘેર રોકાવાની હતી અને રવીન્દ્ર એકલો જ બંગલે જવાનો હતો.

સ્પંદનાના જવાની વાત જાણી વૃંદા મનમાં રાજી થઈ. એણે એને સ્ટેશને મૂકી જવા બાર વાગ્યે આવી જવાનું સામેથી જ કહ્યું. સ્પંદનાના જવાની વાત કોઈને ગમી તો કોઈને નચ ગમી. રવીન્દ્ર, નિશીથ અને અમૃતગૌરીને એનું જવાનું ન ગમ્યું. પણ વૃંદાને તો એ મીઠું મધ જેવું લાગ્યું.

વૃંદા છેલ્લા પાંચેક દિવસથી મનમાં ને મનમાં બળી રહી હતી. એક તો સ્પંદના રોજ સવારે આવતી હતી અને બેત્રણ કલાક નિશીથની સાથે ટોળટપ્પાં કરતી બેસતી હતી એ તેને નહોતું ગમતું. તેમાંય સ્પંદના બેઠી હોય ત્યારે હસતો અને હસાવતો નિશીથ એના ગયા પછી જાણે સાવ હતાશ અને નિષ્પ્રાણ બની ગયેલો લાગતો હતો એ એને ગમતું ન હતું. એ વૃંદાની સાથે બોલતો જ ન હતો એવું સાવ ન હતું પણ એ જેવી રીતે સ્પંદનાની સાથે વાતો કરતો હતો એવી રીતે વૃંદા સાથે હસીને વાત કરતો ન હતો. પણ એને ક્યાં ખબર હતી કે નિશીથનું એ હસવું એ તો એના રુદનમાંથી ગાળીને ઉપજાવેલો સ્પંદનાને ખુશ કરવાનો એક દેખાડો જ હતું. ને એવો દેખાડો વૃંદાની સામે કરવાની એને જરૂર ન હતી.

વૃંદાના હૈયામાં નિશીથની સંભાળ રાખતાં કૂણી લાગણી જન્મી હતી અને સ્પંદના તથા રવીન્દ્રની સાંકેતિક ટકોરોએ એ લાગણીને એક તરફી પ્રેમમાં કંડારવા માંડી હતી. પોતે દુઃખ સહન કરી લેવાની તથા પોતાના દુઃખને કારણે બીજાને અગવડરૂપ ન થવાની નિશીથની ભાવનાથી એ પ્રભાવિત થઈ હતી. પોતાની વ્યથાને નજીવી ગણી કાઢી નિશીથ કયારેક એવું તો મર્માળું કહી દેતો કે વૃંદા એને દિવસો સુધી મનમાં વાગોળ્યા કરતી હતી. હજુ આજની જ વાત લો ને. રવીન્દ્ર બંગલામાં આવ્યો ત્યારે નિશીથ પલંગમાં બેઠો હતો. રવીન્દ્રને જોતાં જ એણે કહ્યું : ‘ડૉકટર મને આજે એક સરસ સ્વપ્નું આવ્યું હતું.’

‘તમે તો ખરા માણસ છો, એક તરફ ફરિયાદ કરો છો કે તમને ઊંઘ નથી આવતી અને બીજી તરફ કહો છો કે સ્વપ્નું આવ્યું હતું તો મારે શું માનવું ! ભલા માણસ, તમે ઊંઘમાં સ્વપ્નાં જુઓ છો કે જાગતાં !’ રવીન્દ્રએ થોડું વૃંદા તરફ અને થોડું નિશીથ તરફ જોતાં એની મજાક કરી.

છેલ્લા પખવાડિયાથી તેની દવા કરતાં અને તેની સાથે નાસ્તાના ટેબલ પર વાતો કરતાં રવીન્દ્રને નિશીથ સાથે સારો મેળ જામી ગયો હતો. બીજી બાજુ વૃંદા પણ ડૉકટરનો ઈશારો સમજ્યા છતાં ન સમજ્યાનો ડોળ કરીને નિશીથના સ્વપ્નાનો અહેવાલ સાંભળવા એક કાન થઈ ગઈ. એને લાગતું હતું કે એના સ્વપ્નાની બાબતમાં પોતે તો નહીં જ આવતી હોય કદાચ અપંદના હોય. પણ જો સ્પંદના હોય તો નિશીથ રવીન્દ્રની સામે એ સ્વપ્નાની વાત કાઢે જ નહીં ને. જો કે તે મનથી ઈચ્છી રહી કે એ સ્વપ્નામાં પોતાને એટલે કે વૃંદાને જોયાની વાત કરે. ભલે બે ઘડી શરમાવાનું થશે પણ પોતાની કાયમની ચિંતા અને શંકાનું નિવારણ તો થઈ જ જશે ને.

ને નિશીથે પણ રવીન્દ્રનો એ ઈશારો ન સમજ્યાનો દેખાવ કરતાં કહ્યું : ‘તમે સાંભળો તો ખરા. મને

ઊંઘમાં જ સ્વપ્નું આવ્યું હતું, હજુ હું જાગતાં સ્વપ્નાં જોવા જેવો પરવશ નથી થઈ ગયો. મને સ્વપ્નમાં એક મોટા પાડા પર બેસીને યમરાજ આવ્યા હતા. મને કહે : ચાલ મારી સાથે. તો મેં કહ્યું : મેં કહ્યું કે મને આવવામાં વાંધો નથી પણ હું દવા પીવાની ચૂકી ગયો છું તે પી લઉં. તો એ કહે : એ દવાએ તો મને હેરાન કરી મૂકયો છે. પણ મને એના બોલવામાં કશી સમજણ ન પડી એટલે એ કહે : આ દાકતર જ મારો દુશ્મન છે. તું એની દવા પીએ છે એટલે જ મારા હાથ હેઠા પડે છે ને હું તને મારી સાથે નથી લઈ જઈ શકતો ને મારે ભગવાનનો ઠપકો સાંભળવો પડે છે.

'મેં કહ્યું : મનેય દુશ્મન જેવા લાગે છે એ દાકતર પણ શું થાય, મારાય ઓળખીતા છે એટલે વગર બોલ્યે જ એમની આટલી કડવી દવાઓ પીધા કરું છું ને. મને લઈ જવો હોય તો એ દાકતરને જ એક વખત એવા ગભરાવો કે અહીં આવતા જ બંધ થઈ જાય. પછી મારે એમની કડવી દવાય નહીં પડે ને તમારે ભગવાનનો ઠપકોય સાંભળવો નહીં પડે.'

'પછી ?' રવીન્દ્રએ વચમાં વૃંદાનું નામ ન આવતાં નિરાશ થઈ પૂછયું.

'પછી શું ! એમને એક ગવર્નરની એપોઈન્ટમેન્ટ હતી એટલે મને પડતો મૂકીને એ ઊપડી ગયા. જ્યાં એક ગવર્નરની એપોઈન્ટમેન્ટ હોય ત્યાં મારી પાછળ એ સમય બગાડે ખરા ! પણ મને એમની દયા આવી ગઈ કે મારે કારણે બાપડાને ભગવાનનો ઠપકો સાંભળવો પડે છે.'

'ને મને આમની દયા આવી ગઈ એટલે મેં એવું કર્યું. પણ તમારા સ્નપ્નામાં એ આવ્યાં હતાં એ વાત તો તમે મને હજુ કરી જ નથી.' રવીન્દ્રએ વૃંદા તરફ ઈશારો કરતાં મમરો મૂકયો. ત્યાં તો વૃંદાનું મોં કાનનાં મૂળિયાં સુધી લાલ થઈ ગયું.

'એવાં અનાધિકારી વિકારી સ્વપ્નાં જોવાના પાપમાંથી ભગવન મને બચાવે છે.'

'સ્વપ્નામાં વળી અધિકારની વાત કયાં હોય છે ! એમાં તો જે ઘણી વખત હૈયે હોય એ જ સ્વપ્નામાં આવતું હોય છે. ને વૃંદા તો તમારાં અને સ્પંદનાનાં દોસ્ત છે એટલે એ કદાચ સ્વપ્નામાં આવતાં હોય. તમારે મને ન કહેવું હોય તો એમને તો એ સ્વપ્નની વાત કહેજો જ.'

'આજે સ્પંદના નથી આવી કે પછી બાની સાથે વાતે વળગી છે ?' નિશીથે સ્વાભાવિક જ પૂછયું. તેને સ્પંદના નહીં આવી હોય એવી તો શંકા પણ ન હતી. છેલ્લા પંદરેક દિવસથી એ નિયમિત આવતી હતી એટલે.

'એ આમ તો થોડા દિવસ માટે આજે પિયર જવાની છે પણ પેલી કહેવત છે ને કે પિયર ગયેલી પત્ની અને ડુંગરે ચઢેલા ભીલના વાયદાનો ભરોંસો નહીં. અઠવાડિયા માટે જવાની છે પણ મહિનો થઈ જાય તોય નવાઈ નહીં.' રવીન્દ્રએ પોતાના મનની વાત છતી કરી.

તે દિવસે હૉસ્પિટલે જવા તૈયાર થતા રવીન્દ્રને અમૃતગૌરીએ કહ્યું : 'સ્પંદના પાછી આવે ત્યાં સુધી તમે રહેવાનું ને ખાવાનું અહીં જ રાખજો.'

'ભલે, ખાવાનું હું અહીં જ રાખીશ પણ રહેવાનું તો હું ઘેર જ રાખીશ.' રવીન્દ્રએ કહ્યું ને એ ગયો.

રવીન્દ્રના ગયા પછી નિશીથ ઉદાસ થઈ ગયેલો લાગતો હતો. એની એ ઉદાસી કલાકેક સુધી દૂર ન થઈ એટલે વૃંદાથી બોલ્યા સિવાય ન રહેવાયું : 'કેમ ઉદાસ થઈ ગયા ? મારી સાથે વાત કરવી પડશે એટલે કે પછી —'

'હું કયાં ઉદાસ થઈ ગયો છું ? તમને બધાંને એવું કેમ લાગે છે એ જ મને તો સમજાતું નથી.' પોતાનો ગુસ્સો બહાર ન આવી જાય એની કાળજી રાખતાં નિશીથે કહ્યું.

'એમ લાગવા ન લાગવાની વાત જ નથી. તમારું મોં જ કહી આપે છે કે સ્પંદના પિયર જવાની છે એ વાતથી તમે ઉદાસ થઈ ગયા છો.' વૃંદાએ કહી જ નાખ્યું.

તેની આવી ટકોરે નિશીથના મનમાં ગભરામણ જન્માવી છતાં એણે સહજ રીતે કહેવા પ્રયત્ન કર્યો : 'એમાં આપણે શા માટે ઉદાસ થવું જોઈએ ?'

'તમે એ માટે કદાચ ઉદાસ થયા હો કે રોજ સવારે અહીં આવી તમારી સાથે મીઠી મીઠી વાતો કરી તમારા મનને બહેલાવનાર સ્પંદના બહાર જાય છે. અમારી સાથે વાત કરવામાં તો તમને જાણે મજા જ નથી આવતી.' મોં ચઢાવતાં વૃંદાએ કહ્યું.

'અરે, તમને એવું કેમ લાગ્યું એ જ મને તો સમજાતું નથી. ચાલો, કાલથી તમે મીઠી મીઠી વાતો કરીને મને હસતો રાખજો, પછી તમને લાગશે કે તમારી સાથે વાતો કરવામાં મને મજા પડે છે.'

'અમારાં એવાં ભાગ્ય કયાંથી કે અમારું બોલવાનું તમને ગમે !' એનાથી બોલાઈ ગયું. એ કહેવા કંઈક બીજું જ માગતી હતી પણ એ કેમ કહેવું એ જ તેને સમજાતું ન હતું.

'મને તમારું બોલવું ન ગમે એવું તે બનતું હશે કદી ! સાચું કહું, મને તો કદીક એમ થાય છે કે તમને કાયમ સાંભળ્યા કરું પણ તમે તમારા કામમાંથી નવરાં થાવ ત્યારે ને.' કહેતાં નિશીથે આંખો બંધ કરી. તે જ્યારે આમ કરતો ત્યારે એને થાક લાગ્યો છે એમ માની વૃંદા કાયમ બહાર નીકળી જતી. પણ આજે એ એને એમ છોડવાની કયાં હતી !

'મને ખોટું બટર મારવાની જરૂર નથી. સ્પંદના તમારી કૉલેજ ફ્રેન્ડ છે. એક વખત પ્રેયસી પણ હતી. સંજોગોવશાત એ બીજે પરણી ગઈ છે છતાં તમે બેય હજુ એકબીજા પ્રત્યે ખેંચાતાં રહ્યાં છો. અને ભગવાને ત્રાગડો પણ એવો ગોઠવ્યો છે કે રોજ તમારે મળવાનું થયા કરે છે. અને મને તો-' કોણ જાણે તેણે કેટલુંય કહી નાખ્યું હોત આવું ગાંડુંઘેલું પણ નિશીથે તેની આવી વાત સાંભળતાં જ કાને હાથ દઈ દીધા.

હૈયાની બધી વેદનાને વાચા આપતો હોય એમ એણે કહ્યું : 'તમારે મને જે કહેવું હોય એ કહો પણ સ્પંદના વિશે જેમતેમ બોલી પાપમાં ન પડતાં. એના જેવી સ્ત્રીઓ આ યુગમાં પેદા નથી થતી.' એટલું સારું થયું કે વૃંદાએ નિશીથના ચહેરા પરથી ઉજડી જતી ભોમકા ભાળી ન હતી. કદાચ એની નજરે એ પડ્યું હોત તોય એણે પોતાના હૈયાની આ વરાળ બહાર કાઢવાનું આજે અટકાવ્યું હોત કે કેમ એની જ શંકા હતી.

એણે કહ્યું જ : 'હાસ્તો, પતિને હથેળીમાં નચાવી પ્રેમી સાથે કાયમ મળવાનું થાય એવો ત્રાગડો પતિ પાસે જ રચાવવો અને પછી આવો સાધ્વી હોવાનો ઢોંગ કરવો એ બધું તો-' આવું તો એણે કેટલુંય બાફી નાખ્યું હોત પણ એને બારણા પાસેથી કશોક અવાજ આવ્યાનો વહેમ આવ્યો એટલે બોલતાં અટકી એ બારણા પાસે ગઈ.

સ્પંદના ઝડપથી દાદારો ઊતરી રહી હતી. પોતાનું થોડું ઘણું બોલવું એ સાંભળી ગઈ હશે એમ વૃંદાને લાગ્યું. એ સાંભળી ગઈ હતી એ સારું જ થયું હતું એમ વૃંદાને લાગ્યું. એને સામે મોંએ એવું કહેતાં પોતાને કદાચ આંચકો લાગત. અને પોતાના આવા વિચારો જાણતાં એ કદાચ અહીં વારંવાર આવવું બંધ કરી દેશે એ વિચારે એ હસી ઊઠી. પણ એ જ્યારે પાછી ફરી ત્યારે નિશીથ આંસુ લૂછતો હતો.

'તમે રડતા હતા ?' તેણે પૂછ્યું.

'બહાર કોણ હતું ?' તેને જવાબ આપવાને બદલે નિશીથે સામું પૂછ્યું. તેનેય વહેમ તો આવી જ ગયો હતો કે કોઈક વૃંદાનો આ બફાટ સાંભળી ગયું હતું.

'કોઈ ન હતું. પવનથી બારણું હાલ્યું હતું. પણ તમે કેમ રડતા હતા ?'

'તો હું બીજું શું કરું ? તમારી એ શંકા સાચી હોત તો હું આ પળે જ ઝેર પી લેતાં ન અચકાત. પણ ધડમાથા વગરની તમારી શંકાઓ અને તેની પાછળથી ડોકાઈ આવતી તમારા મનની આવી સંકુચિતતા મને રડાવી ગયાં. તમારે મને જે કહેવું હોય એ કહો. મારા પર જે આરોપો મૂકવા હોય એ મૂકો પણ તમે સ્પંદનાને એમાં સંડોવો છો એ મારાથી સહન નથી થતું.' તે બોલી ગયો.

'હું દિલગીર છું. વણ સમજ્યે હું ઘણું બધું બકી ગઈ ને મેં તમારી લાગણી દુભાવી. મને લાગે છે કે હું થોડી અદેખી બનતી જાઉં છું.'

'એ અદેખાઈ શાથી જન્મે છે એની તમને ખબર છે ?'

'હા, પોતાપણાની ભાવનાથી. હું તમારા પ્રત્યે ખેંચાવા લાગી છું તેનાથી જ આવું થયું છે એમ મને લાગે છે.'

'એ બરાબર નથી.'

'કેમ ?'

'એક તો એ કે માણસે પોતાની ભાવનાઓને એવું વિકૃત રૂપ જ ન આપવું જોઈએ કે જેનાથી અદેખાઈ જન્મે. ને બીજી વાત તો એ છે કે તમે મારા પ્રત્યે જે ખેંચાણ અનુભવો છો એ પણ બરાબર નથી. હું એને લાયક નથી.' નિશીથે કહ્યું.

'પણ તમારી લાયકાતનો મારો અભિપ્રાય તમારા એ અભિપ્રાય કરતાં જુદો છે.'

'તો તેનાથી પણ મારી જે લાયકાત છે એમાં કશો ફેર પડવાનો નથી. હું કોઈને માટેય 'પોતાનો' પુરવાર થઈ શકું એમ નથી. હું એક પરાયો માણસ છું બધાંને માટે પરાયો માણસ જ. હું એકલો જ છું અને એકલો જ મરવા માગું છું.' ખેદથી નિશીથ બોલી રહ્યો.

'તમે મારા પર ગુસ્સે થયા છો.'

'તમારા પર ગુસ્સો કરવાનો મને શો હક ? છતાં ગુસ્સાને લાગે વળગે છે ત્યાં સુધી તો મારે કહેવું જોઈએ કે હજુ ઘડી પહેલાં તમે મારા પર ગુસ્સે થયાં હતાં ખરાં. ને મારે બદલે સ્પંદનાના જીવનમાં આગ ચાંપવા જેવી વાતો કરી રહ્યાં હતાં. મારું એક કામ કરશો ?'

'શુ ?'

'હવે પછી સ્પંદના મને મળવા કયારેક આવે તો એને બારણેથી જ પાછી વાળી દેજો. એને ખરાબ લાગે એવું કહી દેજો કે હું એને મળવા માગતો જ નથી. અને મારા મર્યા પછી જો આવે તો એને કહેજો કે_'

'તમે એવું કેવું બોલો છો ! તેને ન જ મળવાનું હું તમને કહેવા માગતી ન હતી. હું તો સામાન્ય વાત કરતી હતી તેમાંથી ગુસ્સે થઈને મારાથી એલફેલ કહેવાઈ ગયું. ત્યાં તો તમે મરવાની વાત પર આવી ગયા. તમને કશું થવાનું નથી. સોમવારથી તો તમને ઑફિસે જવાની પણ ડૉક્ટરે છૂટ આપી છે. આજે કાકા પણ કહેતા હતા કે તમારા વગર ઑફિસમાં ઘણી અગવડ પડે છે.' છોભીલી પડી જતાં વૃંદા બોલી.

'હું તમારો કોઈ વાંક કાઢતો નથી. જેવું તમને આજે લાગ્યું એવું કદાચ કાલે કોઈ બીજાને પણ લાગે કયારેક ડૉક્ટરનેય એવું લાગે. એમ થાય તો પછી સ્પંદનાના સંસારનું શું ? એણે આપેલા ભોગનું શું ? મને લાગે છે કે હવે મારે દવા પીવાનીય બંધ જ કરી દેવી પડશે. ઈંજેક્શનોથીય હું થાકયો છું.'

'તમે શું બોલો છો એની જ મને તો કશી સમજણ પડતી નથી.' ગૂંચવાતાં ગભરાતાં વૃંદા બોલી.

'કારણ કે મારે હવે પેલા યમરાજને નિરાશ નથી કરવા. મારા મનમાં હવે ઉગી ગયું છે કે હું જ્યાં સુધી જીવતો હોઈશ ત્યાં સુધી સ્પંદનાના લગ્નજીવન પર ભય તોળાયેલો જ રહેશે. મારા મરવાથી એમના જીવનમાં તો શાંતિ જળવાઈ રહેશે. જવા દો બધી વાતો પણ હવેથી એક વાત નક્કી કે હવેથી હું કોઈ દવા નહીં લઉં.' કહેતાં નિશીથે દવાની શીશીઓ ઉઠાવી બારીએથી બહાર ફેંકી દીધી. એમાંની એક શીશી નિશાન ચૂકી ભીંતમાં અફળાઈ ફૂટીને રૂમમાંની ટાઈલ્સ પર પડી. વૃંદાને લાગ્યું કે હમણાં જ બા શું થયું એ જોવા દોડતાં ઉપર આવી લાગશે. ને ઝડપથી સ્વસ્થ થવાના તેના લાખ પ્રયત્ન છતાં તેનાથી રડી પડાયું.

'હું બહુ વહેમી છું. મેં તમને ઘણા દુભવ્યા.' તેણે કહ્યું.

'જે થવાનું હોય છે એ થઈને જ રહે છે કોણ એનું નિમિત્ત બને છે એનું કશું મહત્ત્વ નથી. તમારે મનમાં મૂંઝાવાની જરૂર નથી. મને તમારી વાતનું ખોટું લાગવાથી મેં આ પગલું ભરવાનું નક્કી કર્યું છે એમ નથી. પણ તમારી વાતમાંથી મને જે સમજાયું તેનાથી મને આ નિર્ણય લેવાની અગત્ય સમજાઈ છે.' કહેતાં નિશીથે આંખો મીંચી દીધી. આ વખતે વૃંદા તેના આ ઈશારાને ન અવગણી શકી. આંસુ લૂછતી એ બહાર દોડી ગઈ.

પોતાના રૂમમાં જઈ તે ક્યાંય સુધી રડતી રહી. સ્હેજ સ્વસ્થ થઈને એ નીચે આવી ત્યારે અમૃતગૌરીએ કહ્યું : 'સ્પંદના આવી હતી. એને પિયરમાં જવાની એટલી તાલાવેલી હતી કે મેં કહ્યું કે વૃંદા તને સ્ટેશને મૂકી જશે પણ તોય એ ટેક્સીમાં લઈને જ ઊપડી ગઈ. મને મળીને બિચારી ગરગરી થઈ ગઈ હતી.' એક વૃંદાને જ ખબર હતી કે એ કેમ ગળગળી થઈ ગઈ હતી.

અનુક્રમ

## ૧૨. મારા જેવું કોઈ ન થજો

સ્પંદના ઘેર આવી અને તેને જોઈને સગાંસ્નેહીઓએ જ્યારે કહ્યું કે એ બહુ સુકાઈ ગઈ હતી ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે એ થોડી સુકાઈ હતી. રવીન્દ્રનો સ્વભાવ ઘણો સારો હતો અને નિશીથ પણ વૃંદા સાથે ગોઠવાઈ જશે એવું હજુ સવાર સુધી તો તેને લાગતું હતું છતાં એને લાગ્યું કે એ પાંચેક રતલ જેટલુ વજન ઓછું કરી આવી હતી આ ત્રણ મહિનાના ગાળામાં. નિશીથના તરફની આટલી ચિંતા ન હોત તો એને લાગતું હતું કે પાંચ રતલ જેટલું વજન વધારીને આવી હોત કદાચ.

રવીન્દ્ર સારો માણસ હતો. ઘણો સારો માણસ હતો. તેની સાથે તો પોતે-એની વહાલસોઈ પત્ની હતી. પણ બાપડો નિશીથ- તેને નિશીથની યાદ પાછી કોરવા લાગી. રોજ તેને મળતાં, તેની સાથે ટોળટપ્પાં કરતાં અને વૃંદાને વચમાં રાખી બેયની ઠેકડી ઉડાડતાં એનો આનંદ બેવડાઈ જતો હતો. પણ આજે એના કાનમાં વૃંદાએ જે ઉકળતું સીસું રેડ્યું હતું એની બળતરા તો એના હૈયાના ઊંડાણ સુધી પહોંચી ગઈ હતી. એને થયા કરતું હતું કે વૃંદા આવા વહેમી સ્વભાવની કેમ થઈ ગઈ હતી !

એણે નિશીથને મોઢામોઢ આ બધું કહ્યું એની પેલા માણસના મન પર કેવી અસર પડી હશે ! એ તો બિચારો રડવા જેવો જ થઈ ગયો હશે. જ્યાં એ પરાણેય મોઢું હસતું રાખી રહ્યો હતો ત્યાં આ અદેખીનો બડબડાટ એ કેમ સહન કરી શક્યો હશે !

સ્પંદનાના પિયરવાસના એ દિવસો થોડા વધુ આનંદમાં પસાર થઈ ગયા હોત જો એણે વૃંદાનો આ બફાટ સાંભળ્યો ન હોત તો. એની આવી વાતો સાંભળ્યાથી એનું મન વેદનાથી વ્યાકુળ થઈ ગયું હતું. એક

તરફથી એના મનનો પેલો વહેવારું ખૂણો એને કોચી રહ્યો હતો : ' એમાં એનો બાપડીનોય શો વાંક ? તારો પેલાની સાથેનો સંબંધ જાણ્યા પછીય એ ત્યાં મન લગાડવા પ્રયત્ન કરી રહી હોય ત્યાં તું રોજ પેલાની સાથે હાહાહીહી કરી વચમાં ડબકાં મૂકવા જેવું કરે તો એ બાપડી અકળાય તો એમાં એનો કોઈ વાંક ખરો ?

ને સ્પંદનાએ પોતાના મનમાં પેસીને ખંખાખોળા કરવા માંડ્યા. નિશીથને મળવાનું પોતાને ગમતું જ હતું. એની સાથે ટોળટપ્પાં કરવામાં પોતાને મજા પડતી હતી એની તો પોતાનાથી ના પડાય એમ જ ન હતી. રવીન્દ્ર ઉદાર દિલનો માણસ હતો. એ તો સ્પંદનાના અને હવે તો પોતાના પણ એક મિત્રની દવા કરવા રોજ બંગલે જતો હતો અને અમૃતગૌરીના આગ્રહને કારણે સ્પંદનાનેય પોતાની સાથે લઈ જતો હતો. એને લાગતું હતું કે પોતાનાં કૉલેજ સમયનાં મિત્રોની સાથે ગપ્પાં મારવામાં નિશીથ પોતાનું દુખ ભૂલી જતો હતો અને દિવસે દિવસે એ સ્વસ્થ થતો જતો હતો.

'એ નિશીથની જગ્યાએ તારો બીજો કોઈ મિત્ર હોત અને તારો એની સાથે ફક્ત મૈત્રીસંબંધ જ હોત તો તેં આટલો રસ ધરાવ્યો હોત ખરો?' પેલું મન એને વારંવાર સવાલ કરી મૂંઝવતું હતું. એ પોતાની જાતને એ સવાલ કરી છેવટે કશો જવાબ ન મળતાં એને જ પાછી પૂછતી હતી : 'તું જ કહે ને કે હું શું કરું ?'

જેમ સ્પંદના પેલા મનને જવાબ આપી શકતી ન હતી એમ એ મન પણ એના આવા સામા સવાલનો જવાબ આપતું ન હતું. હા એની પાસે જવાબ હતો ખરો. હવે પછી કયારેય એને મળવા ન જઈશ, એમ એ કહી શકતું હતું પણ એને ખબર હતી જ કે સ્પંદના એનું કહેવું માનવાની ન હતી ને નિશીથને મલ્વાનું બંધ કરી દેવાની ન હતઍિટલે એ ચૂપ જ રહેતું હતું. પણ આજે તો એ સવાલના જવાબ પર એને પોતાનું એકલીનું જ નહીં પણ નિશીથ અને વૃંદાનું ભાવિ પણ ખરાબે ચઢતું લાગ્યું એટલે એણે જવાબ આપવો જ પડ્યો : 'હું હવે એને મળવાનો કોઈ પ્રયત્ન નહીં કરું. એટલું જ નહીં પણ એ મને મળવાનો પ્રયત્ન કરશે તો ગમે તે ઉપાય કરીને હું એને મળતો અટકાવીશ. ભલે એમ કરતાં એને ખોટું લાગતું.' તે બબડી રહી.

તેણે નિર્ણય કર્યો છતાં તેના મનને કરાર ન વળી તે સાંજે એ ઉષાને ત્યાં સૂવા ગઈ ત્યારે પોતે મુંબઈ ગઈ ત્યારથી તે સવારે વૃંદાની વાત એને કાને પડી ગઈ હતી ત્યાં સુધીની બધી વાત એને કરી. પછી એને જ પૂછ્યું : 'હવે તું જ કહે હું શું કરું ? મારો આમાં કોઈ વાંક હોય તો મને કહે.'

'જો મારું કહેવું તું માનવાની હોઉં તો હું તો એ જ કહું છું કે તું એને મળવાનું કોઈ પણ ભોગે ટાળ. જો એક કહેવત છે કે મીણનો તોય માટી. ધણી ગમે તેવો ભોળો હોય પણ જ્યારે પોતાની પત્નીનું નામ પારકા પુરુષ સાથે જોડાતું જુએ ત્યારે એની આંખોમાં લોહી તરી આવ્યા સિવાય ન જ રહે. તને આટલું ભણેલીને એ કેમ સમજાતું નથી કે તારા આવા વર્તનથી કોઈક દિવસ તારું લગ્નજીવન ખોરવાઈ જશે !'

'મેં પણ પહેલાં એમ જ વિચાર્યું હતું અને હું એમ કરી શકી પણ હોત પણ એક દિવસ નિશીથની ને રવીન્દ્રની મુલાકાત અનાયાસે જ થઈ ગઈ. ને હવે તો એ પણ નિશીથનો દોસ્ત બની ગયો છે. એ જ એવા પ્ર સંગો ઊભા કરે છે કે મારે નિશીથને ન મળવું હોય તોય મળવું પડે. હું તો ઘણુંય ઈચ્છું છું કે હું એનાથી દૂર રહું ને એના દિલને કરાર વળવા દઉં, વળી હવે તો આ વૃંદા આખો વખત એની નજીક છે એટલે એને ગોઠવાઈ જતાં વાર પણ નહીં લાગે. પણ રવીન્દ્ર-' સ્પંદનાએ કહ્યું.

'તું એમ કરે કે રવીન્દ્રને સ્પષ્ટ વાત કરી દે કે તું નિશીથને મળવા જાય છે એને લીધે વૃંદા એની પર વહેમાય છે અને એમની બનતી વાતમાં ડખો ઊભો થાય છે.'

'પણ એમ કરતાં રવીન્દ્ર પોતે જ મારી પર વહેમાય તો મારે તો કાલની ધાડ આજે પડવા જેવું થઈ જાય. અથવા વાતવાતમાં એ વૃંદાને એ અંગે ટકોર કરી બેસે તો.'

'તો શું ?'

‘વૃંદાને અમારા સંબંધ વિષે થોડો વહેમ તો છે જ. એમાં એ મીઠું મરચું ભભરાવીને રવીન્દ્રને વાત કરી દે તો મારે તો તકલીફ જ થઈ જાય ને !’ સ્પંદનાએ કહ્યું. એની આ વાત પાયા વગરની ન હતી એ ઉષાને સમજાઈ ગયું.

‘ઉપરવાળાને આવાં કોમ્પ્લીકેશન ઊભાં કરીને શું હાથમાં આવતું હશે !’ ઉષાય હતાશ થઈને બોલી.

‘ગમે તેમ તોય હું હવે નિશીથને મળવાનું તો ટાળીશ જ. ઘરકામનું બહાનું કાઢીશ, સહેલીઓને મળવાનું બહાનું કાઢીશ, શોપિંગનું બહાનું કાઢીશ. છેવટે કૉલેજમાં જવાનું શરૂ કરી દઈશ. ગમે તેમ કરીશ.’

‘મને પણ એ જ ઠીક લાગે છે. પણ તને એમ નથી લાગતું કે નિશીથને આમ નકોરડા ઉપવાસ કરાવીને છોડી દેવો એ પાપ છે ?’ ઉષાએ આંખો નચાવતાં ટીખળ કર્યું.

‘શું કહ્યું તેં !’ કહેતી સ્પંદના એની પર છેડાઈ પડી.

‘જે તેં સાંભળ્યું એ. પણ મને તો એ બાપડાની દયા આવે છે.’

‘આજે તને દયા આવે છે પણ જ્યારે મેં તને લગ્ન પહેલાં વાત કરી હતી ત્યારે તો તુંય પેલી ડોસીઓની લાઈનમાં બેસી ગઈ હતી. હવે જો તને દયા આવતી હોય તો તું જ જાને એની પાસે. હજુ તારાં લગ્ન ક્યાં થયાં છે!’

‘એ બધી વાતો. પણ તું તો એનાં સ્વપ્નોની રાણી, મનડાની માયા, આંખોની રોશની, હૈયાની ધડકન’ ઉષા અવું તો કેટલુંય બોલી ગઈ હોત જો એને સ્પંદનાએ અટકાવી ન હોત તો.

‘કોણ જાણે તું આવું બધું ક્યાંથી શીખી આવે છે ! મારે હવે માસીને કહેવું પડશે કે આને જલ્દી પરણાવી દો નહીં તો કોઈની સાથે ભાગી જશે.’

‘તું પરણી ગઈ એટલે બધાંને લેતી પડવાની જ વાત કરવાની. પણ મારાં બા મને પૂછ્યા વગર લગ્નની તારીખ કદી નકકી નહીં કરે.’

‘એની તો મને ખબર જ છે. હજુ પેલા વરરાજા ભણે છે એટલે માસી તને પૂછતાં નથી. બાકી તું તો વરસ આખાથી મેંદી મૂકીને પરણવાના તનકારા મારી રહી છું.’

‘જા જા, હવે બધાં તારા જેવાં થોડાં હોતાં હશે !’ ઉષા બોલી ને એના હસવામાં બોલાયેલા આ શબ્દો સ્પંદનાના હૈયામાં કેવીય ઉથલપાથલ મચાવી ગયા.

‘મારા જેવું કોઈ ન થજો. ભગવાન સૌને એમાંથી બચાવે.’ કહેતાં એ રોઈ પડી. એ એવી તો ધ્રુસકે ચઢી ગઈ કે એક વાર તો ઉષાય ગભરાઈ ગઈ. તેને થયું કે આવીએ સાસરેથી ભાગીને તો નહીં આવી હોય ને ! કે પછી ડૉક્ટરે એને કાઢી મૂકી હશે ?

એના મનનો ઉભરો નીકળી ગયા પહેલાં કાંઈ બોલવાનું ઉષાને યોગ્ય ન લાગ્યું. એણે ઊભાં થઈ મૂંગાં મૂગાં જ એને પાણી આપ્યું. કશાય ભાવ મોં પર લાવ્યા વિના જ એ પાણી પી ગઈ. પછી સ્હેજ સ્વસ્થ થતાં બોલી : ‘હુંય કેવી છું ! તને નાહક ગભરાવી મારી. હું કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છું એનો તને ખ્યાલ ક્યાંથી આવે ?’

‘હમણાં તેં મને જે બધી વાતો કરી એનાથી મને થોડો ખ્યાલ તો આવી જ ગયો છે. પણ હું માનું છું કે તું તારી ભાવનાશીલતા પર થોડો કાબૂ મેળવીને વરસ બે વરસ નિશીથને એના હાલ પર જ છોડી દે અને ઘરમાં અને રવીન્દ્રમાં જ મનને પરોવાયેલું રાખે તો બધું બરાબર થઈ જશે.’

'પણ તને ખબર નથી કે નિશીથ કઈ માટીનો બનેલો છે. હું જો એવું કરું તો એ સાવ ભાંગી પડશે. એ અત્યારે જે થોડો રાગે આવ્યો છે એ પણ નહીં રહે.'

'તો એને રાગે રાખવા માટે થઈને તું તારું લગ્નજીવન હોડમાં મૂકવા માગે છે ? હવે તારે એકલો તારો ખ્યાલ કરવાનો નથી. તારે રવીન્દ્રનો પણ ખ્યાલ કરવાનો છે. એણે તો તને તારા પર પૂર્ણ વિશ્વાસ મૂકીને પત્ની તરીકે સ્વીકારી છે. કયાંક નિશીથને સુખી કરવાની દોડમાં તું રવીન્દ્રને અને તને પોતાનેય દુખી કરી ન બેસે તો સારું.'

'એટલે તું એમ કહેવા માગે છે કે હું નિશીથને મરવા દઉં! તને લાગે છે કે નિશીથને એમ રઝળતો મૂકીને હું સુખે જીવી શકીશ ?'

'મારું માન તો પ્રયત્ન કરવામાં કશું ખોટું નથી. કદાચ નિશીથ અને વૃંદાનું ચોકઠું એમ કરતાં ગોઠવાઈ પણ જાય. ને તારી એવી ઈચ્છા પણ છે તો તું નિશીથથી જેટલી વધારે દૂર રહેશે એટલું એ કદાચ વહેલું ગોઠવાશે.'

'મને એવું લાગતું નથી.'

'મને લાગે છે કે તું નિશીથની નજરમાં તારી જાતને એવી હલકી પાડી દે તો એ વૃંદા તરફ વળી જશે. તું જો પૂરી રીતે રવીન્દ્રમય દેખાવાનો પ્રયત્ન કરશે તો નિશીથ તારા પ્રત્યે ઘૃણા કરતો થઈ જશે અને વૃંદા નહીં તો કોઈ બીજી સાથે વખત જતાં મન પરોવી લેશે.'

સ્પંદના ઉષાની વાત મનમાં વાગોળી રહી. એને થયું કે જેમ ઉષા કહેતી હતી એમ વૃંદાય માનતી હતી. પોતાની કાયમની હાજરી નિશીથને વૃંદા તરફ ખેંચાતો અટકાવી રહી હતી. 'હું તારા કહેવા મુજબ પ્રયત્ન કરી જોઈશ.'

'અરે ગાંડી એમાં પ્રયત્ન કરવાની જરૂર જ નથી. તારે એને મળવું જ નહીં. અને વખત છે ને એ તને મળવા પ્રયત્ન કરે તો એને ચોખ્ખું સંભળાવી દેવું કે તને રવીન્દ્ર સિવાય બીજા કશામાં રસ નથી.'

'પણ મને ખાતરી છે કે એ મને મળવાનો પ્રયત્ન નહીં જ કરે. હું એની તબિયત જોવા એની રૂમ પર ગઈ હતી ત્યારે એણે મને સામેથી કહ્યું હતું કે મારે એને મળવા ન જવું. એને બીક હતી કે રવીન્દ્રને કદાચ ખોટી શંકા આવશે તો મારું લગ્નજીવન વિંખાઈ જશે.' સ્પંદના નજર ઢાળીને બોલી.

'લે આ તો પેલા ભૂત જેવી વાત થઈ. બધા કહેતા હતા કે જડયાને ભૂત વળગ્યું છે પણ પણ એને જ ખબર હતી કે એને ભૂત નથી વળગ્યું પણ એ પોતે જ ભૂતને વળગ્યો છે. તે તારી વાતેય એ જડયા જેવી જ છે. તને ફાવે તેમ કરજે પણ પહેલો તારો, રવીન્દ્રનો અને વિશ્વંભરની આબરૂનો વિચાર કરીને કરજે.'

'એવા આબરૂના ભૂતે તો મને આ દોઝખમાં નાખી છે. હજુય તું એને વચમાં કયાં લાવે છે!'

'તું માને કે ન માને પણ જો તારે અને રવીન્દ્રને અણબનાવ થાય અને તું એનાથી છૂટી થઈ જાય તો તું કયું મોઢું લઈને ગામમાં આવી શકે કે તારાં બા કે તારાં ભાઈબેન કયે મોંઢે ગામમાં ફરી શકે ?'

'જે વાત બનવાની જ નથી એની ચિંતા કરીને દુઃખી થવાનો શો અર્થ ?' કહેતાં સ્પંદનાએ વાતનું પૂર્ણવિરામ મૂકયું.

અનુક્રમ ?

# ૧૩. અકસ્માત

'મોટીબહેન, તમારો ટેલીગ્રામ છે.' ઉષાને ત્યાંથી આવીને હજુ તો સ્પંદના બેઠી જ હતી ત્યાં કલ્પનાએ બહારથી બૂમ મારી. ટેલીગ્રામની વાત સાંભળતાં ઘરનાં બધાં હાંફળાં થઈ બહાર રવેશીમાં દોડી આવ્યાં.

સ્પંદનાએ સહી કરી ટેલીગ્રામ લીધો અને વાંચવા માંડ્યો. તાર હોવો જોઈએ એના કરતાંય ટૂંકો હતો : 'રવીન્દ્ર ઈન્જર્ડ કમ સૂન. -નિશીથ.' તાર વાંચતાં વાંચતાં એના હાથમાંથી તારનો એ કાગળ પડું પડું થઈ રહ્યો. 'ઈન્જર્ડ' અને 'કમ સૂન'ની વચમાં અટવાતી એની નજરોમાં ભિનાશ તરી આવી.

એણે ઉષાના હાથમાં તાર પકડાવી દીધો ને અંદર જઈ સૂટકેસમાં કપડાં ભરવા માંડી. બહારથી આવી પહોંચેલાં વિલાસબેને પૂછ્યું : 'શાનો તાર છે ? કશું અજુગતું તો નથી થયું ને ?'

'રવીન્દ્રને એકસીડેન્ટ થયો છે. મારે અત્યારે જ મુંબઈ જવું પડશે.' સ્પંદનાએ જવાબ આપ્યો ને બેગમાં કપડાં ભરવાનું ચાલુ રાખ્યું.

'શું થયું હશે! હું તમારી સાથે આવું ?' ઉષા અને કલ્પના એકી સાથે બોલી ઊઠ્યાં.

'અત્યારે તો હું એકલી જ જાઉં છું. જરૂર જેવું હશે તો હું તમને બોલાવીશ.'

'શું થયું હશે ?' કલ્પનાનું સ્ત્રીમાનસ છતું થયા સિવાય ન રહ્યું.

'તાર પરથી તો કશી ખબર પડતી નથી. જો કારનો અકસ્માત થયો હોત તો એમ લખ્યું હોત. આમાં તો એટલું જ સમજાય છે કે જીજાજીને ઈજા થઈ છે. શાનાથી ઈજા થઈ છે એવું કશું સ્પષ્ટ થતું નથી. મોટીબેન મને સાથે આવવા દો.' સુરેશે કહ્યું.

'હું તમને જેવું હશે એવું જણાવીશ પછી તમને આવવા જેવું લાગે તો આવજો. જાણ્યા વગર બધાંએ ત્યાં સુધી દોડવાની જરૂર નથી.' સ્પંદનાએ કહ્યું. મનમાં એને એક વખત શંકાય આવી ગઈ કે આ રવીન્દ્રનું એને પાછી બોલાવવાનું કોઈ કાવતરું તો નહીં હોય ને. પણ તાર નિશીથે કર્યો હતો એટલે એવું શકય ન હતું જો સાચેસાચ નિશીથે જ કર્યો હોય તો. જો રવીન્દ્રએ એને પાછી બોલાવવા માટે નિશીથને નામે ખોટો તાર કર્યો હશે તો આજે એનું આવી જ બન્યું છે. એ મનમાં ને મનમાં રવીન્દ્રની ઝાટકણી કાઢવાના વિચાર કરી રહી. તો આ 'કમ સૂન'ની તાકીદ કરતો તાર સાચો જ હોય તો ! 'ભગવાન એ તાર ખોટો જ નીકળજો. હું રવીન્દ્રને કશું નહીં કહું.' એ ઢીલી પડી જતાં ભગવાનને વિનવી રહી.

'જઈને તરત જ જેવું હોય એવું જણાવતો કાગળ અમને લખી નાખજે. અને મારી જરૂર હોય તો મને તાર જ કરજે એટલે પહેલી ગાડી પકડીને હું આવી જઈશ.' ઉષાએ કહ્યું. સ્પંદના આ બધું સાંભળતી હોય એમ લાગતું હતું એટલું જ પણ તે સાચું ન હતું. બધાંની વાતો તરફ એના કાન હતા એ માફ પણ મન તો એનું રવીન્દ્રની ચિંતામાં મુંબઈની ગલીઓ અને હૉસ્પિટલોમાં ભટકી રહ્યું હતું.

તેનું મન તરેહ તરેહની કલ્પનાઓ કરી રહ્યું હતું : 'મોટરનો અકસ્માત થયો હશે ? રસ્તા પર લપસી પડ્યા હશે ? દાદાર પરથી પડ્યા હશે ? એકસરેની અસરમાં આવી ગયા હશે ?' પણ એમાંનું કશું થયું હોવાનું તેનું મન માનતું ન હતું. એ બધી બાબતોમાં તો રવીન્દ્ર બહુ સાવચેત અને કાળજીવાળો હતો. છેવટે એણે મન મનાવ્યું કે આ તાર બનાવટી જ હશે અને નિશીથનું નામ લખીને રવીન્દ્રએ જ બનાવટ કરી હશે. અને આ મનભાવતી કલ્પનાને સહારે જ એણે પાંચ કલાકની મુસાફરી પૂરી કરી ને !

મુંબઈ સેન્ટ્રલ પર એને નિશીથ મળ્યો. સ્પંદનાને એક વખત તો એમ કહેવાનું મન થઈ ગયું કે એ તેની અને રવીન્દ્રની બધી ચાલબાજી સમજી ગઈ હતી, પણ નિશીથના મોં પર નજર પડતાં તે અટકી ગઈ. તેના

ઉજ્જડ મોં પરની ગંભીરતા જોતાં એને લાગ્યું કે તારમાંની વાત ખોટી ન હતી. ને તેના હૈયામાં ફાળ પડી : 'શું થયું છે ? કેમ કરતાં એ ઈન્જર્ડ થયો છે ?'

'સ્ટવ ફાટયો એટલે એ દાઝી ગયા છે. ડૉક્ટરો કહે છે કે ચિંતા કરવા જેવું નથી. સારું થઈ જશે.' નિશીથે કહ્યું. પણ સ્પંદનાના પગમાંથી તો જાણે ચેતન જ હણાઈ ગયું. એણે નિશીથનો ટેકો લીધો. તે કેમની બહાર આવી અને કેમની કારમાં બેઠી એનું જ એને ભાન ન હતું.

'એ હૉસ્પિટલમાં છે ?' સ્હેજ સ્વસ્થ થતાં એણે પૂછ્યું.

'હા, આપણે સીધાં ત્યાં જ જઈએ છીએ.' નિશીથે કહ્યું અને કારની ઝડપ વધારી. તેનાં ગંભીરતા અને મૌન સ્પંદનાને વધુ ગભરાવી રહ્યાં.

'ડૉક્ટરોએ કહ્યું છે કે ચિંતા કરવા જેવું નથી ?'

'હા.' નિશીથે પાછો એકાક્ષરી જવાબ આપ્યો અને રસ્તાની ભીડમાંથી કારને કાળજીપૂર્વક સરકાવવામાં ધ્યાનને રોકી રહ્યો. કાર થોડી જ વારમાં રવીન્દ્ર જ્યાં કામ કરતો હતો એ હૉસ્પિટલના પાર્કિંગ લૉટમાં જઈને થોભી.

રવીન્દ્રને અલાયદો રૂમ આપવામાં આવ્યો હતો. નિશીથ સ્પંદનાને ત્યાં લઈ ગયો. આખા મોં પર પાટા વીંટાળેલા રવીન્દ્રની હાલત જોઈ એ રડી પડી. રવીન્દ્રનું આખું મોં પાટાથી ઢંકાઈ ગયું હતું ફકત નાક અને હોઠ જ બહાર દેખાતા હતા. તેના હોઠ ખૂલ્લા હતા છતાં દાઢીથી માથા સુધી બંધાયેલા પાટાને કારણે તેનાથી કાંઈ બોલી શકાય એમ ન હતું.

'ડૉક્ટર, સ્પંદના આવી છે.' નિશીથે પાટાની પાર સંભળાય એટલે સ્હેજ ઊંચે અવાજે કહ્યું. ને રવીન્દ્રએ કંઈક બોલવા પ્રયત્ન કર્યો પણ બોલી શકાય એમ હતું જ કયાં! એણે હાથથી હોઠ પાસેના પાટાને ખસેડવા પ્રયત્ન કર્યો ત્યાં એક નર્સે દોડી આવી. ને તેનો હાથ પકડી લીધો.

'તમે શાંતિથી સૂઈ રહો હું તમારી પાસે બેસું છું.' સ્પંદનાએ કહ્યું ને રવીન્દ્રની પથારી પાસેના સ્ટૂલ પર બેસી તેનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને પંપાળવા લાગી. તેની આંખમાંથી આંસુ સરી પડ્યાં. નિશીથ બોલ્યા સિવાય રૂમમાંથી બહાર સરકી ગયો.

લગભગ એક કલાક પછી એક ડૉક્ટરે આવી એને એક ઈંજેકશન આપ્યું અને સ્પંદનાનો ઉદાસ ચહેરો જોતાં કહ્યું : 'તમે ચિંતા ન કરો બેન, એ સંપૂર્ણ સાજો થઈ જશે. મેં એને ઘેનનું ઈંજેકશન આપ્યું છે એટલે અત્યારે એને ઊંઘવા દો અને તમે પણ આરામ કરો.' એ ડૉક્ટર રવીન્દ્રની સાથે જ કામ કરતો હતો અને રવીન્દ્રની લગ્નની પાર્ટીમાં આવેલો હતો એટલે એણે સ્પંદનાને ઓળખી લીધી હતી.

સ્પંદનાએ એને ધીમા અવાજમાં પૂછ્યું : 'એમની આંખોને તો નુકશાન નથી પહોંચ્યું ને ?'

'અત્યારે તો કશું કહી શકાય એમ નથી. કાલે એનો પાટો ખોલવાનો છે ત્યારે જેવી હશે તેવી ખબર પડશે. પણ બનતાં સુધી કશો વાંધો આવે તેમ લાગતું નથી.' એણે કહ્યું.

સાંજે વૃંદા ટિફિન લઈને આવી. સ્પંદનાને ખાવાનું મન ન હતું છતાં નિશીથ અને વૃંદાના આગ્રહને વશ થઈ તેણે થોડું ખાધું. બીજા એક ડૉક્ટરે આવીને રવીન્દ્રનો ચાર્ટ જોયો. એણે સ્પંદનાને જણાવ્યું કે એણે હૉસ્પિટલમાં રહેવાની જરૂર ન હતી. પણ તે ન માની. નિશીથે વૃંદા સાથે કશીક ગુસપુસ કરી અને વૃંદા ગઈ. કલાકેક પછી એ પાછી આવીને ઓશીકાં શેતરંજી અને બ્લેંકેટ આપી ગઈ.

એના ગયા પછી નિશીથે સ્પંદનાને સૂઈ જવા સમજાવી પણ તે ન માની. તે સ્ટૂલને બદલે એક ખુરસી

ખેંચી એના પર જ બેસી રહી.

આખરે થાકીને નિશીથે બારણા પાસે જ લંબાવ્યું. રાતના ત્રણેક વાગ્યે એની આંખ ખૂલી ત્યારે સ્પંદના નમીને બેડને સહારે ઊંઘી રહી હતી. હજુ રવીન્દ્રનો હાથ એના હાથમાં જ હતો. રવીન્દ્ર પણ હજુ ઘેનમાં ઊંઘતો જ હતો. નિશીથે સ્પંદનાને બ્લેંકેટ ઓઢાડ્યો.

સવારમાં નિશીથ જાગ્યો તે પહેલાં સ્પંદના ઊઠી ગઈ હતી. નિશીથે તેને ઘેર જઈ, નાહી પરવારી આવવા કહ્યું પણ તે ન માની. થોડી વાર પછી બંગલેથી વૃંદા તેને લેવા આવી તોય તે ન જ માની. તેણે કહ્યું કે જ્યાં સુધી રવીન્દ્રનો પાટો ન ખૂલે ત્યાં સુધી તે કયાંય જવાની ન હતી.

'લગભગ સડા આઠ વાગ્યે ડોકટરે રવીન્દ્રને ડાર્ક રૂમમાં લેવરાવ્યો અને પાટો ખોલ્યો. રવીન્દ્રના ચહેરાની હાલત જોઈને બે મદદનીશોએ એકબીજા સામે અર્થપૂર્ણ નજરો નાખી. બેમાંથી કોઈ કાંઈ બોલ્યા નહીં. બેય પોતાનું કામ કરી રહ્યા. ડૉકટરે રવીન્દ્રની આંખો અને ચહેરાની તપાસ કરી જરૂરી દવાઓ લગાડી નવેસરથી પાટો બાંધવાની મદદનીશોને સૂચના આપી. રવીન્દ્રએ એને કહ્યું : ' ડૉકટર, મને કંઈ દેખાતું નથી.'

'હજુ હમણાં તમને કદાચ એમ લાગશે પણ હું માનું છું કે ફરીથી પાટો ખોલીશું ત્યારે તમને ઘણો ફેર લાગશે.'

'હું સમજું છું. પણ મહેરબાની કરીને બહાર ઊભેલી મારી પત્નીને આવું ન કહેતા. એ તો સારા સમાચારની રાહ જોતી આખી રાત જાગતી બેસી રહી છે.'

'કેમ છે એમની આંખોને ?' ડૉકટર બહાર નીકળ્યા ત્યારે સ્પંદનાનો સવાલ તેમની વાટ જોતો જ જાણે ઊભો હતો.

ડૉકટરે એમના બેય મદદનીશો પર નજર નાખી લીધી અને સ્પંદના તરફ ફરતાં કહ્યું : 'હવે તેની તબિયત સારી છે. એ હવે બોલી પણ શકશે. પણ તમે એને બહુ બોલવા દેશો નહીં.'

'પણ એમની આંખો કેમ છે ?'

'હજુ તો ચોકકસ કહી શકું નહીં પણ મને લાગે છે કે આંખોને વાંધો નહીં આવે.' કહેતાં એ ઉતાવળે પગલે વૉર્ડ તરફ ચાલ્યા. તેમના બેય મદદનીશો પણ તેમને અનુસર્યા. તેમની આ ઉતાવળનો અર્થ સ્પંદના નહોતી સમજતી તે જ સારું હતું.

તે બપોરે રવીન્દ્રએ સ્પંદનાને કહ્યું : 'હું કેવો ખરાબ છું ! મેં તને તારાં ભાઈબેન પાસે પૂરું અઠવાડિયુંય ન રહેવા દીધી, પણ હું શું કરું ? મારા હાથની વાત ન હતી.'

'તમે એવું ગાંડુંઘેલું બોલ્યા સિવાય શાંતિથી સૂઈ રહો.'

'તેં કાંઈ ખાધું ?'

'હા.' એને બોલતો અટકાવવા સ્પંદનાએ જૂઠનો સહારો લીધો.

'સ્પંદના મને એમ થાય છે કે મને કંઈ થઈ ગયું તો મારું તો ઠીક પણ પછી તારું શું ? મેં તને દુખી કરી નાખી.'

'તમે એવી અમંગળ શંકાઓ કર્યા વગર શાંતિથી સૂઈ જાવ. તમને કશું થવાનું નથી.' તેણે કહ્યું.

'હું પણ તારી જેમ જ મારા મનને સમજાવવા પ્રયત્ન કરું છું કે મને કંઈ થવાનું નથી પણ સ્પંદના એ

સાચું નથી. હું એક મહિનામાં સાજો થઈ જઈશ એ વાત સાચી પણ મારી આંખો-'

'આંખોને શું છે એય બરાબર થઈ જશે. આજે સવારે જ મેં ડૉક્ટરને પૂછ્યું હતું. એમણે કહ્યું છે કે આંખોને કશું થયું નથી. તમે તમારે નિરાંતે સૂઈ રહો. નકામી ચિંતાઓ કરી જીવ બાળશો નહીં.' સ્પંદનાએ કહ્યું, પણ એનું હૈયું એમાં સાથ દઈ શકતું ન હતું. એક નર્સ મારફતે એણે જાણ્યું હતું કે ડૉક્ટરો રવીન્દ્રની આંખો માટે બહુ આશાવાદી ન હતા.

સાંજના નિશીથ આવ્યો ત્યારે તો એ રડી જ પડી. વૃંદાએ આશ્વાસન આપતાં કહ્યું : 'તારે ગભરાવાની કોઈ જરૂર નથી. મેં ડૉક્ટરને પૂછ્યું હતું. એ લોકો કાલે એમની આંખોનો એક્સ-રે લેવાના છે. એ લીધા પછી આગળ શું થઈ શકે એમ છે એનો એ લોકો નિર્ણય કરવાના છે.'

પરંતુ એ બધાંય બહાનાં બીજે દિવસે લૂલાં થઈ ગયાં, જ્યારે એક્સ-રે લેવાયો અને ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધા ત્યારે. એ લોકો છૂટી જ પડ્યા કે રવીન્દ્રની આંખો અંગે હવે કશું થઈ શકે એમ ન હતું. હા, એમણે એક આશ્વાસન જરૂર આપ્યું હતું કે રવીન્દ્રની આંખોની આસપાસ રુઝ આવી જાય ત્યાર બાદ એક ઑપરેશન કરી શકાય તેમ હતું. જો એ ઑપરેશન સફળ થાય તો એની આંખોની રોશની પાછી ફરે તેમાં શંકા ન હતી.

તે રાતે રવીન્દ્રએ સ્પંદનાને કહ્યું : 'એવું નથી કે હું મારી આંખો પાછી મેળવવા ઈચ્છતો નથી પણ એ લોકો જે ઑપરેશનની વાતો કરે છે એવાં ઑપરેશનો આપણે ત્યાં બેચાર વરસથી થાય છે પણ એમાં સફળતાના ચાન્સ માત્ર બે ટકા જ છે.'

'ભગવાનની દયા હશે તો તમારો નંબર એ બે ટકામાં જ આવી જશે.' સ્પંદનાનો આશાવાદ બોલી ઊઠ્યો.

'તું જેટલી એ ઑપરેશનની સફળતામાં શ્રધ્ધા ધરાવીશ એટલી જ પાછળથી નિરાશ થઈશ. એના કરતાં-'

પણ એને આગળ બોલવા દીધા સિવાય જ સ્પંદના બોલી ઊઠી : 'ભલે જો તમે એમ ઈચ્છતા હશો તો હું એમાં શ્રધ્ધા નહીં ધરાવું પણ તમે એ વાત પણ સાથે એ પણ કહી દઉં કે હું એ ઑપરેશન કરાવવાનું માંડી પણ નહીં વાળું. તમારી પાસે હું એક વચન માગી લઉં છું કે તમે આજ પછી મને એમાંથી પાછી પાડવાનો પ્રયત્ન ન કરશો.'

'પણ હું જાણતો હોઉં કે આ બધું કેવળ-'

'તમે અત્યારે ડૉક્ટર નથી. અત્યારે તમે એક દર્દી છો. અને જેને આ ઑપરેશન પર શ્રધ્ધા છે એવા ડૉક્ટર તમારું ઑપરેશન કરવાના છે. તમારે એક સારા દર્દી તરીકે એમના કહ્યા પ્રમાણે કરવાનું છે.'

'તો તું મને નહીં જ છોડે ?'

'ના, ના ને ના. હવે તમે સૂઈ જાવ.'

'પણ મને ઊંઘ નથી આવતી.'

'તે બોલતાં બોલતાં તો કોઈને ઊંઘ આવતી હશે ! એ તો આવતી હોય તોય ભાગી જાય. હવે તમને ઊંઘ ન આવતી હોય તોય બોલ્યા કે ખોટું વિચાર્યા સિવાય સૂઈ રહો પછી હું જોઉં છું કે તમને કેમ ઊંઘ નથી આવતી.'

'ઊંઘના શા ભાર છે કે તારા હુકમ છતાં ન આવે ! પણ તું નીચે પથારી કરીને લંબાવી જા. મને નિશીથે

કહ્યું હતું કે કાલે આખી રાત તેં-'

'દર્દીએ બીજાની ચિંતા કરવાની હોય નહીં. ચાલ હવે ડાહ્યો થઈને સૂઈ જા. હવે જો ગૂડ નાઈટ જેવુંય જો તું બોલશે તો મારે ગુસ્સે થવું પડશે, હોં.' સ્પંદનાએ કહ્યું. પણ પછી તેને ગુસ્સે થવાની જરૂર ન પડી. રવીન્દ્ર થોડી જ વારમાં ઊંઘી ગયો હતો.

અનુક્રમ

## ૧૪. પાંચ હજાર

ઑપરેશન થયું અને જેમ રવીન્દ્રને શંકા હતી તેમ તદ્દન આસફળ પણ રહ્યું જ. સ્પંદનાને માથે તો જાણે આભ જ તૂટી પડ્યું. ડૉકટર બેનરજીએ સ્પષ્ટ શબ્દોમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો એ તેને ગમ્યું ન હતું. એનું મન પણ કેવી વિચિત્ર ભાવનાઓને પોસે છે. એ બે ટકાની સફળતાનું અવલંબન લે છે અને અઠ્ઠાણું ટકાની અસફળતાને વિસારી મૂકે છે ને પછી શોક કરે છે !

આખી રાતના ઉજાગરા પછી નિશીથ હજુ હમણાં જ ઘેર ગયો હતો. ઑપરેશનની નાકામયાબી નિશ્ચિત થઈ ગયા પછી સ્પંદના ત્રણ વખત ડૉકટરને મળી. એ રવીન્દ્રના મિત્ર હતા અને કામના ભારે દબાણ વચ્ચેય એમણે અંગત રસથી રવીન્દ્રની સારવાર કરી હતી. પણ હવે તો એ પણ થાકયા હતા. જ્યાં સુધી આશાનું એક પણ કિરણ એમને જણાતું હતું ત્યાં સુધી તે થાકયા ન હતા. પણ હવે તો તેમને એવી કોઈ આશા જણાતી જ ન હતી.

અને એટલે તો એમણે એક દિવસ સ્પંદનાને કહી નાખ્યું ને : 'જુઓ, મિસિસ દેસાઈ, હું દિલગીર છું કે ઘણા પ્રયત્ન પછીય તમારા પતિની આંખો બચાવી શકાઈ નથી. પણ મને લાગે છે કે મારે તમને સ્પષ્ટ જણાવી દેવું જોઈએ કે હવે ગમે તેટલા પૈસાનો ધૂમાડો કરો છતાં એમાં કોઈ સફળતાની શકયતા નથી જ. મારી તો તમને એક જ સલાહ છે કે ચારેક દિવસ પછી જ્યારે રવીન્દ્રને અહીથી રજા આપવામાં આવે ત્યારે એને એવે સ્થળે લઈ રહેવા ચાલ્યાં જાવ કે જ્યાંનાં હવાપાણીથી તેની તબિયત સારી રહે બસ.'

'પણ ડૉકટર ભટ્ટાચાર્ય તો કહેતા હતા કે હજુ એક ઑપરેશન થઈ શકે એમ છે !' સ્પંદનાનો આશાવાદ હજુ હાર્યો ન હતો.

'મેં એ વિષે જાણ્યું છે. ને એની સફળતાની ટકાવારી પણ જોઈ છે. એ ઑપરેશન ઈંગ્લેન્ડ અને જર્મનીમાં થાય છે. આપણા ગજા બહારનો ખર્ચ અને છતાંય સફળતાની શકયતા પચાસ ટકા.'

'કેટલો ખર્ચ થાય એમ તમે માનો છો ?' સ્પંદનાએ મનમાં જ કેટલાક આંકડા માંડતાં પૂછી નાખ્યું. એ જાણે કશાક નિર્ણય પર આવી ગયેલી લાગતી હતી.

'એની મને ખાસ ચોકકસ ખબર તો નથી પણ હું પાકી તપાસ કરી શકું. મારા એક મિત્ર ઈંગ્લેન્ડમાં આંખના નિષ્ણાત છે. પણ મારું માનો એ ખર્ચ આપણી કલ્પના બહારનો હશે.'

'વાંધો નહીં પણ એક વખત એનો અંદાજ તો આવી જાય ને. પછી મારાથી નહીં પહોંચાય તેમ હશે તો માંડી વાળીશ.'

'ભલે, હું કાલે એમને ફોન કરીને પૂછી લઈશ. જો કે છેવટે તો આપણે એ વાત પડતી જ મૂકવી પડશે એની મને ખાતરી છે.'

'એમ જણાશે તો હું એમ કરીશ પણ મારે એ ખર્ચના આંકડા તો જાણવા જ પડશે.' કહેતાં સ્પંદના બહાર નીકળી.

'જો તમારે એ રસ્તો લેવો હોય તો ઑપરેશન બે જ મહિનામાં કરાવી લેવું જોઈએ. પછી જેમ સમય વીતતો જશે એમ એની સફળતાની તકો ઓછી ને ઓછી થતી જશે. છતાં તમારા મનના સંતોષ ખાતર હું કાલે ફોન કરીને બધી વિગતો મેળવી રાખીશ.'

સ્પંદના ડૉક્ટરના આ શબ્દોથી સ્હેજ ચમકી પણ એણે મનમાં જ કશોક નિર્ણય કરી લીધો હોય એમ બોલી : 'એમ હશે તો એનો વિચાર પણ કરી લઈશ. પણ કાલે મારે એનો જવાબ તો જોઈશે જ. બોલો કેટલા વાગે આવું ?'

'તમે એમ કરો બપોરના બે વાગ્યા પછી ગમે ત્યારે આવો. હું ત્યાંની વહેલી સવારે ફોન કરીને ડૉક્ટર વિલિયમસનનો સંપર્ક સાધી જોઈશ.'

'પેલો ભટ્ટાચાર્ય તમને કોણ જાણે કયાંથી આવા તુકકા સુઝાડે છે ! પણ એક નિષ્ણાત તરીકે મારી તો તમને એક જ સલાહ છે કે આવાં બધાં ફાંફાં મારવાનાં પડતાં મૂકી દો.'

'તો પણ હું એ વાતનો તાગ લીધા વગર તો નથી જ રહેવાની. તમે તપાસ તો કરો એક વખત. પછી જોઈશું.'

બીજે દિવસે ડૉક્ટરે ખર્ચના વિગતવાર આંકડા રજૂ કરી તેને આ ઘેલછામાંથી પાછી વળવા પ્રયત્ન કર્યો : 'પચીસ હજાર રૂપિયાની તૈયારી હોય અને એ પૈસા પાણીમાં જ નાખવાના છે એમ સ્વીકારવાની હામ હોય તો જ એ રસ્તે જજો. હું મારા એ મિત્ર ડૉક્ટર પર તમને ભલામણ કરીને ઉતાવળ કરાવવા સિવાય કશુ કરી શકું એમ નથી.'

'પચ્ચીસ હજાર !' સ્પંદનાના ગળામાંથી જાણે ચીસ ઊઠી. એમની પાસે જે થોડી બચત હતી એ તો રવીન્દ્રના પહેલા ઑપરેશનમાં લગભગ પૂરી થઈ ગઈ હતી. જે બેત્રણ હજાર બચ્યા હતા એનો તો આ આંકડા સામે કશો હિસાબ જ ન હતો. 'મને લાગે છે કે મારે ફરીથી ગણતરી મૂકવી પડશે.' તેણે જેમ તેમ કરીને કહ્યું. પણ પચ્ચીસ હજારનો આંકડો સાંભળીને એના હૈયામાંથી જાણે હામ જ ઊડી ગઈ હતી.

સાંજે રવીન્દ્રએ આંકડાની આ માયાજાળ વિષે જાણ્યું તો એ બોલી ઊઠ્યો : 'કેટલા ખર્ચની વાત કરી તેં! પચીસ હજાર ને. આપણી પાસે કદી પાંચ હજાર રૂપિયા પણ ભેગા થયા નથી. ને મને અંદાજ છે કે હું હૉસ્પિટલમાં રહ્યો અને મારું ઑપરેશન થયું એમાં એ તો ચટણી થઈ ગયા હશે.'

'હજુ આપણે કયાં કશું નકકી કર્યું છે ? તમે શાંતિ રાખો. તમે ફરી દેખતા થાવ એ માટે મારાથી શું થઈ શકે છે એનો મને વિચાર કરવા દો.'

'વિચાર કરવાનો વાંધો નહીં પણ એને અમલમાં મૂકવાની વાત ના વિચારતી. મનેય એ ઑપરેશનની શકયતામાં બહુ વિશ્વાસ નથી.'

'અત્યારે તમે એક ડૉક્ટર નહીં પણ દર્દી છો અને આપણે આ અગાઉ નકકી કરેલું જ છે કે તમારી સારવાર અંગે તમારે કશો વિરોધ કર્યા સિવાય તેમાં ફકત સહકાર જ આપવો.' સ્પંદનાએ કહ્યું. જો કે એ પચીસ હજાર રૂપિયા કયાંથી આવવાના હતા એનો જરા સરખોય ખ્યાલ એના મનમાં ન હતો.

રવીન્દ્ર તેની આવી મકકમતા આગળ ઝૂકી ગયો : 'ભલે તને જેમ ઠીક લાગે એમ કર. બાકી મારી આંખ તો તું જ છે. હું તારો અવાજ સાંભળું છું અને મને આખી દુનિયા રંગબેરંગી દેખાય છે. જયાં સુધી તું મારી

પાસે છે ત્યાં સુધી હું ઈચ્છું તોય આંધળો થઈ શકું એમ નથી.' કહેતાં એની આંખોને ખૂણે આંસુ તગતગી રહ્યાં.

બપોરે નિશીથ આવ્યો ત્યારે સ્પંદનાએ એનેય આ વાત ન કરી. વૃંદાને વાત કરવાનો તો અર્થ જ ન હતો. છેલ્લા કેટલાય દિવસોથી એણે હૉસ્પિટલમાં આવવાનુંય બંધ કરી દીધું હતું. હજુ ગઈ કાલે જ એ સ્પંદનાને અચાનક રસ્તામાં મળી ગઈ હતી ત્યારે સ્પંદનાએ એને પૂછ્યું હતું : 'હમણાંની કેમ તું હૉસ્પિટલમાંય આવતી નથી ?'

હું આવું તોય શું અને ન આવું તોય શું ? નિશીથ તો રોજ સવાર અને સાંજ બેય વખત આવે જ છે ને. એ છે ત્યાં સુધી તને મારા આશ્વાસનની જરૂર ખરી ?' એણે તોછડો જવાબ આપતાં કહ્યું હતું. સ્પંદનાને એક વખત તો એમ પણ થઈ ગયું હતું કે એની સાથે લઢી લે. પણ નિશીથનો ખ્યાલ આવતાં એ કાંઈ બોલી ન હતી. એણે મનથી જ આજે કદાચ હજારમી વાર નકકી કર્યું હતું કે તેણે નિશીથ અને વૃંદાના માર્ગમાંથી કોઈ પણ ભોગે ખસી જવું. અને એટલે એણે આજે નિશીથને કશી વાત કરી ન હતી ને !

હા, વૃંદા ઈર્ષાખોર હતી. પણ એ તો સાવ સહજ હતું કોઈપણ સ્ત્રી જે પ્રેમમાં હોય તે એવી જ ઈર્ષાળુ બની જ જતી હોય છે ને. અને જ્યારે એક વખતનાં પ્રેમીઓ નિશીથ અને સ્પંદના આમ રોજ મળતાં રહેતાં હોય અને પોતાના પ્રત્યે નિશીથ બહુ લક્ષ ન આપતો હોય ત્યારે એ વહેમાય એમાં એનો પણ શો વાંક ?

ને સ્પંદનાએ ઝડપી પગલાં લેવા માંડ્યાં. મુંબઈની માયા સમેટી લઈ, રવીન્દ્રને લઈ કોઈ નાનકડા ગામમાં ચાલ્યા જવાનું તેણે નકકી કરી નાખ્યું. પોતે પૈસા માટે પ્રયત્ન કરતી હોય ત્યારે રવીન્દ્રની સંભાળ રાખવા માટે એણે ઉષાને કે બાને બોલાવી લેવાનું પણ નકકી કરી લીધું ને એ માટે એમને કાગળ પણ લખી નાખ્યા. ઉષા તો એનાં આવી રહેલાં લગ્નની ધમાલમાં પડી ગઈ હતી પણ બાએ આવવાની તૈયારી બતાવી.

પોતે નજીકના એક નાનકડા ગામમાં સસ્તા ભાડાનું મકાન રાખી લીધું ને વિલાસબેને રવીન્દ્રનો ચાર્જ સંભાળી લીધો. આ ગામનાં હવાપાણી સારાં ગણાતાં હતાં અને રવીન્દ્રના એક વખતના દર્દી એવા એક શિક્ષક ત્યાં સ્કૂલમાં નોકરી કરતા હતા. રવીન્દ્રની આવી હાલતમાં મદદરૂપ થવા એ બાપડા દોડાદોડી કરી રહ્યા. એમણે એમને આ મકાન ભાડે અપાવવામાં તથા એમાં એમને ગોઠવાઈ જવામાં ઘણી બધી જાહેમત ઉઠાવી.

રવીન્દ્રની દેખભાળ માટે વિલાસબેનને તેડાવવા પાછળ સ્પંદનાની એક ગણતરી એ હતી કે પોતે પૈસાની વ્યવસ્થા માટે અને ઈંગ્લેન્ડ જવાની વિધિ માટે છૂટથી દોડાદોડ કરી શકે. પચીસ હજાર રૂપિયા ભેગા કરવા એ રમતવાત ન હતી. અરે, સ્પંદનાની મકકમતા પણ એની આગળ ઓછી પડે એવી શકયતા હતી. નિશીથને તો કશી ખબર જ ન હતી. એને તો સ્પંદનાએ પોતાનના બીજે ગામ રહેવા જવાની વાત પણ કરી ન હતી. ને રવીન્દ્ર એમ માનતો હતો કે ડૉક્ટર બેનરજીની સલાહ માનીને સ્પંદનાએ પેલો ગાંડો વિચાર પડતો મૂકયો હતો. સ્પંદનાએ બાને પણ કશી વાતની ગંધ આવવા દીધી ન હતી. નહીં તો એમનાથી કયારેક બફાઈ જાત અને રવીન્દ્રને એના પ્લાનની ખબર પડી જાત.

હમણાંના વિશ્વયુધ્ધના ભણકારા વાગતા હતા અને લોકો મુંબઈ છોડીને ભાગવા માંડ્યા હતા એટલે એના ફ્લેટની પાઘડીના બહુ બહુ તો પંદરેક હજાર ઉપજશે એમ સ્પંદનાની ગણતરી હતી. એણે એક દલાલને ફ્લેટને માટે ઘરાક શોધી લાવવાનું કામ સોંપ્યું હતું. એણે થોડી તપાસ કર્યા પછી અભિપ્રાય આપ્યો હતો કે જો ફ્લેટ વહેલી તકે કાઢી નાખવો હોય તો એના વધુમાં વધુ બાર હજાર ઉપજે એમ હતા. છતાં એણે પંદર હજાર મેળવવા પ્રયત્ન કરવા માંડ્યા હતા. એ બેચાર એવા ઘરાક બોલાવી લાવ્યો હતો અને એમને ફ્લેટ બતાવી પણ ગયો હતો. કોઈ બાર સાડાબાર હજારથી આગળ વધતા ન હતા. છતાં દેશમાંથી તાજા જ આવેલા એક વેપારીએ એના ચૌદ હજાર આપવાની તૈયારી બતાવી.

સ્પંદનાની પાસે તો વધુ ખેંચતાણ કરવાનો સમય જ કયાં હતો ! એણે ફ્લેટ કાઢી નાંખી ચૌદહજાર

રૂપિયામાંથી દલાલનું કમિશન કાપતાં વધેલા પૈસા બૅંકમાં મૂકી દીધા. પછી જ્યાંથી પૈસા મળે તેમ હતા એમ માની એણે જેમને વાત કરી મૂકી હતી એવે ઠેકાણે દોડાદોડ કરવા માંડી.

એ રોજ સવારે ઘેરથી નીકળી જતી હતી અને સાંજે ઘેર પાછી ફરતી હતી એટલે રવીન્દ્રને વહેમ આવી જ ગયો. એણે એક રાતે એને પકડી : 'પાછી તું ઑપરેશનને રવાડે ચઢી ગઈ કે શું !' એણે પૂછ્યું. ફ્લેટ કાઢી નાખતી વખતે રવીન્દ્રની જરૂર પડી એટલે એને પાકી ખબર પડી ગઈ હોય એમ લાગ્યું.

'તમે વળી પાછું વચન તોડ્યું કે ! બા તમારી કાળજી રાખે છે અને તમારે તમારી તોબયત સુધારવા પ્રયત્ન કર્યા કરવાનો છે એટલું જ યાદ રાખો. હવે થોડા જ પૈસા ખૂટે છે. હું તેની વ્યવસ્થા કરી શકીશ એની મને ખાતરી છે.'

'ક્યાંથી આવવાના છે ? તું કોઈ બૅંક લૂટવાનો વિચાર તો નથી કરતી ને ?' રવીન્દ્રએ હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'તમે તમારે એવી કલ્પનાઓ કર્યા વગર ફક્ત જે થાય એ જોયા કરો.'

'જોયા કરું ? કયી આંખોએ ?' રવીન્દ્રએ એની ગમગીનીને હાસ્યના આવરણ નીચે ઢાંકવા પ્રયત્ન કરતાં કહ્યું.

સ્પંદનાને પોતાની ભૂલ સમજાઈ. એની ભાવનાઓ વાસ્તવિકતાની નકકર ભીંસમાં પિસાઈ રહી. તે રડી જ પડી હોત જો તેને પોતે કરેલો નિર્ણય યાદ ન આવ્યો હોય તો. એણે નકકી કર્યું હતું કે તે રડવાની હતી. સાગર પણ છલકાઈ જાય એટલાં આંસુ તે વહાવવાની હતી પણ હમણાં નહીં. પણ જ્યાં સુધી તે પોતાના ધ્યેયને હાંસલ ન કરી રહે ત્યાં સુધી તો નહીં જ. ત્યાં સુધી તો એ લઢી જ લેવાની હતી; વિધિની સામે, જાતની સામે અને કેટલીક વખત તો પોતાના પોચા પડવા મથતા મનનીય સામે.

એણે રૂપિયા પચીસ હજાર ભેગા કરવાનો નિર્ણય કર્યો ત્યારે એને એની પાછળની મુશ્કેલીઓનો અંદાજ ન હતો. ઘરમાં તો જે ગણો તે ફક્ત ત્રણ હજાર રૂપિયા બચત હતી અને એના જોર પર એ બીજા બાવીસ હજાર રૂપિયા ભેગા કરવા મેદાનમાં પડી હતી. રવીન્દ્રના એવા કોઈ દોસ્તો પણ ન હતા કે એ એમની પાસે જઈ શકે. હા, એક ભટ્ટાચાર્ય હતા. એમની પાસે તો સ્પંદનાએ માગણી મૂકી પણ જોઈ હતી. એમણે મોઘમ જવાબ આપ્યો હતો કે દશ હજાર તો નહીં પણ કદાચ પાંચ હજારની પોતે વ્યવસ્થા કરી શકે. પણ તેય બે દિવસ પછી તપાસ કરીને જણાવશે.

એમનો આ બે દિવસનો વાયદો સ્પંદનાની ચિંતાનો વિષય બની રહ્યો. જો એ ના પાડી દે તો તો એની બધી ગણતરી ઊંધી વળી જાય તેમ હતી. એ ભગવાનને મનોમન પ્રાર્થના કરી રહી કે એ એને એના નિર્ણયમાં પાર ઉતારે. પછી તે બાકીનાં સાધનોનો વિચાર કરવા માંડી. ઘરમાંનું ફરનિચર વસાવવામાં એમણે ત્રણ હજાર રૂપિયાનું પાણી કર્યું હતું અને આજે નવું જ લાગતું હતું. અને નવું જ હતું ને ! હજુ તો પૂરા ત્રણ મહિનાય થયા ન હતા એ વસાવ્યે. પણ જ્યારે એના ઘરાક માટે તપાસ કરી તો કોઈએ પંદરસો આપવાની તૈયારીય ન બતાવી. છેવટે જેણે એમનો ફ્લેટ લીધો હતો એણે જ એના પંદરસો રૂપિયા આપ્યા.

સ્પંદના તાજી જ પરણીને આવી હતી છતાં પોતાના પિયરની સ્થિતિને હિસાબે એની પાસે જે દાગીના હતા એય પંદરસો કરતાં વધારેના ન હતા. એનાય અત્યારે તો માંડ અગિયારસો ઉપજ્યા.હવે એની પાસે એવી કોઈ મિલકત રહેતી ન હતી કે જોને વેચીને એ પૈસા ઊભા કરી શકે.

જો શેઠ પાસે પૈસા માગવા હોત તો તો પ્રશ્ન જ ન હતો પણ એનું મન માનતું ન હતું. નિશીથ પાસે તો કશી બચત હોવાની શકયતા જ ન હતી અને કદાચ હોય તોય એની પાસે માગવાની સ્પંદનાને ઈચ્છા જ ન હતી.

એ વૃંદા અને નિશીથની વચમાં આવવા જેવું કોઈ પગલું ભરવા જ માગતી ન હતી. તો માસી આ વરસે ઉષાનાં લગ્ન લેતાં હતાં એટલે એમની પાસેય માગી શકાય એમ ન હતા. છતાં એને એક વાતે સંતોષ હતો કે જો ભટ્ટાચાર્ય પાસેથી પૈસા ન મળે તો છેવટે શેઠની પાસેથી તો મળશે જ, પણ એમની પાસે માગવા ન પડે તો વધુ સારું એમ એ ઈચ્છી રહી.

એણે હવે ઈંગ્લેન્ડના વીઝા અને પ્લેનની બે ટિકીટો માટે એક એજન્ટને કામ સોંપ્યું. એણે રવીન્દ્રના નામ આગળ લાગેલા ડૉક્ટરના લેબલથી અંજાતાં પ્રશ્ન કર્યો : 'બેન ટિકીટો ફર્સ્ટ કલાસની લેવાની છે ?'

'ના ઈકોનોમી કલાસની.' તેણે કહ્યું. તેને એમ કહેવાનું મન થયું કે ઈકોનોમી કરતાં ઉતરતો કલાસ હોય એની હશે તો પણ ચાલશે પણ એને એની ખબર હતી કે એવો કોઈ કલાસ નથી એટલે એવી મશ્કરી કરી વધુ નીચાં દેખાવાનું એણે ટાળ્યું.

પછી તે ભટ્ટાચાર્યને મળવા ઊપડી. એ ઘેર આવી જ ગયેલા હતા. એને જોતાં જ એ હસી ઊઠ્યા. એના પૂછ્યા પહેલાં જ એમણે કહેવા માંડ્યું : 'તેં મારી પાસે દશ હજાર રૂપિયા માગેલા પણ મેં બધી તપાસ કરી લીધી છે ને હું તને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયાની કાલે ગોઠવણ કરી આપી શકીશ. પણ બાકીના પૈસા માટે તે શી ગોઠવણ કરી છે ?'

'મેં ફ્લેટ કાઢી નાખ્યો છે એના તેર હજાર પાંચસો આવ્યા, ત્રણ હજાર મારી પાસે હતા ને ઘરવખરી તથા દાગીનાના મળીને પચીસસો જેટલા આવ્યા છે. હવે તમારા પાંચ હજાર આવશે એટલે લગભગ થઈ જશે અને એક જણ પાસેથી હજાર કદાચ મળશે એમ લાગે છે.' ભટ્ટાચાર્ય તેની વાત ધ્યાનથી સાંભળી રહ્યા હોય એમ લાગતું હતું પણ એમના મનમાં કશી ગડભાંજ ચાલી રહી હતી. સ્પંદના આટલું બોલી એ દરમિયાન એમણે ત્રણેક વાર પરસેવો લૂછ્યો. એમણે બોલવા બે વખત પ્રયત્ન કર્યો પણ એમના ગળામાંથી અવાજને બદલે ફક્ત ગરમ ગરમ શ્વાસ જ નીકળ્યો.

છેવટે એ બોલ્યા : 'એનો અર્થ એ થયો કે તેં તારી પાસે એવી કોઈ ચીજ રહેવા દીધી નથી કે જેના પર તને કોઈ પૈસા ધીરી શકે !'

'એ વાત સાચી પણ તમારી પાસે હું એટલા માટે આવી છું કે તમે રવીન્દ્રના ખાસ દોસ્ત છો અને આ ઑપરેશન કરાવવા માટે તમે જ મને ઘણું પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. વળી ઈંગ્લેન્ડમાંય હું મારાથી બનતું કામ શોધી લઈ થોડા પૈસા ઊભા કરવાની ગણતરી રાખું છું, એટલે બનશે તો તમારા પૈસા અમે દેશમાં પાછાં આવીએ તે પહેલાં જ પરત મળી જશે.' એ બોલી પણ એણે ભટ્ટાચાર્યની આંખોમાં એક વિચિત્ર પ્રકારની ચમક જોઈ અને ગભરાટથી એ આગળ બોલતાં અટકી ગઈ.

'હા, મારી વાત જુદી છે. હું રવીન્દ્રનો મિત્ર છું. ને એ રીતે તો હું તારો પણ મિત્ર જ ગણાઉં ને.' ભટ્ટાચાર્ય ગોઠવી ગોઠવીને બોલતા હતા પણ સ્પંદનાને એમની એ વિવશતા સમજાવા માંડી હતી. તેને લાગ્યું કે એની એમની પાસેથી પૈસા મળવાની વાત અહીં જ પૂરી થઈ જતી હતી. ભટ્ટાચાર્ય બોલ્યે જ જતા હતા. એમની શારડી જેવી આંખો સ્પંદનાને હજાર ફેણે શારતી એ અનુભવી રહી. 'રવીન્દ્ર માટે મને પ્રેમ છે. અત્યારે એ લાચાર છે. તું આવો મોટો ખર્ચ કરીને એનું ઑપરેશન કરાવવા તૈયાર થઈ છે એ માટે મારે તને ધન્યવાદ આપવા જોઈએ. છતાં આવા સંજોગોમાં હું તને પાંચ હજાર રૂપિયા જેવી રકમ કયી જામીનગીરી પર આપી શકું ? અલબત્ત હું તને પર્સનલ એ રકમ આપી શકું ખરો.'

ને સ્પંદનાના મોં પર આનંદની એક સુરખી આવી ન આવી ને પેલી લોલુપ નજરોને એક જ ઘસરકે જાણે કે સળગી જ ગઈ. એણે બોલવા પ્રયત્ન કર્યો પણ એના ગળામાંથી અવાજ જ ન નીકળ્યો. એક વખત તો એણે મનને મનાવવા પ્રયત્નેય કર્યો કે એ એની ભ્રમણા જ હતી. પણ એનું હૈયું એને કહી રહ્યું હતું કે ભાગી જા

નહીં તો ક્યાંયની નહીં રહે.

'પેલાનો પ્રલાપ ચાલુ જ હતો. આમ તો મારી પાસે પૈસા ક્યારેય ટક્યા નથી અને ટકવાના પણ નથી. મારા પિતાએ, મારા ભાઈઓએ અને મારા ભત્રીજાઓએ એમાંથી જેટલા કરકોલાય એટલા કરકોલી લીધા છે. પણ એ બધા પુરુષો હતા. આજ સુધી કોઈ સ્ત્રીએ મારા ખિસ્સા પર હાથ માર્યો નથી. તું પહેલી જ છે.' એમણે જાણે એક પ્રકારના નશામાં હોય એમ બોલવા માંડ્યું. સ્પંદનાને એમના કહેવાનો થોડો ઘણો ભાવાર્થ એમના બોલવા પરથી સમજાયો બાકીનો પેલી મારકણી આંખોના ઈશારાએ. એ ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ.

છતાં જાણે કાંઈ ન સમજી હોય તેમ એણે કહ્યું : 'તમે ખાતરી રાખજો કે હું ગમે તે ભોગેય તમારા પૈસા પરત કર્યા સિવાય નહીં રહું. રવીન્દ્રની આંખો બરાબર નહીં થઈ શકે તોય નોકરી કરીનેય હું તમારા પૈસા તો પાછા વાળીશ જ.' એ બોલતી હતી ત્યારે ભટ્ટાચાર્યની પેલી લોલૂપ નજરો તેની કાયા પર સાતતાળી રમી રહી હોય એમ તેને લાગ્યું.

એ બોલતી અટકી ગઈ. ભટ્ટાચાર્ય તેની નજીક સરક્યા. 'એ તો છે જ ને. તારા જેવી સ્ત્રી પાસે એટલી આશા તો હું રાખું જ છું. અને કદાચ પરત ન કરી શકે તોય શો વાંધો છે. દુનિયામાં પૈસો જ સર્વસ્વ નથી. સંબંધ જ મુખ્ય વસ્તુ છે. આપણો સંબંધ સચવાઈ રહે એ જ અગત્યનું છે.' કહેતાં એમણે સ્પંદનાની કમરમાં હાથ નાખી એને પોતાની નજીક ખેંચવા પ્રયત્ન કર્યો.

ગભરાઈને સ્પંદના ઊભી થઈ ગઈ. એમના ઈશારાને એ અત્યાર સુધી અવગણી રહી હતી પણ હવે તો હદ થઈ ગઈ હતી. એ ચિલ્લાઈ ઊઠી : 'ડૉક્ટર તમે હદ ઓળંગો છો. હું અત્યાર સુધી તમને સારા માણસ ધારતી હતી પણ તમે તો સાવ- '

'તે કોઈકે તો હદ ઓળંગવી જ જોઈએ ને ! તું ભણેલી છે, જુવાન છે અને મારો ઈશારો સમજી પણ ગયેલી છે. છતાં તું ન સમજવાનો દેખાવ કરી રહી છે તો મને સ્પષ્ટ કહી લેવા દે કે હું તને ઈચ્છું છું. આવતી કાલે આ વખતે હું પાંચ હજાર રૂપિયા તૈયાર રાખીશ. તું જાતે આવીને લઈ જજે.'

'હું એવા પૈસા પર થૂંકું છું. હું બીજી વ્યવસ્થા કરી લઈશ.' એણે મક્કમતાથી કહી દીધું.

'ને કદાચ પૈસાની વ્યવસ્થા નહીં કરી શકે તો તું રવીન્દ્રને આંધળો જ મરવા દઈશ ?' ભટ્ટાચાર્યે આખરી ઘા કર્યો. ને સ્પંદનાને ચૂપ જોઈ ઉમેર્યું : 'હું તને કાલ સાંજ સુધી વિચાર કરવાનો સમય આપું છું. ગમે તેમ તોય તું મારા મિત્રની પત્ની છે. હું તનેય મારી મિત્ર જ સમજું છું. તારા મનમાં એવી ગેરસમજ ન રહેવી જોઈએ કે હું તારા પર બળજબરી કરું છું. એની વે, હું એક દિવસ રાહ જોઈશ. મારે-'

ભટ્ટાચાર્યે આવું કેટલુંય બકી નાખ્યું પણ સ્પંદનાના કાન પર આમાંનું કાંઈ પડતું ન હતું. એ તો જાણે ગજગ્રાહનું એક દોરડું બની ગઈ હોય એમ તણાવ સહી રહી હતી. અકથ્ય ખેંચાણ- એક તરફ શીલ, સદાચાર અને નીતિમત્તા હતાં ને બીજી તરફ નક્કર વાસ્તવિકતા. એણે કહી તો દીધું હતું કે એ પૈસાની બીજેથી વ્યવસ્થા કરી લેશે પણ એ વ્યવસ્થા થવાની હતી ક્યાંથી ? ને શેઠ પાસેથીય માનો કે માગી શકાય પણ એય વેપારી માણસ હતા. એ ઑપરેશનની સફળતા અને નિષ્ફળતાને વાસ્તવિકતાને ત્રાજવે તોળી એને પાછી પાડવાનો પ્રયત્ન પણ કરે. કદાચ એમની વાતમાં આવી જઈ પોતે નબળી પડે તો ! છતાં એનું પેલું ચોક્કું મન તો હજુય કહી રહ્યું હતું કે ઉતાવળ કરવાની જરૂર ન હતી.

પણ એ આગળ કાંઈ વિચાર કરે તે પહેલાં કશા સભાન પ્રયત્ન વગર એનો હાથ ટેબલ લેમ્પના વાયરમાં ભરાયો અને તેમાંથી તેને છોડાવવાના પ્રયત્નમાં એ પ્લગ સૉકેટમાંથી બહાર ખેંચાઈ આવ્યો. રૂમમાં અંધારું પ્રસરી ગયું. ભટ્ટાચાર્ય આને પોતાનો મન ગમતો અર્થ કરી સ્પંદનાને વળગી પડ્યા. ને શબ્દો કરતાં વર્તનને જ મહત્ત્વનું ગણતા એ હાથ વચ્ચે નીતિમત્તા કચડાઈ રહી. સ્પંદનાની કાયામાંથી ભયની ધ્રુજારી પસાર

થઈ ગઈ. એનાં પાંસળાંમાંથી રહીસહી હવાય ચીસ બનીને બહાર નીકળી ગઈ. એણે છૂટવા એક છેલ્લો પ્રયત્ન કર્યો પણ પેલા લોલૂપ હાથની પકડમાંથી એનાથી છૂટી શકાય તેમ ન હતું.

ભટ્ટાચાર્યે એના પર ભીંસ વધારી ને એને સોફામાં ઢાળી દીધી. એક ટીપૉય હડફેટે ચઢ્યું. તેના પરનો કાચ રણકાર સાથે તૂટી ગયો. સ્પંદની કાયા જડવત્ બની પેલા લોલૂપ હાથોમાં પિસાઈ રહી. સોફાના હાથટેકણ પર સ્પંદનાનું માથું ભટકાયું. તેને તમ્મર ચઢી ગયાં. પણ પેલા હાથ તો એના દેહ પરથી રહ્યાંસહ્યાં આવરણોય ખેંચી રહ્યા હતા. તેણે ના ના કરવા પ્રયત્ન કર્યો પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું. એક તો માથાની વેદના ને પેલા પાશવી દેહની ભીંસ. માણસ કેટલી યાતના સહી શકે ! એ ભાન ખોઈ બેઠી.

એ ભાનમાં આવી ત્યારે તો એ લુટાઈ ગઈ હતી. એનાં અંગેઅંગમાં કળતર થઈ રહ્યું હતું. વાસનાભૂખ્યું એક વાવાઝોડું જાણે તેની ઓશિયાળી કાયા પરથી કોણ જાણે કેટલાય ઉઝરડા પાડતું પસાર થઈ ગયું હતું. તેણે જેમતેમ કરી કપડાં વ્યવસ્થિત કર્યાં. એનાં કપડાં ચોળાઈ ગયાં હતાં, વાળ વીંખાઈને મોં પર આવી ગયા હતા. એના હોઠ પર બળતરા થતી હતી. તેણે ભગવાનનો એટલો આભાર માન્યો કે આ નરકયાતના વખતે એનું ભાન થવા જેટલી એને સભાન રાખી ન હતી.

ભટ્ટાચાર્ય ખુરસીમાં બેસી સીગરેટ પી રહ્યા હતા. એમનો ચહેરો પશ્ચાત્તાપથી ખિન્ન બની ગયો હતો. એ ઉદાસ લાગતા હતા. એમણે જે બની ગયું હતું એ બદલ કશો ખેદ દર્શાવવાનો પ્રયત્ન ન કર્યો પણ એમના મોં પરથી લાગતું હતું કે એ ખેદથી મૂંઝાઈ રહ્યા હતા. એમણે પોતાની નજરો ઊંચકી સ્પંદનાની સામે જોવાની પણ હિંમત ન કરી.

'કાલે હું પાંચ હજાર રૂપિયા લાવી રાખીશ. તું પાંચ વાગ્યે આવીને લઈ જજે.' તેમણે કહ્યું. સ્પંદના કાંઈ ન બોલી. બોલી શકે તેમ પણ ક્યાં હતી ! તેનું હૈયું આજે તેના હાથમાં ન હતું. તેનાથી જે થઈ ગયું હતું એ યોગ્ય હતું કે અયોગ્ય એનો ન્યાય કરવા જેટલી સ્વસ્થતા આજે તેનામાં રહી ન હતી. બોલ્યા સિવાય જ એ બહાર નીકળી ગઈ. બહાર નીકળી તેણે આમતેમ નજર કરી. કોઈ જોતું તો નથી ને એ જોવા, પણ કોઈ નજરે ન પડ્યું એટલે એણે થોડો સંતોષ અનુભવવા પ્રયત્ન કર્યો પણ એ પોતાના મનથી ક્યાં છૂટી શકે તેમ હતી !

રસ્તે ચાલતાંય તે આમતેમ જોઈ લેતી હતી. પોતે આટલી બધી ગભરાતી કેમ હતી એનું કારણ એને સમજાતું ન હતું. અહીં મુંબઈ આખામાં એણે ઓળખે છે કેટલાંક તે એને જોઈ જવાનાં હતાં ! છતાં કોઈ સાવ અજાણ્યો માણસ પણ તેની તરફ જોતો તો તે ફફડી ઊઠતી હતી. પણ તેને એ ખબર ન હતી કે કોઈને એની તરફ તાકવાની નવરાશ જ ન હતી. સૌને જાણે ઘેર પહોંચવાની ઉતાવળ હોય એમ દોડ્યે જતાં હતાં.

એણે ઘડિયાળમાં જોયું તો દશ વાગ્યા હતા. એણે ચાલતાં જ સ્ટેશન તરફ જવા માંડ્યું.

અનુક્રમ

# ૧૫. હું પણ તેમના જેવી જ છું, બસ !

એટલું સારું હતું કે રવીન્દ્ર જોઈ શકતો ન હતો નહીં તો સ્પંદનાનો ઉજ્જડ ચહેરો જોઈને એણે હજાર પ્રશ્નો પૂછી નાખ્યા હોત. વિલાસબેન બાપડાં શું સમજે ? તેમણે માન્યું કે રવીન્દ્રની ચિંતાને લીધે સ્પંદના આજે સાવ નંખાઈ ગયેલી લાગતી હતી. એટલે તો તેમણે કહ્યું ને : 'સ્પંદના, તું કહે છે કે પૈસાની વ્યવસ્થા થઈ ગઈ છે પછી આમ ઉદાસ શું થઈ જતી હોઈશ ! ભગવાન સૌ સારાં વાનાં કરશે. તારી લગન ભગવાનથીય અજાણી થોડી રહી હશે !'

સ્પંદનાને કહેવાનું મન થયું કે ભગવાન કરશે શું એને કરવું જ પડશે. એને હજુ મારા જેવી સ્ત્રી નહીં ભેટી હોય. પણ બોલી ત્યારે બીજું જ : 'એવું કશું નથી બા, આ તો કાલે આખી રાતનો ઉજાગરો થયેલો એને લીધે તમને એવું લાગતું હશે.' બોલતાં તે આડું જોઈ ગઈ. ઘરકામમાંથી પરવારીને તેણે રવીન્દ્રને જણાવવા જેવી વાતો કરવા માંડી.

પૈસાની વ્યવસ્થા ભટ્ટાચાર્યના પાંચ હજાર આવતાં પૂરી થઈ ગઈ છે અને એક જ અઠવાડિયામાં ઈંગ્લેન્ડ જવાની ગોઠવણ કરવાનું પણ એક એજન્ટને સોંપી દીધું છે એ જાણી રવીન્દ્ર ગળગળો થઈ ગયો. એણે સ્પંદનાનો હાથ પકડી લીધો અને છાતી સાથે જડી દીધી. 'સ્પંદના, હું તારા જેવી પત્ની પામવા ભાગ્યશાળી થયો છું એ મારું સદ્નસીબ છે. ભગવાન તારા આ આશાવાદને સફળ બનાવશે તો હું તને કયારેય ઓછું નહીં આવવા દઉં. કદાચ હું એ ભૂલી જાઉં તો મને ચીમટો ભરીને એની યાદ અપાવજે.'

'તું મને છોડ નહીં તો મારે તને હમણાં જ ચીમટો ભરીને એ યાદ દેવડાવવું પડશે. હમણાં બા અંદર આવી પહોંચશે તો મારે તો શરમાવાનું થશે.'

'એક બાજુ મારું લોહી ચટકા ભરે છે ને તું મને રામાયણની કથા સાંભળવાની કહે છે. આવું કયાં સુધી ચાલશે !'

'તમે હમણાં બે દિવસ ધીરજ રાખો. પરમ દિવસે અગિયારસ છે એટલે બા સાંજે મોડે સુધી મંદિરમાં બેસવાનાં છે. ત્યારે તારા ચટકા મટાડી દઈશ, બસ ?' સ્પંદનાએ હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું પણ મન તો એનું પેલા શબ્દોને છેક ગળા સુધી ધકેલી જ લાવ્યું હતું : 'ભૂંડા, હવે આ ખોળિયું તારે લાયક નથી રહ્યું. પણ એ ધારે તોય રવીન્દ્રને કેટલા દિવસ આઘો રાખી શકવાની હતી ! જાણ્યે અજાણ્યે એક ભૂલ થઈ ગઈ હતી. પણ આખી જિંદગી એને હયે જડી રાખીને હવે જીવતર ઓછું જીવી લેવાવાનું હતું ! અને રવીન્દ્ર પણ એના પર વહાલ વરસાવ્યા વગર રહેવાનો થોડો હતો !

બીજે દિવસે બપોરે ત્રણેક વાગ્યે રવીન્દ્રને હૈયાધારણ આપીને એ સ્ટેશન તરફ ચાલી. 'રાખીનેય તું રવીન્દ્રને કેટલા દિવસ તારાથી દૂર રાખી શકશે ! રસ્તે ચાલતાં તે વિચારી રહી. ત્યાં મનનો પેલો ખૂણો બબડી રહ્યો : તેં તારી જાત પ્રયોગ કર્યો છે. હવે જે પરિણામ આવવાનું હોય એ આવે, પણ એના વિચારો કરવાનું છોડી દે. એમાં તારી કોઈ ભૂલ ન હતી. તારી વિવશતા અને પેલાની પાશવતાએ જ એમાં ભાગ ભજવ્યો હતો. આજે સાવચેતી રાખજે. આજે એની વાતોમાં ન આવી જતી. અને અંધારું થાય તે પહેલાં એને ઘેરથી નીકળી જવાય એવી તરકીબ લડાવજે.

પણ મન તો તેનું તોય ગભરાઈ જ રહ્યું હતું. જ્યાં સુધી પૈસા ન આપે ત્યાં સુધી એ એની પાશવી લીલા આચરવાના પ્રયાસ કર્યા સિવાય નહીં જ રહે એમ તેને લાગતું હતું. અને એ વિચારે એના પગમાંથી રહ્યું સહ્યું જોમ પણ હણાઈ જતું હતું. છતાં એણે મનને મક્કમ કરીને બીજાં કામ પતાવવા માંડ્યાં. પહેલાં તો પેલા એજન્ટે વીઝા અને ટિકીટનું કામ હાથમાં લીધું કે નહીં એ જાણવા એને મળવાનું હતું. એને ખબર હતી જ કે એ લોકો જે વાયદા કરે એ પ્રમાણે કામ કરતા હોતા નથી. એ એને મળી ત્યારે એણે કહ્યું કે પાંચસો રૂપિયા વધારે ખરચવા પડશે પણ ચારેક દિવસમાં એ કામ પતી જશે.

સ્પંદનાને થયું કે દુકાળમાં પાછો અધિક મહિનો કયાં આવ્યો ! એક તો નકકી કરેલી રકમમાંય હજુ થોડા ખૂટતા હતા તેમાં આણે વધારે ખરચવાના કાઢ્યા. પણ જે વાતની પોતાને જરાય સૂઝ ન હોય તેમાં પેલો કહે એ સ્વીકાર્યે જ છૂટકો હતો. એણે એની એ વાત કચવાયા છતાં સ્વીકારી લીધી. પણ સામે તાકીદ પણ કરી કે ચાર દિવસમાં વીઝા મળી જવા જોઈએ અને એ પછી બે જ દિવસમાં ઊપડતી ફ્લાઈટનું બૂકિંગ પણ મળી જવું જોઈએ. ને પેલાએ એની ખાતરી પણ આપી. સ્પંદનાને સંતોષ થયો.

પણ જેવી એ એજન્ટની ઑફિસમાંથી બહાર નીકળી કે એને ચકકર આવી ગયાં. પહેલાં તો એણે માન્યું કે વધુ પડતી રખડપટ્ટીને લીધે કદાચ એમ થયું હશે પણ પછી તરત જ એને ખ્યાલ આવ્યો કે સવારથી એણે કશું જ ખાધું ન હતું. એણે વિચાર્યું કે આવી નિષ્કાળજી કેમ ચાલશે ! આમ કરતાં પોતે જ જો બિમાર પડી ગઈ તો પછી રવીન્દ્રનું શું ! એણે નજીકની હોટેલમાં જઈ ચ્હાની સાથે થોડું ખાઈ લીધું. હવે તેને સ્હેજ સારું લાગવા માંડ્યું.

પાંચ વાગવા આવ્યા હતા એટલે એ ભટ્ટાચાર્યના ઘર તરફ ચાલી. એક તરફ એ મનને મનાવવા પ્રયત્ન કરતી હતી કે દિવસના અજવાળામાં ભટ્ટાચાર્યને કદાચ બે આંખોની શરમ નડશે. કદાચ આજે પોતે એમની પાશવતાનો શિકાર થતાં બચી જશે. પણ એનું મન એની વાત માનવા તૈયાર જ ન હતું ને. એ કહેતું હતું : જો બે આંખોની શરમ નડવાની હોત તો કાલે જ નડી ન હોત ! કાલે બહાર બધે અંધારું હતું પણ દિવાનખંડમાં તો અજવાળું જ હતું ને. એને ક્યાં બે આંખોની શરમ નડી હતી ?

ભટ્ટાચાર્યના ઘર પાસે પહોંચતાં જ એના આખા શરીરમાંથી ભયની એક ધ્રુજારી પસાર થઈ ગઈ. એણે આસપાસ નજર નાખી લીધી અને કોઈ જોતું નથી એવા લૂલા સંતોષ સાથે એ ઘરમાં દાખલ થઈ ગઈ. ભટ્ટાચાર્ય અંદર સોફામાં બેઠા હતા. એને જોતાં જ એ બોલી ઊઠ્યા : ‘આવ સ્પંદના, ચ્હા પીશે ને !’

‘ના માફ કરો, પણ મારે આજે ઉતાવળે જવું પડે તેમ છે.’ એને જવાની શાની ઉતાવળ હતી એની તો જેમ એને જાણ હતી એમ ભટ્ટાચાર્યનેય હતી જ. છતાં સ્પંદનાને ચ્હાના બહાને રોકાવું પડ્યું. ચ્હા પીવાઈ રહી એટલે ભટ્ટાચાર્યે એને ટેબલના ખાનામાંથી કાઢીને પાંચ હજાર રૂપિયાનું બંડલ આપ્યું. એમ કરતાં એમની નજર સ્પંદનાની ઉદાસ અને ભાવહીન આંખો સાથે ટકરાઈ.

‘તું મારા પર નારાજ થઈ હોય એમ લાગે છે.’

‘જે થઈ ગયું એ સારું તો ન જ હતું. મને જિંદગીભર એનો અફસોસ રહ્યા કરશે. ને તમારે માટે મને કેટલું માન હતું !’

‘એવી માન અપમાનની વાત જવા દે.’ કહેતાં ભટ્ટાચાર્યના દેહમાંનો પેલો દૈત્ય જાગૃત થઈ ઊઠ્યો ને એમણે સ્પંદનાને બાથમાં લઈ સોફા પર નાખી તેને પોતાની કાયાના ભાર તળે જાણે કચડી જ નાખી.

સ્તબ્ધ બનેલી સ્પંદના બીજી જ પળે સ્વસ્થ થઈ અને પોતાનામાં હતું એટલું બળ વાપરીને, એમને સોફામાંથી હડસેલતી ઊભી થઈ ગઈ. ‘નાલાયકીની પણ કોઈ હદ હોય છે. રાખો તમારા પૈસા તમારી પાસે, તમે મને શું સમજી બેઠા છો ?’ કહેતાં એણે ભટ્ટાચાર્યના મોં પર પેલી નોટોનૌ થોકડીનો છૂટો ઘા કર્યો અને બારણા તરફ ભાગી. પણ બીજી જ પળે એ સ્હેજ ખચકાઈ પણ ગઈ. પોતાના ગૌરવ અને સંસ્કારની વેદી પર એ રવીન્દ્રનું બલિદાન આપી રહી હોય એમ એને લાગ્યું. શેઠની પાસે પૈસા માગવાનો નિર્ણય તેણે મનમાં કરી લીધો.

ત્યાં તો ભટ્ટાચાર્યનો અવાજ અવ્યો : ‘સ્પંદના હું જાણું છું કે મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. હું એને માટે ઘણો જ શરમિંદગી અનુભવી રહ્યો છું. મારે તારી માફી માગવી હોય તોય કયે મોંએ માગું !’

સ્પંદના પણ એક વખત તો તેમના આવા એકરારથી સ્હેજ નરમ પડી ગઈ, છતાં તેણે બારણા તરફ ચાલવા જ માંડ્યું. જતાં જતાં તેનાથી કહ્યા સિવાય તો ન જ રહેવાયું : ‘હવે એવી ડહાપણભરી વાતો કરી મને ફોસલાવવાની વાતો ન કરતા. હું તમારા એ પૈસા પર થૂંકું છું.’

‘તો તું મને માફ નહીં જ કરે ? હું માનું છું કે તને મારી પર ગુસ્સે થવાનો પૂરતો હક છે. પણ હું એક એવા પ્રકારનો સાયકોલોજિકલ પેશન્ટ છું કે જેનો ઉપાય હું ડૉક્ટર હોવા છતાં નથી કરી શકતો. ગઈકાલે તું ગઈ

પછી આખી રાત હું પસ્તાવાને કારણે ઊંઘી જ નથી શકયો. મેં મનથી જ નકકી કરી રાખ્યું હતું કે આજે તને રંજ થાય એવું કોઈ જ કારણ મારે ઊભું ન થવા દેવું. છતાં જ્યારે તું આવી ત્યારે હું પાછો ભાન ભૂલી ગયો અને પાશવી વૃત્તિનો શિકાર બની ગયો. પણ હવે હું પૂરેપૂરો સ્વસ્થ છું.'

'કાલે હું હતાશ થઈ ગયેલી હતી અને ભાન ખોઈ બેઠી હતી. પણ આજે તો હું પણ પૂરી સ્વસ્થ છું એટલે જ કહું છું કે હું તમારા આવા પૈસા પર થૂંકું છું.'

'ભલે તારે મને માફ ન જ કરવું હોય તો તને ગમે તે શિક્ષા તને ગમે ત્યારે કરજે. હું મૂંગે મોંએ એ સહન કરી લઈશ. પણ આ પૈસા તો લઈ જ જા. મને ખબર છે કે રવીન્દ્રની આંખોનું ઑપરેશન જેટલું વહેલું થઈ શકે એટલું કરાવી નાખવું જોઈએ. એક વખત એની આંખો બરાબર થઈ જાય પછી તારી પાસે, મારા પર ગુસ્સો કરવાનો ને વેર લેવાનો ઘણો સમય હશે.'

'તમારામાં આવી માણસાઈ કાલે જ આવી હોત તો હું એક મહા પાતકમાંથી ઉગરી ગઈ હોત. આજે તો હું એ પૈસા લઈ જાઉં છું પણ યાદ રાખજો કે હું ગઈકાલનો પ્રસંગ કોઈ કાળે ભૂલી શકવાની નથી. હું એનો વ્યાજ સાથે બદલો લઈશ. પણ હું એ પહેલાં આ પૈસા તમારા મોં પર મારીશ અને પછી મારો બદલો લઈશ. પણ ત્યાં સુધી હું તમને તમારા આ પાપનું પ્રયશ્ચિત્ત કરવાનો સમય આપું છું. એ દરમિયાન તમે બની શકે તો તમારા આ પાશવી દર્દનો કોઈ ઉપચાર કરાવી લેજો.' કહેતાં સ્પંદનાએ ખેદથી પગ વીંઝયો. ચ્હાના પ્યાલાવાળું પેલું ટીપૉય હડફેટે ચડી ગયું. તે એક તરફ ઊડી પડ્યું. એના પરના કપરકાબીના કટકા થઇ ચારે બાજુ વેરાઈ ગયા. સ્પંદનાના ગુસ્સા આગળ એને માટેના અફસોસના બે શબ્દોય બહાર ન આવી શકયા. પેલી પૈસાની થોકડી લઈને બહાર નીકળી ગઈ.

આજે તેણે આસપાસ નજર કરવાની જરૂર ન જોઈ. એ સડસડાટ પોતાને રસ્તે ચાલવા લાગી. પણ તેને એની ખબર ન હતી કે કાલે એને બે છૂપી આંખોએ ડૉક્ટરના ઘરમાં દાખલ થતી જોઈ લીધી હતી અને આજેય એની ચોકીદારીએ એને ઘરમાંથી નીકળતાં જોઈ લીધી હતી.

આજે તેની પાસે પાંચ હજાર રૂપિયાનું જોખમ હતું એટલે એણે બસ સ્ટેન્ડ સુધી ચાલતાં જવાને બદલે નાકા પરથી ટેકસી કરી લીધી. ટેકસી સ્ટેશન તરફ જવાને બદલે ઊંધી દિશામાં ચાલવા લાગી એટલે એણે ડ્રાયવરને સીધી સ્ટશન તરફ ચલાવવા કહ્યું. પણ તેને તરત જ ખ્યાલ આવી ગયો કે એ વનવે હતો. તેને થયું કે તે એકાદ બે ખાંચા આગળ ચાલી હોત તો આવો પાંચ માઈલનો ધકકો ન ખાવો પડત અને એના વધારાના બે રૂપિયા ન ખર્ચવા પડત. પણ જે થયું હશે એ કદાચ સારા માટે જ થયું હશે માની તેણે મન મનાવ્યું. આજે ભટ્ટાચાર્યના પંજામાંથી તે સ્હેજમાં જ બચી ગઈ હતી એટલે એનામાં શ્રધ્ધા અને આત્મવિશ્વાસ વધ્યાં હતાં.

એ ડૉક્ટરની સાયકો-પેશન્ટની વાતો એના મનમાં ઊતરી ન હતી પણ તેને એટલું તો સમજાયું જ હતું કે એ પશ્ચાત્તાપ કરી રહ્યા હતા. ઘડીભર તો સ્પંદનાને તેની આવી સ્થિતિ માટે દયા પણ આવી ગઈ. શાંતિથી વિચારતાં તેને લાગ્યું કે આખા જગતનું માળખું આવા જ સિધ્ધાંત પર આવીને અટકી ગયું હતું. જેમ મૂડીવાદી માણસ સમાજનું શોષણ કરે છે અને સમાજ એને એક અનિવાર્ય અનિષ્ટ તરીકે ચલાવી લે છે, એમ ભટ્ટાચાર્યે પણ પોતાની મૂડી અને સ્પંદનાની લાચારીનો લાભ લઈ એનું શોષણ જ કર્યું હતું ને! પેલા વેપારની ભાષામાં કહીએ તો એમણે એક સોદો જ કર્યો હતો. એકને જરૂર હતી પૈસાની અને બીજાને જરૂર હતી સ્ત્રીના સંગની. હવે એમાં કોઈને દોષ દેવો નકામો હતો.

'પણ એના પાંચ હજાર તો હું દૂધે ધોઈને પાછા આપવાની છું એનું શું ? એ ઓછો મને મારી લૂટેલી અસ્મત_ '

'તો પછી એમ માનજે કે એના વ્યાજ પેટે_ ' પેલું અવળચંડું મન તેને એમ મન મનાવવા દે તેમ ન

હતું.

'પણ એના એટલા અમથા વ્યાજના બદલામાં આખું _ ? પણ એ વધું પડતું ન કહેવાય ?' એ બબડી રહી. મનના પેલા ખૂણાએ એનો જવાબ ન આપ્યો પણ આંખથી એક હળવો ઈશારો કરી દીધો કારની બારીમાંથી બહાર જોવાનો.

સ્પંદનાએ બહારની તરફ નજર કરી ને તેને સૂગ ચઢી ગઈ. હજુ તો સાંજના છ પણ વાગ્યા ન હતા ત્યાં તો ફોકલેન્ડ રોડ પર જાણે સવાર પડી ગઈ હતી. એની નજરો મેડીઓની બારીઓમાંથી ગ્રાહકને શોધવા ભમતી આંખોની પાછળની ગમગીની જોઈ રહી. તો પંદરથી પીસ્તાળીસ વર્ષની વય અનેક રૂપ ધરી બહાર રસ્તા પર પણ અધખૂલાં અંગોનું પ્રદર્શન કરી રહી હતી. પાવડરના લપેડા અને મેશ તથા લાલી અને લીપસ્ટીકથી કાબરચીતરું કરી મૂકેલું યૌવન ઝરૂખે બેસી ગ્રહકોને બોલાવી રહ્યું હતું.

એટલું સારું હતું કે હજુ રસ્તા પર ખાસ ભીડ જામી ન હતી એટલે ડ્રાયવર ગાડી ઝડપથી ચલાવી રહ્યો હતો, નહીં તો સ્પંદનાને આવું કેટલુંય જોવું પડ્યું હોત. આખરે એ ગંધાતો વિસ્તાર પૂરો થયો એટલે સ્પંદનાએ એક હાશકારો કર્યો.ત્યાં તો મનના પેલા અંધારા ખૂણામાંથી અવાજ આવ્યો : 'તને ખબર છે એમની આખી રાતની કમાણી શું હોય છે ?'

'ના.' તેનાથી બોલી જવાયું.

'પચીસથી માંડીને પચાસ રૂપિયા સુધીની અને તેય કેટલીય પથારીઓ સેવ્યા પછી. તું એમનાથી તારી જાતને ઊંચી સમજી આમ નાક ન ચઢાવતી. તું કાંઈ તેમનાથી જુદી નથી. તેં જેમ પૈસાને માટે દેહનો સોદો કર્યો હતો એમ એય બાપડીઓ_'

'પણ તું તો જાણે છે કે મારે મોજશોખ માટે પૈસા નહોતા જોઈતા_'

'આમાંની કેટલીયને મોજશોખ માટે પૈસા નથી જોઈતા હોતા. એમને પોતાનાં બાળકોના પેટના ખાડા પૂરવા જોઈતા હોય છે તો કેટલીકને પોતાના ધણીની દારૂની તલપને સંતોષવી હોય છે.'

પેલું અવળચંડું મન એને આવું તો કેટલુંય સંભળાવી રહ્યું અને એટલે તો એણે કંટાળીને કહી દીધું ને : 'હા, હા, હા. હું પણ એમના જેવી જ છું, બસ !'

'મેં તને એમ કહ્યું નથી. મારું કહેવાનું એમ હતું કે તું તારી જાતને ઊંચે પગથિયે મૂકીને એમને બિચારીઓને અન્યાય ન કરીશ. હજુ તો તારે ઘણું સહન કરવાનું છે. તું જેટલી અકકડ થઈશ એટલી ચોટ વધુ લાગશે. એના કરતાં તું તારા આત્મામાં જ રત રહે. આ દેહ તારો છે એ જ તું ભૂલી જા. એક વખત તું એમ જ માની લે કે તેં દેહવિલોપન કરી દીધું છે.' સ્પંદના મનના એ અવાજને જાણે કે પી રહી.

'સેન્ટ્રલ આ ગયા મેમસા'બ.' ટેકસી ઊભી રાખતાં ડ્રાયવરે કહ્યું ને એની વિચારતંદ્રા તૂટી ગઈ. કારમાંથી બહાર નીકળી તેણે ડ્રાયવરને દશની નોટ આપી. તેણે કેટલા પૈસા પાછા આપ્યા એ ગણ્યા સિવાય પર્સમાં નાખી એ સ્ટશનમાં દાખલ થઈ.

એ હજુ તો ટિકીટ કાઉન્ટર પર પહોંચીય ન હતી ત્યાં નિશીથનો અવાજ એના કાન પર પડ્યો : 'સ્પંદના, કયાં સંતાઈ ગઈ હતી તું અત્યાર સુધી ? હું પાંચ વાગ્યાનો તારી રાહ જોઉં છું, ચાલ.'

'કયાં ?'

'જહાન્નમમાં. આજે તો મારે તને લઢવું જ છે. તું મને અહીં જ લઢી લેવા મજબૂર નહીં કરે એમ માની લઉં છું.'

સ્પંદના કાંઈ બોલી નહીં. તેને લાગ્યું કે તેની આંખો હમણાં જ ચૂઈ પડશે. એને પોતાના પોચા હૈયા પર એવો તો ગુસ્સો આવ્યો કે કોઈ બીજું સ્થળ હોત તો એણે એ ગુસ્સાને રડીને જ શાંત કર્યો હોત. હસવાનો પ્રયત્ન કરતાં એ બોલી : 'ચાલ, જહાન્નમમાં જવામાં મને વાંધો નથી, પણ મારે જો ત્યાં જવું હોય તો હું તને તો મારી સાથે ન જ લઈ જાઉં.' ને તે નિશીથને અનુસરી. એક તો નિશીથ મૂંગો મૂગો જ ચાલતો હતો અને ઘડી પહેલાં લઢવાની વાત કરતો હતો એટલે સ્પંદનાનું મન શંકાથી ફફડી રહ્યું હતું. 'એને કાને ડૉક્ટર સાથેના પોતાના__ પોતાના વ્યવહારની__ ' એ વિચારી રહી. પણ એનું મન એને કહી રહ્યું હતું કે એ બનવું શકય જ ન હતું. જ્યાં સુધી ડૉક્ટર પોતે એને એ વાત ન કરે ત્યાં સુધી એને ખબર પડવાની ન હતી અને ડૉક્ટર એ વાત કોઈને કરે એ શકય ન હતું.

નિશીથની ઓરડીમાં પેસતાં જ એ વાતાવરણને હળવું કરવા બોલી : 'મારે ચા નથી પીવી એમ કહીશ તો તું માનવાનો નથી એટલે હું સ્ટવ પેટાવું ત્યાં સુધીમાં તારે મને જેટલું વઢવું હોય એટલું વઢી લે.'

'મનને તો હું કેટલુંય વારું છું કે તારે વળી સ્પંદનાને વઢવાના ઓરતા શા ? પણ એ માનતું નથી.' વઢવાનું ભૂલી ગંભીર થઈ જતાં નિશીથે કહ્યું. સ્પંદનાને લાગ્યું કે કોઈ ખાસ ગંભીર વાતની એ પશ્ચાદ્ભૂમિકા હતી. ને તે વધારે ફફડી ઊઠી.

'મેં કદી તારે માટે એવું રાખ્યું નથી છતાં તને એમ લાગતું હોય તો તું જાણે.' સ્પંદનાએ કહ્યું. નિશીથને ચિઢવીનેય જો તેનો રોષ ઓછો કરી શકાતો હોય તો તેમ કરવામાં તેને વાંધો ન હતો.

'રવીન્દ્રની આંખોના ઑપરેશન માટે તેં પરદેશ જવાનું નકકી કર્યું એની તેં મને જાણ પણ ન થવા દીધી અને એ ઓછું હતું તે તેં એ માટે પૈસા ભેગા કરવા__' બોલતાં નિશીથ અટકયો ને સ્પંદનાનો જીવ તાળવે આવીને અટકી રહ્યો, પણ બીજી પળે નિશીથે તૂટી વાતનો તાર સાંધતાં પૂરું કર્યું : 'તેં તારો ફ્લેટ કાઢી નાખ્યો, સાથે બધી ઘરવખરીય આપી દીધી. તે હું તને હું પૂછું છું કે હું મરી તો નહોતો ગયો ને !'

'તું એમ કેમ બોલે છે ! મને ખબર હતી જ કે તારી પાસે એવી રોકડ રકમ ન હતી અને મારે તને એ વાત કરી ખોટી ચિંતામાં નાખવો ન હતો. જો તારી પાસે પૈસા હોત તો મેં એ હક કરીને માગ્યા હોત.' સ્પંદના ખોટું બોલી. 'ને મારે માટે થઈને તું કોઈ બીજાની સામો હાથ લાંબો કરે એવું મારે થવા દેવું ન હતું.'

'તને કોણે કહ્યું કે હું બીજાની સામે હાથ લાંબો કરત ? હું ગમે ત્યાંથી પૈસા ઊભા કરત અને હજુય કરીશ જ. બોલ, હવે કેટલા ખૂટે છે ?'

'હવે તો નથી ખૂટતા. જો હું તને બધો હિસાબ સમજાવું : ફ્લેટના અને ઘરવખરીના લગભગ પંદર હજાર ઉપજ્યા ને પાંચ હજાર ડૉક્ટર ભટ્ટાચાર્ય પાસેથી ઊછીના લીધા છે, ને અમારી પાસે બચતના પણ ચારેક હજાર હતા. એટલે જરૂર કરતાંય થોડા વધારે પૈસાની વ્યવસ્થા થઈ ગઈ છે.'

'એટલે એમ કે તું ડૉક્ટર ભટ્ટાચાર્ય પાસે હાથ લાંબો કરે એ ચાલે અને હું કોઈ બીજા પાસે હાથ લંબાવું એ તને ન ગમે એમ! હું એટલો બધો પારકો થઈ ગયો ?'

'તું બધી અવળી ગણતરીઓ કરે છે ને દુખી થાય છે. ડૉક્ટર ભટ્ટાચાર્યની ટ્રીટમેન્ટ ચાલતી હતી અને જ્યારે પરદેશ જવાની વાત આવી ત્યારે એમણે સામેથી જ પાંચ હજારની લોન આપવાની તૈયારી બતાવી હતી. વળી એ રવીન્દ્રના દોસ્ત પણ થાય છે એટલે __'

'ને હું તો તમારો બેયનો દુશ્મન થાઉં છું એમ ને!'

'તું સમજતો નથી. એમણે સામેથી તૈયારી બતાવી એટલે એમની પાસે પૈસા ન લઈએ તો પણ ખોટું એટલે __' સ્પંદના એક પછી એક જૂઠ બોલ્યે જતી હતી. એક જૂઠને ઢાંકવા હજાર જૂઠ જો ન બોલવાં પડે તો

પછી એ જૂઠ જ શાનું !

'તને જે ઠીક લગ્યું એ ખરું. તને મેં લગ્ન પહેલાંય કહ્યું હતું કે મારી પાસે બૅંકમાં હજારેક રૂપિયા પડ્યા હતા. અને ચાર મહિનાથી નોકરી કરું છું એનો પગારેય મે લીધો નથી. ખરચ જેટલા થોડા મહીંથી લીધા હશે છતાં અડધો પગાર તો હજુ બાકી જ હશે. જો હું આજે બૅંકમાંથી હજાર રૂપિયા તો ઉપાડી લાવ્યો છું એ તું લેતી જા. બાકીની રકમ જે ભેગી થશે એ હું આવીને આપી જઈશ. કયાં રહો છો હવે બધાં ? કે પછી એ પણ મારાથી છુપાવવાનું તેં નકકી કર્યું છે !'

'વલસાડ પાસેના એક નાનકડા ગામમાં રહીએ છીએ. આ સરનામું છે. પણ તું ખોટી દોડાદોડી ન કરતો. હવે વધારે પૈસાની જરૂર નથી જ.'

'કે પછી મારી પાસેથી તારે પૈસા લેવા જ નથી ! લઈ લે. આટલા બધા ભેગા કર્યા છે તે એમાં મારા પૈસાથી ભાર નહીં વધી જાય. પરદેશનું કામ છે કદાચ વધારે પૈસાની જરૂર પડશે તો એ કામ લાગશે. કયારે ઊપડો છો ?'

'હજુ કોઈ તારીખ નકકી કરી નથી પણ એજન્ટ કહેતો હતો કે અઠવાડિયું તો લાગશે જ.' કહેતાં સ્પંદનાએ ચા ગાળવા માંડી. પછી ચા પિવાઈ રહી ત્યાં સુધી કોઈ બોલ્યું નહીં.

'તું જે રીતે મારાથી બધી વાત છુપાવી રહી છે એ જોતાં તો એમ જ લાગે છે કે તેં મને તારા દિલમાંથી જાકારો જ આપી દીધો છે. તો એક તરફ મને એમ પણ થાય છે કે મારે એવો અભરખોય શા માટે રાખવો જોઈએ કે તું મને__ '

'તારે મને રડાવવી જ છે ? મેં તને આ બધું એટલા માટે જણાવ્યું ન હતું કે હું તને ખોટી ચિંતામાં નખવા માગતી ન હતી. હું તારો હક સ્વીકારું છું. મને ઠપકો આપવાનો તને હક છે ને મારી પાસે જવાબ માગવાનોય તને હક છે. જગતમાં કોઈનેય ન હોય એટલા હક તને મારા પર છે પણ મહેરબાની કરીને તું એ અંગારા પરથી રાખ ન ઉડાડે એટલું હું તારી પાસે માગું છું.'

__ પછી રડી ન શકાવાથી ગૂંગળાતાં એ બે હૈયાં વચ્ચે ભીંસાતું મૌન કલાક સુધી રૂમમાં આંટા મારીને થાકયું. અચાનક નિશીથની નજર ઘડિયાળ પર પડી. 'તારી ગાડીનો સમય થવા આવ્યો.' તે બોલ્યો. સ્પંદનાએ વધુ રકઝક ન કરતાં હજાર રૂપિયાની એ નોટો લઈ લીધી અને પર્સમાં પેલી નોટોની સાથે ઠોંસી. એ બે થોકડીઓ વચ્ચેનો તફાવત એની આંગળિયો અનુભવી રહી. એક થોકડી એને દઝાડતી હતી તો બીજી શીતળતા આર્પતી હતી. મનમાં ને મનમાં એ એબેયની તુલના કરી રહી.

એણે સ્ટૂલને એક બાજુ કરવા પ્રયત્ન કર્યો તો એના પરના ટબલેમ્પનો ટૂંકો વાય પ્લગ સોકેટમાંથી બહાર ખેંચાઈ આવ્યો ને રૂમમાં અંધારું છવાઈ ગયું. ત્યાં એના મનનો પેલો ખૂણો બબડી ઊઠ્યો : 'મને ખબર છે કે એ વાયર એની જાતે જ નથી ખેંચાઈ ગયો. તારે બચાવ કરવાની કશી જરૂર નથી મને બધી ખબર પડે છે.'

ને સ્પંદનાથી પોતાના એ અટકચાળા મની સામે બબડી જવાયું : 'હા, હા, હા. તારે જેમ માન્વું હોય એમ માન. પેલાએ ગરજ વર્તીને માગ્યું હતું ને આણે હક કરીને પૈસા આપ્યા છે અને__'

પણ એ આગળ કશું કહે પેલા મનને તે પહેલાં નિશીથનો અવાજ આવ્યો : 'તું લાઈટ કરવાની માથાકૂટ ન કરતી. તું જા. તારો ટ્રેઈનનો સમય થવા આવ્યો છે.' તે એક વખત બોલ્યો પણ સ્પંદના એકલી સ્ટેશને જાય એ ઠીક ન લાગતાં તેણે ઉમેર્યું : 'રહે, હું તને સ્ટેશને મૂકવા આવું છું.'

ને બહાર નીકળતી સ્પંદના પેલા અટકચાળા મનને અટકચાળું કરતાં મનમાં જ કહી રહી : 'લેતું જા. બધાય કંઈ તારા એ ડૉકટર ભટ્ટાચાર્ય જેવા હોતા હશે !'

અનુક્રમ

# ૧૬. નિશીથનું દિલ

'એજન્ટનો સંદેશો આવ્યો છે. ચોથીના પ્લેનમાં આપણું બૂકિંગ થઈ ગયું છે. મારે આપણી ટિકીટની રકમ ભરવા મુંબઈ જવું પડશે.' સ્પંદનાએ કહ્યું. બે દિવસ પહેલાં એ મુંબઈથી આવી ત્યારથી જ એણે ઈંગ્લેન્ડ જવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

'તારે તારે માટેય કપડાં લેવાનાં હશે. હું નથી માનતો કે તારી પાસે બેત્રણ ડ્રેસ પણ સારા રહ્યા હોય.' રવીન્દ્રએ કહ્યું.

'મારી પાસે પૂરતાં કપડાં છે ને તારાં પણ બે સ્યૂટ હજુ લગભગ નવા જેવાં જ છે. જરૂર પડશે ત્યારે ત્યાંથી નવાં કપડાં ખરીદી લઈશું. હમણાં આપણે કોઈ ફાલતું ખર્ચ કરવાનો નથી.'

'હું મારે માટે નથી કહેતો. મારે તો કોઈ પ્રસંગે બહાર જવાનું થાય ત્યારે જ સારાં કપડાંની જરૂર પડવાની પણ તારે તો બહારનાં બધાં કામ પતાવવાનાં એટલે વારંવાર બહાર જવાનું થવાનું. તારે તો સારાં કપડાંની જરૂર પડવાની જ.'

'જ્યારે જરૂર પડશે ત્યારે તે અંગે વિચારીશું. ને સાડીઓ તો ત્યાંય ક્યાં નથી મળતી ? અને કદાચ નહીં મળે તો ફ્રોક પહેરવાનું હું ભૂલી ગઈ નથી હજુ.' કહેતાં સ્પંદના મલકાઈ ગઈ.

રવીન્દ્ર પણ એનો એ મલકાટ પામી ગયો હોય એમ બોલી ઊઠ્યો : 'એમાં આંખો નચાવવાની કશી જરૂર નથી. તને સાડી કરતાં ફ્રોક વધારે શોભે છે એની મને ખબર છે.'

'તો હવે કાલા થયા સિવાય આ દવા પી લો, ચાલો.' સ્પંદનાએ તેનો હાથ પકડી તેમાં દવાની પ્યાલી પકડાવી દીધી.

'કેટલી કડવી છે આ દવા! તું જોયા કર, હું એક વખત સાજો થઈ જાઉં પછી આ ડૉક્ટરની ખબર ન લઈ નાખું તો મને કહેજે.'

'તે તું તારા દર્દીઓને ગળી દવા આપતો હતો ખરો ને !'

'હવે તો તુંય ચાલતે ગાડે જ ચઢી બેસીશ કે ?' કહેતાં રવીન્દ્ર દવા ગટગટાવી ગયો. એને કડવી દવા પ્રત્યે અણગમો હતો એમ નહીં, પણ એ ગમે તે ભોગેય આનંદી દેખાવાનો પ્રયત્ન કરતો હતો. એ સ્પંદનાને હસતી રાખવા માટે એમ કરતો હતો. એ પોતે તો ડૉક્ટર હતો એટલે જાણતો જ હતો કે સ્પંદના તેની આંખોના જે ઑપરેશન પાછળ પચીસ હજારનું આંધણ મૂકવા તૈયાર થઈ ગઈ હતી એની સફળતાની ટકાવારી ફક્ત ચાલીસથી પચાસની જ હતી. મનથી તો તે નિરાશ જ થઈ બેઠો હતો પણ તેની આ નિરાશા સ્પંદના પામી ન જાય એ માટે તે આમ કરતો હતો.

કેટલીક વાર તો તેને એમ પણ થઈ આવતું હતું કે એ સ્પંદનાને સ્પષ્ટ કહી દે કે ભાવનાશીલતાનાં મૃગજળ પાછળ દોડવાનું ને પચીસ હજારનું પાણી કરવાનું પડતું મૂકે અને નક્કર વાસ્તવિકતાને સમજે. પણ તેને ખાતરી હતી કે સ્પંદના એની વાત માનવાની ન હતી. ને પછી તો રવીન્દ્ર પણ સ્પંદનાની એ મક્કમતાની અસરમાં આવી જઈ ક્યાં નહોતો વિચારતો કે એ સફળતાની ટકાવારીમાં એનો કેસ આવી જાય તો__ ?

પોતે પહેલાંની જેમ દેખતો થઈ જાય એ કલ્પના માત્રથી એનું મોં એવા આત્મસંતોષથી ઝળકી ઊઠતું કે

ન પૂછો વાત. પણ એની એ ચમક પોતાને માટે હતી એના કરતાં સ્પંદનાને માટે વધારે હતી. એને જાણે પોતાને માટે આંખોની અગત્ય હતી એના કરતાં સ્પંદનાને માટે વધારે હતી. એણે સ્પંદનાને સુખી કરવાની કેટલીય કલ્પનાઓ કરી લીધી હતી. રોજ એ કલ્પનાના એ મિનારાનાં પગથિયાં ચઢતો હતો ને એમાં જાત જાતના ઉમેરા કર્યા કરતો હતો.

પોતાની આંખો જો બરાબર થઈ જાય તો વધારે નહીં તો બેત્રણ વરસ તો ઈંગ્લેન્ડમાં રોકાય અને કોઈ હૉસ્પિટલમાં નોકરી શોધી લે અને સ્પંદનાના બધા શોખ અને બધાં અરમાનો પૂરાં કરે. એ ના ના કરતી રહેને એને માટે પોતે રોજ કંઈ ને કંઈ ખરીદીને તેને નવાજતો જ રહે. સ્પંદના ગમે તેમ કરે તોય એ નોકરીમાંની દરેક પાઈ સ્પંદના પાછળ જ ખર્ચ્યા કરે. ઘરેણાંથી તેને લાદી દે. કપડાંની તો ટ્રંકોની ટ્રંકો ભરી દે. કલબો, હૉટેલો ને પાર્ટી પિકનિકોથી એ એને એવી તો ગૂંગળાવી નાખે કે એને સુખનોય કંટાળો આવવા લાગે. આવી કલ્પનાઓમાં એ રાચતો અને છેવટે રડી ઊઠતો. બીજું કરીય શું શકે ?

બીજે દિવસે સવારમાં સ્પંદનાએ તેને કહ્યું : ‘હું અગિયારની લોકલમાં જઈશ તારે માટે કશું લાવવાનું તને યાદ આવતું હોય તો કહે.’

‘જો તું મારે માટે ચોકલેટ લેતી આવવાની હો તો હું તારી સાથે આવવાની હઠ નહીં કરું.’

‘હા, મારો દીકરો કેવો ડાહ્યો છે !’ સ્પંદનાએ પણ એની એ મજાકમાં સામેલ થઈ જતાં કહ્યું.

‘જો હું તને દિવસે ક્યારેય પજવું છું ?’

‘ના રે, પણ રાતે ?’ કહેતાં એણે રવીન્દ્રને એક અડપલું કરી લીધું ને એક તરફ ખસીને ઊભી રહી ગઈ. રવીન્દ્રએ તેને પકડવા આમતેમ બાથેડિયાં માર્યાં પણ સ્પંદના હાથ ન આવતાં થાકીને બેસી ગયો.

સ્પંદના હસી પડી પણ રવીન્દ્ર કહે : ‘આજે તું ભલે હસી લે, પણ એક વખત હું દેખતો થઈ જાઉં પછી જોજે તને પકડીને એવી ભીંસી નાખીશ કે_ ’

‘તું એ વાત ભૂલી ન જાય એટલે તો હું તને આમ કરીને એની કાયમ યાદ તાજી કરાવ્યા કરું છું.’ કહેતાં એ રવીન્દ્રની બાજુમાં બેસી ગઈ. રવીન્દ્રએ એને પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કર્યો ત્યાં જ બારણે ટકોરા પડ્યા. સ્પંદનાએ ઊઠીને બારણું ઉઘાડ્યું. બહાર નિશીથ ઊભો હતો.

‘આવ, અત્યારે કઈ ગાડીમાં આવ્યો ?’ વચમાંથી એક તરફ ખસીને એને આવકારતાં સ્પંદનાએ કહ્યું.

‘હું મુંબઈથી નહીં પણ સૂરતથી આવું છું. હું જમવામાં તો મોડો નથી પડ્યો ને !’ કહેતાં એ રવીન્દ્ર પાસે ખાટલા પર બેઠો.

‘તમે મોડા નહીં પણ વહેલા છો. ને કદાચ મોડા હો તો પણ અહીં તમને કોઈ ભૂખ્યા નહીં રહેવા દે. સ્પંદના ખાવાનું બનાવતા પહેલાં અમને ચા પાઈ દે.’ રવીન્દ્રએ કહ્યું.

‘તમારી વાત તો ઠીક પણ સ્પંદનાનું કશું કહેવાય નહીં. એ હમણાંની મારા પર ખફા થઈ હોય એમ લાગે છે.’

‘એવું તે હોય! મૂળમાં અમારે મિત્રો છે જ ઓછાં, પછી તમારા પર ખફા થઈને અમે તો સાવ એકલાં જ પડી જઈએ ને! પણ તમને એવું કેમ લાગ્યું ?’ સ્પંદનાને બદલે રવીન્દ્રએ કહ્યું.

‘મને ખબર નથી કે એણે તમને બધું કહ્યું છે કે નહીં પણ એ જ્યારે ફ્લેટ અને ઘરવખરી વેચી મારે, ઘરેણાંનોય કડદો કરી નાખે અને ભટ્ટાચાર્ય પાસેથી પણ પૈસા ઉછીના લેવા જાય અને મને ખબર પણ ન પડવા દે ત્યારે

બીજું શું સમજવું, તમે જ કહો. શું મારો એટલોય હક નહીં કે_'

'તું પાછો ગરમ થઈને આવ્યો હોય એમ લાગે છે. લે ઠંડું પાણી પી. મેં તારી પાસેથીય હજાર રૂપિયા તો લીધા જ છે ને!' સ્પંદનાએ તેને પાણી આપતાં કહ્યું.

'તમને એવું લાગે એ સ્વાભાવિક છે અને એ માટે ગુસ્સે થવાનોય તમને હક છે એ હું સ્વીકારું છું. પણ ભટ્ટાચાર્ય મારા મિત્ર છે. વળી એમણે જ્યારે સામેથી પૈસા આપવાની ઑફર કરી હોય ત્યારે એમની પાસેથી પૈસા ન લઈએ તો એમને ખોટું લાગે એટલે _' રવીન્દ્ર કહેવા ગયો.

'એ તમારા એકલાનો જ મિત્ર હશે પણ હું તો તમારા બેયનો મિત્ર છું. મને વાત તો કરવી જોઈએ ને !'

'તમે ઘણા લાગણીશીલ માણસ છો એ હું જાણું છું અને તમને અમારા પર ગુસ્સો કરવાનો હક પણ છે પણ હું અહીં ખાટલે પડ્યો છું ને સ્પંદનાને ઘણાં બધાં કામ ઝડપથી કરવાનાં એટલે તમને વાત નહીં કરી હોય. હવે અમને માફ કરી દો અને તમારી વાત કરો. તમારું અને વૃંદાનું કામ કેટલે પહોંચ્યું ?'

'એય હવે તો સમજી ગઈ છે કે હું એને લાયક નથી અને હું તો પહેલેથી જ એ વાત સમજી ગયેલો જ હતો. પણ આપણે તમારી જ વાત કરવી છે. મેં હજાર રૂપિયા આપેલા છે ને બીજા ત્રણ હજાર લેતો આવ્યો છું. મારે પાંચ હજાર કરી આપવા હતા પણ હજાર ઓછા પડ્યા છે. જોઉં છું બેત્રણ દિવસમાં એની વ્યવસ્થા થઈ શકે તો.'

'પણ આટલા બધા પૈસા તારી પાસે આવ્યા કયાંથી ?' સ્પંદનાએ આશ્ચર્યથી પૂછ્યું.

'પૈસા બૅંકમાં મૂકી રાખ્યા હોય તો ત્યાંથી મળે ને નહીં તો કોઈના ખિસ્સામાંથી મળે. મારા બૅંકમાં તો હતા જ નહીં. કે મેં કોઈના ખિસ્સા પર પણ હાથ માર્યો નથી.' કહેતાં તેણે ત્રણ હજારની નોટો ટેબલ પર મૂકી.

'જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી પૈસાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે. હવે વધારે પૈસાની જરૂર નથી. તમારો આટલો ભાવ છે એ જ અમારે માટે ઘણું છે.' રવીન્દ્રએ કહ્યું. નિશીથે સ્પંદના સામે જોયું. તે ચૂપ જ ઊભી રહી હતી. ન તો તેણે કશો જવાબ આપ્યો કે ન તો એ પૈસા લીધા.

'તમે અર્થશાસ્ત્રી છો ?' નિશીથે રવીન્દ્રને પૂછ્યું.

'ના, કેમ ?'

'તો પછી કોઈ જાણકાર માણસ કહે એમ કરવું જોઈએ. અને એક જાણકાર માણસની હેસિયતથી હું કહું છું કે તમારે પરદેશના મામલામાં જરૂર કરતાં થોડા વધારે પૈસા હાથ પર રાખવા જોઈએ. તમને જરૂર ન પડે તો જ્યારે પાછા આવો ત્યારે મને પાછા આપજો ને.' રવીન્દ્ર કાંઈ બોલ્યો નહીં એટલે નિશીથે કહ્યું : 'મને લાગે છે કે તમે બેય ખાલી બતાવવા પૂરતું જ કહો છો પણ મને ખવડાવવાનો તમારો વિચાર નથી. એટલે હવે હું ઊઠું ને ચા માટે આભાર.' કહેતાં નિશીથે ઊઠવા કર્યું. સ્પંદના ચમકી ગઈ.

પણ ત્યાં તો રવીન્દ્રએ જ કહ્યું : 'લઈ લે સ્પંદના, લાખ ભર્યા ત્યારે સવા લાખ. જો હું દેખતો થયો હોઈશ અને તમારા આ પૈસા વધ્યા હશે તો હું બે જ દિવસમાં એની ચટણી કરી નાખીશ.'

'અરે, જોઈએ તો બે કલાકમાં જ વાપરી નાખજો ને. એક તો પરદેશનો મામલો, દવાઓના ખર્ચા પણ ભારે અને ડૉક્ટરોનાં મોં પણ મોટાં.' નિશીથે ટકોર કરી.

'મારું મોં મોટું નથી હોં.'

'એ તો મારી માંદગીનું બિલ બને ત્યારે ખબર પડે.'

'એ બિલની રકમ તો અમે બારોબાર આ ચાર હજાર રૂપિયાના વ્યાજમાંથી કાપી લઈશું.' રવીન્દ્રને પણ નિશીથની સાથે આવી વાત કરવામાં મજા પડતી હતી.

'એટલે હું તમારી પાસેથી વ્યાજ લઈશ એમ તમે માનો છો ?'

'જો તમે મને દવાના પૈસા આપવાનું વિચારતા હો તો અમારેય વિચારવું પડે જ કે તમે વ્યાજ લેવાના જ છો.'

'હવે મુખ્ય વાત. તમારે જો મને જમાડવો જ હોય તો હવે બહુ સમય બચ્યો નથી.'

'કેમ ?'

'નોકરી.'

'મને એમ હતું કે તમારી સાથે બે ઘડી વાતો કરીશું. મુંબઈ તો સ્પંદનાને પણ ટિકીટના પૈસા ભરવા આવવાનું છે. તમારો સંગાથ થશે.'

'હું એનું મુંબઈનું કામ પતાવી દઈશ એને મુંબઈ આવવાની જરૂર નથી. અને કાલે સવારથી જ રજા લઈને હું અહીં આવી જઈશ. પછી આપણે આખો દિવસ ગપાટાં મારીશું. આજે તમે અને સ્પંદના ઘૂટુર્ઘૂ કરો.'

'ભલે એમ કરજે. પણ જો તારે જમવું જ હોય તો એમ ઉતાવળ કર્યે નહીં ચાલે. બીજી ગાડી દોઢ વાગ્યે જાય છે. ને તારી નોકરીની વાત તો અમે બેય સમજીએ છીએ એટલે એ બહાનું તો કોઈ બીજાને બતાવજે.' બોલી સ્પંદના રસોડામાં પેઠી. રવીન્દ્ર અને નિશીથ વાતે વળગ્યા. એટલામાં શાકભાજી લેવા ગયેલાં વિલાસબેન પણ આવી ગયાં.

વાતોમાંય રવીન્દ્રને નિશીથની લાગણીનાં દર્શન થયા સિવાય ન રહ્યાં. 'આવા માણસને છોડી ભટ્ટાચાર્ય પાસેથી પૈસા લઈએ તો એને ખોટું લાગે જ ને!' એ મનોમન બબડ્યો.

'સ્પંદના આમને આગ્રહ કરીને જમાડજે. આપણને વઢવાના મૂડમાં એમણે સવારની ચ્હા પણ કદાચ નહીં પીધી હોય.' જમતાં રવીન્દ્રએ ટોણો માર્યો.

'પણ ડૉકટર, તમે જ કહો, હું માંદો પડ્યો હોઉં ને તમને ખબર ન આપું તો તમને મને વઢવાનો હક અને ગુસ્સામાં બેચાર કાંણાં પાડી દેવાનોય તમને હક અને તમે લોકો ઘરવખરી સુધ્ધાં વેચી નાખવાની હદે જાવ ત્યાં સુધી મને વાત પણ ન કરો તો પછી મને ગુસ્સો આવે જ ને!'

'તે તને લઢવા માટે તને હજુ બે કલાક મળશે, પણ પહેલાં ધરાઈને ખાઈ તો લે.' સ્પંદનાએ કહ્યું.

'હવે તો શું લઢવાનું છે, પણ જો તમે આજે મારા પૈસા પાછા ઠેલ્યા હોત હું સાચેસાચ લઢીને જ જાત.'

'એ તો તમારા અવાજ પરથી જ મને સમજાઈ ગયું હતું કે ભાઈ સાહેબ આજે જાન પર આવી ગયેલા છે એટલે જ અમે હારી ખાધું ને. પણ ભાઈ, પછી કાગળ પત્ર લખતા રહેજો. અને અમે પાછાં આવીએ તે પહેલાં સમોરતમ્ શુભ લગ્નમ્ ન કરી લેતા હોં કે.' રવીન્દ્રએ મજાક કરી.

'અને કદાચ પરણી જાઉં તોય અમને કંકોત્રી લખવાનું તો ન જ ભૂલતો.' સ્પંદનાએ પણ એમાં સાથ પુરાવ્યો.

'હું કદાચ પરણીશ તોય તમારી ગેરહાજરીમાં તો નહીં જ પરણું.'

'એની તો શી ખબર પડે ! પરણવા નીકળે એ અમારો ખ્યાલ કરવા ઓછો બેસી રહે છે !'

'તો પછી મારા પર ગુસ્સે થવાનો તમારો હક મંજૂર રાખીશ, બસ ?' નિશીથે કહ્યું.

'ભલા માણસ, અમે શું એવાં અદેખાં છીએ કે કોઈ લગ્ન કરે અને અમે એના પર ગુસ્સે થઈએ !' રવીન્દ્રએ પાછી મજાક કરી.

અનુક્રમ

## ૧૭. એનીનું ઓળખાણ

નિશીથ, ઉષા, વૃંદા, વિલાસબેન અને ડૉકટર ભટ્ટાચાર્યની શુભેચ્છાઓ સાથે રવીન્દ્ર અને સ્પંદના મુંબઈથી પ્લેનમાં ઊપડ્યાં. સ્પંદનાને એમ હતું કે એને પ્લેનની મુસાફરી માફક નહીં આવે પણ એની એ માન્યતા ખોટી પડી હતી. રવીન્દ્રની પણ પ્લેનની આ પહેલી જ સફર હતી છતાં એને પણ ખાસ કોઈ બેચેની વર્તાતી ન હતી. શરૂમાં એમને પ્લેનનો અવાજ વધુ પડતો લાગતો હતો પણ થોડી વારમાં એનાથી ટેવાઈ જતાં બધાં એકબીજા સાથે વાતો કરવા માંડ્યાં હતાં.

'તું મારી સાથે વાતો કરે છે પણ પેલી ફલાઈટ એટેન્ડન્ટ બોલે છે એનું ધ્યાન રાખતી નથી. એ કહે છે કે આપણે બ્લેક સી પરથી ઊડી રહ્યાં છીએ તે જરા બારીમાંથી બહાર નજર કરીને મને કહે કે એ સી ખરેખર બ્લેક દેખાય છે કે નહીં ?'

'મને તો નીચે બધાં વદળો જ દેખાય છે. લાગે છે કે આપણું પ્લેન વાદળો ઉપર તરી રહ્યું છે. એને બ્લેક સી દેખાતો હોય તો એ જાણે. પણ મને બીજી વાતની ચિંતા થાય છે. આપણે વજન વધી જતું હતું એટલે એરપોર્ટ પરથી બ્લેંકેટ પાછો મોકલી દેવો પડ્યો છે. હવે આપણી એ ઠંડીમાં શી દશા થશે એની ચિંતા મને અત્યારથી જ થવા માંડી છે.' સ્પંદનાએ કહ્યું.

'તારી એ ચિંતા અસ્થાને છે. તને એમ લાગે છે કે આપણે પ્લેનમાંથી એ બ્લેંકેટ ઓઢીને ઉતરત! વળી જ્યાં આપણે રહીશું એ હૉટેલમાં હીટરની વ્યવસ્થા પણ હશે અને બ્લેંકેટ પણ હશે.' રવીન્દ્રએ તેને ગોગલ્સ પાછળથી તાકી રહ્યો હોય એમ તાકતાં કહ્યું.

'મને તો બહાર જોવામાં ડોકી દુખાડવા જેવું લાગે છે.'

'ને મને આપણા મહાભારતની એક વાત યાદ આવે છે : ધૃતરાષ્ટ્ર અંધ હતો એટલે ગાંધારી પોતાની આંખો પર પાટો બાંધી રાખતી હતી.'

'પણ હું એવું કયાં કરું છું ?' સ્પંદનાએ હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'શબ્દાર્થ જોવા જઈએ તો એવું નહીં પણ નહીં જોવાની, નહીં જાણવાની ને નહીં માણવાની તારી આ વાતો પાછળ મને તો એ પાટો જ દેખાય છે, જે ગાંધારીએ વર્ષો સુધી આંખો પર બાંધી રાખ્યો હતો.

'તને એવું બધું માની લેવાની ટેવ પડી હોય એમ લાગે છે.' કહેતાં સ્પંદનાએ રવીન્દ્રનો હાથ પોતાના હાથમાં લીધો ને એને પસવારી રહી.

'પેલી એર હૉસ્ટેસ ડ્રીંક લઈને આ તરફ આવી રહી છે. જો તમે બેય એ પહેલાં લઢી રહ્યાં હશો તો તમને એ પીવામાં મજા આવશે.' અચાનક રવીન્દ્રની બાજુની સીટમાંથી અવાજ આવ્યો ને સ્પંદના ચમકી. એણે રવીન્દ્રનો હાથ છોડી દીધો. એક અંગ્રેજ વૃધ્ધા જે રવીન્દ્રની બાજુની સીટમાં બેઠેલી હતી તે બોલી હતી.

સ્પંદનાએ તેની સામે જોઈ હસવાનો પ્રયત્ન કર્યો. પેલી તો હસતી જ હતી. પણ સ્પંદના કાંઈ બોલે તે પહેલાં રવીન્દ્ર બોલી ઊઠ્યો : 'તો ચાલો અમે લઢી રહ્યાં. પણ એ ડ્રીંકની સાથે કશું ખાવાનું આપશે કે પછી અગિયારસનું પૂન્ય કમાવી આપશે ?'

'કશુંક મમરાવવા જેવું સાથે હશે પણ થોડી જ વારમાં ધરાઈને ખાવા જેવું લાવશે. તમને પરાણે અગિયારસ નહીં કરાવે. પણ તમે બહુ જલ્દી લઢી લીધું. મને એમ હતું કે તમે પેરિસ સુધી તો એ ચાલુ રાખશો જ.'

'તમારા જેવાં સારાં માણસ વચ્ચે પડે પછી અમારાથી લઢવાનું ચાલુ રખાય ખરું ?' રવીન્દ્રએ જાણે બટરનું પેકેટ ખોલ્યું. પેલી હસી રહી.

'તમે જોઈ શકો છો ?'

'ના, છતાં પણ હું તમારે વિષે ઘણું કહી શકું છું. દાખલા તરીકે : તમારી ઉંમર પચાસ વર્ષ કરતાં કંઈક અધિક છે. તમે ભારતમાં અને તેમાંય ખાસ કરીને ગુજરાતમાં કે મુંબઈમાં ઘણો સમય રહેલાં છો. બોલો, આ સિવાય વધારે કાંઈ જાણવું છે ?' સ્પંદનાને લાગ્યું કે રવીન્દ્રએ ફેંકાબાજી શરૂ કરી હતી.

'તમારી આ અટકળો સાચી છે. મને લાગે છે કે મારે વિષે તમે વધારે શું કહી શકો છો એ જાણવાનું મને ગમશે.' પેલી વૃધ્ધાએ કહ્યું.

'ચાલો, તમારે વિષે વધારે જણાવું. પહેલાં તમારો હાથ આ તરફ લાવો.' પેલીએ પોતાનો ડાબો હાથ રવીન્દ્રના હાથમાં મૂકયો. સ્પંદનાને રવીન્દ્રની આ ચાલ સમજાઈ. રવીન્દ્રના પિતા જ્યોતિષશાસ્ત્રના વિદ્વાન ગણાતા હતા અને રવીન્દ્ર પણ તેમની પાસેથી ઘણું શીખ્યો હતો. પણ અત્યારે આંખો વગર એ શું કહી શકવાનો હતો !

રવીન્દ્રએ પેલા હાથની હથેળીમાં પોતાની આંગળીઓ ચલાવવા માંડી. થોડી વારે એણે કહ્યું : 'જુઓ, હું જન્મથી અંધ નથી એટલે મને આમ આંગળીઓથી હાથની રેખાઓ વાંચવાનો કશો અનુભવ નથી. પણ તમને મારા પર વિશ્વાસ બેસે એવી એક વાત પહેલી જણાવી દઉં કે જેથી તમે મને ફેન્ટા શાંતિથી પી લેવા દો. હં, તો વાત એમ છે કે છેલ્લા એક વર્ષમાં તમે ભયંકર ઘાતમાંથી ઊગરી ગયાં છો. લાવો ફેન્ટા.'

ને પેલીની આંખો આશ્ચર્યથી એવી તો ફાટી રહી કે સ્પંદના પણ આશ્ચર્યમાં પડી ગઈ. પેલીએ રવીન્દ્રના હાથમાં ફેન્ટાનું ટીન પકડાવી દીધું. બધાંએ શાંતિથી ફેન્ટા પૂરી કરી પણ હજુ પેલીનું આશ્ચર્ય ઓછું થયું ન હતું.

'જો મારું નામ એની છે. તારું નામ ?'

'હું રવીન્દ્ર દેસાઈ ને આ મારી પત્ની સ્પંદના. હું ડૉક્ટર હતો પણ દોઢેક મહિના પહેલાં હું દાઝી ગયો હતો એમાં મારી આંખો ગઈ છે. અમે એનું ઑપરેશન કરાવવા ઈંગ્લેન્ડ જઈએ છીએ.'

અચાનક એનીને મશ્કરી કરવાનું મન થયું હોય એમ એણે સ્પંદનાનો ડાબો હાથ રવીન્દ્રના હાથમાં પકડાવી દીધો ને કહ્યું : 'હવે બરાબર તપાસીને મારે વિષે વધુ કહે.'

રવીન્દ્રએ પાછી આંગળીઓની ખેડ શરૂ કરી અને તરત જ એની સમજમાં આ વાત આવી ગઈ. એણે કહ્યું : 'મેં થોડી વાર પહેલાં જે કહ્યું હતું એ ખોટું હતું. તમારા નસીબમાં બે બાળકો છે અને હું તમારી હથેળીને ચૂમીશ તો તમે શરમાઈ જવાનાં છો.' કહેતાં એણે સ્પંદનાનો હાથ ચૂમી લીધો. સ્પંદના શરમાઈ ગઈ.

પણ એની કહે : 'હમણાં તો તમે મને કહ્યું હતું કે મારા નસીબમાં સંતાનનું સુખ નથી.'

'વેલ, મેં બીજું શું કહ્યું હતું ?'

'મને છેલ્લા એક વર્ષમાં ઘાત ગઈ હતી એમ પણ તમે કહ્યું હતું.' એનીએ એની મશ્કરી ચાલુ રાખી. શરમાતી સ્પંદના પણ એમાં જોડાઈ જતાં મૂંગી જ રહી.

'તો મને કહેવા દો કે એ બધું ખોટું હતું. તમે એકવીશ વર્ષનાં છો અને એક ડૉક્ટર સાથે પરણ્યાં છો અને એની મારી મશ્કરી કરે છે એમાં તમે સાથ દઈ રહ્યાં છો.'

'તું ઘણો પાકો છે. પણ લાગે છે કે તેં પામીસ્ટ્રીનો ઘણો અભ્યાસ કર્યો છે.' પકડાઈ જતાં હસીને એનીએ કહ્યું.

'અલબત્ત મને એમાં રસ છે પણ હું હજુ તો શિખાઉ જ ગણાઉં. મારા પિતા એક વખત જાણીતા પામીસ્ટ હતા તેમની પાસેથી થોડું શીખેલો. પણ એ ગુજરી ગયા અને હું મેડિસીનનું ભણવામાં પડ્યો.'

થોડી વાર ચૂપ રહ્યા પછી એનીએ કહ્યું : 'તમે લોકો લંડનમાં ક્યાં રહેવાનાં છો ?'

'હજુ કશું નક્કી કર્યું નથી. કોઈ સસ્તી હૉટેલમાં રહીશું.'

'તને વાંધો ન હોય તો હું તને એવી વ્યવસ્થા ગોઠવી આપીશ.'

'તો તમારો ઘણો આભાર. પણ અમને પોસાય એવી જગ્યા શોધી આપજો. અમારી સ્થિતિ— '

'એ મારી જાણમાં આવી જ ગયું છે. તમારે એમાં શરમાવાની જરૂર નથી. ઈંડિયાથી ઈંગ્લેન્ડ આવા મોંઘા ઑપરેશન માટે આવવાનું થાય એટલે પેનીએ પેનીનો હિસાબ કરવો પડે. અહીં તમને બધું મોંઘું લાગશે. પણ હું તમારે લાયક વ્યવસ્થા ગોઠવી આપીશ. ચિંતા ન કરતાં.'

'મને લાગે છે કે આ કામ તમને ભળાવી અમે તમને તકલિફમાં મૂકી રહ્યાં છીએ.' રવીન્દ્રએ મસ્કો મારવા પ્રયત્ન કર્યો.

'તોય વાંધો નહીં. મને તકલીફમાં મૂકે એવાં બાળકોની મને ઘણા વખતથી ઈચ્છા થયા કરતી હતી.'

'જો મારી આંખો બરાબર થઈ જશે તો તમારી એ ઈચ્છા હું જરૂર પૂરી કરીશ.' હસતાં રવીન્દ્રએ કહ્યું અને સ્પંદનાએ એને આવું બોલવા બદલ કોણીનો હળવો ગોદો માર્યો.

એનીએ એ જોયું ને એ બોલી : 'હની, તારે એને ટકોર કરવાની જરૂર નથી. મને તમારા બેયનો સ્વભાવ ગમી ગયો છે. લાગે છે કે આપણને સારું બનશે. ને રવીન, તારી આંખોની બાબતમાં તને તારા ડૉક્ટરે જે કહ્યું હશે એના કરતાંય લેટેસ્ટ ટેકનોલોજી હવે ઉપલબ્ધ છે અને સ્પંદા જેવી તારી પત્ની છે, એટલે એને તો બરાબર થયે જ છૂટકો છે.' એનીએ જોડાક્ષરનું કચૂંબર કરી નાખ્યું. આટલાં વર્ષ ભારતમાં રહ્યા પછીય એનીને આવાં જોડાક્ષરવાળાં નામો બોલવામાં તકલીફ પડતી હતી એ રવીન્દ્રએ પણ મનમાં નોંધ્યું.

પછી એની સાથેની વાતમાંથી બન્નેને જાણવા મળ્યું કે એ એની કુપરિન હતી અને મુંબઈમાંની એક મિશનરી સ્કૂલમાં પ્રિન્સિપાલ હતી અને રીટાયર થઈને દેશ પાછી જતી હતી. ને લંડનમાં એનું મકાન પણ હતું.

પ્લેન પેરિસના એરપોર્ટ પર થોડા કલાક માટે થોભ્યું. સ્પંદનાને એનીએ નીચે ઊતરી થોડું ફરી આવવા કહ્યું. રવીન્દ્રએ પણ એમાં સાથ આપ્યો એટલે અચકાતી સ્પંદનાને નીચે ઊતરવું જ પડ્યું. બાકી હોય તેમ કોઈ સ્ટોરમાંથી જીંજરની ટ્રોફી લેતાં આવવાનું કામ પણ એનીએ એને સોંપ્યું.

એ ગઈ એટલે રવીન્દ્ર કહે : 'મને અકસ્માત થયા પછી એ એવી તો ખોઈ ખોઈ થઈ ગઈ છે કે એને જાણે કશામાં રસ જ રહ્યો નથી.'

'તેને આનંદમાં રાખવા માટે તારે પ્રયત્ન કરવો જોઈએ. જેટલો તું એને આનંદમાં રાખવા પ્રયત્ન કરીશ એટલો જ વધારે પ્યાર તું એની પાસેથી પામીશ.'

'મારે શું કરવું એ જ મને સમજાતું નથી છતાં હું કાયમ હસતો રહેવા પ્રયત્ન કરું છું અને એને હસાવવા પ્રયત્ન કર્યા કરું છું.'

'એય ખોટું નથી. પણ તું એની પ્રશંસા કરે, એના પ્રેમને દાદ આપે, એની સાથે પ્રેમભરી બે વાતો કરે એ તો એને ગમે જ. વળી તું એને તારા સિવાય બીજી વાતોમાં વાળવા પ્રયત્ન કરે એય એને ગમે.'

'તમારા હાથની રેખાઓ પરથી ન કહી શકયો હોઉં એવી એક વાત કહું ? તમે ખૂબ બુધ્ધિશાળી અને ભલાં પણ છો.' રવીન્દ્રએ કહ્યું અને હસી રહ્યો.

એમણે થોડી વાર આવી વાતો કરી હશે ત્યાં સ્પંદના આવી પહોંચી. 'શાની વાતો કરતાં હતાં બેય ?' આવતાં જ એણે પૂછ્યું.

'અમે તારી જ વાતો કરતાં હતાં. રવીન કહેતો હતો કે એ તારાથી કંટાળી ગયો છે.' એનીએ કહ્યું.

સ્પંદનાએ એક નજર રવીન્દ્ર તરફ ફેંકી પછી એની તરફ જોઈ મજાક પામી જતાં રવીન્દ્રને પૂછ્યું : 'મેં તને શો કંટાળો આપ્યો ?'

'એમાં એને શું પૂછે છે, મને જ પૂછ ને. એણે બાપડાએ જેમ તેમ કરીને તારાથી પીછો છોડાવ્યો ત્યાં તું દશ જ મિનિટમાં પાછી આવી ગઈ. અરે, તારી ઉંમરે જો હું પેરિસમાં આવી હોઉં તો મને તો અઠવાડિયુંય ઓછું પડે.'

'હું શું કરું! બહાર એટલી બધી ઠંડી છે કે હું તો ઠરી જ ગઈ. એટલે તો પાછી ભાગી આવી.'

'એમ ઠંડીથી ડરતી રહીશ તો પછી લંડનમાં કેમની રહીશ ? લે, મારો આ ઓવરકોટ પહેરી લે ને બહાર નીકળ, જા ઊપડ.'

સ્પંદનાએ એક વખત કોટ લીધો તો ખરો પણ પહેરવાને બદલે એને ખોળામાં રાખી એ પાછી પોતાની સીટમાં બેસી ગઈ. 'સાચું પૂછો તો મને બહાર ફરવા જવાનું મન જ નથી થતું.' એ બોલી.

'તે તને તારા માટે કોણ કહે છે ? તું અમારા માટે તો ફરવા જઈ શકે ને! અને મેં તારી પાસે જીંજરની ટ્રોફી મંગાવી હતી એનું શું થયું ? ને બીજી વાત એ છે કે અમારે ખાનગી વાતો કરવી છે.' એનીએ કહ્યું. સ્પંદનાએ એની સામે લાચારીથી જોયું પછી કમને કોટ પહેરીને બહાર નીકળી. એનીએ રવીન્દ્ર તરફ ફરતાં કહ્યું : 'એ નાક ફુલાવીને ગઈ છે પણ જ્યારે પાછી આવશે ત્યારે ઘણી ફ્રેશ હશે.'

'તમે અહીં બેસી રહેવાને બદલે બહાર નીકળ્યાં હોત તો તમને પણ મજા પડત. હું અહીં આરામથી બેસત. તમેય જઈ આવો બહાર.'

'જો તને એમ લાગતું હોય તો ચાલ મારે ખભે હાથ મૂકી દે, આપણે બેય થોડું ફરી આવીએ. સ્પંદાને જોવાની મજા આવશે. અહીં એની વાત કોઈ સમજશે નહીં ને એને કોઈની વાત સમજાશે નહીં. એવી ગૂંચવાઈ જશે કે મારી ટ્રોફી લીધા સિવાય જ પાછી દોડી આવશે.' કહેતાં એનીએ રવીન્દ્રને ઊભો કરી દીધો. ને બેય પ્લેનમાંથી બહાર આવ્યાં. આસપાસથી વતચીતના અવાજ આવી રહ્યા હતા તો કયાંક સોડાની બોટલ ખૂલવાના અવાજ પણ સંભળાતા હતા. કોઈક સહેલાણીનો રેડિયો અંગ્રેજીમાં સમાચાર આપી રહ્યો હતો.

'આપણે કયા ભાગમાં ફરી રહ્યાં છીએ ?' રવીન્દ્રએ પૂછ્યું. એને પૂછ્યા પછી તરત જ લાગ્યું કે એણે આવું પૂછવું જોઈતું ન હતું.

'સોરી મને એ ખ્યાલ ન રહ્યો. જો આપણે લાંબી કોરીડોરમાંથી પસાર થઈ રહ્યાં છીએ. વચમાં પેસેન્જરને બેસવાની વ્યવસ્થા છે. ને આપણા ડાબા હાથ પર થોડી દુકાનો છે. સ્પંદના એક એવી જ દુકાન પાસે ઊભી રહી મારે માટે ટ્રોફી ખરીદવા પ્રયત્ન કરી રહી છે. ભગવાનની મહેર હશે તો તેને કોઈક આછુંપાતળું ઈંગ્લીશ બોલતો સેલ્સ મેન મળી જશે. એની નજર આપણા તરફ નથી. આવ આપણે લોન્જમાં બેસીએ.' કહેતાં એનીએ એને લોન્જમાંની એક ખુરસી પર બેસાડ્યો અને બાજુમાં એ પણ ગોઠવાઈ.

એનીએ સીગરેટ સળગાવી અને બેય અલગમલકની વાતોમાં ડૂબી ગયાં. અડધાએક કલાક પછી એ બેય પ્લેનમાં પાછાં ફર્યાં ત્યારે સ્પંદના તેમની વાટ જોતી બેઠી જ હતી. તેમને જોતાં જ એ બોલી ઊઠી : 'ખરાં છો તમે બેય! હું કયારની ચિંતા કરું છું કે તમે કયાં ગયાં હશો ને તમે બહાર ઊપડી ગયાં હતાં.'

'મેં તો બહાર જવાની ઘણીય ના કહી પણ રવીન કહે કે તું નાક ફુલાવીને ગઈ છે તે કયાંક ઈંડિયા પાછી તો નહીં જતી રહે ને, એટલે મારે એની સાથે બહાર જવું પડ્યું. પણ કહે કે તને મજા પડી કે નહીં ?'

'મેં કેન્ટિનમાં જઈ ગરમ ગરમ ચા પીધી અને તમારી ટ્રોફી લઈને એક મોટું ચકકર મારી આવી. નજા આવી.' ને બેય તેની આ વાતથી હસી પડ્યાં એટલે સ્પંદના સમજી ગઈ કે એની પોલ ઉઘાડી પડી ગઈ હતી.

'અમે તને સ્ટોર પાસે ઊભેલી અને ત્યાંથી જ પાછી ફરી ગયેલી જોઈ છે એટલે તારી વાત માની શકતાં નથી. પણ છતાં લાગે છે કે તને મજા પડી હશે.'

ગમે તેમ પણ રવીન્દ્ર અને સ્પંદનાને અરે એનીને પણ લાગ એનીને પણ લાગતું હતું કે એમની કંપની જામી ગઈ હતી.

અનુક્રમ

# ૧૮. ઑપરેશન થયું.

ઈંગ્લેન્ડ પહોંચ્યા પછીની મુશ્કેલીઓની ચિંતા અત્યાર સુધી સ્પંદનાએ કર્યા કરી હતી તેનો એક સામટો જ અંત આવી ગયો હતો. એનીને મળ્યા પછી બેયને એમ લાગ્યું હતું કે પરદેશમાંય એમને એક વહાલસોઈ મા મળી ગઈ હતી. અને એનીને પણ કયાં આવાં છોકરાંની અભિલાષા ન હતી! એની બોલવામાં જેટલી નિખાલસ લાગતી હતી એવો સ્નેહભર્યો એનો વર્તાવ પણ હતો. લંડનના એરપોર્ટ પર ઊતરતાં જ એણે કહ્યું : 'હવે તમારે વચમાં સવાલ કર્યા સિવાય જોયા કરવાનું છે. તમારી રહેવાની વ્યવસ્થા હું કરી આપવાની છું એ તમને યાદ છે ને!'

'અમને એ યાદ ન હોય એવું તે બનતું હશે! ઊલટાનો હું એ વિચારતો હતો કે તમે એ ભૂલી ગયાં હો તો કેવી રીતે એ યાદ દેવડાવવું.' રવીન્દ્રએ મજાક કરી. એની હસી પડી. એને રવીન્દ્રનો આવો સ્વભાવ ગમી ગયો હતો. તો બીજી બાજુ રવીન્દ્ર અને સ્પંદના ભગવાનને પ્રાર્થના કરી રહ્યાં હતાં કે એની એમને જે હૉટેલમાં લઈ જાય એ એમને પોસાય તેવી હોય.

એનીએ એક ટેકસી બોલાવી એટલે એમાં સામાન ખડકી બધાં બેસી ગયાં. એનીએ ડ્રાયવરને એક જગ્યાનું નામ આપ્યું એટલે ટેકસી ચાલવા લાગી. સ્પંદના તો લંડનની ભીડ અને એની ભવ્યતાને આભી બની તાકી જ રહી. પછીની પાંચેક મિનિટમાં સ્પંદનાએ ત્રણેક વખત અને રવીન્દ્રએ એક વખત પોતે કયાં જઈ રહ્યાં છે એવો પ્રશ્ન કર્યો હશે. છેવટે કંટાળવાનો ખોટો દેખાવ કરતાં એનીએ કહ્યું : 'જો તમારા પ્રશ્નો બંધ થવાના ન હોય તો બેય એક એક ટ્રોફી મોંમાં મૂકી દો. એ ઓગળી રહેશે તે પહેલાં આપણે જયાં જવાનું છે એ જગ્યા આવી

જશે એટલે તમારાં મનનું સમાધાન આપોઆપ થઈ જશે.' કહેતાં તેણે બેયને એક એક ટ્રોફી પકડાવી દીધી.

થોડી વારમાં ટેકસી કીંગ્ઝ કોર્નર વિસ્તારમાં આવી ગઈ એટલે ડ્રાયવરે ટેકસીની ઝડપ ઓછી કરી અને એનીએ એને રસ્તાની વિગત આપવા માંડી. થોડી જ વારમાં ટેકસી એક મધ્યમ પ્રકારના મકાન પાસે આવીને ઊભી રહી. ડ્રાયવરે બહાર નીકળી ગાડીમાંથી પેટીઓ બહાર કાઢી અને એનીએ એને ભાડાની રકમ ચૂકવી આપી. પછી એક સ્યૂટકેસ એનીએ ઉપાડી અને એક સ્યૂટકેસ સ્પંદનાએ ઉપાડી અને સ્પંદનાને ખભે હાથ મૂકી રવીન્દ્ર પણ તેમની સાથે મકાનનાં પગથિયાં ચઢ્યો.

હજુ તો એની બેલ મારે તે પહેલાં જ પીસ્તાલીસેક વર્ષની લાગતી એક મહિલાએ બારણું ખોલ્યું અને મલકાતાં એની સામે માનથી નમી. એનીએ એને બહાર પડેલી સ્યૂટકેસ તરફ ઈશારો કર્યો એટલે તે લેવા એ બહાર નીકળી. એનીએ રવીન્દ્ર તથા સ્પંદનાને અંદર દોર્યાં.

બધાં ઘરમાં આવ્યાં એટલે એનીએ પેલી બાઈ સાથે રવીન્દ્ર તથા સ્પંદનાનું ઓળખાણ કરાવ્યું. એનું નામ મિસ માર્ગારેટ હતું. તે પંડે એકલી જ હતી. મિસિસ કૂપરીનની તે બેનપણી હતી. જો કે બન્નેની ઉંમર વચ્ચે ઘણો તફાવત હતો પણ એ બન્ને દૂરની કઝીન પણ થતી હતી એ નાતે એમનાં બેનપણાં જળવાયાં હશે એમ લાગતું હતું. એની રીટાયર થઈને આવતી હતી એ જાણતાં જ એણે પોતાની નોકરી છોડી દીધી હતી અને એનીનું ઘર ખોલી સાફ કરી એમાં રહેવા પણ આવી ગઈ હતી. બેય બેનપણીઓ હવે સાથે રહીને નિવૃત્તિ ગાળવા માગતી હતી.

'આપણે ફરનિચર બધું રીએરેન્જ કરવું પડશે.' એનીએ કહ્યું.

'કેમ ?'

'કારણ કે તેં એ જ્યારે ગોઠવ્યું હશે ત્યારે તેં રવીનનો વિચાર નહીં કર્યો હોય. વળી સ્પંદના પણ તેની સાથે છે એટલે તેમને એક અલાયદો રૂમ પણ આપવો પડશે.'

સ્પંદના શરમાઈ પણ તરત બોલી : 'બધું ફરી ગોઠવવાની શી જરૂર છે ? બે ત્રણ દિવસમાં તો રવીન્દ્રને હૉસ્પિટલમાં દાખલ કરવો પડશે અને અમે હૉટેલમાં–'

'તને આનાથી સસ્તી હૉટેલ આખા લંડનમાં નહીં મળે. તમારે અહીં જ રહેવાનું છે. અને જ્યાં સુધી રવીનને હૉસ્પિટલમાં દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી એની સલામતિ સાચવવા માટેય ફરનિચર નવેસરથી તો ગોઠવવું જ પડશે ને.'

'અમે તમને અમારે માટે સસ્તી હૉટેલ શોધી આપવાની વાત કરી હતી. અમે આમ તમારે માથે ન પડી શકીએ.' સ્પંદનાને બદલે રવીન્દ્રએ કહ્યું.

'એમાં માથે પડવાની વાત કયાં આવી. હમણાં તમને ઑપરેશનને કારણે પૈસાની ખેંચ પડશે એટલે આ જગ્યા સસ્તી પડશે. પછી તારી આંખો બરાબર થઈ જાય ત્યારે મને હૉટેલ જેટલું ભાડું આપીશ તોય હું લઈ લઈશ, બસ!' પછી માર્ગારેટ તરફ ફરતાં પૂછ્યું : 'તેં ફોન તો ચાલુ કરાવી દીધો છે ને!'

ને માર્ગારેટ ખડખડાટ હસી પડી : 'તેં બંધ કરાવ્યો હોય તો હું ચાલુ કરાવું ને! હું અઠવાડિયા પહેલાં અહીં આવી ત્યારે ટેલિફોન કંપનીની ત્રણ નોટિસો અને ચાર બિલો મારી વાટ જોતાં બારણામાં જ ઊભાં હતાં. મેં આખો દિવસ માથાકૂટ કરી અને કેટલીય ખોટી દલીલો કરી ત્યારે માંડ પત્યું, જો કે તોય ચાલીસ પાઉન્ડનો ખર્ચો તો થયો જ.'

'ના હોય! મેં જાતે જ–'

'જો તારી વાત સાચી માનીએ તો પછી પેલી બાસ્કેટમાં જે ત્રણ બિલો અને તેની રસીદો પડી છે એને મારે ખોટી જ માનવી પડે ને! પણ એને ખોટી મનાવવા મેં મગજનું દહીં કરી નાખ્યું પણ એ ખોટી સાબિત ન જ થઈ. આ તો સારું થયું કે તું ફોન બંધ કરાવવાનું ભૂલી ગઈ હતી. એને બદલે જો તું પાણીનો નળ કે ગેસની સ્વીચ બંધ કરવાનું ભૂલી ગઈ હોત તો શું થાત ?'

'હજુય મારા માન્યામાં નથી આવતું.'

'સ્પંદના તમારે ત્યાંય પંતુજીઓ આવાં જ ભૂલકણાં હોય છે કે ?'

'અરે, અમારે ત્યાં તો બારણું વાસવાનું ભૂલી જાય પણ નકૂચાને કાળજીથી તાળું મારીને ઊપડી જાય એવા શિક્ષકો હોય જ છે ને.' રવીન્દ્ર બોલી ઊઠ્યો.

પણ એ ચાલતી વાતોમાં રસ લીધા સિવાય એની ફોન પાસે પહોંચી ગઈ હતી. એણે આલ્ફ્રેડ રેબિસનનો ફોન જોડ્યો. એણે એમને કહ્યું કે ઈંડિયાના એમના મિત્ર ભટ્ટાચાર્યની ભલામણ લઈને એક સ્ત્રી એના પતિની આંખોના ઑપરેશન માટે અહીં આવી છે. ને જેમ બને તેમ વહેલી તકે એમને મળવા માગતી હતી.

રેબિસનને તો વાંધો હતો જ નહીં. તેમણે તો ઊલટું ઉમળકાભેર દર્દીને સાથે લઈને તે જ દિવસે સાંજના મળી જવાનો સમય પણ આપી દીધો.

ને સાંજના બધાં ટેકસી કરી રેબિસનને ઘેર પહોંચી ગયાં. રેબિસને એમનું ઉમળકાભેર સ્વાગત કર્યું. એ લગભગ પંચાવનેક વર્ષના લાગતા હતા. એમણે ફક્ત એક જ વાકયમાં પોતાના મિત્ર ડૉક્ટર ભટ્ટાચાર્યના ખબર પૂછી લીધા અને સ્પંદનાએ એનો જવાબ આપ્યો તે પહેલાં તો એ રવીન્દ્ર તરફ વળી ગયા હતા : 'મિ. દેસાઈ, તમે જરા ગ્લાસીસ ઉતારી મને તમારી આંખો જોવા દેશો ?' તેમણે કહ્યું.

'ચોકકસ, તેની તો હું રાહ જ જોઈ રહ્યો છું.' કહેતાં રવીન્દ્રએ ચશ્માં કાઢી નાખ્યાં અને જે તરફથી રેબિસનનો અવાજ આવ્યો હતો એ તરફ જોયું.

રેબિસને સાદી ટોર્ચથી કેટલોક સમય સુધી તેની આંખો તપાસી, પછી તેને ગોગલ્સ પાછાં પહેરી લેવા જણાવ્યું. રવીન્દ્રએ ગોગલ્સ પાછાં પહેરી લીધાં અને પૂછ્યું : 'કેમ લાગે છે ડૉક્ટર ? ઑપરેશનની શકયતા છે?'

'પહેલાં મને એ કહો કે આવું કેમ કરતાં થયું હતું ?' રેબિસને પૂછ્યું. રવીન્દ્રએ પોતાને થયેલા અકસ્માત વિષે તથા પછીની સારવાર અને પેલા એક નિષ્ફળ ઑપરેશન વિષે એમને માહિતી આપી. તેની વાતમાં વપરાયેલા કેટલાક ટેકનિકલ શબ્દો પરથી રેબિસન ચમકયા. રવીન્દ્ર અટકયો કે તરત જ એમણે પૂછી નાખ્યું : 'તમે ડૉક્ટર છો ?'

'હા.'રવીન્દ્રએ કહ્યું અને પોતાનો મૂળ પ્રશ્ન એણે ફરીથી દોહરાવ્યો : 'ઑપરેશનની શકયતા છે ?'

'ચોકકસ છે જ. અને એની સફળતા માટેય મને જરા પણ શંકા નથી. તમે એમ કરો, કાલે સવારે સાડા દશ વાગ્યે હૉસ્પિટલ પર આવો. ત્યાં તમારી આંખોની સંપૂર્ણ તપાસ કરીશું અને પછી ઑપરેશનની તારીખ નકકી કરીશું. ને હા, તમે રહેવાની શી વ્યવસ્થા કરી છે ?'

'એ મારાં મહેમાન છે. હું કીંઝ કોર્નર પર **A/52**માં રહું છું.' એનીએ કહ્યું.

'તો તો ઠીક.' ને સ્પંદના તરફ ફરતાં રેબિસને કહ્યું : 'તમારા દેશની જેમ દર્દીની સાથે એક માણસને હૉસ્પિટલમાં રહેવા દેવાની અહીં છૂટ નથી. હા, દર્દી અમારી નાતના છે એટલે હું તમને ગમે ત્યારે મુલાકાતે આવવાનો સ્પેશ્યલ પાસ અપાવીશ.

'તમે મને સાથે રહેવાની મંજૂરી ન અપાવી શકો ? આ આંખનો મામલો છે એટલે- ' સ્પંદના કહેવા ગઈ.

'તો ડિયર, હું આંખોનો જ ડૉક્ટર છું ને! પણ જ્યારે તમે મારા પર ભલામણ લઈને આવ્યાં હો ત્યારે મારે તમારા પ્રત્યે કેટલીક છૂટ મૂકવી પડે. એટલે હું તમને ઑપરેશન પછીના ત્રણ દિવસ સુધી રોજના ત્રણ કલાક અને તે પછીના દિવસોમાં રોજના આઠ કલાક માટે દર્દીની પાસે આવવાની છૂટ અપાવી શકીશ. કડવો લાગું તો માફ કરજો પણ આંખનાં આવાં ઑપરેશન પછી દર્દી પર અમારે સતત દેખરેખ રાખવી પડતી હોય છે.'

'આપને જેમ ઠીક લાગે તેમ ડૉક્ટર.' તે બોલી.

'એમ જ હોવું જોઈએ. તમારે જરાય ચિંતા કરવાની જરૂર નથી. અહીં તેમની પૂરી કાળજી લેવાશે.'

બીજે દિવસે રવીન્દ્રની આંખોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી. ઑપરેશન કરવામાં બીજો તો કશો વાંધો ન હતો પણ બ્લડ-પ્રેશરની થોડી મુશ્કેલી ઊભી થઈ હતી. રવીન્દ્રનું બ્લડ-પ્રેશર થોડું ઊંચું હતું એને બરાબર કર્યા પછી જ ઑપરેશન કરવું સલાહભર્યું હતું.

પછી ડૉક્ટરોના કહ્યા પ્રમાણે દવાઓ અને ઈંજેક્શનો આવ્યાં. ત્રણ દિવસના એ કોર્સની દવાઓમાં જ પંચોતેર પાઉન્ડ એટલે લગભગ હજાર રૂપિયા તો ખર્ચાઈ ગયા. સ્પંદના મનમાં જ ખર્ચની ગણતરી કરી રહી. જો એની સાથે રહેવાને બદલે હૉટેલમાં રહેવાનું હોત તો એનું શું થયું હોત એ વિચારી એ ભગવાનનો આભાર માની રહી. હવે તેને એક વાતે સંતોષ થઈ ગયો હતો કે પૈસાને કારણે તેને તકલીફ પડવાની ન હતી. હા, એનીની આ સગવડનો બદલો રવીન્દ્રના સાજા થયા પછી કઈ રીતે વાળવો એ પણ એ વિચારતી જ હતી.

આ ત્રણ દિવસ દરમિયાન તેને રવીન્દ્ર પાસે રોજના ત્રણ જ કલાક જવા દેવામાં આવતી હતી એટલે એ એની અને માર્ગારેટ સાથે જ બાકીનો સમય વિતાવવો પડ્યો. એને બેયનો મળતાવડો સ્વભાવ પસંદ પડી ગયો હતો. એ બે જણીઓ તેને કોઈ કામ કરવા જ દેતી ન હતી. થાકીને સ્પંદનાએ એમને કહ્યું : 'જુઓ, તબિયતની તકલીફ જો કોઈને હોય તો એ રવીન્દ્રને છે. મારાથી થાય એવું કામ તો મને કરવા દો. હું કામ કરીશ તો જ મને અહીંના કામનો પરિચય થશે.'

'આપણા ત્રણ જણ જેટલું કામ આ ઘરમાં છે જ ક્યાં ? અત્યારે તો અમે જે કરીએ છીએ એ જોઈને તું શીખ, પછી તારે અનુકૂળ હોય એ કામ કરજે. રવીનનું ઑપરેશન પતી જાય પછી હુંય તને સામેથી કામ બતાવીશ. મને છોકરાંને હોમવર્ક આપવાની ટેવ ઈંડિયામાંથી પડેલી જ છે.' એનીએ હસીને કહ્યું.

ગમે તેમ ત્રણ દિવસ તો પસાર થઈ ગયા. રવીન્દ્રનું બ્લડ-પ્રેશર નોર્મલ થઈ ગયું હતું, એટલે આજે ઑપરેશન કરવાનું નકકી થયું હતું. ઑપરેશન માટે સાંજના ચાર વાગ્યાનો સમય નકકી થયો હતો. જેમ જેમ સમય નજીક આવતો જતો હતો તેમ તેમ સ્પંદનાની અધિરાઈ વધતી જતી હતી. જો કે સવારથી જ ડૉક્ટરોએ એને માટે નાનાં મોટાં કામ કાઢી જ રાખ્યાં હતાં. નાનાં મોટાં ફોર્મ ભરવામાં અને હૉસ્પિટલમાં આગોતરી ડીપૉઝીટ ભરવામાં એનો સારો એવો સમય પસાર થઈ ગયો.

બધી વિધિ પતાવી એ સ્હેજ નવરી પડી કે એનું મન હિસાબ કરી રહ્યું. એને લાગ્યું કે એનીની સાથે રહેવાની સગવડ મળ્યા છતાં નિશીથના પેલા એણે હક કરીને આપેલા પૈસા વાપરવા જ પડવાના હતા.

એને લંચ કરવાનું ખાસ મન ન હતું છતાં એની તથા માર્ગારેટને ના કહેવાની તેની હિંમત ન થઈ એટલે એ લંચમાં એમની સાથે જોડાઈ. હજુ તો બીજા લાંબા ત્રણ કલાક કાઢવાના હતા. એ ઉત્તેજના અને ગભરાટ વચ્ચે

એવી તો અટવાઈ ગઈ હતી કે એને થયું કે જો એની અને માર્ગારેટનો સાથ ન હોત તો એની શી વલે થઈ હોત આ અજાણ્યા માહોલમાં.

ને હજુ તો ત્રણ પણ વાગ્યા ન હતા ત્યાં એ તૈયાર થઈ ગઈ. એને તૈયાર થયેલી જોતાં માર્ગારેટ હસી પડી, પણ એનીએ તો કહ્યું : 'તું વહેલી જઈશ એટલે એ લોકો કાંઈ ઑપરેશન વહેલું નહીં કરે હોં.'

'તો પણ આપણે ઑપરેશન થતા પહેલાં ત્યાં પહોંચી તો જવું જ પડે ને!'

'તેનોય કશો અર્થ નથી. એ લોકો આપણને કાંઈ ઑપરેશન થિયેટરની અંદર પેસવા દેવાના નથી. છતાં આપણે ચાર વાગ્યે તો હૉસ્પિટલ પર પહોંચી જ જઈશું, બસ!'

'કેમ નહીં પેસવા દેતા હોય ?'

'અહીં એવો નિયમ છે એટલે.' એનીએ કહ્યું.

'તો હું ત્યાં સુધી શું કરું ?' ગૂંચવાતાં સ્પંદના બોલી.

'તું સ્હેજ વાર બેસ પછી આપણે બધાં બપોરની ચ્હા પીને પછી નીકળીએ. જેટલી તને ઉતાવળ તને છે એટલી અમને પણ છે.'

'તમે બેય આવો છો ?'

'હા, અમે તો કાલથી જ નકકી કરી રાખ્યું છે. અને સાંજના ખાવાની વ્યવસ્થા પણ કરી દીધી છે. સાંજે આપણે પાછાં આવતાં મોડું થવાનું છે એ નકકી છે.' માર્ગારેટે કહ્યું.

સ્પંદનાએ એક બાસ્કેટમાં ફ્રૂટ જોયાં ને પૂછ્યું : 'આટલાં બધાં ફ્રૂટ કેમ લઈ આવ્યાં ?'

'દર્દી માટે.' હસીને એનીએ કહ્યું.

'પણ એ લોકો કયાં આપવા દે છે ?'

'હૉસ્પિટલમાં નહીં પણ ઘેર તો આપવા દે છે ને!'

'ઘેર ?' સ્પંદના ગૂંચવાઈ રહી.

'એ તારે માટે છે. અહીં એવા વિચિત્ર કિસ્સા બનતા હોય છે. એક જણની પત્નીને બાળક આવવાનું હતું ને એના પતિને પેટમાં પીડા ઊપડી હતી. અમને તો તરો કેસ પણ એના જેવો જ લાગે છે, કેમ મેગી ?'

'એવાં છો તમે બેઉ!' કહેતાં પોતે જરાય ગભરાટમાં નથી એમ બતાવતાં સ્પંદનાએ એક એપલ ઉપાડ્યું અને સીધું જ મોંએ વળગાડ્યું. ભાગ્યે જ બે બચકાં ભર્યાં હશે ને એપલ હાથમાં પકડીને એ વિચારોમાં ખોવાઈ ગઈ.

'એની, તારી આ મીઠડીના દાંત દુખતા લાગે છે. એને જરા એપલ કાપીને આપ તો ખાઈ શકે.' મેગીએ હસતાં કહ્યું અને ચાના પ્યાલા ગોઠવવા માંડી.

બધાં હૉસ્પિટલે પહોંચ્યાં ત્યારે ખબર પડી કે ઑપરેશન સાડા ચાર વાગ્યે શરૂ થવાનું હતું. બધાં લોન્જમાં વાતો કરતાં બેઠાં. એમ કરતાં સાડા ચાર થયા છતાં કશી ચહલ પહલ જણાતી ન હતી. સ્પંદના મનમાં જ વિચારી રહી : આ તે કેવી હૉસ્પિટલ છે! સાડા ચાર વાગ્યે ઑપરેશન કરવાનું કહેતા હતા પણ હજુ તો કશી તૈયારી દેખાતી નથી. પણ એટલામાં જ ઑપરેશન થિયેટરનું બારણું ખૂલ્યું અને ડૉક્ટર રેબીસન બહાર આવ્યા ને સ્પંદનાને કહ્યું : 'કોન્ગ્રેચ્યુલેશન મિસીસ દેસાઈ, ઑપરેશન સફળ થયું છે. આનંદ કરો હવે.'

'તમારો કેટલો આભાર માનું,, ડૉક્ટર!' કહેતાં એની આંખોમાં પાણી આવી ગયાં.

'પણ ઑપરેશન તો સાડા ચાર વાગ્યે હતું એમ અમને કહેવામાં આવ્યું હતું!' ગૂંચવાતાં એની બોલી.

'એ તો મિસીસ દેસાઈ માટે કહેલું. ઑપરેશન તો બે વાગ્યાનું શરૂ થઈ ગયેલું પણ એ ચિંતામાં અટવાયા ન કરે એટલે એમ કહેલું. તમારે એ માટે મને માફ કરવું પડશે, મિસીસ દેસાઈ.'

'માફી તો ઊલટી મારે માગવી જોઈએ કે મારે કારણે તમારે આવી બનાવટ કરવી પડી.' સ્પંદનાએ કહ્યું.

'તો ડૉક્ટર, હવે તો હું મિસીસ દેસાઈને ફળફળાદી આપી શકું ને!' એનીએ હસતાં પૂછ્યું.

રેબીસન સ્હેજ વિચારમાં પડ્યા પછી એનીના પૂછવાનો અર્થ સમજાતાં હસી પડ્યા ને કહે : 'અરે ના, તમારે તો આજે એમની પાસે એક શાનદાર ડીનર લેવું જોઈએ. પણ એમને તો ઉપવાસ જ કરાવજો.'

'એને એવી પરેજી આપશો તો તમને ગળોથી ધરવી દેશે.'

'આમેય હું એમને બે દિવસ હૉસ્પિટલમાં પેસવા દેવાનો નથી એટલે એ મને ગાળો તો દેવાનાં જ છે, તો પછી થોડી વધારે.' રેબીસને હસતાં કહ્યું.

'ડીનરમાં એકલાં જવાય! જો એમની પાસે ડીનર લેવું જ હોય તો તમે પણ એમાં જોડાવ તો મજા આવે.' એનીએ સ્પંદનાના વતી આમંત્રણ આપી દીધું.

'ડીનર વગર ઓછું ચાલવાનું છે! પણ એક વખત ડૉક્ટર દેસાઈની આંખો બરાબર થઈ જાય પછી આપણે બધાં સથે જઈશું. ગમે તેમ ડૉક્ટર દેસાઈ વ્યવસાયની રીતે તો મારા જાતભાઈ છે એટલે મારેય એમને ડીનર આપવાનું જ છે ને!' હસતાં રેબીસને કહ્યું. એમના આવા મલકાટથી જ સ્પંદનાને રવીન્દ્રના ઑપરેશનની સફળતા માટે ખાતરી થઈ ગઈ.

અનુક્રમ

## ૧૯. લાગે છે તું મને ભૂલી ગઈ છું

ઑપરેશન સફળ થયાનું જાણ્યું ત્યારથી જ સ્પંદના એવા તો આનંદમાં આવી ગઈ હતી કે એક વખત તો એને એકાંતમાં જઈ આજ સુધીનાં બધાંય દુઃખોને એક સામટાં રોઈ નાખવાનું મન થઈ આવ્યું હતું. રેબીસનની વાતોથી તેને ઘણો સંતોષ થયો હતો તો તેમના કડક નિયમો  પ્રત્યે થોડો રોષ પણ જન્મ્યો હતો.

ઘેર પહોંચતાં જ એ સીધી બાથરૂમમાં પેઠી અને ખૂલ્લા મને રડી પડી. પેલું અટકચાળું મન એને ટોકયા સિવાય ન જ રહ્યું : 'રડવા જેવા  પ્રસંગે તું પથ્થર જેવી કઠણ બની જાય છે ને આવા આનંદના પ્રસંગે__?' પણ આજે તે એ મનને ગાંઠે તેમ ન હતી. તેણે રડવું હતું એટલું રડી જ લીધું. મોં ધોઈને તે બહાર આવી ત્યારે તેની આંખો તેના રુદનની ચાડી ખાઈ રહી હતી.

'વોય મા, તું તે કેવી પોચકણ સ્ત્રી છે! આવા આનંદના સમયે તે કાંઈ રડવાનું હોતું હશે!' તેને જોતાં જ માર્ગારેટ બોલી ઊઠી.

'હું કયાં રડું છું ?' સ્પંદનાએ હસવાનો ડોળ કરતાં કહ્યું.

'પેલા બારી પાસેના અરીસામાં તારું મોં જોઈ આવ એટલે ખબર પડશે કે તું હસ્યું છું કે રડું છું. પણ માર્ગારેટને ક્યાં ખબર હતી કે એ જેને પોચકણ કહી પાનો ચઢાવવા માગતી હતી એ એક વખત વિધાત્રીની સામેય મૂકકી ઉગામીને ઊભી રહી ગઈ હતી. એનાં આજનાં આંસુ એ તો પેલી ક્રોધ, નફરત અને દ્વેષની દાબાવી રાખેલી લાગણીઓને વહાવી દેવા માટેનાં આંસુ હતાં. રવીન્દ્રને આંખો પાછી મળી હતી પછી એવી ગંદી લાગણીઓને મનમાં સંઘરી રાખી શકાય ખરી ?

તે બધાંને માફ કરી દેવા માગતી હતી. જેમણે તેને દુભવી હતી, જેમણે અણીને સમયે તેનાથી મોં ફેરવી લીધું હતું અને જેમણે તેની લાચારીનો લાભ લઈ દુષિત કરી હતી એ સૌને તે આજે માફ કરી રહી હતી. હવે એ હતી, એનો રવીન્દ્ર હતો અને એની સામે આખું જીવન હતું. આસુની આ પતીત પાવનીમાં એ બધા દ્વેષ અને નફરતને એ ઝબકોળી આવી હતી.

'મારે ખાવું છે; મારે ખૂબ ખાવું છે. મને એવી તો ભૂખ લાગી છે કે__' કહેતાં એણે એક એપલ ઉપાડ્યું અને તેનાં ઉપરા ઉપરી બચકાં ભરવા લાગી.

'એની, તું જરા અહીં આવજે. તારી આ વહાલીની ભૂખ ઉઘડી લાગે છે. તું વહેલી આવ નહીં તો એવીએ આજે મનેય ખાઈ જશે.' માર્ગારેટ હસતાં બોલી ઊઠી.

એની હરખાતી બહાર આવી એટલે બધાં ડાયનિંગ ટેબલ સામે ગોઠવાયાં. એનીને લાગ્યું કે આજે સ્પંદનાને ખાવા માટે આગ્રહ કરવો પડે તેમ ન હતો : 'તુંય કેવી કાળજી રાખે છે! ડૉક્ટરે એને આજે ઉપવાસ કરાવવાનું નહોતું કહ્યું ?'

'તમારો ઉપવાસ જાય જાહાનમમાં. હું શા માટે ઉપવાસ કરું?' કહેતી તે રસોડામાં ગઈ અને પોતાને ભાવતાં સોસ અને અથાણાની બોટલો લઈ આવી.

'એટલું સારું છે કે આજે નડે એવું કશું ખાવાનું તૈયાર નથી નહીં તો એવીએ વધારે ખાઈને આજે માંદી જ પડત.' માર્ગારેટ સ્પંદનાથી ખાનગીમાં એનીને કહેતી હોય એમ પણ ઊંચેથી જ બોલી.

'માંદી પડે તો વાંધો નહીં. એને રવીન્દ્રની બાજુમાં જ બેડ અપાવી દઈશું પણ મને લાગે છે કે એ કદાચ ગાંડી ન થઈ જાય!'

'જો રવીનની સાથે બેડ અપાવવાની હો તો એ જાણીનેય માંદી પડી જશે.' મેગીએ પાછી મજાક કરી.

સ્પંદના કાંઈ ન બોલી પણ એની આંખો હસી રહી હતી. એનો આ મૂંગો મલકાટ ઉપરછલો ન હતો. રડી લીધા પછી એનું મન એવું તો હળવું ફૂલ થઈ ગયું હતું કે ખુદ સ્પંદનાને પણ એ વાતનું આશ્ચર્ય થઈ રહ્યું હતું ને.

ગમે તેમ પણ એ પછી એના રોજિંદા મૂડમાં પણ ફેર વર્તાયા સિવાય રહેતો ન હતો. અઠવાડિયા પછી રેબીસને કહ્યું : 'આજે પાટો બદલતાં અમે મિ. દેસાઈની આંખો ફરીથી તપાસી હતી અને અમને સંતોષ થયો છે કે એની આંખો બરાબર થઈ જશે એટલું જ નહીં પણ તેમાં જરા પણ ખામી નહીં રહે.' આ સાંભળી સ્પંદનાના આનંદનો પાર ન રહ્યો.

ઘેર પહોંચીને તરત એણે ફળના કરંડિયા પર તરાપ મારી. માર્ગારેટ બોલી ઊઠી : 'આ છોકરીની ભૂખ ઉઘડવાનો બીજો તબક્કો આજે શરૂ થયો હોય એમ લાગે છે.'

એક દિવસ ડૉક્ટર રેબીસને રવીન્દ્રને કહ્યું : 'આજે ડૉ. ભટ્ટાચાર્યનો મારા પર પત્ર છે. એમણે તમારાં ઘણાં વખાણ કર્યાં છે. તમારી આંખોનું ઑપરેશન સફળ થયું જાણી એ ઘણા ખુશ થયા છે. મને લાગે છે કે સજા

થયા પછી તમે અહીં કામ કરવાની ઈચ્છા રાખતા હો તો તમારે માટે ભલામણ કરતાં મને જરૂર આનંદ થશે. ને અહીંથી એકાદ સ્પેશિયાલિટી લઈને જશો તો ઈંડિયામાં પણ સારું કામ કરી શકશો.'

'તમારો એ માટે આભાર, પણ તમને હું કોઈ જવાબ આપું તે પહેલાં મારે મારી પત્નીને પૂછવું જોઈએ.' રવીન્દ્રએ કહ્યું.

રેબીસન જરા મલકાયા : 'મારે કબૂલ કરવું જોઈએ કે તેમણે ઘણી હિંમત દાખવી છે. મને ડૉ. ભટ્ટાચાર્યના પત્રથી ખબર પડી છે કે એમણે તમારો ફ્લેટ અને ઘરવખરી સુધ્ધાં વેચીને ઑપરેશન માટે અહીં આવવાના પૈસા ઊભા કર્યા છે. એટલે જ હું તમને ખાસ કહું છું કે તમે અહીં બેપાંચ વરસ કાઢી નાખો અને એમને લહેર કરાવો ને સાથે એક સારી સ્પેશિયાલિટી પણ લઈ લો.'

'હજુ મારી આંખો તો બરાબર થવા દો.'

'તમારી આંખો તો ગયે વખતે પાટો બદલતી વખતે થોડા ટેસ્ટ કર્યા હતા ત્યારે જ મેં કહ્યું હતું કે એ બરાબર થઈ જ ગઈ છે. હા, હજુ તમારે થોડો વખત પાટામાં રહેવું પડશે એટલું જ. આવા કિસ્સામાં અમે સામાન્ય રીતે દર્દીને પંદર જ દિવસમાં રજા આપી દેતા હોઈએ છીએ પણ તમને અમે એક મહિના પહેલાં રજા આપવાના નથી, કારણ કે તમે મારા મિત્રની ભલામણ લઈને આવ્યા છો અને પાછા અમારા વ્યવસાયભાઈ છો.'

એ સાંજે સ્પંદનાએ જ્યારે આ વાત જાણી ત્યારે આનંદની મારી એ તો ઉછળી જ પડી : 'એમાં મને શું પૂછવાનું હતું ? અહીં રહીશું તો દેવામાંથી વહેલાં છૂટીશું. ને તમે કોઈ સ્પેશિયાલિટી લઈ લો તો દેશમાંય સારું જ ને!'

'ભલે એમ કરીશું. હજુ તો આડે દોઢ મહિનો બાકી છે. પણ એક વાત કહું! તું હમણાંની મને ભૂલી ગઈ હોય એમ લાગે છે.'

તેના આવા મજાક કરવાના સ્વભાવથી પરિચિત એવી સ્પંદના તેના હળવા મૂડને સમજી ગઈ. એણે પૂછ્યું : 'તને એવું કેમ લાગ્યું ?'

'મને રોજ તું જાય છે ને તારી યાદ સતાવ્યા કરે છે. કદીક તો થાય છે કે તું એની અને માર્ગારેટની માયામાં મને ભૂલી ગઈ છો. ક્યારેક તો કોઈ સારી નર્સ સાથે કશુંક ગોઠવી કાઢવાનું પણ મન થઈ આવે છે.'

'એવો લુચ્ચો છે તું! પણ અહીં કોણ તારી સાથે ગોઠવવા નવરું હોય!'

'તું ભૂલે છે. અહીં ચોવીસ કલાકમાં ત્રણ ત્રણ તો નર્સો બદલાય છે. અને તેં સાંભળ્યું તો હશે જ કે નર્સો ડૉક્ટરની વાતોમાં જલ્દી આવી જતી હોય છે.'

'તો વાટ કોની જુએ છે ? ગોઠવી જ કાઢ ને. હમણાં એક નર્સ આવે એટલે એની સામે ઘૂંટણીએ પડીને છાતી પર હાથ ટેકવીને કહેવા માંડજે : તું સુંદર છે, કુંવારી છે, બે છોકરાંની મા- ભૂલી, તારો પરણવાનો યોગ આવી ગયો છે અને તારા નસીબમાં બે છોકરાં છે. ને આવું બધું તો તને આવડે જ છે ને!'

'ચાલો, તમારી સલાહ આજે જ અમલમાં મૂકીશ પણ પછી આપ સાહેબ નારાજ તો નહીં થાવ ને ?'

'પેલી સેન્ડલ કાઢીને ફરી વળશે એટલે નારાજ તો તું થશે, હું શા માટે નારાજ થાઉં ?'

'કદાચ મારું ગોઠવાઈ જાય અને તું સાવ ભૂલી રહી જાય એટલે સ્તો.'

'પણ મને હજુ એવી બરાબરની ભૂખ લાગી નથી.' સ્પંદનાએ કહ્યું. તે મજાક કરતાંય સાવ જૂઠ્ઠું તો ન જ બોલી શકી.

'એનો એ અર્થ થાય કે થોડી થોડી તો લાગી જ છે.'

'લોકો કહે છે કે ઉપવાસથી શરીર નરવું રહે છે.'

'પણ એમ કરવાથી મન બગડી બેસે છે એ એ લોકો કહેતા નથી. ભલા, મન બગાડીને શરીર સુધારવાનો શો અર્થ ? ક્યારેક નાસ્તા જેવું કશુંક- '

'જો તું આવું જ ગાંડું ઘેલું બોલ્યા કરવાનો હો તો હું ડૉક્ટરને ફરિયાદ કરું કે તારી સેવામાં કોઈ નર્સને ન મૂકે.'

'મને લાગે છે કે હું સાજો થાઉં તે પહેલાં તું જમાદાર તો થઈ જ ગઈ હશે.'

'મને લાગે છે કે કાલથી મારે અહીં આવવાનું જ બંધ કરવું પડશે.'

'એનો વાંધો નહીં પણ બે દિવસ પછી બંધ કરજે.'

'કેમ ?'

'ત્યાં સુધીમાં હું કોઈ નર્સ સાથે ગેડ પાડી લઉં, પછી વાંધો નહીં.'

'તું દિવસે દિવસે બગડતો જાય છે હોં.' કહેતાં તેણે રવીન્દ્રનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને પંપાળવા લાગી. ને થોડી જ વારમાં રવીન્દ્ર ઊંઘી ગયો. થોડી વાર પછી નર્સ આવી ત્યારે પણ સ્પંદના એમ જ બેઠેલી હતી. નર્સને જોતાં જ સ્પંદના મલકાઈ રહી. એની ઉંમર પીસ્તાળીસ વર્ષ કરતાં ઓછી લાગતી ન હતી. દેખાવે પણ તે ઈર્ષા ઉપજાવે તેવી ન હતી.

'આજે તમે ઘણાં જ ખુશ જણાવ છો, મિસીસ દેસાઈ!' નર્સે તેને મલકાતી જોઈ કહ્યું.

'હું તો હંમેશાં ખુશ જ હોઉં છું.'

'તોય આજે તો તમે રોજના કરતાંય વધુ ખુશ જાણાવ છો.' તેણે કહ્યું.

'રવીન્દ્રની આંખો બરાબર થઈ જાય પછી એકાદ વર્ષ અમે અહીં રહી જવાનું વિચારતાં હતાં.'

'હા, ડૉક્ટર રેબીસન પણ કહેતા હતા કે ડૉ. દેસાઈ માટે કામ તૈયાર જ છે. તો પછી રહી જ જાવ, અમને તમારી કંપની ગમશે.' નર્સ બોલી અને ભાવિનાં સ્વપ્નાં જોતી સ્પંદના મુસ્કુરાઈ રહી.

અનુક્રમ

# ૨૦. શંકાશીલ પતિ

રવીન્દ્રને હૉસ્પિટલમાંથી તો છૂટ્ટી મળી ગઈ હતી પણ એને હજુ એક મહિના સુધી આંખો પર પટ્ટી સાથે આરામ કરવાનો હતો. રવીન્દ્રના ઘેર આવ્યા પછી સ્પંદનાનો સમય કોણ જાણે કેવી રીતે પસાર થઈ જતો હતો તે જ એને પોતાનેય સમજાતું ન હતું. હૉસ્પિટલમાં આવવાનો રેબીસને તેના પર જે બંધન મૂક્યું હતું તેનો બદલો તે અત્યારે રોજના ચોવીસ કલાકમાંથી વીસ કલાક તેની સમીપ રહીને લઈ લેતી હતી. એની તથા માર્ગારેટ આ જોઈને મનમાં જ મલકાઈ રહેતી હતી.

રવીન્દ્રએ બે વર્ષના કોન્ટ્રાક્ટ પર ઈંગ્લેન્ડમાં રહી જવાનો વિચાર કર્યો હતો. તેનો આ વિચાર

જાણતાંની સાથે જ એની બોલી ઊઠી હતી : 'તારે બે વર્ષ રહેવું હોય કે બાર વર્ષ પણ અમારી સાથે જ રહેવાનું છે. તમારે જુદું મકાન લઈને અલગ રહેવા જવાનું નથી.'

'અત્યાર સુધી તમે અમને પોતાનાં ગણીને જે પ્રેમ અને સાથ આપ્યાં છે એ માટે તમારો બેયનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે, પણ હું પગભર થાઉં એ પછીય અમે તમને અગવડમાં મૂકયા કરીએ એ બરાબર નહીં.' રવીન્દ્રએ બચાવ કરતાં કહ્યું.

'તું અમારી અગવડની ચિંતા ન કરતો. ને ઘર તો એટલું મોટું છે કે બેત્રણ છોકરાં વધી જાય તોય નાનું પડવાનું નથી. ને વખત છે ને નાનું પડશે તો અમે બેય લીવિંગરૂમમાં પડી રહીશું. તારે જુદું મકાન લેવાનું નથી એ સો વાતની એક વાત.' એનીએ ફાયનલ હુકમ આપી દીધો.

'ચાલો ત્યારે એમ રાખો સ્પંદનાને દેશમાં સાસુની ખોટ હતી તેને બદલે અહીં લંડનમાં તમે બે થઈને પૂરી કરજો,' હસીને રવીન્દ્રએ કહ્યું ને એ વાત ત્યાં જ પૂરી થઈ.

એક દિવસ માર્ગારેટ કહે : 'રવીન આજે તો તારે મારો હાથ જોઈ આપવો જ પડશે.' ને રવીન્દ્ર ચમકયો. તેને વાત કેમ ફૂટી એના કરતાં આજ સુધી કેમ ના ફૂટી એનું આશ્ચર્ય વધારે હતું.

'પણ મારી આંખો પર તો આ પાટો બાંધેલો છે પછી હું કેવી રીતે તમારો હાથ જોઈ આપવાનો હતો ?' રવીન્દ્રએ છટકબારી શોધી.

'તેં પ્લેનમાં એનીનો હાથ જોયો હતો ને!'

'હં, તો એ માડી ફૂટી છે એમ ને! ઠીક લાવો તમારો ડાબો હાથ.'

માર્ગારેટે પોતાનો હાથ રવીન્દ્રના હાથમાં મૂકયો અને બાકીનાં બેય જણ પણ રવીન્દ્ર શું કહે છે એ જાણવા તાકી રહ્યાં. રવીન્દ્ર કહે : 'જુઓ આ સ્પર્શની ભાષા છે ને હું જનમથી કાંઈ અંધ નથી. છતાં ત્રણચાર મહિનાના આ ટેમ્પરરી અંધાપાથી જે થોડું શીખ્યો છું એના પર બહુ વિશ્વાસ કરાય નહીં. એના કરતાં પંદર દિવસ પછી મારી આંખો પરથી આ પાટો દૂર થાય પછી તમારો હાથ જોઉં તો વધારે સારું. છતાં જ્યારે તમે પૂછી જ બેઠાં છો ત્યારે તમને વિશ્વાસ પડે એવી એકબે વાતો હું જરૂર કહીશ.' તે સ્હેજ અટકયો, પછી કહે : 'આન્ટી, તમને ખોટું તો નહીં લાગે ને!'

'ખોટું લાગે, ને તેય તે તારા પર ? તારે જે કહેવું હોય એ કહે.'

'એવી જ વાત છે એટલે પૂછવું પડ્યું. તમારો લગ્નયોગ આજથી લગભગ વીસ વરસ પહેલાં વીતી ચૂકયો છે. એક તરફ મને ખબર છે કે તમે કુંવારાં છો જ્યારે બીજી તરફ તમારા હાથની રેખાઓ કહે છે કે તમારો લગ્નયોગ વીતી ચૂકયો છે એટલું જ નહીં પણ એ સફળ પણ થયો છે.' રવીન્દ્રએ કહ્યું.

મિસ માર્ગારેટની આંખને ખૂણે આંસુ આવીને અટકી ગયાં. તેણે કહ્યું : 'તારી વાત સાચી છે. અમે લગ્ન નોંધાવીએ તે પહેલાં જ એને મોરચે જવાનું થયું અને —'

એને રડતી જોઈ એનીય ગંભીર થઈ ગઈ. 'મને ખબર છે. અમે કેટલાય દિવસ લશ્કરી કચેરીના ધકકા ખાધા હતા. પછી એક દિવસ એમના મોતના સમાચાર આવ્યા. બસ, ત્યારથી એના જીવનમાં બીજો કોઈ નથી આવ્યો.'

'પણ તમે રડવાનું બંધ કરો તો તમને એક હસવા જેવી વાત પણ કહું. જુઓ ખોટું ન લગાડતાં.'

'તો ભાઈ, તારી હસવા જેવી વાત કરી દે, નહીં તો એ આપણાં બધાંનું ડીનર બગાડશે.' એનીએ કહ્યું.

'આન્ટી પૂછે તો કહું ને!'

'કહે.'

'એમ કરો ને પંદર દિવસ પછી રાખો ને. કાચ વડે રેખાઓ બરાબર તપાસીને કહીશ. પણ વાત છે મજાની એ.'

'મજાની હોય તો કહી જ નાખ. પાટો છોડ્યા પછી ચોકસાઈ કરી લેજે.' એનીએ કહ્યું.

'આન્ટી શું કહે છે ?'

'તારે જે કહેવું હોય એ કહી જ નાખ એટલે ખાવા ઊઠીએ.' છેવટે માર્ગારેટે કહ્યું.

'તો સાંભળો, આન્ટી છ મહિનામાં સાચેસાચ પરણશે અને એથીય મજાની એક વાત છે; સ્પંદના તારો હાથ લાવ તો.' સ્પંદના તરફ ફરતાં તેણે કહ્યું. મેગી તો તેની આવી વાતથી તમતમી ગઈ હતી. સ્પંદના કે એનીને રવીન્દ્રની વાતમાં કશી સમજણ પડતી ન હતી. એનીને તો રવીન્દ્રનો પરચો થઈ ગયેલો હતો છતાં એની આ વાત તે માની શકતી ન હતી. રવીન્દ્રએ સ્પંદનાના હાથ પર આંગળીઓ ફેરવી પછી કહ્યું : 'એ વાત મજાની છે જ પણ એ તો હું તમને મારી આંખો પરનો આ પાટો ખૂલે એ પછી જ કહીશ.'

'એઈ, શરૂ કર્યું છે એ પૂરું કર નહીં તો માનજે કે આજે ભૂખ્યો જ રહી ગયો. હું મેગીની આંખ ઉપરથી કહું છું.' એનીએ રવીન્દ્રને ટપાર્યો.

'તો કહી જ નાખું. આન્ટીને એક સંતાનનો પણ યોગ છે અને ત્રીજી મજાની વાત એ છે કે એ પણ અમારે ત્યાં સંતાન થાય તે પહેલાં.'

'એવું કદી બની જ ન શકે. તારું શાસ્ત્ર સાચું હશે પણ આજે મેગીનો હાથ જોવામાં તેં જરૂર ભૂલ કરી છે.' એનીએ કહ્યું.

'તારી એક વાત સાચી પડી એ પણ અડસટ્ટે જ પડી હોય તેમ મને લાગે છે. તારી આ બેય વાતો ખોટી પડવાની છે એમ હું તને વિશ્વાસથી કહી શકું એમ છું.' મેગીએ કહ્યું.

રવીન્દ્ર મલકાઈ રહ્યો હતો. એણે મેગીનો હાથ ફરીથી હાથમાં લીધો. મેગીએ એને ખોટું ન લગાડવા માટે થઈને જ હાથ ખેંચી ન લીધો. પણ હવે તેને રવીન્દ્રની વાતમાં રસ કે વિશ્વાસ રહ્યાં ન હતાં. પણ રવીન્દ્રએ મેગીના હાથની રેખાઓનો કાળજીથી અભ્યાસ કર્યા પછી કહ્યું : 'જુઓ, મેં તમને લગ્ન અને બાળકની જે વાતો કરી તેમાં હું ખોટો પડું તો તમે કહો એ હારી જવા તૈયાર છું. એક વખત મારો આ પાટો ખુલવા દો પછી હું તમને આનાથીય ઘણું વધારે કહી શકીશ. વિશ્વાસ કરજો, હું ડૉક્ટર તો ફક્ત ત્રણ જ વરસથી થયો છું પણ જોષી તો હું જનમથી છું.'

'તેં ભાંગ પીધી છે. તારી કોઈ વાતમાં મને વિશ્વાસ નથી.' મેગીએ ગુસ્સાથી કહ્યું.

'આન્ટી, મારા પિતા મોટા જ્યોતિષાચાર્ય હતા. હું આઠ વરસનો હતો ત્યારથી એમના હાથ નીચે પામીસ્ટ્રી શીખ્યો છું. શીરોની પામીસ્ટ્રીમાંથી આ બધું નથી તારવ્યું હોં.' મેગી તેની વાત કેમની માને! વીસ વીસ વરસ જેની યાદમાં એકલી ઝૂરીને કાઢ્યાં હોય એવી એક સ્ત્રી હવે કોઈ બીજા સાથે પરણવા નીકળે તો એ કેવું કહેવાય!

બધાં વિચારમાં પડી ગયાં હતાં. કોઈ કાંઈ બોલતું ન હતું. થોડી વાર પછી બધાં જમવા બેઠાં. રવીન્દ્રએ વાત જ એવી વિચિત્ર કરી હતી કે જમવામાં કોઈને રસ રહ્યો ન હતો. રવીન્દ્ર પોતે છાતી ઠોકીને વાત કરતો હતો છતાં કોઈ તેની વાત માનતાં ન હતાં માટે અને બીજાં બધાંને રવીન્દ્રની આ વાત ગળે ઊતરતી ન હતી એટલે.

અને સ્પંદના તો બેવડી ઉદાસ હતી. આજે સવારમાં જ દેશમાંથી નિશીથનો કાગળ આવ્યો હતો એમાં લખેલી વિગતોથી.

રોજ તો જમી રહ્યા પછી ડાયનિંગ ટેબલ પર જ બધાં અડધો પોણો કલાક ગપ્પાં મારતાં બેસી રહેતાં પણ આજે કોઈને જાણે કોઈ વાત કરવાનો જ મૂડ ન હતો. ખાઈને તરત જ બધાં ઊઠી ગયાં. રવીન્દ્ર પણ પોતાની પથારીમાં જઈ પડ્યો. થોડી વાર પછી સ્પંદના પણ કામથી પરવારી ત્યાં આવી પહોંચી. તે પણ રોજના મૂડમાં ક્યાં હતી! એણેય બેચાર મીઠી વાતો કરી ઊંઘવા કર્યું પણ રવીન્દ્રએ એને પકડીને પાછી બેસાડી દેતાં પૂછ્યું : 'તું આજે ઉદાસ કેમ જણાય છે ? કશું થયું છે ?

'તને એવું કેમ લાગ્યું એ જ મને નથી સમજાતું. હા, તારી વાતથી બીજાં ઉદાસ જરૂર છે.'

'હું તારી વાત કરું છું. તું ઉદાસ થઈ જાય તો મારું તો જીવવું હરામ થઈ જાય.'રવીન્દ્રએ કહ્યું.

'એવું કશું છે નહીં, ફક્ત તને એમ લાગે છે.'

'મને જ્યારે એમ લાગે ત્યારે એ સાચું જ હોય છે. દેશમાંથી કોઈ કાગળ તો નથી આવ્યો ને!'

'ના, પણ તું આજે કેમ પાછળ પડ્યો છે ? હું કહું છું કે હું ઉદાસ નથી, ફક્ત થાકેલી છું.' સ્પંદનાના અવાજમાંની ચીઢ રવીન્દ્રથી છાની રહે ખરી!

કોઈ દિવસ નહીં ને આજે સ્પંદનાનો અવાજ આવો ચીઢભર્યો કેમ? એ વિચારી રહ્યો. એની ચીઢ પાછળ એવું તે કયું રહસ્ય હતું કે જે આજે પોતાનાથી છુપાવતી હતી ? મિસ માર્ગારેટે આજે સવારમાં જ વાત વાતમાં રવીન્દ્રને કહ્યું હતું કે દેશમાંથી એક કાગળ આવ્યા પછી સ્પંદના ઉદાસ થઈ ગઈ હતી, જ્યારે સ્પંદના કહેતી હતી કે દેશમાંથી કોઈ કાગળ આવ્યો નથી. જો કોઈ કાગળ આવ્યો હોય તો એને પોતાનાથી છુપાવવાનું કારણ શું ? રવીન્દ્રને તેનું આ વર્તન ન સમજાયું એટલે જ એના મનમાં શંકા પેદા થઈ. ગમે તેમ હોય પણ તે પોતાનાથી કશુંક છુપાવતી હતી અને તેના સ્વભાવથી વિરુધ્ધ એ ચીઢાતી પણ હતી. રવીન્દ્રનું મન અજંપાની આગમાં બળી રહ્યું.

એણે શાંત ચિત્તે વિચારવા પ્રયત્ન કર્યો. બારણું બંધ કરી તે પથારીમાં આડો પડ્યો. તેને એક પણ એવો પ્રસંગ યાદ આવતો ન હતો કે જ્યારે સ્પંદનાએ એનાથી કાંઈ છુપાવ્યું હોય. આર્થિક વ્યવસ્થાને લગતો કોઈ પત્ર હોય તો તે પણ હવે પોતાનાથી છુપાવવાનું એને કારણ ન હતું. હવે એમનું જે કંઈ દેવું હશે એ બહુ બહુ તો બેચાર મહિનામાં ચૂકવી દેવાય એવી નોકરી હાથવેંતમાં હતી.

બીજે દિવસે સવારની વેળામાં મિસ માર્ગારેટ તેના રૂમમાં આવી. તેણે કહ્યું : 'હું હેર ડ્રેસર પાસે જાઉં છું. તારે કશું જોઈતું હોય તો તને આપતી જાઉં. એની અને સ્પંદના આમ તો ગ્રોસરી લેવા ગયાં છે પણ નવરાશના સમયે ગયાં છે અને ગ્રોસરી સ્ટોરની માલિકણ એનીની દોસ્ત છે એટલે એ લોકો ભાગ્યેજ ચાર વાગ્યા પહેલાં પાછાં આવે.'

'મારે કશું જોઈતું નથી. મને લાગે છે કે હું ઊંઘી લઉં, ઘણા વખતથી બપોરે ઊંઘવાનું મળ્યું નથી.' રવીન્દ્રએ કહ્યું.

'તો હું જાઉં છું.' કહેતાં મેગી ગઈ.

રવીન્દ્રએ આડા પડવા વિચાર કર્યો પણ અચાનક જ એક ગાંડો વિચાર એના મનમાં આવી ગયો : મનમાં ને મનમાં બળવા કરતાં જાતે જ ખાતરી કરી લે ને! હવે તો તારી આંખો સારી થઈ ગઈ છે. તેનું મન અત્યારે સારાસારનો વિચાર કરી શકે એટલું સ્વસ્થ ન હતું. તેણે પોતાના રૂમમાંથી બહાર આવી મુખ્ય બારણું

અંદરથી લોક કરી દીધું. પછી પોતાના રૂમમાં આવી તેણે બારી પરના પરદા બંધ કરી દીધા અને આંખ પરનો પાટો ખોલી નાખ્યો.

શરૂની ઝાંખપ દૂર થતાં ત્રણેક મિનિટ લાગી પછી એણે ઓરડામાંની બધી વ્યવસ્થા જોઈ લીધી. એક ખૂણામાં એમની સ્યૂટકેસ પડી હતી. તેણે એ ખોલી તો છેક તળિયે એને નિશીથનો પત્ર મળ્યો. ટપાલ પરનો શિક્કો જોઈ તેને ખાતરી થઈ કઈ મેગીએ જે પત્ર ગઈકાલે આવ્યાની વાત કરી હતી તે જ તે હતો. ઉપર સ્પંદનાનું નામ લખેલું હતું એટલે પોતે એ પત્ર વાંચવો કે નહીં તેની વિમાસણમાંથી બહાર આવે તે પહેલાં તો પેલા શંકાશીલ મને હાથને હાથો બનાવી પત્ર બહાર કાઢ્યો અને તાજી જ જન્મેલી પેલી આંખોએ પેલા કાગળનો તાગ મેળવવા માંડ્યો. પત્ર ટૂંકો જ હતો :

પ્રિય સ્પંદના,

આજે ડૉક્ટર ભટ્ટાચાર્ય પાસેથી તારું સરનામું મળ્યું એટલે આજે જ તને પત્ર લખું છું. મને તો તું પત્ર શાની લખે! મારે એવી આશાય શા માટે રાખવી જોઈએ ?

ડૉક્ટરની આંખો બરાબર થઈ ગઈ છે એ જાણી આનંદ થયો. તારી મહેનત લેખે લાગી. તારા જેવી પત્ની મેળવવા એ ભાગ્યશાળી પણ ખરા ને!

વૃંદા સાથે મેં સંબંધ કાપી નાખ્યો છે. તું તો તારા મનમાં એવી આશા લઈને લંડન ગઈ હોઈશ કે લાંબે ગાળે અમે બેય પરણી જઈશું. પણ એ શક્ય જ ન હતું. હું તેની સાથે તારા અને ડૉક્ટરના સંતોષ ખાતર સંબંધ રાખી રહ્યો હતો. એ આપણા સંબંધને વહેમની નજરે જોતી હતી. મને થયું કે કોઈક દિવસ એનો એ વહેમ તમારા જીવનમાં પણ હોળી સળગાવશે.

જો તમારે પરદેશ જવાનું ન થયું હોત તોય હું તેની સાથે પરણત તો નહીં જ પણ તમારા સંતોષ ખાતર એની સાથે મિત્રતા જેવો વહેવાર રાખ્યા કરત. પણ મને તેના સ્વભાવનો જે પરિચય થયો એનાથી મારે એની સાથેનો સંબંધ સાવ કાપી નાખવો પડ્યો છે. હા, હું એમની ફેક્ટરીમાં કામ તો હજુય કરું જ છું.

હવે પછી મને પરાણે પરણાવવા કોઈ પ્રયત્ન ન કરીશ.

છેલ્લે એક ઠપકો.

ડૉક્ટરની આંખોના ઑપરેશન માટેના પૈસા ભેગા કરવા માટે તેં જે ભોગ આપ્યો એનું છેવટ નહોતું જાણવું તોય જાણવું પડ્યું. સારું થયું કે એ વખતે તું પરદેશમાં હતી નહીં તો— હું પોતે પણ નથી કલ્પી શકતો કે મેં શું કર્યું હોત.

મનનું માનવીય જ્યારે આપણને ન ઓળખે ત્યારે જે દુખ થાય એ કોને કહેવું ? મારું ઘર વેચીને મેં તને ત્રણ હજાર રૂપિયા આપ્યા હતા. અરે તારે વધારેની જરૂર હતી તો મને કહેવું હતું ને, હું પંડે વેચાઈનેય તને જોગવાઈ કરી આપત. પણ મારોય તને વિશ્વાસ નહીં ત્યારે ને!

ભગવાનને પ્રાર્થના કરું છું કે ડૉક્ટર પોતાની નવી આંખોની સાચી કિંમત સમજે, અને મને ખાતરી છે કે એ જરૂર સમજશે. એટલા સમજુ તો એ છે જ. તમે બન્ને સુખી થાવ એવી ભગવાનને પ્રાર્થના કરું છું.

-નિશીથ

રવીન્દ્રને અડધું સમજાયું, અડધું ન સમજાયું, પણ એનો વહેમ એ કારણે પાકો થઈ ગયો કે સ્પંદના આ પત્રની વાત છુપાવતી હતી એટલે જ એમાં કશું અઘટિત હતું જ. સ્પંદના પત્રની વાત છુપાવતી હતી ને વૃંદા નિશીથ અને સ્પંદનાના સંબંધને વહેમની નજરે જોતી હતી ને નિશીથ અમારું લગ્નજીવન જોખમાય એની બીક

રાખી રહ્યો હતો. આ બધાની પાછળ ચોકક્સ કોઈ સંબંધ હતો જ. ને સ્પંદના, નિશીથ અને વૃંદા તો કૉલેજમાંય સાથે ભણેલાં હતાં. ધુમાડો નીકળતો હતો ક્યાંક આગ હોય પણ ખરી!

તેણે કાગળ બેત્રણ વખત વાંચ્યો, પછીથી સૂટકેસમાં પાછો હતો તેમ કાળજીથી મૂકી દીધો. સૂટકેસ બંધ કરી તેણે આંખો પર પાટો પાછો બાંધી દીધો. પત્ર પરથી તેનો એક વહેમ તો જન્મ્યો જ કે સ્પંદના અને નિશીથ વચ્ચે ક્યારેક પ્રેમ હતો જ. સ્પંદનાએ એ વાત રવીન્દ્રથી આજ સુધી છુપાવી હતી અને પોતાની ભલમનસાઈનો લાભ લઈ બેય કાયમ મળતાં રહ્યાં હતાં. એ મનમાં ને મનમાં દુઃખી થઈ રહ્યો.

નિશીથ આમ તો બહુ ભલો માણસ લાગતો હતો. પત્રમાં તેણે જે કાંઈ લખ્યું હતું એમાંથી એના નિષ્ઠાની જ વાત સ્પષ્ટ થતી હતી. સ્પંદનાના જીવનમાં આગ ન ચંપાય માટે તે વૃંદા સાથેનો સંબંધ છોડી દેતો હતો. આંખના ઑપરેશન માટે તેણે ચાર હજાર રૂપિયા આપ્યા હતા અને વધારેની જરૂર હોય તો પોતે પંડે વેચાઈને પણ જોગવાઈ કરી આપવાની કહેતો હતો, તો આનો શો અર્થ સમજવો ? સ્પંદના અને મારા પર અહેસાન ચઢાવી તેનો અઘટિત લાભ ઉઠાવવાનો! તે વિચારી રહ્યો.

સ્પંદનાએ શું પોતાને છેતર્યો હતો ? તેણે લગ્ન પછીય નિશીથ સાથેનો પ્રેમસંબંધ ચાલુ રાખ્યો હતો ? તેણે આમ શા માટે કર્યું ? એવા કેટલાય પ્રશ્નો એના મનનાં બારણાં પર ટકોરા મારી રહ્યા. આવા જવાબ વગરના સવાલોથી ઘેરાયેલા મન આગળ તે થાકી ગયો.

'આંખો સારી થઈ ગયા પછી એની પૂજા કરીશ અને તેને કોઈ વાતેય ઓછું નહીં આવવા દઉં એમ જેને માટે પોતે વિચારતો હતો તે સ્પંદના આવી નીકળી ? આ કાગળમાં લખેલી વાતો વાંચવા માટે જ શું તેણે મને આંખો પાછી અપાવી હતી!' તેનું હૈયું રોઈ ઊઠ્યું. તેનો આંખો મળ્યાનો આનંદ કોણ જાણે ક્યાંય ઊડી ગયો.

સાંજનાં બધાં આવ્યાં ત્યારે પણ એ એમ જ ગુમસૂમ બેઠો હતો. 'સાહેબનાં તો જાણે બારેય વહાણ ડૂબી ગયાં હોય એમ જણાય છે.' સ્પંદના તેને એમ બેઠેલો જોઈ બોલી ઊઠી. બપોરની રખડપટ્ટી પછી તે આનંદમાં આવી ગયેલી જણાતી હતી.

'ના રે, મારે તારા છતાં શું દુખ છે ? તું તો મારાં બારેય વહાણ કરતાં વધારે છે. ને તું તો મારી નજર સામે છે, મને શેનું દુખ ?' કહેતાં રવીન્દ્રએ હસવાનો પ્રયત્ન કર્યો પણ રોજની જેમ મૂકત રીતે હસી શકયો નહીં એટલે તેને ઉમેરવું પડ્યું : 'એટલું ખરું કે આવડા મોટા ઘરમાં હું આજે પહેલી વાર એકલો પડી ગયો હોઉં એમ મને લાગ્યું હતું.' વાહિયાત વાત અને સાચી પુરવાર કરવા માટે એવું જ વાહિયાત હાસ્ય; છતાં બધાંએ તે સ્વીકારી લીધું.

અનુક્રમ

# ૨૧. સેમ્યુઅલ કે સુસ્મિત ?

ઘણા મનોમંથનને અંતે રવીન્દ્રએ મનથી નકકી કરી લીધું હતું કે જે શંકાઓ પોતાના મનમાં જાગી હતી એ વખત છે ને સાચી હોય તો પણ સ્પંદનાને એનો અણસારોય ન આવવા દેવો, એટલું જ નહીં પણ બને તો પોતાના મનમાંથી જ એ કાઢી નાખવી.

'પોતે સ્પંદનાથી સુખી હતો, અત્યંત સુખી હતો. અરે, આ જમાનામાં વિરલ ગણાય એવી હિંમતથી એણે આંખોનું ઑપરેશન શકય બનાવ્યું હતું. એ પોતાના પ્રત્યેનો પ્રેમ નહીં તો બીજું શું હતું ? અને આ પછીય પોતે એને માટે વહેમ સેવી એને દુખી કરે તો પોતાના જેવો અધમ કોણ!' આવા વિચારો કરી એણે મનને તૈયાર કર્યું. એની શંકાનું સમાધાન પણ એણે મનથી જ શોધી લીધું હતું : વૃંદા તેમના સંબંધને વહેમની નજરે જુએ છે

એવી જ વાત પત્રમાં હતી. એનો એ વહેમ ખોટો અને સ્ત્રીસહજ જ હોય તો! શકય છે કે પોતે માની બેઠો છે એવો કોઈ અઘટિત સંબંધ એ બે વચ્ચે ન હોય.

બીજી જે વાત પત્રમાંથી જાણવા મળી તે એ હતી કે સ્પંદનાએ ઑપરેશન માટે જે રીતે પૈસા ભેગા કર્યા હતા એ રીત નિશીથને પસંદ પડી ન હતી. તેને એ શા માટે પસંદ ન હતી કે સ્પંદનાએ તેની જાણ બહાર પૈસાની વ્યવસ્થા કરી એને માટે એણે શા માટે આટલા દુખી થવું જોઈએ! એ શાનો હક કરતો હતો એમની પર ? આ સવાલોના જવાબ તેને મળતા ન હતા, પણ જ્યારે બધું ભૂલી જઈ સ્પંદનાના સુખનો જ ખ્યાલ કરવાનું પોતે નકકી કરી લીધું હોય ત્યારે એ સવાલો અગત્યના રહેતા જ ન હતા. હવે તો તેનું એક જ ધ્યેય હતું; સ્પંદનાને ગમે તે ભોગેય સુખી રાખવી.

◆

રવીન્દ્રએ એક અઠવાડિયાથી ઈસ્ટ એન્ડ હૉસ્પિટલમાં જુનિયર ડૉકટર તરીકે સેવા આપવી શરૂ કરી દીધી હતી. સ્પંદના આનંદમાં રહેતી હતી. રવીન્દ્ર પણ મનમાંથી પેલી શંકાઓને હાંકી કાઢવામાં સફળ થયો હતો, એટલે એ પણ આનંદમાં રહેતો હતો અને તેમને બેયને આનંદમાં રહેતાં જોઈ એની અને મેગી પણ આનંદમાં હતાં.

તેની નોકરીની શરૂઆત હતી એટલે તેને આ આખો મહિનો રાતની ડયૂટી લેવી પડી હતી. રાતે એક વાતની રાહત રહેતી હતી. દિવસના પ્રમાણમાં રાતે કામની ભાગદોડ ઓછી રહેતી હતી. રાતના આવા નવરાશના ગાળામાં એને અન્ય ડૉકટરો અને નર્સો પાસેથી ઘણી વાતો જાણવા મળતી હતી. એને લાગતું હતું કે એક જ મહિનામાં તે હૉસ્પિટલના મોટા ભાગના સ્ટાફની સારીનરસી વાતોથી માહિતગાર થઈ જશે.

સાંજનું ખાવાનું વહેલું પતાવી એ રોજ સાંજના સાતેક વાગે ઘેરથી નીકળી જતો ને બીજે દિવસે સવારમાં લગભગ છ વાગ્યે પાછો આવતો. નોકરી તો તેની સવારના ચાર વાગ્યે પૂરી થઈ જતી હતી પણ સવારના ચાર સાડાચાર વાગ્યે એ ઘેર આવે તો બધાંની ઊંઘ બગડે એટલે એ ઠંડીનું બહાનું કાઢીને બે કલાક હૉસ્પિટલની ડૉકટર્સ લોન્જમાં જ કાઢી નાખતો.

હા, મેગીનો હાથ એણે એક વખત ફરીથી દગકાચની મદદ લઈ જોઈ લીધો હતો અને પોતે બંધ આંખે જે તારણ કાઢ્યાં હતાં એ બરાબર જ હતાં એમ ભારપૂર્વક જાહેર કર્યું હતું. મેગીએ અને એનીએ એને ફરીથી ગાંડો કહી એની વાતમાં પોતાનો અવિશ્વાસ જાહેર કર્યો હતો. મેગીને તો તેની આ વાત પર હસવું કે રડવું એ જ સમજાતું ન હતું. એક તરફ એણે ભૂતકાળની જે વાતો કહી હતી તે સાચી હતી તો બીજી તરફ છ મહિના જેવા નજીકના ભવિષ્યકાળની જે વાતો એ કરતો હતો એમાં એની કે મેગી સંમત થઈ શકે એમ જ ન હતું.

અને એટલે તો મેગી ખુશ થવાને બદલે એની વાત સાંભળ્યા પછી ચીઢિયણ થઈ ગઇ હતી ને! આ એક બાબતને બાદ કરીએ તો બધાં મોજ મસ્તીમાં દિવસો પસાર કરી રહ્યાં હતાં.

એક દિવસ રવીન્દ્ર કહે : 'આજે સાંજે હું એક માણસને ડીનર લેવા સાથે લઈ આવવાનો છું.'

'ડૉકટર હશે.' મેગી બોલી ઊઠી.

'ના, દર્દી છે. મારો નવો જ થયેલો દોસ્ત છે. મૂળ ઈંડિયન છે પણ એક અંગ્રેજે એને દત્તક લીધેલો છે.' રવીન્દ્રએ કહ્યું.

'શું નામ છે એનું ?'

'સેમ્યુઅલ જોન્સન. એ ધંધે વકીલ છે ને મારી જ ઉંમરનો છે. સ્વભાવે હસમુખો છે ને સારું કમાય છે.' તેણે કહ્યું.

‘કેવું ડીનર આપીશું ?’ મેગીએ પૂછ્યું. રસોડાનો ચાર્જ સામાન્ય રીતે મેગી પાસે જ રહેતો હતો. એની કે સ્પંદના એને મદદ કરતાં ખરાં.

‘જેવું આન્ટી ચાહે તેવું.’ કહેતાં રવીન્દ્ર પોતાના કામમાં વળગ્યો. આ મહિનાથી એની ડ્યૂટી દિવસની થઈ ગઈ હતી એટલે એને બધાં સાથે વાત કરવાનો ઘણો સમય મળતો હતો.

કોઈ મહેમાન આ ઘરમાં ડીનર પર આવવાના હોય એવા પ્રસંગો બહુ ઓછા બનતા હતા. થોડા દિવસો પહેલાં ડૉક્ટર રેબીસનને ડીનર પર બોલાવ્યા હતા એ પ્રસંગને બાદ કરતાં કોઈ મહેમાન છેલ્લા ચાર મહિનાથી આ ઘરમાં ડીનર પર આવ્યાનું કોઈને યાદ ન હતું.

આમ જોવા જઈએ તો એ ઘરમાં પુખ્ત ઉંમરનાં ચાર માણસો રહેતાં હતાં. બીજી રીતે ગણીએ તો એ ઘરમાં ત્રણ અલગ કુટુંબો રહેતાં હતાં. પણ લાગતું હતું કે આ આખો સંઘ સાવ એકલમૂડિયાંનો હતો. મોટું મિત્રમંડળ બનાવે કે સાચવે એવું એમાં કોઈ હતું નહીં.

રવીન્દ્રને નોકરી શરૂ કર્યે ત્રણ મહિના થઈ ગયા હતા, એટલે વ્યવસાયને કારણે એને ઘણા સંબંધો બંધાય એ વાત સમજાય એવી હતી. પણ એક તો રવીન્દ્ર દેશમાં હતો તેવો જ બધામાં ભળવામાં ઓછા રસવાળો અહીં પણ રહેતો હતો. અત્યારે તો એ પૈસા કમાઈ દેવું ચૂકવી દેવાના એકમાત્ર લક્ષ્યને વળગી કમાવામાં પડ્યો હતો.

રવીન્દ્રનો એક દોસ્ત ડીનર પર આવવાનો હતો એ જાણી બધાં આનંદમાં આવી ગયાં હતાં. અને એટલે તો રવીન્દ્રના આવવાના સમય પહેલાં બધાં રસોઈકામમાંથી પરવારીને તૈયાર થઈ ગયાં હતાં ને.

રોજના આવવાના સમય કરતાં રવીન્દ્રને આવવામાં અડધો કલાક મોડું થઈ ગયું, તે દરમિયાન બધાં ઉંચાંનીચાં થઈ રહ્યાં. રવીન્દ્ર આવ્યો. એની સાથે સેમ્યુઅલ હતો. એણે બધાંની સાથે સેમ્યુઅલની ઓળખાણ કરાવી. ને બધાં વાતોએ વળગ્યાં.

પણ સેમ્યુઅલને જોતાં જ સ્પંદના વિચારમાં પડી ગઈ હતી. એના ચહેરાની કેટલીક રેખાઓ એને પરિચિત લાગતી હતી. અરે, પરિચિત જ શા માટે એ તો એનું પગેરુંય કાઢી ચૂકી હતી ને! એક તરફ રવીન્દ્ર કહેતો હતો કે એક અંગ્રેજે એને દત્તક લીધો હતો જ્યારે સ્પંદનાનું મન કહેતું હતું કે તેને તેના પિતાને ત્યાંથી કોઈ ઉઠાવી ગયું હતું. આવા બધા વિચારોમાં એ એટલી બધી અટવાઈ ગઈ હતી કે તે સેમ્યુઅલ સાથે સામાન્ય શિષ્ટાચાર કરવાનુંય ભૂલી ગઈ હતી.

આખરે સેમ્યુઅલને પૂછવું પડ્યું : ‘મિસીસ દેસાઈ મારી સાથે નહીં બોલે કે ?’

સ્પંદના સ્હેજ ખસિયાણી પડી ગઈ. તે હસીને બોલી ઊઠી : ‘એવું કશું નથી પણ હું તમને જોઈને હું વિચારમાં પડી ગઈ હતી. મને એમ લાગ્યું કે મેં તમને કયાંક જોયા છે. કયાં જોયા હશે તે યાદ કરવામાં હું અટવાઈ ગઈ હતી. હું દિલગીર છું.’

‘સ્વપ્નામાં મને તમે જોયો છે એમ ન કહેતાં નહીં તો ડૉક્ટરને ખોટું લાગશે.’ હસીને તે બોલ્યો. તે વાચાળ અને હસમુખો હતો એ તો એના આ થોડાક શબ્દોથી જ જણાઈ આવ્યું હતું.

‘મને સમીસાંજે સ્વપ્નાં જોવાની આદત નથી એની ડૉક્ટરને ખબર છે.’ કહી સ્પંદના પાછી ગંભીર થઈ ગઈ. તેનો આ જવાબ સેમ્યુઅલને તોછડો લાગ્યો હશે પણ તેણે મોં પર એવા કોઈ ભાવ આવવા દીધા નહીં. જમતી વખતે પણ વાતાવરણ એવું જ ગમગીન રહત જો સ્પંદના આગળ બોલી ન હોત તો : ‘મેં તમને કયાં જોયા હશે એ હું કહી શકું એમ છું.’ તેણે આગળના પોતાના કથનની પાદપૂર્તિ કરતી હોય એમ કહ્યું.

'ક્યાં ?' સ્પંદનાની વાત સાથે જો કોઈને લાગતું વળગતું હોય તો એકલા સેમ્યુઅલને જ હતું છતાં બધાંની જિજ્ઞાસા સામટી જ પૂછી બેઠી.

'એ તો હું અત્યારે કહી શકું એમ નથી. એ પહેલાં મારે કેટલીક પરિસ્થિતિનો વિચાર કરી લેવા સમય જોઈશે.'

'તમે શાંતિથી વિચાર કરી લો. હજુ તો લગભગ બે કલાક સુધી તો હું અહીં છું જ. તમારી પાસેથી જવાબ નહીં મળે ત્યાં સુધી મને ચેન પડશે નહીં.' સેમ્યુઅલની ઉત્તેજનાએ સ્પંદનાને બે કલાકની મહેતલ આપી.

'રવીન્દ્રએ અમને જણાવ્યું છે કે તમને તમારા પાલક પિતાએ દત્તક લીધા છે; શું એ વાત સાચી છે ?' સ્પંદના પૂછ્યા સિવાય ન રહી શકી.

'જો દત્તક લેવાની પ્રથા અંગેનો આ પ્રશ્ન હોય તો મારે કહેવું પડશે કે દત્તક લેવાની જે વિધિ કરવાની હોય છે એવી કોઈ વિધિથી મારા પિતાએ મને દત્તક લીધો ન હતો. મારા પાલક પિતાને હું ભૂલો પડેલો અને અટૂલો મળ્યો હતો. તેમણે મારાં માતાપિતાની ઘણી તપાસ કરી છતાં એમાં સફળતા ન મળી એટલે મને એમણે દીકરા જેવો ગણીને ઉછેર્યો.'

'તમારા પાલક પિતાને મળી શકાય ખરું ?'

'એ શક્ય નથી. ત્રણ વરસ પહેલાં એમનું અવસાન પામ્યા છે. હવે મને વધુ ચિંતામાં નાખ્યા સિવાય મને કહેશો કે આ બધી પ્રશ્નાવલીનું પ્રયોજન શું છે ?' સેમ્યુઅલની અધિરાઈ વધતી જતી હતી.

સ્પંદના થોડી વાર ચૂપ રહી પછી અચાનક કાંઈક યાદ આવતાં બોલી : 'તમને ખબર નહીં હોય પણ રવીન્દ્ર ડૉક્ટર છે તેના કરતાં હસ્તરેખાશાસ્ત્રી વધારે છે. તમારો હાથ એમને બતાવો. એ તમને કંઈક એવું કહેશે કે જેનાથી તમારી અડધી પડધી શંકાનું તો સમાધાન થઈ જશે. બાકીનું અડધું હું તમને કહીશ, પણ અત્યારે નહીં; વખત આવ્યે.'

સેમ્યુઅલને એમાં કોઈ શ્રધ્ધા ન હોવા છતાં જેમ ડૂબતો માણસ તરણું પકડે એમ એણે પોતાનો હાથ રવીન્દ્ર તરફ લંબાવ્યો. રવીન્દ્રએ એના પર એક નજર નાખી ને તરત કહ્યું : 'તમે હમણાં કહ્યું કે તમારા પાલક પિતાનું અવસાન થયું છે, પણ તમારા હાથની રેખાઓ બતાવે છે કે તમને પિતાનું સુખ પચાસ વર્ષના થાવ ત્યાં સુધી પ્રાપ્ત છે.'

સેમ્યુઅલને કપાળે પરસેવો વળી ગયો હતો. મેગીએ તેને રૂમાલ આપતાં કહ્યું : 'રવીન તમારો હાથ જુએ છે ઑપરેશન નથી કરતા કે આમ નરવસ થઈ જાવ છો.'

'મેં જ્યોતિષમાં કદી વિશ્વાસ નથી કર્યો.' સેમ્યુઅલે કહ્યું.

'આજ પછી તમે એમ નહીં કરી શકો. સ્પંદના મને મેગ્નીફાઈંગ ગ્લાસ આપ તો.' ને સ્પંદનાએ એને ગ્લાસ આપ્યો એટલે એનાથી સેમ્યુઅલના હાથની રેખાઓનો બરાબર અભ્યાસ કર્યા પછી રવીન્દ્રએ કહ્યું : 'તો મારા વહાલા નાસ્તિક સાંભળ, એક જ વાક્યથી હું તારી એ નાસ્તિકતા દૂર કરી દઉં છું. તારો લગ્નયોગ છથી સાત વર્ષની ઉંમરે વીતી ગયો છે. યાદ છે તમને એમાંનું કશું ?'

સેમ્યુઅલે ફરીથી એક વખત પરસેવો લૂછ્યો. 'એટલી નાની ઉંમરે લગ્ન!' તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'ભલા માણસ લગ્નયોગ એટલે જેને આપણે લગ્ન કહીએ છીએ એવાં લગ્ન નહીં પણ મનનાં, ભાવનાઓનાં લગ્ન. ધર્મ કે કાયદો જેને લગ્નની વિધિમાં બાંધી ન શક્યાં હોય પણ હૈયું જેની યાદને વિસરી શક્યું ન હોય એવાં લગ્ન.'

સેમ્યુઅલ સ્હેજ વાર ચુપ રહ્યો પછી જૂની યાદને તાજી કરતો હોય એમ બોલ્યો : 'જ્યારે હું મારા પાલક પિતાને હાથ લાગ્યો ત્યારે મારી ઉંમર સાત આઠ વરસની જ હતી. મારી જ ઉંમરની એક છોકરી મને હજુય યાદ આવ્યા કરે છે.'

'તેનું નામ ?' સ્પંદના પૂછ્યા સિવાય ન રહી શકી.

સેમ્યુઅલે પ્યાલામાંથી બે ઘૂંટડા પાણી પીધું પછી કહે : 'મને તેનું નામ ચોકક્સ યાદ નથી આવતું પણ હું એને વેડી કહેતો હતો એવો અણસાર આવે છે. પણ હું નથી માનતો કે ઈંડિયામાં કોઈ છોકરીનું આવું નામ હોય. મારે એની સાથે લગ્ન કરવાં છે એવું નથી પણ મનમાં એવી ઈચ્છા જરૂર છે કે હું કયાંક પરણું તે પહેલાં એને મળી લઉં.'

'તમને તમારા પિતાનું સુખ તમારી ઉંમર પચાસ વરસની થાય ત્યાં સુધી મળવાનું તમારી રેખાઓ કહે છે અને સ્પંદના જે રીતે તમારામાં રસ લઈ રહી છે એ જોતાં લાગે છે કે એ તમારા પિતાને ઓળખે છે; એટલે એમ કહી શકાય કે તમને તમારા પિતાનો મેળાપ હવે થવો જોઈએ.'

'હું ઈંડિયાની ચાર સફર મારી આવ્યો છું પણ મને કશી માહિતી મળી નથી.'

'તમે કયાં તપાસ કરી હતી ?' સ્પંદનાએ પૂછ્યું.

'ખાસ કરીને તો ઈંદોર અને તેની આસપાસમાં.'

'ત્યાં જ કેમ ?'

'મારા પાલક પિતાને હું ઈંદોરના બસ સ્ટેન્ડ પરથી મળેલો એટલે.'

'તે વખતે તમે રડતા હશો.'

'હા, પણ તમને-'

'તે અત્યારેય તમે રડો જ છો ને!' સ્પંદનાએ હસતાં કહ્યું અને બધાં હસી પડ્યાં.

સેમ્યુઅલનો પણ હસ્યે જ છૂટકો થયો. 'તમે ભલે મને ઉડાવો પણ મને કંઈક કહેવાનું તમે વચન આપ્યું છે એ ન ભૂલતાં.' એણે કહ્યું.

'મને એ યાદ છે અને હું તમને કહેવાની પણ છું, પણ એ માટે તમારે થોડી ધીરજ ધરવી પડશે,'

'થોડી એટલે કેટલી ? જો મારા પિતાએ મને શોધી આપવા માટે કોઈ ઈનામની જાહેરાત કરી હોય અને તેની તમને ચિંતા હોય તો એ ઈનામની રકમ તમને અગાઉથી આપી દેવાનીય મારી તૈયારી છે.'

'ઈનામની કશી વાત નથી. મારે ફકત થોડો સમય જોઈએ છીએ. કદાચ તમને હું અઠવાડિયામાં કહું કદાચ એક વર્ષ પણ થઈ જાય, મને પણ કોઈ અંદાજ નથી'

'એટલો બધો લાંબો વાયદો કરીને તમારે મને મારી જ નાખવો છે કે શું ?'

'પણ એવો વાયદો કરવો પડે છે એટલે તમારે મને માફ કરવું પડશે. મારે કેટલીક તપાસ કરવી પડશે અને કેટલીક ગોઠવણી કરવી પડશે. જો કે હું એ જેમ બને તેમ જલ્દીથી પતાવવાનો પ્રયત્ન કરીશ.

'તમે મારા પિતા વિષે કહેશો ? મારાં માતા ? એમનું સરનામું ?'

'હા, સાથે તમારી વેડી વિષે પણ કહીશ, બસ ?'

'વેડી ? શું તે ખરું નામ છે ?'

'કહ્યું ને કે મારાથી અત્યારે કશું કહેવાય તેમ નથી. જેમ આટલાં વરસ રાહ જોઈ તેમ એક વરસ વધારે રાહ જોવી પડશે એટલું જ.' સ્પંદનાએ કહ્યું.

સેમ્યુઅલ ગૂંચવાયો : 'પણ આટલો લાંબો વાયદો રાખવા માટે કશુંક કારણ તો હશે ને!'

'કારણ વગર હું કાંઈ આટલી પીંજણ કરતી હોઈશ ? એક વાત કહું કે તમારું જન્મનું નામ સેમ્યુઅલ નહીં પણ સુસ્મિત છે– જો તમારી જમણી બગલમાં બે તલ હોય તો.' સ્પંદનાએ કહ્યું.

ને સુસ્મિતનો ચહેરો ખીલી ઊઠ્યો : 'છે જ તમારે જોવા છે ?' કહેતાં રઘવાયા થઈ તેણે કોટનાં બટન કાઢવા માંડ્યાં પણ તરત જ ભાન આવતાં શરમાઈ ગયો.

'મારે જોવાની જરૂર જ નથી. હું તો તમને જોતાંની સાથે જ જાણી ગઈ હતી કે તમે સુસ્મિત છો.'

'તમે મને આજે એ બધું નહીં કહો ?' ગંભીર થઈ જતાં તે બોલ્યો. તેના મોં પર જાણે નિરાશાનાં વાદળો દોડી રહ્યાં હતાં. સ્પંદના પણ ઉદાસ જણાતી હતી. તેને આમ કરવું કઠણ લાગતું હતું પણ નિશીથની સાથે વૃંદને વળાવવાની આશાને હજુ તે વળગી રહી હતી.

'આજે તો નહીં જ, કદાચ કાલે હું તમને વધારે કહું.' તે બોલી.

'વાંધો નહીં જ્યારે તમે મને આજની રાત તડપાવવાનું નકકી જ કરી લીધું છે તો તેમ ભલે. આવતી કાલે સાંજે બધાં મારે ત્યાં ભોજન લઈશું ને મિસીસ દેસાઈ મને બધું કહેશે. આજની રાત મારે ભલે ઉજાગરો થઈ જાય પણ હું કયારેય એ ભૂલીશ નહીં કે એમણે એક માબાપથી વિખૂટા પડેલા સંતાનને એના ઘરનો માર્ગ બતાવ્યો છે.' કહેતાં એ ઊભો થઈ ગયો. એને ત્યાં ભોજન લેવાની બધાંએ ખાલી હા, ના કરી પણ સ્પંદનાનો જવાબ અને તેથી વધુ યો તેની આજની વર્તણૂંકનો આશય જાણવાનું એમને કુતૂહલ હતું જ. છેવટે બધાં સુસ્મિતને ત્યાં ભોજન લેવા સંમત થઈ ગયાં.

તેના ગયા પછી રવીન્દ્રએ સ્પંદનાને પકડી : 'મારી સમજમાં કંઈ આવતું નથી. સેમ્યુઅલ ઈંદોરના બસસ્ટેન્ડ પરથી મળી આવ્યો હોવાની વાત સાચી હોય તો તેની જાણકારી તને કેવી રીતે છે એ કોયડો વણ ઉકલ્યો રહે છે. નથી ઈંદોરમાં તારું કોઈ સગું રહેતું કે નથી તું કયારેય ઈંદોરમાં ગઈ.' ગૂંચવાતાં રવીન્દ્ર બોલ્યો.

'છતાં હું એનાં માબાપને જાણું છું કારણ કે એ લોકો ઈંદોરમાં નહીં પણ મુંબઈમાં રહે છે.' તે બોલી. રવીન્દ્રની ઈચ્છા તો વાતનો તાગ લેવાની હતી પણ સ્પંદના ઊભી થઈને એમના રૂમમાં ચાલી ગઈ એટલે એ વાત અધૂરી રહી જાણી મેગી અને એની પણ કમને પોતાના રૂમમાં ચાલ્યાં ગયાં.

રવીન્દ્ર રૂમમાં ગયો ત્યારે સ્પંદના કપડાં બદલતી હતી. 'મને લાગે છે કે મને વાત કરવામાં તો તને વાંધો નહીં જ હોય. મને માંડીને વાત કર.'

'તમારાથી આટલી બધી વાત થયા છતાં એ કેમનું અજાણ્યું રહી શકયું છે એ જ આર્ચ્યની વાત છે. તમારું જાણીતું જ કુટુંબ છે, યાદ કરો.'

'મેં ઘણી મથામણ કરી છે છતાં મને હજુ કશી ગેડ બેસતી નથી. હવે તું જ કહે.'

'ધનુભાઈ શેઠનો દીકરો વર્ષો પહેલાં ગુમ થઈ ગયો હતો એ વાત કેમ તમારી ધ્યાન બહાર રહી ગઈ ? અને સેમ્યુઅલ બરાબર એના બાપા જેવો દેખાય છે એ પણ તમને યાદ ન આવ્યું !'

'અલ્યા, આ તો આખું કોળું શાકમાં ગયું. શેઠાણીની તબિયત પણ સુસ્મિતને કારણે જ—' સમજણ પડતાં જ તે

બોલી ઊઠ્યો.

'અને એની વેડી એટલે વૃંદા. હવે તો તમને સમજાયું ને !'

'તો પછી અત્યારે જ એને બધું કહી દેવામાં તને કયો વાંધો નડતો હતો ? એને બાપડાને કહી દેવું હતું ને કે એના જીવને તો નિરાંત થાત.'

'તમને એવું લાગે એ સ્વાભાવિક છે. મને પણ શરૂમાં એમ જ લાગ્યું હતું. પણ જ્યારે તમે કહ્યું કે સાત વરસની ઉંમરે એનો લગ્નયોગ આવી ગયેલો હતો અને એણે વળી એની બાળપણની સખી વેડીની વાત કરી ત્યારે મને થયું કે-'

'એમાં તો ઊલટું ખુશ થવા જેવું છે કે આટલાં વરસેય એ વૃંદાને ભૂલી શકયો નથી. એમાં તને કયાં વાંધો આવ્યો ?'

'મને તો નહીં પણ નિશીથને તો ખરો ને! એણે બાપડાએ વૃંદા સાથે હજુ પરાણે જીવ જોડ્યો છે તેમાં જો વૃંદાનો બાળપણનો દોસ્ત સુસ્મિત વચમાં ટપકી પડે તો_ ?'

ને રૂમમાં ઘડીભર તો એવો સોપો પડી ગયો જાણે હમણાં ધડાકો થશે. રવીન્દ્ર મનમાં સમસમીને રહી ગયો. સ્પંદનાને નિશીથનું આટલું બધું દાઝતું હશે એની આજે જ જાણે એને ખબર પડી. એને પેલા મિત્રતાના સંબંધ કરતાં બીજા સંબંધનો વહેમ હતો તેમાં સ્પંદનાના આ વર્તને ઉમેરો કર્યો. આખી રાત તે ઊંઘી ન શકયો. બાજુમાં સ્પંદના પણ પાસાં ઘસતી હતી.

અનુક્રમ

# ૨૨. વચન મોંઘું પડ્યું

કાલની આખી રાત ઊંઘ વિહોણી કાઢી હતી અને આજે બપોરે ઊંઘવાનો થોડો અવકાશ હતો છતાં સ્પંદના ઊંઘી ન શકી. આજનો આખો દિવસ એ વિચારોનાં વમળમાં અટવાયેલી જ રહી. નિશીથે પત્રમાં તો સ્પષ્ટ લખી નાખ્યું હતું કે પોતે વૃંદા સાથેનો સંબંધ તોડી નાખ્યો છે છતાં હજુ સ્પંદના એ બેને પરણાવવાના ગાંડા વિચારમાંથી પાછી વળી ન હતી. તેના દિલમાં હજુય આશા હતી કે એમની વચ્ચે વખત જતાં પાછો મેળ થશે. પણ_

_પણ જો પંદર વર્ષના વિયોગ પછી સુસ્મિત વૃંદાની સામો ઊભો રહી જાય તો

એમના પ્રેમને પાંગરતાં પૂરો મહિનોય ન જાય. ને એનું નિશીથની સાથે વૃંદાને પરણાવવાનું સ્વપ્ન અધૂરું જ રહી જાય. પણ ગઈકાલે સુસ્મિતની સાથે વાત કરતાં એણે વાતને એક એવા મોડ પર લાવી મૂકી હતી કે હવે એનાથી એમાં પીછે હઠ કરી શકાય તેમ પણ ન હતી. અને કદાચ કરી શકાય તેમ હોય તોય અમૃતગૌરીની દયનીય સ્થિતિ જોતાં એમ કરવું તેને યોગ્ય પણ લાગતું ન હતું.

તે કોઈ જ નિર્ણય પર આવી શકતી ન હતી. જેમ જેમ તેને ભાન થતું જતું હતું કે તે કોઈ નિર્ણય પર આવી શકે તેમ ન હતી તેમ તેમ તે પોતાની જાત પર વધુ ને વધુ ગુસ્સે થતી જતી હતી. 'તું છે જ એ દાવની. તું એને જોતાં જ ઓળખી ગઈ એમાં કયો મોટો વાઘ મારી નાખ્યો હતો કે શિરપાવ લેવા દોડી ગઈ હતી ! મનની વાત જો તેં મનમાં જ દાબી રાખી હોત તો વધારે નહીં તોય બેચાર દિવસ વિચાર કર્યા પછી કયાં જણાવાતું ન હતું ! પછી તને જેમ યોગ્ય લાગે તેમ તું કરી શકી હોત.' એનું પેલું અટકચાળું મન બબડી રહ્યું.

ડીનર પર જવા તૈયાર થતાં તેના મનમાં એક વિચાર ઝબકી ગયો. તેને લાગ્યું કે હજુ તેની બુધ્ધિની તીવ્રતા ઓછી થઈ ગઈ ન હતી. ને તે મલકાઈ રહી. તે ઝડપથી તૈયાર થઈ ગઈ. હવે તેને લાગવા માંડ્યું કે ઘડિયાળનો કાંટો બહુ ધીમો ચાલતો હતો. હવે તેને ડીનર પર પહોંચવાની ઉતાવળ હતી.

તેણે મનમાં જ ગણતરી માંડી લીધી હતી કે માબાપને મળવા સુસ્મિત એટલો અધિરો થઈ રહ્યો હશે કે તેની પાસેથી એકાદ વચન માગી લેવામાં કશી હરકત આવશે નહીં. અને તે વચન એટલે સ્પંદનાની સંમતિ સિવાય સુસ્મિતે વૃંદાની સાથે પરણવું નહીં કે એની સંગાથે પ્રીતડી ગાંઠવી નહીં. એટલે જ તો એ બધાંના આશ્ચર્ય વચ્ચે આજે ગઈકાલ કરતાં વધારે આનંદમાં જણાતી હતી ને!

બધાં સીટિંગરૂમમાં બેઠાં પછી સ્પંદનાએ શરૂ કર્યું : 'જુઓ સુસ્મિત તમે એ જાણવા માગતા હો કે તમારાં માતાપિતા કયાં રહે છે તો હું તમને એ બધું જણાવીશ. તેઓ શો ધંધો કરે છે અને તેમની તબિયત કેવી છે એ બધી વાતો હું તમને વિગતવાર જણાવીશ. પણ એ પહેલાં તમારે મારી એક કપરી શરત સ્વીકારવી પડશે,'

'તમે કહો એવું વચન આપવા હું તૈયાર છું.'

'જેમ તમે તમારાં માતાપિતાને મળવા અધિરા થઈ ગયા છો એમ એ લોકો પણ તમારા વિયોગે હિજરાઈ રહ્યાં છે. અરે, તમારાં માતા તો તમારી યાદમાં કદીક મગજની સમતુલા પણ ગુમાવી બેસે છે.'

'પહેલાં તમે મને કહો કે મારે કેવું વચન આપવાનું છે.' સુસ્મિત બોલ્યો. આજે પણ તેના કપાળ પર પરસેવો વળી ગયો હતો.

'હું તે જ કહેવા માગું છું. તમે મને વચન આપો કે જયાં સુધી હું સંમતિ ન આપું ત્યાં સુધી તમે તમારી એ વેડીની સાથે પ્રેમસંબંધ નહીં વિકસાવો કે તેની સામે લગ્નનો કોઈ પ્રસ્તાવ નહીં મૂકો.' સ્પંદનાએ કહ્યું. રવીન્દ્ર ચમકયો. સેમ્યુઅલ તો કાપો તો લોહીય ન નીકળે એવો ફિકકો પડી ગયો. માબાપને મળવા તે અધિરો થયો હતો છતાં પોતાની બાળપણની સખીને મળ્યા છતાં તેનાથી અજાણ્યા હોવાનો કે તેને ભૂલી ગયાનો ડોળ કરવો એ પણ ઓછા ખેદની વાત ન હતી. મેગી અને એની પણ સ્પંદનાના આ વિચિત્ર પ્રસ્તાવથી ચોંકી ઊઠ્યાં હતાં.

'તારી આ માગણી સાવ બેહુદી છે, વહાલી.' એનીથી બોલ્યા સિવાય ન રહેવાયું.

'તારે આટલાં કઠોર ન થવું જોઈએ.' મેગીએ પણ તેને ઠપકો આપવાના સૂરમાં કહ્યું.

'તમે તો મને ખરો ગૂંચવાડામાં નાખી દીધો, મિસીસ દેસાઈ. મને કહેવા દો કે જેટલો હું મારાં માબાપને મળવા આતુર છું એટલો જ મારી બાળપણની સાથીદાર વેડીને મળવા પણ આતુર છું જ. મને લાગે છે કે મનના ઊંડાણમાં હું એને ચાહું છું. કાલે આખી રાત હું એના જ વિચારમાં જાગતો રહ્યો છું અને મને કબૂલ કરવા દો કે આ ભર્યા ભર્યા સંસારમાં હું આજ સુધી એકલો જ રહ્યો છું એની પાછળ પણ એની એ યાદ જ છે. મેં તો એમ પણ વિચાર્યું હતું કે હું એને મળીશ અને જો તે કબૂલ થશે તો એની સાથે લગ્ન—'

'તમે શું વિચાર્યું એના કરતાં તમે મને જે વચન આપ્યું છે એની વાત વિચારો. જો તમે તમારાં માબાપને મળવા માગતા હો તો તમારે મારી એ વાત માનવી જ પડશે.' સ્પંદના કડક થઈને બોલી ગઈ.

'માની લઉં છું કે તામારે મારી પાસે આવું વચન લેવા માટે કોઈ કારણ હશે જ.'

'હા, કોઈ કારણ વગર તો આમ નહીં જ કરતી હોઉં ને!' તે બોલી. ને બધું જાણતો છતાં મૂગો બેસી રહેલો રવીન્દ્ર મનમાં જ સમસમીને બેસી રહ્યો. નિશીથ અને વૃંદાનો સંબંધ ચાલુ રહે તે માટે એ સુસ્મિતનો ભોગ લઈ રહી હતી. સ્પંદનાની નિશીથ માટેની આટલી બધી લાગણી તેના મનની શંકાને વધુ બળવત્તર બનાવી રહી.

સુસ્મિતે બે વખત પાણી પીધું, બે વખત પરસેવો લૂછયો ને આંખ ઉઠાવ્યા સિવાય જ પૂછ્યું : 'તમારી સંમતિ મને કયારે મળશે ?'

'કશું કહેવાય નહીં.' સ્પંદનાએ નરોવા કુંજરોવા કર્યું.

'મહિનો, બે મહિના, એક વરસ ?'

'કહ્યું ને કે કશું કહેવાય નહીં ! કદાચ કાલેય મળી જાય કદાચ જિંદગી આખી ન મળે.' તે બોલી. આ વખતે ચૂપ રહેવા માટે રવીન્દ્રને ઘણો પ્રયત્ન કરવો પડ્યો.

સેમ્યુઅલ જાણે એક જ બાજીમાં હજારો પાઉન્ડ હારી ગયો હોય એવો નિરાશ થઈ ગયો. છતાં મનને મકકમ કરી તેણે કહ્યું : 'ભલે હું તમને વચન આપું છું કે તમારી સંમતિ વગર હું વેડી સાથે પ્રણયસંબંધ નહીં વિકસાવું કે એની સાથે લગ્ન કરવાનો વિચાર પણ નહીં કરું. હા, કયારેક તો મને એ માટે સંમતિ આપવા જવાં આપ કૃપાવંત થશો.'

'ઠીક, તો ડાયરી કાઢો ને લખી લો : તમારા પિતાનું નામ છે ધનલાલ શેઠ, તમારાં માતાનું નામ છે અમૃતગૌરી અને તમારી વેડીનું નામ છે વૃંદા. એમનું સરનામું છે : ૨૨૪૨, ઘાટકોપર, મુંબઈ. ઊપડો બધાં તમારી રાહ જ જોઈ રહ્યાં છે વરસોથી. પણ વચન ભૂલતા નહીં.'

એની અને મેગી તો સ્પંદનાના આવા વર્તનથી ડઘાઈ જ ગયાં. તેમણે એને એક સાલસ અને સમજુ છોકરી માની હતી. પણ આજે તેનું આ સ્વાથીપણું જોઈ તે નિરાશ થઈ ગયાં હતાં. એટલે જ પાછા ફરતાં મેગી પૂછયા સિવાય ન જ રહી શકી : 'વહાલી, આવું શરમજનક વચન લેવા પાછળનો તારો આશય મને જરા સમજાવીશ!'

'ન સમજાવું તોય એક વાતની ખાતરી રાખજો કે એની પાછળનો આશય શુભ જ હશે.' સ્પંદનાએ કહ્યું. રવીન્દ્ર પાછો સમસમી ગયો. એ અત્યાર સુધી પોતાના એ નિર્ણયને વળગી રહ્યો હતો કે સ્પંદના દુભાય એવું કાંઈ ન કરવું. પણ હવે તો હદ આવી ગઈ હતી.

'તારે માટે અમને આજ સુધી એવી તો શ્રધ્ધા હતી જ પણ આજનું તારું વર્તન અમને કેમેય સમજાતું નથી.' એનીએ બેયના વતી કહેતી હોય એમ કહ્યું. સ્પંદનાએ વધસ્થાન તરફ જતા બલિની જેમ રવીન્દ્ર તરફ એક નજર નખી, જાણે એનો સહારો માગતી ન હોય!

પણ એની એ આશા ફળિભૂત ન થઈ. ઊલટું રવીન્દ્રએ કહ્યું : 'હા, તારે એ વચન લેવા માટે જે કારણ હોય એ આ બે વડીલોને જણાવી દેવું જોઈએ. જોતી નથી, તારા આવા વર્તનથી એમનાં દિલને કેટલો આઘાત પહોંચ્યો છે ?'

'એક માણસનો પ્રેમ છિન્નભિન્ન થઈ જાત જો મેં આ વચન ન લીધું હોત તો. અને એના પ્રેમને જીવંત રાખવાની મારી ફરજ હતી એટલે મારે આમ કરવું પડ્યું.'

'તેં સેમ્યુઅલનો વિચાર કર્યો ? વેડીનો વિચાર કર્યો ? કે પેલા માણસનો એકલાનો જ વિચાર કર્યો ?'

'મને કશું સમજાતું નથી.' તે બોલી પણ આશ્ચર્યવિરામશાં પેલાં બે મોં સામે જોવાઈ જતાં તેણે ઊમેર્યું : 'એટલે તો મેં એમાં મારી સંમતિનું કલોઝ ઊભું રાખ્યું છે.'

'એટલે એનો અર્થ એવો થાય કે જો વેડીની ઈચ્છા સેમ્યુઅલ સાથે જોડાવાની થાય તો તું સેમ્યુઅલને વચનમાંથી મૂકત કરશે.' માર્ગારેટનું પ્રશ્નબાણ ચૂકવવા તેણે ઘણું કર્યું પણ તેમાં એ સફળ ન થઈ શકી.

'મને કશી ખબર નથી. આવતી સાલ અમે દેશમાં જઈશું ત્યાર પછી જે થાય એ ખરું.' તે બોલી.

માર્ગારેટ કંઈક સમજી ગયેલી લાગી. તે બોલી : 'એકને સુખી કરવાની ધૂનમાં તું બીજાં બેને દુઃખી ન કરી બેસે એ જોજે. તારા જેવી છોકરી પાસે અમે આનાથી વધુ માનવતાપૂર્ણ વ્યવહારની આશા રાખીએ છીએ.' માર્ગારેટના આ કથનથી સ્પંદનાનું માથું શરમથી ઝૂકી ગયું. તેનો આનંદ એક ક્ષણમાં ઓસરી ગયો. શરમની મારી તે ઊંચું જ ન જોઈ શકી.

'હું પ્રયત્ન કરીશ.' આખરે તેણે કહેવું પડ્યું.

આ બધી વાતચીત દરમિયાન શાંત રહેવા માટે રવીન્દ્રને ઘણું મનોમંથન અનુભવવું પડતું હતું. ગમે તેમ તોય એ એક પુરુષ હતો. પુરુષ બધું સહન કરી લે પણ પોતાની પત્નીના પ્રેમીને તો સહન ન જ કરી શકે.

ઘેર પહોંચ્યા પછી બધાં પોતપોતાના રૂમમાં ગયાં એટલે મહામહેનતે કાબૂમાં રાખેલો રવીન્દ્રનો મિજાજ હાથથી ગયો. 'તું એમ માને છે કે તેં આ ઠીક કર્યું છે ?' તે બરાડી ઊઠ્યો.

પતિના આવા વર્તનથી સ્પંદના એકદમ છોભીલી પડી ગઈ. બીજાં બધાં તો ઠીક પણ પોતાનો પતિય પોતાને સમજી શકતો નથી એ વાતનું દુઃખ એના ચહેરા પર પથરાઈ રહ્યું. 'તમે શું માનો છો ?' તેણે સામું પૂછ્યું. દુઃખ અને રોષની મિશ્રિત લાગણીઓ વચ્ચે હડસેલાતી એ શું બોલતી હતી એનુંય જાણે એને ભાન ન હતું.

'હું શું માનું છું એ પ્રશ્ન અહીં અસ્થાને છે. જે કંઈ મહાભારત ઊભું થયું છે એ તેં જ ઊભું કરેલું છે.'

'આપણી વચ્ચે તારા અને મારાનો ભેદ કયારેય ઊભો થયો છે ખરો ?'

'હા, તારી એ વાત સાચી છે. તારા અને મારાનો ભેદ આપણી વચ્ચે કયારેય ઊભો થયો નથી. પણ એમાં તો મારી જ ભૂલ હતી. એ ભેદને ઊભો થતાં મેં જ કાયમ રોકયા કર્યો હતો.'

'તું આજે ચિઢાયો જણાય છે. તને આમાં મારો દોષ જણાતો હોય તો તને ફાવે તે શિક્ષા મને કર. મારી તે ખમી લેવાની તૈયારી છે પણ આમ ન સમજાય તેવું ન બોલ.' તે બોલી. હૈયું તો તેનું રડી જ રહ્યું હતું.

'નિશીથ અને વૃંદા વચ્ચેનો સંબંધ અતૂટ રહે એ માટે તેં સેમ્યુઅલ પાસેથી વચન લીધું, બરાબર ને?'

'એમ કરવાની આપણી ફરજ હતી.'

'આપણી ? મારી શા માટે ?'

'એ તું તારા દિલને જ પૂછ.' પતિના આવા વલણથી તેનું હૈયું વલોવાઈ રહ્યું હતું. રવીન્દ્રનો ઈશારો તે સમજી ગઈ હતી અને જરૂર પડે તો એ માટે એ લઢી લેવા પણ તૈયાર હતી.

'મેં મારા દિલને પૂછી જોયું છે. મેં એને વારંવાર પૂછ્યા કર્યું છે. અને એટલે જ કહું છું કે એને માટે કાંઈ પણ કરવાની મારી ફરજ બનતી નથી.'

'તું એ ભૂલી જાય એ યોગ્ય નથી. આપણા પર એના ઘણા ઉપકાર છે. એની સામે એને માટે મેં આજે જે કાંઈ કર્યું છે એની તો કશી વિસાત નથી.'

'તો પછી વાટ કોની જુએ છે ? જેની કશી વિસાત હોય એવું જ કર ને!'

'આજે તું ગુસ્સે થઈ ગયો છે એટલે આપણે કાલે આ અંગે વાત કરીશું, ચાલ સૂઈ જા.' વાતને વાળી

લેતાં સ્પંદનાએ કહ્યું.

રવીન્દ્રએ અપલક નજરે એની સામે તાકયા જ કર્યું પણ સૂવાનો કશો પ્રયત્ન ન કર્યો અને કહ્યું : ‘આજે હું આપણા સંબંધ વિષે કેટલીક ચોખવટ કરી લેવા માગું છું.’

‘જો ચોખવટ જ કરવી હશે તો કાલે પણ થઈ શકશે.’

‘આજે શા માટે નહીં ?’

‘કારણ કે આજે તું ગુસ્સે થયેલો છે.’

‘એટલે જ મારે આજે જ ચોખવટ કરી લેવી છે. રોજ ગુસ્સે થઈ લોહીઉકાળો કરવાની મારી તૈયારી નથી.’ રવીન્દ્ર બોલ્યો.

‘ભલે, તારે જે કહેવું હોય એ કહે.’ કહેતાં તે એની સામે ખુરસી ખેંચીને બેઠી. આવા વાતાવરણમાં રવીન્દ્રની વાતનો ઉકેલ સહેલાઈથી આવે તેમ તેને લાગતું ન હતું.

‘મારે એ જાણવું છે કે તારે અને નિશીથને એવું તો શું છે કે તારે સેમ્યુઅલ પાસેથી આવું વચન લેવું પડ્યું ?’

‘એ મારો અને તારો બેયનો મિત્ર છે.’

‘તારો એ મિત્ર જ છે ? એથી વિશેષ કાંઈ નહીં ?’

‘કાંઈ નહીં કેમ ? એથી વિશેષ, ઘણો વિશેષ.’

‘મારા કરતાંય વિશેષ ?’

‘એ સરખામણી કરવી યોગ્ય નથી. એની સાથેનો સંબંધ અને તારી સાથેનો સંબંધ બન્ને અલગ અલગ પ્રકારના છે.’

‘કેમ ?’

‘તું મારો પતિ છે. એ મારો મિત્ર છે. તું બહુ સારો પતિ છે ને એ બહુ સારો મિત્ર છે.’

‘અને પ્રેમી નહીં ?’

‘એટલે ?’

‘મારો પ્રશ્ન સ્પષ્ટ છે.’ તપેલી તાવડી પર પાણીનું ટીપું પડે અને જેવો ચચળાટ થાય એવો જ ચચળાટ સ્પંદનાના હૈયામાં થયો. તેનાથી રડી પડાયું.

રડતાં રડતાં જ એ બોલી : ‘ભગવાનમાં જો તું જરા પણ શ્રધ્ધા રાખતો હો તો ઊઠ, ઊભો થા અને ભગવાન પાસે માફી માગ. જેના પર તું કલંક ચઢાવે છે એવા માણસો આ દુનિયામાં બધે નથી હોતા. તું મને જે કહેવું હોય એ કહે પણ મારી સાથે એનું નામ જોડી પાપમાં ન પડતો.’ તે બોલી ઊઠી. રવીન્દ્રના શંકિત હૃદય પર એના બોલવાની કશી અસર થઈ હોય એમ લાગ્યું નહીં.

‘મારા જેવા પામર માણસને, પાપ અને પુણ્યની વાતો કરીને તું ગભરાવીશ નહીં. તું તારી જ સામે જો. તારાં રૂંવેરૂંવામાંથી બેવફાઈની બદબો નથી આવી રહી ? મારી સાથે લગ્ન કર્યાં છતાં એની સાથે પ્રેમનાં ચેડાં કાઢતાં તને કદી પાપનો છાંટોય ઊડ્યો છે ?’ તે બોલ્યો અને ગુસ્સમાં પડખું ફેરવીને સૂઈ ગયો.

સ્પંદના ક્યાંય સુધી રડતી જ બેસી રહી. થોડી વાર પછી એ પથારીમાં પડી પણ એનું રડવું બંધ થયું ન હતું. બારણા પાસે કોઈનો પગરવ સંભળાયો. મિસિસ કુપરીનનાં હળવાં પગલાં સ્હેજ વાર પછી પાછાં ફરી જતાં લાગ્યાં.

અનુક્રમ

## ૨૩. સેમ્યુઅલની ચિંતા

ઉપરના બનાવથી બીજું તો કાંઈ ન થયું પણ બન્નેની વચ્ચે એક તડ પડી ગઈ. બન્નેમાંથી કોઈએ એ તડને સાંધવાનો પ્રયત્ન ન કર્યો. રવીન્દ્ર ઉશ્કેરાઈ ગયો હતો અને સ્પંદના પતિના આવા વર્તાવથી નિરાશ થઈ ગઈ હતી. એક તો તે પોતે શક્ય એટલો ભોગ આપી પોતાનું લગ્નજીવન સલામત અને સુખી રહે એવા પ્રયત્ન કરી રહી હતી. એના બદલામાં આવી બદનામી મળી એટલે તેને તો જાણે જીવવું જ આકરું થઈ પડ્યું હોય એવુ લાગતું હતું.

રવીન્દ્ર પોતાનો પતિ હતો અને તેની આંખોના ઑપરેશન પાછળ પોતે જે કાંઈ કર્યું એ પોતાની ફરજ હતી એમ તે અત્યાર સુધી માનતી હતી. રવીન્દ્રના શંકાશીલ મનનો પરિચય તેને પહેલી વખત થયો હતો. આમ જોવા જઈએ તો આવું બનવું એ તો એક સનાતન સત્ય હતું. દરેક પુરુષ પોતાની પત્નીના પરપુરુષ સાથેના સામાન્ય વ્યવહારનેય વહેમની નજરે જોતો જ હોય છે, પણ રવીન્દ્રની જે છાપ એના માનસપટ પર અંકિત થયેલી હતી તેમાં રવીન્દ્રનું વહેમી વર્તન બંધબેસતું થતું ન હતું.

રવીન્દ્રની આંખો આગળ વહેમનાં પડળ આવી ગયાં હતાં. જે વાત તેના મનમાં ઠસી ગઈ હતી તેના સિવાયની કોઈ વાત માનવા તે તૈયાર જ ન હતો. સ્પંદના જે કોઈ ખુલાસો કરે તે તો એને જૂઠો બચાવ જ લાગતો હતો. એને એ વાતનો ગમ હતો કે પોતે સામે ચાલીને નિશીથ સાથે મૈત્રીસંબંધ વિકસાવ્યો હતો અને એ બે જણાંએ એનો ગેરલાભ ઉઠાવ્યો હતો.

તેઓ અત્યારે પરદેશમાં હતાં અને બે મમતાળુ વડીલોની છત્રછાયામાં હતાં. એમને દુઃખ પહોંચે એવું કોઈ પગલું ન ભરાઈ જાય એની કાળજી બેય મનોમન રાખતાં હતાં, પણ મેગી કે એનીથી એમની આ વિસંવાદિતા છૂપી રહી ન હતી. મેગીએ એક દિવસ સવારના નાસ્તાના ટેબલ પર જ બેયને પકડ્યાં : ‘તમે બેય હમણાંનાં ખુશ દેખાતાં નથી; કાંઈ થયું છે કે શું ?’

સ્પંદના ચૂપ રહેવા માગતી હતી પણ મેગીનો આ પ્રશ્ન એમ ગળી જવાય એવો ન હતો. એ લોકો જો ઉત્તર ન આપે તો મેગી પોતાને મનગમતો-ખાસ તો નહીં ગમતો એવો અર્થ ઘટાવી લે એવી બીક પણ હતી એટલે જ સ્પંદનાને બોલવું પડ્યું ને : ‘એવું કાંઈ નથી. મને લાગે છે કે તમારી આંખે કમળો થયો છે એટલે તમને બધું પીળું દેખાય છે. મને કહેશો કે તમે છેલ્લા દશેક દિવસથી શા માટે ઉદાસ દેખાવ છો ?’

રવીન્દ્ર પણ તક જોઈ વચમાં કૂદી પડ્યો : ‘હા, આન્ટી, હું કેટલાય દિવસથી તમને કહેવાનું કરતો હતો કે તમે શા માટે હમણાંનાં આઉટ ઓફ મૂડ થઈ ગયાં છો. શું વાત છે ?’

‘વાત બહુ સાદી છે. મારાં બે બાળકો અંદર અંદર ઝઘડ્યાં હોવાનો મને વહેમ છે. હું એ વાત સહન કરી શકતી નથી કે નથી એમની વચ્ચે સમાધાન કરાવી શકતી એનું મને દુઃખ છે.’

‘તમારો એ વહેમ છે, આન્ટી. એવું કશું નથી. અમે બન્ને પહેલાં હતાં એવાં જ આજે પણ છીએ. હા, કામના બોજાને કારણે હવે હું પહેલાંની જેમ બરાડા પાડીને ઘર માથે નથી લઈ શકતો એ વાત ખરી.’ રવીન્દ્રએ

કહ્યું.

માર્ગારેટ થોડી વાર ચૂપ રહી; પરંતું એનું મોં જ ચાડી ખાતું હતું કે રવીન્દ્રનો ખુલાસો એને ગળે ઊતર્યો ન હતો. આ વાત રવીન્દ્ર અને સ્પંદનાથી છૂપી રહી નહીં પણ એ લોકો ધારે તોય એમાં કશું કરી શકે તેમ કયાં હતાં ? એમનેય પોતાના સંસારની આ વિસંવાદિતાની પ્રતિતી ડગલે ને પગલે થયા કરતી હતી જ.

એટલું સારું હતું કે આ વાતની ગંધ હજુ એનીને આવી ન હતી, નહીં તો એ તો રવીન્દ્રનો જ વાંક કાઢત. સ્પંદના પ્રત્યેની લાગણીની ચોખવટ એણે પ્લેનમાં ઈંડિયાથી આવતી વખતે જ રવીન્દ્રને કરાવી દીધી હતી.

સેમ્યુઅલ તેમના દાંપત્ય જીવનથી ખાસ પરિચિત ન હતો છતાં તેનેય એમ લાગતું હતું કે પોતાને કારણે જ એ બે જણ વચ્ચે ખટરાગ ઊભો થયો હતો. સ્પંદનાના વર્તનથી પોતાને કશું ખોટું લાગ્યું નથી એમ જણાવવા એણે ત્રણચાર વાર પ્રયત્ન કર્યો હતો પણ એમાં તેને સફળતા મળી ન હતી.

તે દિવસના તેને ત્યાંના ડીનર પછી એને વારંવાર અહીં આવવાનું થતું હતું. એક તરફ એણે પોતાની ઑફિસની જવાબદારીઓ ઝડપથી ઓછી કરવા માંડી હતી તો બીજી તરફ વીઝા અને ટિકીટ માટે પણ તેણે તૈયારીઓ આરંભી દીધી હતી. બધું સમેટતાં એને ત્રણેક અઠવાડિયાં લાગે તેમ હતાં એટલે તેણે ત્રણ અઠવાડિયા પછીની એક તારીખનું બૂકિંગ કરાવી લીધું હતું.

જેમ આટલાં વરસ ધીરજ ધરી હતી તેમ થોડા વધારે દિવસ ધીરજ ધરવાનું તેણે નકકી કર્યું હતું. 'હું પંદરવીસ દિવસમાં ઈંડિયા જઈશ, ત્યાં સુધીમાં ભાભી મારી ઓળખાણ દેશમાં નહીં આપી દે એવી આશા રાખું છું.' એક દિવસ તેણે કહ્યું.

'આમેય હું દેશમાં કોઈને પત્ર લખતી નથી અને તમારે વિષે કાંઈ લખું એના કરતાં તમે પોતે જ ત્યાં જઈને ઊભા રહો તો એમને બધાંને જે સુખદ આંચકો લાગશે એ જોવાની મજા આવશે, એટલે હું કોઈને નહીં લખું.'

'આભાર.'

'તમને ખબર ન હોય એ સ્વાભાવિક છે પણ એ લોકો તમારી એટલી આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે કે હું તમારી ભાળ એમને આપું તો તમે ત્યાં પહોંચો તે પહેલાં જ એ બધાં તમને મળવા અહીં દોડી આવે. તમારા ગુમ થયાને આટલાં વર્ષો થયાં છતાં તેમણે તમારી આશા છોડી નથી. તમારે અને વૃંદાને આટલો પરિચય હતો છતાં તેણે કદી તમારી વાત કર્યાનું યાદ નથી એ મને સમજાતું નથી.'

'અને ભવિષ્યમાં પણ એ જૂની વાત યાદ ન કરે એ માટે તમે પ્રયત્ન કરી રહ્યાં છો, એમ ને !'

'એવું કાંઈ નથી, પણ લાચારી માણસ પાસે કાંઈ કાંઈ કરાવે છે. મેં જે કાંઈ કર્યું છે એ માટે હું લાચાર છું.'

'હું તેને માટે તમને દોષ નથી દેતો. તમે જો ધાર્યું હોત તો તમારી જાણકારી દિલમાં જ સમાવી શકયાં હોત અને મને અંધારામાં જ અટવાતો છોડી દઈ શકયાં હોત. પણ તમે તેમ કર્યું નથી. મારાં માતપિતાનો પત્તો આપવાની તમે દયા બતાવી છે એ તો હું કયારેય ભૂલી શકું તેમ નથી.' તે બોલ્યો. સ્પંદનાને એટલો તો સંતોષ થયો કે આ ભલો માણસ તેની લાચારીને દોષ દેવાને બદલે તેની ઉદારતાને વખાણતો હતો.

'તમારા પિતાની ઉંમર લગભગ પચાસ વરસની છે અને તમારાં માતાની ઉંમર પણ લગભગ તેટલી જ છે. તમારાં માતા તમારા વિયોગથી એટલાં તો નંખાઈ ગયાં છે કે એ ડોસી જેવાં જ લાગે છે. તમે એમને માટે અહીંથી શું લઈ જવાના છો ?'

‘શું લઈ જાઉં ? તમે જ સૂચવો ને!’

‘હું શું સૂચવું ? પણ એટલું ચોકકસ છે કે તમે એમને માટે જે કાંઈ લઈ જશો એ એમને અદ્‌ભૂત જ લાગવાનું છે.’

સેમ્યુઅલ ગુંચવાઈ જતાં બોલ્યો : ‘તમે તો મને ખરો ગૂંચવી નાખ્યો. મારા મનમાં મારાં માની જે છબી હતી તે ત્રીસ પાંત્રીસ વરસની વાત્સલ્યભરી માની હતી.’

‘એવી મા માટે તો તમારેય ટોડલર થઈને જવું પડે.’

‘મા માટે મેં તો એક નેકલેસ અને હીરાની વીંટી જોઈ પણ રાખ્યાં છે. મને એમ હતું કે તમને સાથે લઈ જઈને મારી ચોઈસ બરાબર છે એ જાણ્યા પછી ખરીદીશ. હવે મને લાગે છે કે મારે મારી ચોઈસ બદલવી પડશે.’

‘બદલવાની જરૂર નથી. વેડી તમારી જુવાન અને રૂપાળી છે. તેને માટે એ ચાલશે.’

‘તેને માટે હું કાંઈ નહીં લઈ જાઉં. એ ભલે એમ માને કે હું એને ભૂલી ગયો છું.’ કાંઈક ખેદથી એ બોલ્યો. પણ સ્પંદના તરફથી કશો પ્રતિભાવ ન મળતાં એ આગળ બોલ્યો : ‘અને તમે જ કહો કે આ જમાનામાં છ-સાત વરસના બાળકને પોતાનું સરનામું યાદ ન હોય એ બને ખરું ?’

‘અત્યારે તો ન જ બને પણ વીશ વરસ પહેલાંની પરિસ્થિતિ જ જુદી હતી. મનેય જ્યારે પ્રાથમિક શાળામાં ભણવા મૂકી ત્યારે મારા નામ અને સરનામાનું કાર્ડ ફ્રોક પર લગાવીને જ સ્કૂલમાં મોકલતા એવું યાદ છે.’

‘અને એ જ તો મારા જીવનની મોટામાં મોટી મુશ્કેલી બની રહી. હવે વેડીને પણ એ જ વિસ્મૃતિમાં શા માટે ન ડુબાવી દેવી જો એને પામવાની આશા જ ન હોય તો ?’

‘તમે બહુ જલ્દી નિરાશ થઈ જાવ છો.’

‘ના, આમ તો હું બહુ આશાવાદી છું. તમને ખબર નહીં હોય પણ મેં મારાં માતપિતાને શોધવા છેલ્લાં સાત વર્ષમાં મેં ઈંડિયાની પાંચ સફર ખેડી છે. ઈંદોર અને એની આસપાસનાં દશેક શહેરો અને કેટલાંય ગામડાં હું ખૂંદી વળ્યો છું. મારા પાલક પિતા કહેતા હતા કે હું તેમને ઈંદોરના બસ-સ્ટેન્ડ પરથી એમને મળ્યો હતો એટલે મને એમ હતું કે હું ઈંદોર કે એની આસપાસના કોઈ ગામડાનો હોઈશ. તમે જ કહો કે ઈંદોરથી સેંકડો માઈલ દૂર એવા મુંબઈનો હું હોઇશ એવી કોઈને કલ્પનાય કયાંથી આવે ?’

‘શું વાત ચાલે છે ખાનગી ખાનગી ?’ હૉસ્પિટલેથી આવી રવીન્દ્રએ પૂછ્યું. સ્પંદના અને રવીન્દ્રની વચ્ચે હવે પહેલાંના જેવો મેળ રહ્યો ન હતો એ સાચું પણ ત્રીજા માણસની હાજરીમાં તો બન્ને જાણે કાંઈ ન થયું હોય એમ હસીને જ બોલતાં હતાં.

‘તમે ખાતરી રાખજો કે હું આપેલા વચનમાંથી છટકી જવા માટે બટર તો નહીં જ લગાડતો હોઉં.’

‘તો તમેય ખાતરી રાખજો કે તમે વખત છે ને આખું ટીન બટરનું ચોપડવામાં વાપરી નાખશો તોય સ્પંદના હાલને તબકકે તો તમને વચનમાંથી મૂકત નહીં જ કરે.’ રવીન્દ્રએ પણ હસીને જવાબ આપતાં સ્પંદનાને ચોપડાવી.

‘હાલને તબક્કે એટલે ? કયારેક તો એવો દિવસ આવશે કે તે મને વચનમાંથી મૂકત કરશે એમ જ ને ? તમે શું માનો છો ? તમને કેટલી આશા છે ?’ ડૂબતો માણસ તરણું પકડવામાંથી તો ન જ જાય ને!

'હું આશાવાદી છું આ બાબતમાં પણ ફક્ત એક કે બે ટકા જ. એથી વધારે નહીં.' રવીન્દ્રએ સ્પંદનાને ટોણો મારતો હોય એમ કહ્યું.

'તમે એમ કહી સેમ્યુઅલને નર્વસ ન કરી નાખતા, એવું કાંઈ નથી.' સ્પંદના બોલી ઊઠી.

'એમ કે ? તો પછી તું જ કહે કે એમાં એણે કેટલા ટકા આશાવાદી રહેવું જોઈએ ?' રવીન્દ્રએ ઘા કરી લીધો. અલબત્ત મોં તો એણે એવું ઠાવકું રાખ્યું હતું કે કોઈને વહેમ પણ ન આવે કે તે આમ કરીને સ્પંદનાના હૈયા પર કરવત ચલાવી રહ્યો હતો. અને એટલે તો સ્પંદનાએ પણ હસીને વાત ઉડાવી દેવી પડી ને!

અનુક્રમ ?

## ૨૪.એનીએ જાણ્યું

ને જેનો ભય હતો તે જ વાત બની. એનીને આ વાતની જાણ થઈ જ. કોઈ પણ એકનો વાંક કાઢવાને બદલે તેણે બેયને ઉધડાં લેવા માંડ્યાં.

વાત એમ બનેલી કે એનીની એક મિત્ર મિસિસ રોજર્સને ત્યાં એક પાર્ટી હતી. આ સ્ત્રી સાથે એનીનો સંબંધ એટલો નીકટનો હતો કે તેણે ઘરનાં ઊઠ્યાં બધાંને પાર્ટીમાં બોલાવ્યાં હતાં.

બધાં પાર્ટીમાં જવા માટે તૈયાર થઈ રહ્યાં હતાં ત્યારે રવીન્દ્રએ અચાનક કહ્યું કે એની પાર્ટીમાં જવાની ઈચ્છા ન હતી. તેના બોલવાથી એની ચમકી. તેણે એનું કારણ પૂછ્યું. પછી વાત વધી પડી. સ્પંદના ને રવીન્દ્ર વચ્ચેના સંબંધો બગડ્યા હતા એનો આડકતરો અણસાર તો મેગીએ એને આપી દીધેલો હતો જ, તેમાં આ વાતે ઉમેરો કર્યો. ને એની લાલપીળી થઈ ગઈ. આખરે રવીન્દ્રએ પાર્ટીમાં આવવા તૈયાર થવું જ પડ્યું.

પાર્ટીમાં બૉલના ટ્યૂન વચ્ચે, હેતભર્યે હૈયે નાચી રહેલાં અનેક યુગલોને જોઈ મેગીથી ટકોર કર્યા સિવાય ન રહેવાયું : 'તું તે કેવો માણસ છે? આટલાં બધાં જુવાનિયાં નાચી રહ્યાં છે ને તું માંદલાની જેમ બેસી રહ્યો છે?'

'તો હું શું કરું ?'

'આટલાં બધાં માણસો નાચે છે તેમાં કોઈના મનમાં તારા જેવો નાદાન પ્રશ્ન નહીં ઊઠ્યો હોય. તું શું માને છે, એની ?' ને એનીનો ખોફ વહોરી લેવાની ઈચ્છા ન હતી એટલે રવીન્દ્ર ઊભો થઈ ગયો.

'ચાલો.' એણે મેગીને કહ્યું.

'બદમાસ, બધું મારે જ તને શિખવવું પડશે એમ ને ?' ને આડું જોઈને મલકાઈ રહેલી સ્પંદનાને મેગીએ હળવો હડસેલો મારી રવીન્દ્ર તરફ ધકેલી. સ્પંદના ઝડપથી ઊભી થવા ગઈ અને તેમ કરવા જતાં તે સ્હેજ લથડી. આટલાં બધાં માણસોની વચ્ચે ગબડી પડવાની નામોશીમાંથી બચવા એણે સહારો શોધવા પ્રયત્ન કર્યો ને એમ કરતાં એ રવીન્દ્રને જ ગળે વળગી ગઈ. રવીન્દ્રએ પણ તેને બાહુપાશમાં જકડી લીધી. એની અને મેગી આ જોઈ એવાં તો હસી પડ્યાં કે રવીન્દ્ર અને સ્પંદનાએ ત્યાંથી ઝડપભેર ખસી જવામાં જ ડહાપણ જોયું.

ને બીજી જ પળે તે લોકો બૉલના સૂર સાથે પગલાંના તાલ મેળવવા માંડ્યાં. તેમનાં હૈયાંના બેસૂરા તાલ સાથે પગલાંનો મેળ મળતો લાગતો ન હતો. પણ આટલી ભડભડતી રોશની વચ્ચેય તેમનાં હૈયાંના એ તાલને ઓછું કોઈ પકડી શકવાનું હતું ?

પણ તેમનાં હૈયાંની આ વિસંવાદિતા એની કે મેગીથી અજાણી ન હતી. એટલે તો પેલાં બે જણ ડાન્સ કરવા ગયાં એટલે એનીએ કહ્યું ને : 'આ વાજું હમણાંનું ઘણું કથળી ગયું છે.'

'મેં કહ્યું ત્યારે તું માનતી ન હતી. મને તો ખાતરી છે કે તે દિવસે સેમ્યુઅલને ત્યાંથી ડીનરમાંથી આવ્યાં ત્યારથી જ આ શરૂ થયું છે.'

'પણ ત્યાં એવું કશું કયાં થયું હતું ?'

'કેમ, સ્પંદનાએ સેમ્યુઅલ પાસેથી વચન લીધું એ આપણને કોઈનેય કયાં ગમ્યું હતું ?'

'પણ એટલી અમથી વાતમાંથી આમ થાય તેમ હું માનતી નથી.

'મનનું તો કાચ જેવું છે, કયે ટકોરે તૂટી જાય એની કોઈને કયાં ખબર પડે છે!'

'એમને માટે શું કરવું જોઈએ એમ તને લાગે છે ?'

'એમની અંગત વાતમાં માથું મારીએ તો એ મોઢું તોડી લે તેવાં મિજાજી તો એ નથી. બેચાર દિવસ આપણે તેમની પાછળ પડી જઈશું તો મને લાગે છે કે એમનો સંબંધ પહેલાં જેવો નોર્મલ થઈ જશે.'

'શું કરવું જોઈએ એ તુંય વિચારી જોજે અને હુંય વિચારીશ. મારાથી તો સ્પંદનાનું આ મોં જોવાતું નથી. તને તો યાદ હશે કે એ અહીં આવી ત્યારે તેને માથે કેટલી ચિંતાઓ હતી છતાં એના મોં પર આવી વેદના જોઈ છે કદી ?'

મ્યુઝિક પૂરું થયું અને ડાન્સ કરી રહેલાં યુગલો પોતપોતાના ટેબલ પર પરત આવવા લાગ્યાં. રવીન્દ્ર અને સ્પંદના પણ પોતાના ટેબલ તરફ આવી રહ્યાં હતાં. એની અને માર્ગારેટ નૃત્યની ખાલી થતી જતી જગ્યા તરફ કાંઈક વિચારમાં તો કાંઈક ખેદમાં તાકી રહ્યાં હતાં. અચાનક જ માર્ગારેટ ચમકીને ઊભી થઈ ગઈ અને નજીક આવી પહોંચેલા રવીન્દ્રને ઘસડતી નૃત્ય ક્ષેત્રની સામે ગોઠવાયેલા એક ટેબલ તરફ દોડી ગઈ. એ ટેબલ સામે ખુરસીમાં બીજી તરફને મોંઢે બેઠેલા એક મધ્યમ ઉંમરના મિલિટરીના અફસરના ખભા પર એણે ધ્રૂજતે હાથે ટપલી મારી. મેગીનો હાથ ધ્રૂજતો હતો. પેલાએ પોતાની વાતમાં પડેલા ભંગાણથી ગુસ્સે થતાં પાછળ જોયું. એણે મેગીને જોઈ, મેગીએ એમને જોયા અને કોણ જાણે શુંય થયું કે પેલાએ ઊભા થઈ મેગીને બાહુપાશમાં જકડી લીધી.

હાંફળાં થઈ દોડી આવેલાં સ્પંદના અને એનીએ આ જોયું. એય પેલાં બેના આ મિલનને દિગ્મૂઢ બનીને તાકી રહ્યાં. ત્યાં માર્ગારેટ ધ્રૂજતા અવાજમાં કહી રહી : 'કયાં હતો તું આટલા દિવસ ?'

'છેલ્લાં વીસ વર્ષથી હું તારી શોધમાં ભટકયા કરું છું. પહેલાં મારા માર્યા ગયાના સમાચાર વહેતા થયા. એમાં ભૂલ એ બાપડાંની એ થઈ કે જ્યાં મારો એક પગ જ માર્યો ગયો હતો ત્યાં એમણે મને આખો મરેલો જાહેર કર્યો. પણ એ બધી વાત પછી પણ આજ સુધી તું કયા ખૂણામાં સંતાઈ ગઈ હતી ? તને શોધવા માટે મેં આખું ઈંગ્લેન્ડ ગાંડું કર્યું.'

માર્ગારેટ વાસ્તવિકતાની ભૂમિ પર પરત આવી. તેણે કર્નલની સાથે બધાંની ઓળખ કરાવી પછી પોતાની આપવીતી કર્નલને કહેવા માંડી.

તે રાતે બધાં ઘેર પહોંચ્યાં ત્યારે રાતના બાર વાગવા આવ્યા હતા છતાં સૂવા જવાની જાણે કોઈને ઈચ્છા જ થતી ન હતી. એનીએ તૂટી વાતનો દોર સાંધતી હોય તેમ પૂછયું : 'તમારાં ટાઈટલ પરથી જણાય છે કે તમે કર્નલ છો. તમે કર્નલ કેવી રીતે બની ગયા ?'

'પગની લાંચ આપીને સ્તો. હું લડાઈમાં જોડાયો ત્યારે સામાન્ય સૈનિક જ હતો. મૃત્યુ પામેલાની

યાદીમાં જ્યારે મારું નામ મુકાયું ત્યારેય હું સૈનિક જ હતો. પણ દોઢ વરસ પછી હું લંગડાતે પગલે, એ યાદીમાંથી મારું નામ કમી કરાવવા ગયો ત્યારે હલચલ મચી ગઈ. હું કેમ કરતાં ઘવાયો હતો, કેવી રીતે પકડાયો હતો, કેવી યુક્તિથી છટક્યો હતો અને દુશ્મન દળની કેવી માહિતી મેળવી લાવ્યો હતો એ બધી વાતો જાણી એમણે મારા યુનિફોર્મ પર બેચાર ચબરખીઓ લગાડી આપી. પછી તો તમે જાણતાં જ હશો કે લડવાનું જેટલું અઘરું છે એટલું કર્નલ થવાનું અઘરું નથી. એમ આજે હું કર્નલ બની ગયો છું.'

'તમે આન્ટીની શોધ કેમ ન કરી ?'

'હું છટકીને દેશમાં પરત આવ્યો કે તરત મેં એની તપાસ કરી. એના કાયમના ઠેકાણા પર એ ન મળી. તપાસ કરતાં ખબર પડી કે એ કોઈને પોતાનો પત્તો આપ્યા સિવાય ક્યાંક જતી રહી હતી. મેં પોસ્ટ ઑફિસમાં તપાસ કરી કે તેણે ત્યાં એના પર આવતા પત્રો રીડાયરેક્ટ કરવા માટેનું કોઈ સરનામું આપ્યું હતું કે કેમ ? પણ ત્યાં પણ મને નિરાશા મળી. પછી તો રઘવાયા થઈ મેં પેપરમાં જાહેરાત આપી અને રેડિયો પર પણ એની શોધ માટે જાહેરાત કરી. મેં એને શોધી આપનારને ઈનામ આપવાની પણ જાહેરાત કરી પણ ક્યાંયથી કશી ભાળ ન મળી. છેવટે મને લાગવા માંડ્યું કે એ કાં તો મરણ પામી હતી કે કોઈની સાથે પરણી અજ્ઞાતવાસમાં ચાલી ગઈ હતી.

'છતાં મારા મનના ખૂણામાં હું એની યાદને સંઘરી રહ્યો હતો. નોકરી પરથી બેચાર દિવસની સળંગ રજાઓ મળી શકતી કે હું નોટિંગહામ ઊપડી જતો. મેં મેગીના જૂના પાડોશીઓને પણ કહી રાખ્યું હતું કે એમને મેગીની માહિતી મળે કે તરત મને જાણ કરે. ને રીટાયર થયા પછી પણ એ જ આશા સાથે મેં નોટિંગહામમાં મકાન લઈ લીધું છે. પણ મારી એ આશા પણ ફળી નહીં એટલે છેવટે મેં મન મનાવ્યું કે હવે એની મળવાની આશા રાખવી વ્યર્થ છે ત્યાં જ એ મને મળી.'

'તમારા પર શી વીતી હતી એ તમે કર્નલને નહીં કહો, આન્ટી?' રવીન્દ્રએ મેગીને પૂછ્યું.

'એમના મરણના સમાચાર પહેલાં તો મેં સાચા જ ન માન્યા. પણ ત્રણ વખત રેડિયો પર અને બે વખત સરકારી યાદીમાં એમનું નામ મરણ પામેલાની યાદીમાં આવ્યું ત્યારે તો મારે માનવું જ પડ્યું. મારી તો દુનિયા જ ઉજડી ગઈ. એક વખત તો મને આપઘાત કરવાનો વિચારેય આવી ગયો. પણ આપઘાત કરવો એ તો મહા પાપ છે એવી ધાર્મિક માન્યતાએ મને તેમ કરતાં પાછી વાળી. પછી સાધવી થઈ જવાનો વિચાર આવ્યો પણ મનમાં થયું કે હું એવી તો નિરાશ થઈ ગયેલી હતી કે એ કામ પણ હું મન દઈને કરી શકીશ નહીં એટલે એક નાનકડા ગામમાં જઈ સામાન્ય નોકરી લઈ મેં મારી જાતને આખી દુનિયાથી ઓઝલ કરી દીધી. પછી કર્નલની રેડિયો જાહેરાતો કે પેપરની જાહેર ખબરો મારા સુધી પહોંચે જ કેવી રીતે ?

'આખરે થોડા મહિના પહેલાં એની રીટાયર થઈને દેશમાં આવતી હતી એ જાણતાં મેં પણ નોકરી છોડી દીધી ને તેની સાથે રહેવા ચાલી આવી. અમારા બેમાં આ બે હિંદીઓ ભળ્યાં. રવીને મારો હાથ જોયો. તેણે મને કહ્યું કે મારાં લગ્ન નજીકના ભવિષ્યમાં થવાનાં હતાં ત્યારે તો હું એના પર એવી તો ગુસ્સે થઈ કે અઠવાડિયા સુધી એની સાથે વાત કરવાનુંય ટાળતી રહી. સોરી, રવીન.' કહેતાં તે રડી પડી.

'મિ. રવીન, તમે હસ્તરેખાશાસ્ત્રી છો એ જાણી આનંદ થયો.આજે જો કે મને કશી ઈચ્છા રહી નથી છતાં તમે મારો હાથ જોઈ દેશો જરા ?' કર્નલે કહ્યું.

'તમારો હાથ જોવાની કશી જરૂર નથી. આન્ટીનો હાથ જોઈને મેં જે કાંઈ કહ્યું હતું એ હજુ તેમણે તમને પૂરું ક્યાં કહ્યું છે ?'

'શું કહ્યું હતું ?'

'કહી દઉં ને, આન્ટી ?' રવીન્દ્રએ માર્ગારેટને પૂછ્યું. પણ માર્ગારેટ શું જવાબ આપે ? એ ચૂપ જ રહી. એટલે રવીન્દ્રએ કહ્યું : 'મેં એમને કહ્યું હતું કે તેમનાં લગ્ન એક જ વરસમાં થવાનાં હતાં ને તેમના નસીબમાં એક સંતાન પણ હતું.'

'તું સાચો જ પડવાનો છે. તારું કહેલું બધું સાચું જ પડતું આવ્યું છે. કર્નલ તમે પણ હાથ બતાવો.' એનીએ કહ્યું ને રવીન્દ્રએ કર્નલનો હાથ પોતાના હાથમાં લીધો.

એ હાથમાંની રેખાઓ જોઈ પછી કર્નલના કપાળ પર નજર ફેરવી કહ્યું : 'તમને એક અંગત વાત કહું, તમારા કરતાં આન્ટી થોડાં મોટાં છે.'

'કાંઈ ચોક્કસ તો યાદ નથી પણ મારાથી છ મહિના કે દોઢ વરસ તે મોટી હશે. મને તેની જન્મ તારીખ યાદ છે પણ વરસ યાદ નથી.' કર્નલે કહ્યું.

'અઢી વરસ. મને બધું યાદ છે.' માર્ગારેટ વચમાં બોલી ઊઠી.

'બીજી આનંદની વાત. તમારી ઉંમર થઈ છે છતાં એક આનંદના સમાચાર આપું કે તમે તમારા સંતાનના સંતાનને જોવા ભાગ્યશાળી થશો.' રવીન્દ્રએ કહ્યું.

'કહ્યું ને કે આજે તમારે મારો હાથ જોવાનો નથી રહ્યો. જો ગઈકાલે તમે મને મળ્યા હોત તો ભગવાનના સમ ખાઈને કહું છું કે મેં તમારી કોઈ વાત સાચી ન માની હોત અને બધાંની વચ્ચે તમારી ઠેકડી ઉડાડી હોત.' કર્નલે કબૂલ કર્યું.

'તમારી એ વાત સાવ સાચી છે. અમે કોઈએ પણ એની વાત સાચી માની ન હતી ને. ' એનીએ કર્નલની વાત સાથે સંમત થતાં કહ્યું. પછી બધાં સૂવાની તૈયારી કરવા લાગ્યાં એ દરમિયાન એણે અચાનક વાતનું સુકાન રવીન્દ્ર તરફ ફેરવતાં કહ્યું : ' રવીન, તું બધાંના હાથ જુએ છે પણ તારો હાથ કદી જુએ છે ખરો ?'

ને બધાં ચમક્યાં. સ્પંદના ને રવીન્દ્રને જેવી દહેશત હતી એ જ વાત ઊભી થતી લાગી. રવીન્દ્રએ એનીના પ્રશ્નનો જવાબ ટાળવા માગ્યો ને એનાથી અનાયાસે જ બોલાઈ ગયું : 'કેમ ?'

'તે તો તારા મનને જ પૂછ ને. હું છેલ્લા પંદર દિવસથી તમારા બેયનો તાલ જોઈ રહી છું. મારી સહનશકિતની હવે હદ આવી ગઈ છે. તમારા બેયની વચ્ચે ખટરાગ થયો છે. મારે આજે જ એ વાતનો ફેંસલો લાવી દેવો હતો, પણ આજે કર્નલ અને માર્ગારેટના પુનઃમિલનનો શુભ અવસર છે એટલે હું કોઈની સાથે ઝઘડવું પસંદ કરતી નથી.' એનીએ કહ્યું.

'પણ તમારે ઝઘડવું પડે એવું કાંઈ છે જ નહીં.' રવીન્દ્રને બદલે સ્પંદના બોલી ઊઠી.

'હું પણ એમ જ ઈચ્છું છું કે એવું કશું ન હોય. કદાચ હોય તોય કાલે સવાર પહેલાં તેની પૂર્ણાહુતિ થઈ જવી જોઈએ, નહીં તો મારે કોઈની સાથે ઝઘડવું પડશે એ વાત ચોક્કસ છે.'

અનુક્રમ

## ૨૫. મનના મળ્યા શું મેળ ?

તે રાતે સૌ પોતપોતાના ઓરડામાં સૂવા ગયાં એટલે રવીન્દ્રના ધૂંધવાઈ રહેલા ગુસ્સાએ સ્પંદનાને હડફેટમાં લીધી : 'તારી આ ટેવ મને પસંદ નથી. આપણી અંગત વાતમાં એ ડોસીને ભેળવવાની શી જરૂર

હતી?'

'મેં એમને ભેળવ્યાં નથી તેં ભેળવ્યાં છે. એક તો તેં પાર્ટીમાં આવવાની ના પાડી અને ત્યાં પાર્ટીમાં ડાન્સ માટે પણ તું ઊભો ન થયો. છેવટે ઊભો થયો ત્યારે મારે બદલે તેં ડાન્સમાં સાથ આપવા આન્ટીને પૂછ્યું. આ બધું શું સૂચવે છે ?' સ્પંદનાએ પોતાનો બચાવ કરવાને બદલે રવીન્દ્રને એની ભૂલ યાદ કરાવી.

'તો શું મારે એ બધાં કહે તેમ જ કરવું ? શું હું તેમનો--'

'એ બધું તો તારે તારા પોતાના મનને પૂછવું જોઈએ, કારણ કે મારું કહેવું તારા મનમાં નથી ઊતરવાનું. તું સાચી વાત સ્વીકારવા જ ક્યાં તૈયાર છે ?'

'એટલે તું અસહકારની નીતિ અપનાવવા માંડી છે એમ જ મારે સમજવું ?'

'તારી શાંતિથી સાંભળવાની તૈયારી હોય તો હું તને કાંઈક કહું, નહીં તો પછી મારા કહેવાનો અર્થ નથી.'

રવીન્દ્ર ચૂપ રહ્યો. તેણે સ્હેજ વાર સ્પંદનાની સામે તાક્યા કર્યું, પછી અચાનક કહ્યું : 'તારો હાથ લાવ જોઉં.' સ્પંદનાએ એની સામે પોતાનો હાથ ધર્યો. રવીન્દ્રએ તેની રેખાઓનો બારીકાઈથી અભ્યાસ કર્યો અને કહ્યું ; 'હું કશું નકકી કરી શકતો નથી એ મારી ભૂલ છે એ હું કબૂલ કરું છું. પણ તું કોઈ પણ વાતે મને કન્વીન્સ નથી કરી શકતી એ તારી પણ ભૂલ જ છે.'

'જે સાચું હોય એને દલીલબાજીના વાઘા ન પહેરાવીએ છતાં સાચું જ રહે છે. જો તારું હસ્તરેખાશાસ્ત્ર સાચું છે એવો તને વિશ્વાસ હોય તો તું મારો હાથ જો, તારો હાથ જો અને સરખાવી જો. તને જો દિલ પર વિશ્વાસ હોય તો મારું દિલ જો, તારું દિલ જો અને બેયને સરખાવી જો. આ સિવાય બીજો કોઈ રસ્તો મને તો દેખાતો નથી.'

'જ્યાં સુધી તું મારા મનમાંની શંકાનું સમાધાન ન કરી શકે ત્યાં સુધી આપણું લગ્નજીવન સુખી થાય એવો કોઈ ચાન્સ નથી.'

'તારે માનવું હોય તો માન ને ન માનવું હોય તો તારી મરજી પણ મારે અને નિશીથને પ્રાથમિક તબકકામાં પ્રેમ હતો. અમે પરણવાનુંય વિચારતાં હતાં પણ નાતના દબાણને કારણે મારે એને પડતો મૂકવો પડ્યો અને હું તારી સાથે પરણી. લગ્ન પછી શું થયું એની તો તને ખબર છે જ. નિશીથની સાથે મારો મૈત્રીસંબંધ ચાલુ રહ્યો, તેં જ એ ચાલુ રહે એવી પરિસ્થિતિ ઊભી કરી એમ કહું તોય ખોટું નથી.'

સ્પંદનાને હતું કે રવીન્દ્ર કાંઈક બોલશે પણ એ કાંઈ બોલ્યો નહીં. સ્પંદનાએ આગળ કહેવા માંડ્યું : 'ને જ્યારે એને મળવાના પ્રસંગો વારંવાર ઊભા થવા લાગ્યા ત્યારે મને એના મનની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવવા માંડ્યો. મને એમ હતું કે એ મારી સાથે ન પરણી શકાયાના ગમમાંથી થોડા જ દિવસોમાં બહાર આવી જશે, એ ધારણા મને ખોટી પડતી જણાઈ. ને મેં નકકી કર્યું કે હું ગમે તે ભોગેય એને એના ગમમાંથી બહાર લાવી કોઈ યોગ્ય છોકરી સાથે પરણાવીને જ રહીશ. બાકી તું માને છે એવો અઘટિત સંબંધ અમારી વચ્ચે પહેલાંય કદી ન હતો કે લગ્ન પછીય ન હતો, પછી તારે જેમ માનવું હોય તેમ માન.'

'તેના પત્રો કયારેક અહીં આવેલા ખરા ?'

'તેનો એક પત્ર તારું ઑપરેશન થયું એવામાં આવ્યો હતો એ સૂટકેસમાં પડ્યો છે ને તેં વાંચ્યો પણ છે. તેનો બીજો પત્ર તું જયારે અરામમાં હતો ત્યારે આવેલો જે મેં કેટલાંક કારણોસર તને બતાવ્યો નથી ને બતાવવા માગતી પણ નથી. પરંતુ જો તું મારા પર વિશ્વાસ મૂકી શકતો હોય તો મને કહેવા દે કે એ પત્રમાં એક

શબ્દ પણ એવો નથી કે જે અમારા સંબંધ પર કલંકની કાલિમા ચોપડી શકે.' તે એકી શ્વાસે બોલી ગઈ.

'તો પછી એ પત્ર મને બતાવવામાં તને વાંધો શો છે ?'

'તારી આંખના ઑપરેશન પહેલાં આપણી વચ્ચે કેટલીક ચોખવટ થઈ હતી. અમુક બાબતો અંગે તારે મને કશું જ ન પૂછવું. પત્રની આ વાત એમાં આવી જાય છે. ન તો હું એ અંગે વધારે ચર્ચા કરવા માગું છું ન તો એ પત્ર તને બતાવી શકું એમ છું.' સ્પંદનાએ કહ્યું. સ્પંદનાના એ કથનમાં સત્યનો જે રણકો હતો તેનાથી રવીન્દ્રના હૈયામાં અનેક સ્પંદનો જાગ્યાં. તેની અડધી શંકા તો એ રણકાથી જ નાશ પામી. પણ બીજી એક શંકાનો કીડો એના મનમાં સળવળી રહ્યો.

તેણે એ પત્ર વાંચ્યો હતો. નિશીથ અને સ્પંદનાના સંબંધ સિવાય એ પત્રમાં વહેમ ખાવા જેવું કશું ન હતું. એ ફરીથી એ પત્રને મનમાં વાગોળી રહ્યો. જો પોતે સ્પંદનાની એ વાત પર વિશ્વાસ મૂકે તો એ પત્રમાં એવી કોઈ બાબત ન હતી કે જેને કારણે સ્પંદનાએ એ પત્ર સંતાડવો પડે. તેણે પોતાના વર્તન વિષે ફરીથી ઝીણવટ પૂર્વક તપાસ કરવા માંડી. અચાનક એને યાદ આવ્યું કે પોતે જ્યારે અંધાવસ્થામાં હતો ત્યારે મનથી નક્કી કર્યું હતું કે પોતાની આંખો બરાબર થઈ જાય પછી સ્પંદનાને દુઃખ થાય એવું કોઈ પગલું પોતે ભરવું નહી ને__

__ને વગર બોલ્યે તે ઊભો થયો ને સ્પંદનાને બાહુમાં સમાવી લેતાં એને ચુંબનોથી નવડાવી રહ્યો. સ્પંદના કાંઈક સમજી, કાંઈક ઉપરાઉપરી થતાં ઉષ્માભર્યાં ચુંબનોએ તેને સમજાવ્યું ને બાકી હતું તે પેલા હાથની પકડે જાણે એના કાનમાં કહી દીધું. હર્ષનાં આંસુ તેની આંખની કિનારી સુધી આવીને અટકી ગયાં, કદાચ બહાર આવ્યાં હોત તોય પેલા ઉષ્માભર્યા હોઠની ઉષ્માથી વરાળ બનીને ઊડી ગયાં હોત.

પછીની રાત એમની નવી એક મધુરજની બની રહી. પણ સુખની નિંદરમાં પોઢેલાં સ્પંદના ને રવીન્દ્રને ક્યાં ખબર હતી કે વિધિ એમના એ ક્ષણિક આનંદને પાછો ખરાબે ચઢાવવાની યોજના ઘડી રહી હતી.

◆

સવારમાં તે ઊઠ્યાં ત્યારે એમને ઘરના વાતાવરણમાં આનંદની મહેંક વરતાઈ રહી હતી. એમની આ અનુભૂતિનો પડઘો એનીના મનમાં પણ પડ્યો. 'આજે તમને હસતાં જોઈ કેવો આનંદ થાય છે !'

'અમે તો રોજ હસતાં જ હતાં પણ તમારી આંખોમાં કમળો થયો હોય એટલે તમને બધું પીળું દેખાતું હતું. સારું થયું કે તમારી તબિયત બરાબર થઈ ગઈ.' રવીન્દ્રએ તેને ઉડાવી.

'મારી આંખોનો એમાં દોષ ન હતો. પણ સારું થયું કે તમે સહેજમાં સમજી ગયાં. નહીં તો મારે તમારી સાથે કામ વગર લઢવું પડત.'

'એ તો તમારા મૂડ પર આધાર રાખે છે, બાકી અમે ક્યાં ઝઘડવા તૈયાર છીએ ?' સ્પંદના હસીને વચમાં પુરાઈ.

'એ તો હું પણ ક્યાં નથી જાણતી ? પણ છેલ્લા પંદર દિવસમાં તને સાચું હસતી મેં આજે પહેલી વખત જોઈ.'

'શું થાય તમે સાચેસાચું લઢવાની વાત કરી એટલે અમારે સાચેસાચું હસવું જ પડે ને !' રવીન્દ્ર વચમાં પુરાયો.

નાસ્તાના ટેબલ પર એનીએ કહ્યું : 'આવતી કાલે રવિવાર છે એટલે આ બે જણનાં લગ્ન પતાવી દઈએ

અને રાત્રે એક નાનકડી પાર્ટી પણ રાખી દઈએ એટલે એ લોકો હનીમૂન માટે જવા છૂટ્ટાં.' પછી ધીમેથી ઉમેર્યું : 'મને તો થાય છે કે જેમ એમણે આટલાં વરસ રાહ જોઈ એમ પાંચ વરસ વધારે રાહ જોઈ હોત તો એ લોકો હનીમૂન માટે મૂન પર જઈ શકત, કેમ સ્પંદના ?'

'આ ડોસલીને મશ્કરી કરવાનું જ આવડે છે, જાણે એ તો પરણી જ નહીં હોય.'

'સ્પંદના, તારી આ જુવાન આન્ટીને જરા સમજાવ કે હું તેનાથી થોડી જ મોટી છું.' કહેતાં એની હસી પડી.

પરંતુ આનંદનું આ વાતાવરણ બહુ લાંબું ચાલવા સર્જાયું જ ન હતું. લગભગ સાડા આઠ વાગ્યે ટપાલ આવી તેમાં દેશમાંથી ધનુભાઈ શેઠનો, સ્પંદના પરનો પત્ર હતો. આ પત્રથી જાણે બાજી જ પલટાઈ ગઈ.

પત્રમાં તેમણે જણાવ્યું હતું કે નિશીથની તબિયત ઘણી જ કથળી ગઈ હતી. ડૉક્ટરો કહેતા હતા કે એને ક્ષય લાગુ પડ્યો હતો અને તે અત્યારે બીજા તબકકામાં પ્રવેશી ગયો હતો. નિશીથ ઈંજેક્શનો લેવાની કે દવા પીવાની ના પાડતો હતો. ગઈકાલથી એને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પત્ર પરની તારીખ જોતાં એ ગઈકાલ એટલે દશ દિવસ પહેલાંની ગઈકાલ હતી એની ગણતરી સ્પંદનાએ મનોમન કરી લીધી.

અમૃતગૌરીને તેની આ માંદગીથી મોટો આઘાત લાગ્યો હતો અને તે વળી પાછાં ચિત્તભ્રમ જેવાં થઈ ગયાં હતાં. શેઠે સ્પંદનાને વિનંતિ કરી હતી કે એ નિશીથને પત્ર લખી દવા અને ઈંજેક્શનો લેવા માટે સમજાવે અને અમૃતગૌરીને પણ પત્રથી આશ્વાસન આપે.

પત્ર વાંચી તે રવીન્દ્રના હાથમાં પકડાવી દેતાં સ્પંદના પોતાના રૂમમાં દોડી ગઈ. બધાં પત્રમાં શું હશે એની કલ્પનામાં નિશીથ સામે તાકી રહ્યાં. 'શું થયું ? પત્રમાં શા ખબર આવ્યા છે ?' એનીએ પૂછ્યું.

'અમારા એક મિત્રની તબિયત બહુ ખરાબ થઈ ગઈ છે ને તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો છે. આવી પરિસ્થિતિમાં અહીં રહીને શું કરી શકાય એની વિમાસણમાં સ્પંદનાને આઘાત લાગ્યો જણાય છે.' પત્ર વાંચતાં રવીન્દ્રએ કહ્યું અને પેલાં બે વડીલોની રજા લઈ તે પણ સ્પંદનાની પાછળ પોતાના રૂમમાં ગયો. અંદર સ્પંદના ઓશિકામાં મોં છુપાવી રડી રહી હતી.

'સ્પંદના તું આવી પોચી શું થઈ જતી હોઈશ ? આવે વખતે જ માણસની હિંમતની કસોટી થાય છે. ચાલ સ્વસ્થ થઈ જા. આપણે શાંતિથી વિચારીએ કે આપણાથી શું થઈ શકે એમ છે.'

સ્પંદનાએ ઊંચું જોયું. તેનું મોં આંસુથી ખરડાઈ ગયું હતું. 'બીજા તબકકામાં ક્ષય, આપણે શું કરવું જોઈએ ? તું જ કહે, આપણે શું કરવું જોઈએ ?' તેણે પૂછ્યું.

'એમાં એટલાં બધાં નર્વસ થઈ જવાની જરૂર નથી. અત્યારે તો ત્રીજા તબકકામાં ક્ષય હોય એવા દર્દીને પણ યોગ્ય સારવારથી સાજા કરી શકાય છે જ્યારે આ તો હજુ ટી.બી. બીજા તબકકામાં જ છે. આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે અહીં રહીને આપણે એમને કેટલાં સહાયભૂત થઈ શકીએ છીએ ? પહેલાં તું મોં ધોઈ નાખ હમણાં જ પેલી ડોસીઓ અહીં દોડી આવશે અને તને આમ જોશે તો પ્રશ્નોની ઝડી વરસાવશે.' તે બોલ્યો.

સ્પંદના ઊભી થઈ ને મોં ધોઈ આવી. પછી ખુરસી પર બેસતાં બોલી : 'હા, આપણે આ અંગે શાંતિથી વિચારવું પડશે. આજે સાંજે આપણે આ અંગે શાંતિથી વિચારીશું.' તે બોલી. તેને પોતાના મન પર કાબૂ રાખવા ઘણી મહેનત કરવી પડતી હોય તેમ લાગતું હતું.

___ ને પેલાં બે જણાં કુતૂહલ દર્શાવતાં દોડી આવે તે પહેલાં બેય જણ બહાર આવી ગયાં, પણ વાતાવરણ ડોળાઈ ગયું હતું.

'તમે તો કેવાં જુવાનિયાં છો ? આવી વાતમાં આટલાં ગંભીર બની જવાનું હોતું હશે ?' એકે ટકોર કરી.

'આફત તો બધાંના જીવનમાં આવે, પણ જુવાન માણસોએ તો આવે વખતે હિંમતથી કામ લેવું જોઈએ. આમ હિંમત હારી જશો તો પછી પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરશો ?' કર્નલે કહ્યું.

'તમે વધુ પડતાં ભાવનાશીલ છો. હું તો કહું છું કે માણસે જીવનમાં જો સફળ થવું હોય તો આવી ભાવનાશીલતાથી દૂર રહેવું જોઈએ.' ત્રીજું બોલ્યું.

વાતને રોળીટોળી નાખવાની સહુની ઈચ્છા હતી છતાં સ્પંદના કેમેય હસતું મોં રાખી શકતી ન હતી. રવીન્દ્ર કશું બોલતો ન હતો પણ મનથી તે, મહામહેનતે સાધેલો મનમેળ તૂટી પડતો અનુભવી રહ્યો હતો. ને હસી નાખવું જરૂરી માનતાં એવાં પેલાં ત્રણ વડીલો પણ આ અસરમાંથી મુકત રહી શકયાં ન હતાં ને ! છેવટે કર્નલે પ્રસ્તાવ મૂકયો : 'એમ કરો, બપોરના ખાણા પહેલાં તમે બેય જણ વિચારી લો કે તમારાથી આ અંગે શું કરી શકાય એમ છે.'

'અરે, એવું કાંઈ નથી, આ તો સમાચાર આકસ્મિક આવ્યા એટલે જરા ગંભીર થઈ જવાયું સ્પંદનાથી. સ્પંદના વધુ પડતી સેન્ટિમેન્ટલ છે એટલે એ લાગણીવશ થઈ ગઈ. બાકી આ પત્રને કારણે, આપણા નકકી કરેલા કાર્યક્રમમાં કશો અંતરાય આવતો નથી.' રવીન્દ્રએ સ્પંદનાની હતાશાને ખંખેરી નાખવા પ્રયત્ન કરતાં કહ્યું.

તે વખતે પછી આ અંગે કશી વાતચીત ન થઈ. બધાં નકકી કરેલા કાર્યક્રમ મુજબ પોતાને ફાળે આવતાં કામમાં વળગી ગયાં. પછી તો જાણે સ્વાગત, શણગાર અને લગ્નની ધમાલમાં એ વાત જ ભુલાઈ ગઈ લાગી.

લગ્ન અને પાર્ટી પત્યા પછી થાકયાંપાકયાં બધાં પોતપોતાના રૂમમાં સૂવા ગયાં ત્યારે સ્પંદનાના મોં પરની ઉદાસિનતા જોઈ રવીન્દ્રએ જ વાત ઉપાડવી પડી : 'કાલે નિશીથને એક પત્ર લખી નાખીએ, એક પત્ર ધનુભાઈ શેઠને પણ લખીએ.' તેણે કહ્યું.

'તને લાગે છે કે માત્ર પત્ર લખવાથી આ વાતમાં કશું પરિણામ આવી શકશે ?'

'તારા મનમાં આનાથી વધારે સારો ઉકેલ હોય તો તું સૂચવ તો એ પ્રમાણે કરીએ.'

'તેં વાંચ્યું નહીં ? ટી.બી. છે અને તેય બીજા તબકકામાં પ્રવેશી ગયો છે.' તે કાંઈક મૂંઝવણ અને કાંઈક ગૂંચવણમાં અટવાતાં બોલી. બે દિવસના ઊંડા મનોમંથન પછી તે કોઈ ચોકકસ નિર્ણય પર આવી હતી, પણ તે પોતાનો નિર્ણય જાહેર કરતાં શાંતિને જોખમાતી જોઈ રહી હતી અને એટલે તો તે ભળતું જ બોલી ને ! 'બોલ, આપણે શું કરીશું ?'

રવીન્દ્ર ગુંચવાયો. તેનું મન પણ કયારનુંય વિસ્ફોટ પહેલાંની ગુંગળામણ અનુભવી રહ્યું હતું. તે નિશીથના પરિચયમાં આવ્યો ન હોત અને તેના સ્વભાવથી પ્રભાવિત થયેલો ન હોત તો એને કયારનુંય કહી દીધું હોત :'એમાં આટલી મૂઝાઈ શું જતી હોઈશ ? એના ચાર હજાર રૂપિયા આપણી પાસે પડ્યા છે એ મોકલી આપીએ ને સાથે પત્ર લખી દઈએ. જોઈએ તો બેત્રણ હજાર વધારે મોકલીએ. ભટ્ટાચાર્યને ભલામણ કરીએ કે એને ખાસ ટ્રીટમેન્ટ મળે એવી વ્યવસ્થા કરે.'

'આપણા પત્રની કશી અસર પડે એમ મને લાગતું નથી. મને તો લાગે છે કે એની તબિયત વધુ કથળે તે પહેલાં આપણે ત્યાં પહોંચી જવું જોઈએ. આપણી હાજરીથી કદાચ બધું બરાબર થઈ શકે.'

'આપણે ધારીએ તો પણ અહીંથી ઝડપથી જઈ શકીએ તેમ નથી. મારે નોકરી પરથી છૂટા થવું હોય તોય ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં નોટિસ આપવી પડે એની તો તનેય કયાં ખબર નથી ? અને ધનુભાઈ

શેઠ પણ ક્યાં આપણી હાજરીની માગની કરે છે ? આપણે ફક્ત__'

'ફક્ત ધનુભાઈ શેઠની માગણીથી જ ત્યાં આપણી ત્યાં હાજરી હોવાનું મૂલ્યાંકન થઈ જતું નથી. મને લાગે છે કે આપણે આપણી જે ફરજ હોય તેને અનુસરવું જોઈએ.'

'મને લાગે છે કે તારે ભાવનાશીલતા ને કલ્પનાને બાજુ પર મૂકી વાસ્તવિકતાનો વિચાર કરવો જોઈએ. જે શક્ય જ ન હોય તેનો વિચાર કરવાથી શું ફાયદો ?'

'હું એવી વાત નથી વિચારતી કે જે અશક્ય હોય. વળી તારા હૉસ્પિટલ સાથેના સંબંધો એવા સારા છે કે આવે પ્રસંગે તું એમને ટૂંકી નોટિસ આપી નોકરી છોડે તો પણ તે તારો નોટિસનો પગાર ન જ કાપી લે. અને કદાચ એમ કરે તો પણ કાંઈ વાંધો નહીં, પણ આપણે આપણી ફરજ તો બજાવવી જ જોઈએ.' રવીન્દ્રના મનમાં ચાલતા ગજગ્રાહથી અજાણ સ્પંદના એમ જ કહે ને !

'નોટિસનો પગાર એટલે ત્રણ મહિનાનો પગાર ને ત્રણ મહિનાનો પગાર કેટલો થાય છે એ તેં વિચાર્યું જ હશે. એટલા પૈસા પાછા ભરવા પડે તો પછી આપણી પાસે દેશમાં પાછા જવાના ભાડા કરતાં કેટલા વધારે પૈસા બચે એ ગણી જો.'

'બૅંકમાની પોતાની બધી જ બચત અને વતનમાંનું પોતાનું મકાન વેચીને જેણે તારી આંખના ઑપરેશનને સફળ બનાવ્યું એની જિંદગીને તું તારા ત્રણ મહિનાના પગાર સાથે સરખાવવા તો નથી માગતો ને !' કોણ જાણે ક્યાંથી પણ સ્પંદનાના આ કથનમાં એના મનની કડવાશ ઊભરી આવી.

આ કડવાશ રવીન્દ્રથી છૂપી ન જ રહી અને એટલે જ એનાથી બોલાઈ ગયું ને : 'મારી આંખોના ઑપરેશનને શક્ય બનાવવા માટે એણે આ પૈસા આપ્યા હતા એમ તો તું કહે છે. બાકી તેણે તને ચાર હજાર રૂપિયા શા માટે આપ્યા છે એ હું સારી રીતે જાણું છું.' રવીન્દ્રના મનની કડવાશ બહાર આવીને જ રહી.

સ્પંદના ધૂવાંપૂવાં થઈ ગઈ. 'શા માટે ?'

'તારા મનને જ પૂછી જો. એણે ચાર હજાર પતીકડાંથી તને ખરીદી લીધી નથી શું ?' રવીન્દ્રના મનનો ઊભરો બહાર આવીને જ રહ્યો.

રડવું નહીં એવો મકકમ નિર્ધાર કરેલો હોવા છતાં સ્પંદનાનું હૈયું આક્રંદ કરી ઊઠ્યું. રવીન્દ્રના આવા હલકા વિચારો સામે તેનું દિલ બળવો પોકારી ઊઠ્યું. તેને ગળે ડૂમો ભરાઈ ગયો. પણ તેણે ઝડપથી પાંપણની આડે નિશ્ચયની પાળ બાંધી દીધી ને આંસુનું એક ટીપુંય બહાર આવે તે પહેલાં તેણે મનને મકકમ કરી લીધું. પછી મકકમ અને કઠોર અવાજે તેણે કહી દીધું : 'તારા આવા વિચારો અને આવા મેલા મનથી મને શરમ આવે છે. મને લાગે છે કે હું આજ સુધી એવા ભ્રમમાં રહી હતી કે તું મને સમજી શક્યો છે ને મને ચાહે છે.'

'ભ્રમમાં તો હુંય હતો જ ને ! પણ મારા મનનો તાગ લેવાને બદલે જરા તારા મનમાં ડોકિયું કરી જો એટલે તને ખબર પડી જશે કે સાચું શું છે. ને તને મારો સહવાસ ન ગમતો હોય તો એની પાસે ચાલી જા; મારી તને બધી વાતે છૂટ છે.' રવીન્દ્ર પણ લઢવાના મૂડમાં આવી ગયો, પણ પછી તરત જ પસ્તાયો. પરંતુ જે બોલાઈ ગયું હતું એને ન બોલાયું કરી શકાય તેમ ન હતું. એના એ શબ્દોએ સ્પંદનાના મર્મને વીંધી નાખ્યું હતું.

'હા, હું જઈશ જ. તારે જે માનવું હોય એ માન પણ હું મારી ફરજ નહીં ચૂકું. હું તારી પત્ની છું એટલે જતા પહેલાં તને જણાવવાની મારી ફરજ છે એટલે તને જણાવી દઉં છું કે હું દેશમાં જાઉં છું. જેમ તું માને છે એમ તેનો સહવાસ માણવા નહીં પણ જે ફરજ તું વિસરી ગયો છું એ ફરજ નિભાવવા માટે હું જાઉં છું.'

'ક્યાં ?'

'જ્યાં રહી હું મારી ફરજ નિભાવી શકું ત્યાં.'

'એટલે તું દેશમાં જવાની વાત તો નથી કરતી ને ?'

'હું દેશમાં જવાની જ વાત કરું છું અને તે પણ જેમ બને તેમ જલ્દી. બને તો સેમ્યુઅલની સાથે જ ઊપડી જઈશ.'

'તને ખબર તો છે ને કે તું શું કરી રહી છે ?'

'આજ સુધી હું શું કરી રહી હતી એની મને ખબર ન હતી પણ આજે તો મને પૂરી ખબર છે કે મારે શું કરવું જોઈએ અને હું શું કરી રહી છું.' તે બોલી. રવીન્દ્ર મનમાં સમસમી ગયો. આમેય નિશીથ અને સ્પંદના વચ્ચેના સંબંધના વહેમનો કીડો તેના મનમાં સળવળી રહ્યો હતો તે જાગૃત થઈ ગયો હતો. જે સ્ત્રી પતિને છોડી મિત્રની સેવા કરવા દેશમાં ચાલી જવા તૈયાર થાય તેને માટે તેનો પતિ શું ધારે ?

રવીન્દ્રને થયું કે સ્પંદના એક તો ગુનામાં હતી અને પકડાઈ જતાં શરમાવાને બદલે ઊલટી પોતાને દબડાવવા પ્રયત્ન કરતી હતી. તેણે કહ્યું : 'ભલે, તારે જે કરવું હોય તે કર પણ એક વાત સાંભળી લે કે આ એક એવી પળ છે કે જેને તું જાળવી લેશે તો આપણા જીવનમાં શાંતિ જળવાઈ રહેશે. નહીં તો પછી તારે આખી જિંદગી રડવાનું જ રહેશે.'

'તમે જે તક જાળવી લેવાની વાત કરો છો એને હું આપઘાત કરવા જેવી ગણું છું. જ્યારે આપઘાત કરવા જેવી પળેય મેં આપઘાત નથી કર્યો ત્યારે અત્યારે મારે શા માટે આપઘાત કરવો પડે ? હું આ પળની કિંમત સારી પેઠે સમજું છું. હું તેને મારી રીતે જાળવી લઈશ. આશા હતી કે તમે મને એમાં સાથ આપશો પણ મારી એ આશા નિષ્ફળ નિવડી છે. મારી આશાઓની સાથે વિધિને કદી મેળ જ નથી મળતો.' ખેદથી તે બોલી ગઈ. દૂર કોઈ ઘડિયાળમાં બેના ટકોરા પડ્યા.

'ચાલો, આજે ઊંઘી જઈએ, કાલે આ વિષે વાત કરીશું.' છેવટે રવીન્દ્રએ કહ્યું.

'કાલે વાત કરવાથી એમાં કશો ફેર પડવાનો નથી.' સ્પંદનાની મકકમતા બોલી ઊઠી.

'તેં તરો નિર્ણય જણાવી દીધો છે પણ તને મારી સલાહ છે કે તું આજની રાત શાંતિથી વિચાર કરી જો. ઉતાવળે લીધેલા નિર્ણય ક્યારેક આખી જિંદગી ખટકયા કરે છે.'

'ખટકા સહન કરવાની મારે કાંઈ નવાઈ નથી. તમે એમ જ માની લેજો કે મને હવે લાંબું જીવવાનો મોહ જ રહ્યો નથી.' એવું કહી નાખવાનું સ્પંદનાને મન થયું પણ એનાથી એવું ન બોલાયું. એણે કહ્યું : 'પણ નિર્ણયમાં ને નિર્ણયમાં હું આ તક ચૂકી જાઉં તો મને તે સાત ભવ સુધી ખટકયા કરે એનું શું ?' રવીન્દ્ર કાંઈ ન બોલ્યો. દેશમાંથી સમાચાર આવ્યા ત્યારથી જ કશું અજુગતું થવાના ભણકારા વાગી રહ્યા હતા તેનું આ છેવટ હતું એમ તેને લાગ્યું.

સ્પંદનાએ આખી રાત પાસાં ઘસ્યા કર્યાં. રવીન્દ્ર પણ ઊંઘી શકયો ન હતો. એ બેની વચમાં અટવાતી ફરજ, વહેમ, ક્રોધ, શંકા અને ભયની લાગણીઓએ પણ એમની સાથે રાત આખીનો ઉજાગરો કર્યો જ હતો ને ! ને એટલે સવારમાં ઊઠતાંની સાથે જ સ્પંદનાએ રવીન્દ્રને કહ્યું નેઃ 'તમે હૉસ્પિટલે જતા પહેલાં મને હજાર પાઉન્ડનો ચેક આપતા જજો એટલે હું ટિકીટની વ્યવસ્થા કરવા માંડું. થોડી ખરીદી પણ કરવી પડશે.'

'તો આ તારો છેવટનો નિર્ણય છે ?' આખી રાત દળીને કોડિયામાં ઉઘરાવ્યાનો ઘાટ થયેલો જાણી હતાશ થતાં રવીન્દ્રએ પૂછ્યું.

'હા. મારી તો ઈચ્છા હતી કે તુંપણ સાથે આવે. તાત્કાલિક ન બને તો જેમ બને તેમ વહેલી તકે તું પણ

દેશમાં આવી જાય.' તે બોલી.

'શું કરવા ?'

'જે કામ માટે અહીં આવ્યાં હતાં એ કામ પૂરું થયું છે અને દેશમાંય કામ વાટ જુએ છે એ માટે.'

'કયું કામ ? નિશીથની ચાકરી કરવાનું અને એ બહાને તમને રોજ રોજ મળવાની તક ઊભી કરી આપવાનું ?'

'જો તું તારા મનને વહેમથી પોસીશ તો કલેશ સિવાય બીજું કાંઈ પામી શકીશ નહીં; પછી તો જેવી તારી મરજી.'

'અત્યારેય બીજું શું પામી શકયો છું ? છેલ્લા પંદર દિવસથી ધરાઈને ખાધું છે જ કોણે ?'

'શા માટે ?'

'તને ખબર છે જ.'

'ના મને ખબર નથી. તારા મનમાં શું ચાલે છે એ ખુદ ભગવાન પણ જાણતો હશે કે કેમ એની શંકા છે. હું તો તને ફરી એક વાર કહું છું કે મારામાં વિશ્વાસ રાખ.'

'મેં બહુ વિશ્વાસ રાખ્યો છે ને મનનેય બહુ માર્યું છે.' તે બોલ્યો. સ્પંદના વધુ છંછેડાઈ. એની આંખના ઑપરેશન માટે પોતે જે કર્યું એની કદર કરવી તો બાજુ પર રહી ને –

પણ સ્પંદના કાંઈ બોલી નહીં એટલે પોતાના ગુસ્સાને ઓકી નાખવાનો રવીન્દ્રનો મકસદ બળ ન આવ્યો છતાં એ બોલ્યો : 'હું ઉદાર માણસ છું. નિશીથને મેં સામેથી જ આવકાર્યો હતો. મારી એ ઉદારતાનો તમે ગેરલાભ લેશો અને મારી પાછળ બેય જણાં છૂપી રંગરેલિયો મનાવશો એવી આશા ન હતી. હું જોઈ શકતો ન હતો એ દરમિયાન તમે બેયે શુંય નહીં કર્યું હોય ! બાકી જેની પાસે લાખો રૂપિયા છે એવી તારી બેનપણીએ તને ફદિયાનીય મદદ ન કરી, અરે, તેં માગીય નહીં ને આ મુફલિસે-જેનું પોતાનું ઘર પણ ગીરો મૂકેલું હતું તેણે એ ઘર વેચી દઈને તને ચાર હજાર રૂપિયા આપ્યા અને તે તેં લીધા પણ ખરા. મને દેખતો કરીને જો તારે મને તમારી આ રાસલીલા જ બતાવવી હતી તો પછી મને દેખતો જ શા માટે કર્યો?'

તેની આવી શંકાથી ભરેલી ખોટી વાતોથી ગુસ્સે થઈ ગયેલી સ્પંદનાને ઘડીભર તો શો જવાબ આપવો તેની જ સૂઝ ન પડી. છેવટે તે બોલી : 'મને લાગે છે કે સમય પણ આપણી વચ્ચેનું અંતર ઓછું કરી શકશે નહીં. આપણે અજાણી ધરતી પર છીએ અને સગાં માબાપથીય અધિક એવાં વડીલોની છત્રછાયામાં છએ. આપણે હસીને છૂટાં પડીએ એ જ યોગ્ય છે.'

'તો શું તેં નિશ્ચય જ કરી લીધો છે ?' રવીન્દ્રએ પૂછ્યું. આ જ પ્રશ્ન તેણે રાતે કેટલી વાર પૂછ્યો હતો તેય તેને યાદ ન હતું. સ્પંદનાએ પણ એકનો એક જવાબ આપ્યા કર્યો હતો તેય કદાચ તેને યાદ ન હતું. એટલે તો તે બીજા ભળતા જવાબની આશાએ પ્રશ્ન વારંવાર પૂછ્યા કરતો હતો ને !

'હા.' વળી પાછો એ જ જવાબ.

'મને અહીં એકલો મૂકીને ?'

'તમે કાંઈ નાના નથી કે નિરાધાર પણ નથી. મારી સાથે દેશમાં આવવા માગતા હો તો એથી રૂડું શું ?' ટૂંકા, સચોટ અને મકકમ શબ્દો ને એથીય મકકમ મન. રવીન્દ્ર એની સામે તાકી જ રહ્યો.

'ભલે, હું પૈસાની ને ટિકીટની વ્યવસ્થા કરું છું. તું સેમ્યુઅલની સાથે ઊપડવાની તૈયારી કર. આપણે છૂટાં પડતાં સુધી હસીશું. પછીનું તો ભગવાન જાણે.' તે ખેદથી બોલ્યો. સ્પંદના પણ બહાર નીકળી ગઈ. ઘરમાં બધાં જાગી ગયાં હતાં.

અનુક્રમ

## ૨૬. આપણે ફરીથી મળીશું જ.

'અમારા બેમાંથી એકે દેશમાં જવું પડે એમ હતું એટલે અમે નકકી કર્યું કે સ્પંદનાએ દેશમાં જવું. મને તો એકદમ છૂટી મળી શકે નહીં એટલે_' રવીન્દ્રએ વગર પૂછયેય કહેવા માડ્યું.

'એની તબિયત સુધરશે એટલે હું પાછી આવી જ સમજો ને.' સ્પંદના કહેતી અને પછી ઉમેરતી : 'અરે, બનશે તો એને જ અહીં લેતી આવીશ, પછી શું ?' ને આંખ ઉલાળી હસી પડતી. સાંભળનારાંય તેની સાથે હસવા પ્રયત્ન કરતાં પણ એવું હસવામાં કોઈને મઝા પડતી હોય એમ લાગતું ન હતું. બધાંને રવીન્દ્ર અને સ્પંદનાની વચ્ચે પડેલી તડનો અણસાર આવી જ ગયો હતો.

આમ ને આમ ત્રણ દિવસ વીતી ગયા. એ ત્રણ દિવસો દરમિયાન રવીન્દ્રએ કેટલીક દોડધામ કરી હતી અને સેમ્યુઅલે પણ પોતાનાથી બનતી સહાય કરી હતી, એટલે સ્પંદનાનું બૂકિંગ અને જરૂરી કાગળિયાં તૈયાર થઈ ગયાં હતાં.

આજે સાંજના સાડાચાર વાગે સ્પંદના અને સેમ્યુઅલ નીકળવાનાં હતાં. રવીન્દ્ર અને સ્પંદનાનાં પકડી રાખેલાં હૈયાં હવે હાથ રહેતાં ન હતાં. બેયને છૂટાં પડવાનું હતું એ વાતનું એમને દુઃખ હતું એથી અધિક દુઃખ તો એમને એ વાતનું હતું કે તેઓ એકબીજાને ન સમજી શકવાને કારણે ભારે હૈયે છૂટાં પડતાં હતાં. સવારે સ્પંદનાની આંખ ખૂલી ત્યારે રવીન્દ્ર જાગતો જ હતો. 'તું આખી રાત ઊંઘ્યો નથી કે શું ?' તે બોલી ઊઠી.

'એવું નથી પણ તુંય ભાગ્યે જ બે કલાક ઊંઘી હોઈશ.' તે બોલ્યો.

'આજે તો હું જઈશ.' તે બોલી.

'એય તારે મને સંભારી આપવાનું હોય ?' એવું કહેવાનું રવીન્દ્રને મન તો થયું પણ એ બોલ્યો ત્યારે બીજું જ : 'શું થાય ? તેં નકકી કર્યું છે એટલે.'

'તું મને સંભારશે તો ખરો ને ?' કેવો પ્રશ્ન ? કેવા સંબંધો સાથે એ લોકો છૂટાં પડતાં હતાં એથી સાવ અજાણ એવો વિપરિત અને હાસ્યાસ્પદ.

'હું લાખ પ્રયત્ન કરું તોય તને કેવી રીતે વિસરી શકું ?' વિસર્યું વિસરાતું હોત તો માણસ દુઃખી જ શેં થાત ? એવા મુખભાવ સાથે તે બોલ્યો.

'આપણે ફરીથી કયારે મળીશું ?'

'કોણ જાણે ?'

'કદાચ ન મળીએ તો ?' શંકા અને સ્ત્રી સાથે જ હોય ને !

'એવું ન બોલ.'

'તું આશાવાદી છે ?'

'મને કાંઈ ખબર પડતી નથી, પણ આપણે આજે તો મળીશું જ. દિલથી અને દેહથી પણ. આપણે એકબીજાને માફ કરી દઈશું. તું મને માફ કરશે ને, હેં ?'

'કેવો પ્રશ્ન કરે છે તું ? માફ તો તારે મને કરવાનું છે. મને વિશ્વાસ છે કે આપણે બેય એકબીજાને માફ કરી દઈશું, યાદ પણ કરીશું અને ભગવાન કરશે તો ફરીથી મળીશું પણ ખરાં.' તે બોલી અને—

—અને એ પછી સવાર એક કલાક મોડી ઊગી હતી એની નોંધ તો પેલાં વડીલોની હસી રહેલી આંખોએય ક્યાં નહોતી લીધી ?

સેમ્યુઅલ દસ વાગતામાં પોતાની સૂટકેસ લઈને આવી પહોચ્યો. એ લંચ અહીં જ લેવાનો હતો. રવીન્દ્રએ આજે હૉસ્પિટલમાંથી રજા લીધી હતી.

'મેં મારા પિતાજી માટે આ વોકિંગ સ્ટીક અને આ સિગારેટ લઈટર લીધાં છે અને મારાં માતાજી માટે—' સેમ્યુઅલ કહી રહ્યો હતો પણ રવીન્દ્રનું ધ્યાન એના બોલવા પર ન હતું. ગઈકાલે હૉસ્પિટલેથી આવતાં એ નિશીથ માટે સ્યુટનું કાપડ, વૃંદા માટે એરિંગની એક જોડી અને ડૉક્ટર ભટ્ટાચાર્ય માટે એક સરસ મઝાનું સ્ટેથોસ્કોપ લઈ આવ્યો હતો.

'તું મને પત્ર તો લખશે ને ?' બપોરે સ્હેજ એકાંત મળતાં એણે સ્પંદનાને પૂછ્યું. પત્ર એટલે સાતત્ય : પ્રેમનું કે દ્વેષનું.

સ્પંદના ચમકી. 'કાંઈ કહેવાય નહીં. તું તો લખશે ને ?'

'તું કેમ નહીં લખે ?'

'હું નહીં લખું એવું મેં કહ્યું નથી. જ્યારે તને જણાવવા જેવું કશું હશે ત્યારે હું લખીશ જ.'

'તારી તબિયત સાચવજે.'

'તબિયત તો તારી સાચવવા જેવી છે. મારી તબિયત આ દોઢ વર્ષમાં ક્યારેય બગડેલી તેં જોઈ છે ? તું તારી તબિયત સાચવજે.'

'ને કદાચ ન સાચવી શકું તો તારી સેવાનો મને લાભ મળશે કે?'

'એ મારી ફરજ છે.'

'મને લાગે છે કે એ માટે મારે માંદા પડવું પડશે.'

'આપણે એવાં છીએ !'

'કેવાં છીએ ?'

'આપણે એકબીજાની આટલી કાળજી રાખીએ છીએ પણ પેલી ડોસીઓ કહે છે કે આપણે લઢીને છૂટાં પડીએ છીએ.' તે બોલી. એ પોતાના મનને મનાવવા તો નહોતી માગતી કે બન્ને સારા સંબંધો સાથે છૂટાં પડતાં હતાં!

'એમનો સ્વભાવ સારો છે.'

'તું એમને નહીં દુભવે એની મને ખાતરી છે. કર્નલ પણ સારા માણસ જણાય છે.'

'આપણે માટે બધાં જ સારાં છે. આપણે બધાંને માટે સારાં છીએ ને એટલે.'

'તમે બેય ક્યારનાં અંદર શું કરો છો ?' બહારથી એનીનો અવાજ સંભળાયો. સ્પંદના વહેલી વહેલી બહાર દોડી ગઈ.

'મને એમ હતું કે તમે છેવટનો હિસાબ પતાવતાં હશો.' સેમ્યુઅલે ટકોર કરી.

'તારા મનમાં હમણાંના અવનવા તરંગો ઊઠતા હોય છે.' સ્પંદનાની પાછળ બહાર આવી ગયેલા રવીન્દ્રએ કહ્યું.

પરંતુ નીકળવાનો સમય જેમ જેમ નજીક આવતો જતો હતો તેમ તેમ વતાવરણમાં ગમગીનીનું પ્રમાણ વધતું જતું હતું. પેલાં ત્રણ વડીલો તો પહેલેથી જ ગાંઠ વાળીને બેઠાં હતાં. સ્પંદના ને રવીન્દ્રનાં હસતાં મોં તેમને છેતરી શકે તેમ ન હતાં. સ્પંદના અને રવીન્દ્ર બહુ સારા સંબંધો સાથે છૂટાં પડતાં ન હતાં એની એમને ખાતરી હતી. તેમને એનું દુઃખ પણ હતું, પણ તેઓ તેમાં શું કરી શકે તેમ હતાં ?

'જો રવીન મારો દીકરો હોત તો મેં એની ખબર લઈ નાખી હોત.' એની મનમાં વિચારતી હતી અને વાસ્તવિકતાનું ભાન તેને રવીન્દ્રને ટોકતાં અટકાવતું, કારણ કે આ બધાની પાછળ પેલો તોંતેર મણનો તો આવીને ઊભો રહી જતો હતો. પોતાને રવીન્દ્ર પ્રત્યે લાગણી હતી. રવીન્દ્ર પણ પોતાની સાથે સગા દીકરા જેવો પ્રેમ રાખતો હતો પણ એ તો એક નકકર વાસ્તવિકતા હતી કે એ પોતાનો દીકરો ન હતો, અને એટલે તેનાથી બોલાઈ ગયું ને : 'સ્પંદના યુ.કે. પાછી આવવાની છે કે તું એની પાછળ ઊપડવાનો છે ?'

'સ્પંદના જાણે.'

'કેમ સ્પંદના જાણે ? સ્પંદના જ બધું જાણે ને તું કાંઈ પણ નથી જાણતો એમ ? અઠવાડિયાથી બેય જણાં ગુસપુસ કરો છો છતાં —' એનીને આ પ્રસંગે ગુસ્સે નહોતું થવું તોય એનાથી ગરમ થવાઈ ગયું.

'હું એમ નથી કહેતો. સ્પંદના દેશમાં એક મિત્રની સંભાળ રાખવા માટે જાય છે. જો તેને જલ્દી સારું થઈ જશે અથવા તો તે મિત્ર અહીં આવવા સંમત થશે તો સ્પંદના તેને લઈને અહીં આવશે, નહીં તો પછી છ એક મહિના પછી હું દેશમાં ઊપડી જઈશ.' રવીન્દ્રએ કહ્યું.

'એમ કે હમણાંનો તું બહુ જૂઠો થઈ ગયો છે તે મારાથી અજાણ્યું નથી. તું શું મને આંધળી માને છે ? તમારા બે જણ વચ્ચે કશોક ખટરાગ થયો છે ને તમે ખોટું હસીને અમને ઊઠાં ભણાવવાનો પ્રયત્ન કરો છો તે મારાથી અજાણ્યું નથી.'

'એવું કશું નથી. એ તમારો ખાલી વહેમ જ છે.'

પણ રવીન્દ્રનું કહેવું જાણે સાંભળ્યું જ ન હોય એમ એણે આગળ કહ્યું : 'મારે એ જાણવું છે કે તમારી વચ્ચે શાનો ખટકો છે ?'

'એવું કશું નથી.' રવીન્દ્ર પોતાની વાતને વળગી રહ્યો.

'જો તમારા કરતાં મેં વધારે દિવાળીઓ જોઈ છે. તમે બેય જણાં વેવલું હસીને અમને છેતરવા માગતાં હો તો તમે જાણો પણ એનાથી હું કે મેગી છેતરાતાં નથી. હું તને ફરીથી એક વખત પૂછું છું કે તમારા બે જણ વચ્ચે કયી વાતે તૂટ પડી છે ?' એનીએ રવીન્દ્રને સીધું જ પૂછ્યું.

રવીન્દ્ર કાંઈ બોલ્યો નહીં. તે ઊંચું જ જોઈ શક્યો નહીં. એનીને તેના જવાબ માટે ખાસ્સો વખત રાહ જોવી પડી. પછી કશો જવાબ ન મળતાં તેને નહોતું કહેવું છતાં તેનાથી કહેવાઈ ગયું : 'મેં તારી સાથે સગા દીકરા જેવું વહાલ રાખ્યું છે પણ આજે મને થાય છે કે તેં મને મા ગણી નથી. તારા ફકત મા કહેવાથી જ હું મા નથી બની

જતી. જો બની જતી હોત તો તેં મારાથી આ છુપાવ્યું ન હોત.' તે ખેદથી બોલી.

'એમ જ હોય તો તમે સ્પંદનાનેય દીકરી જેવી કયાં નથી ગણી ? તેને જ કેમ પૂછતાં નથી ?'

'અત્યારે હું તને પૂછું છું. મને જરૂર જણાશે તો હું એનેય પૂછીશ. એ તારી જેમ જવાબ ઉડાવશે નહીં એની મને ખાતરી છે. પણ અત્યારે તો તું જ જવાબ આપ.'

સ્હેજ વાર મૌન રહી આખરે રવીન્દ્રએ મોં ખોલ્યું : 'હું એમ માનતો હતો કે સ્પંદનાએ દેશમાં જવાની જરૂર નથી. સ્પંદના એમ માનતી હતી કે તેણે જવું જોઈએ અને તે દેશમાં જાય છે એ તમે જુઓ છો.'

'જવું કે ન જવું એ તો તમારા એ માણસ સાથેના સંબંધો પર આધાર રાખે છે.' એનીએ કહ્યું.

'એમ જોવા જઈએ તો એ માણસ સાથે અમારો કોઈ કૌટુંબિક સંબંધ નથી. એ માણસ સ્પંદનાનો મિત્ર છે. સ્પંદના જો મારી સાથે ન પરણી હોત તો તેની સાથે જ પરણી હોત એવો એ મિત્ર છે. મારી આંખના ઑપરેશન માટે એણે અમને ચાર હજાર રૂપિયાની લોન પણ આપી છે.' રવીન્દ્રએ જે કાંઈ કહેવા જેવું હતું એ તટસ્થતાથી કહી નાખ્યું. જ્યારે દિલ ખોલ્યું હતું ત્યારે અધૂરું કે ખોટું કહેવાનો શો અર્થ ?

'આ સંબંધને તું ઓછો ગણે છે ? અને તેમાંય તેને જ્યારે ટી.બી. જેવી બીમારી છે ત્યારે ? તે માણસની પત્ની તેની સાથે નથી ?'

'ના, તે પરણ્યો નથી.'

એની સ્હેજ વિચારમાં પડી ગઈ પછી હસી પડતાં બોલી : 'તમારે તો પેલાં સાસુ-વહુના જેવો ઘાટ થયો છે.'

માર્ગારેટને તેની આ વાત ન સમજાઈ. તે વચમાં બોલી ઊઠી : 'કયાં સાસુ-વહુ ?'

'આ તો એમના ઈંડિયાની વાત છે. સાસુમા કયાંક બહાર ગયાં હતાં ને એક બાઈ એમને ત્યાં છાશ લેવા માટે આવી. ઘરમાં છાશ હતી નહીં એટલે વહુએ તેમને તેમ જણાવી પાછાં કાઢ્યાં. પેલી બાઈ પાછી વળી. ગલીને નાકે એને સાસુમા સામાં મળ્યાં. વાત જાણી તે તો ધૂંવાંપૂવાં થઈ ગયાં. કહે : 'ચાલો મારી સાથે. વહુની શી મજાલ કે એ તમને છાશ આપવાની ના પાડે ?'

'પેલી બાઈ આશાભરી તેમની સાથે પાછી આવી. ત્યાં તો ઘરના આંગણામાં પેસી સાસુમા પેલીને કહે : 'એ વહુ એના મનમાં સમજે છે શું ? એ સાસુ છે કે હું ? જાઓ, હું તમને કહું છું કે ઘરમાં છાશ નથી. બાર વરસની હું બેઠી છું ને એ તમને ના પાડનારી કોણ ?' એવો ઘાટ આમને થયો છે.'

રવીન્દ્ર તો કાપો તો લોહી ન નીકળે એવો થઈ ગયો. પણ માર્ગારેટને કાંઈ સમજણ ન પડી. 'મને કાંઈ સમજાયું નહીં.' તે બોલી.

'રવીન્દ્રને વાંધો એ વાતનો હોય એમ લાગે છે કે સ્પંદનાએ દેશમાં જવું જોઈએ એમ એણે કહેવાનું હોય એને બદલે સ્પંદના પોતાની જાતે દેશમાં જવાનું નકકી કરે એ કેમ ચાલે ?' ને માર્ગારેટની સાથે કર્નલ પણ હસી પડ્યા.

'ના, તેવું નથી.' રવીન્દ્ર બોલી ઊઠ્યો.

'તો કેવું છે ?'

'વાત એમ છે કે અમારે ત્યાંનો સમાજ હજુ જુનવાણી છે. સ્પંદના ને નિશીથ એક વખત પ્રેમમાં હતાં,

હવે સ્પંદના નિશીથની ચાકરી કરવા દોડી જાય તો લોકોને નિંદા કરવાની તક મળે.' તે લોચા વાળતાં બોલ્યો.

એની આંખો ઝીણી કરી તેની સામે તાકી રહી. સ્હેજ વાર પછી એ બોલી : 'જો, હું તારા એ ઈંડિયામાં બધાં મળીને વીસ વર્ષ રહી છું એટલે મને ત્યાંના સમાજનો ઘણો પરિચય છે. પણ હું આખો વખત ત્યાં એકલી જ રહી છું એટલે ત્યાંના પતિઓનું માનસ કેવું હોય છે એની મને ખબર નથી. તારી વાત પરથી મને લાગે છે કે આમાં લોકોને તું અમથા વચમાં લાવે છે. વાંધો જો કોઈને હોય તો તે તારે જ છે.'

'મારે ? મારે શું છે ?'

'તારે જ. તારા પતિમાનસને. તું સ્પંદના પ્રત્યે શંકાની નજરે જુએ છે. જો આમ જ હોય તો મારે તને કહેવું પડશે કે તારા જેવો મૂર્ખ માણસ બીજો કોઈ નહીં હોય. તું પોતે જ વારંવાર કહેતો હતો કે સ્પંદના જેવી પત્ની મળવી એ પણ સદ્ભાગ્યની નિશાની છે. જો તું એના પર આટલો જ વિશ્વાસ રાખતો હોય તો મારે કહેવું પડશે કે એ તારાથી દૂર ચાલી જાય એ જ યોગ્ય છે.' એનીએ કહ્યું.

રવીન્દ્ર ઊંચું પણ જોઈ શકતો નહોતો. એક તરફ પોતાની અંધાવસ્થામાં જે મકકમતાથી એણે કામ લીધું હતું અને જે રીતે એણે પોતાની ચાકરી કરી હતી તે તો તેનાથી કોઈ કાળે ભૂલી શકાય તેમ ન હતું. પણ સામે પક્ષે નિશીથ સાથેનાં સ્પંદનાનાં મૈત્રીસંબંધ અને ઉત્કટ લાગણી તેને મૂંઝવતાં હતાં. તે એક માનવી તરીકે સ્પંદનાના આ ગુણને જરૂર દાદ દેતો હતો પણ એક પતિ તરીકે _'કોઈ પતિ આ સહન કરી લે નહીં.' એ મનમાં જ બબડી ઊઠ્યો પણ બોલ્યો ત્યારે બીજું જ : 'મેં તેને સમજાવી જોઈ_' તે બોલવા ગયો.

પણ તેને આગળ બોલવા દીધા સિવાય એની બોલી ઊઠી : 'દેશમાં ન જવા માટે ને ? એણે પોતાને જે યોગ્ય લાગ્યો એ નિર્ણય લીધો. મને ખાતરી છે કે એણે જે નિર્ણય લીધો હશે તે યોગ્ય જ હશે. પણ તું એ તો નહીં જ ભૂલી ગયો હોય કે ઈંડિયામાં જ્યારે ડૉકટરોએ પણ તારા ઑપરેશનની સફળતા માટે હાથ ધોઈ નાખ્યા હતા ત્યારે તેણે જ તારા ઑપરેશન માટે ઈંગ્લેન્ડ આવવાનો મકકમ નિર્ધાર કર્યો હતો. અરે, તું જ કયાં તૈયાર હતો તારા એ ઑપરેશન માટે ? જો તું મારો દીકરો હોત તો મેં તને સ્પંદના પર પૂરેપૂરી શ્રધ્ધા રાખવાની સલાહ આપી હોત. ચાલો, હું તૈયાર થાઉં. તું એરપોર્ટ પર તો આવવાનો જ હોઈશ.' ઊભી થતાં તે બોલી અને બહાર નીકળી ગઈ. રવીન્દ્રની પાંપણ આડે અટકી ગયેલાં આંસુ એની છેલ્લી ટકોરે પાળ ઓળંગીને બહાર દડી પડ્યાં.

'બધાં તૈયાર થઈ ગયાં હોય તો નીચે સેમ્યુઅલ ચીસો પાડે છે.' તૈયાર થઈને બહાર આવેલી સ્પંદનાએ અડધું મજાકમાં અને અડધું ઉતાવળમાં કહ્યું.પણ રવીન્દ્રની સામે નજર પડતાં તે અટકી ગઈ. 'શું થયું પાછું ?' તે બોલી ઊઠી.

આંસુ લૂછવાની દરકાર કર્યા સિવાય રવીન્દ્રએ કહ્યું : 'થવાનું શું હતું ? ડોસીએ મને થોડો ઝાટકયો. આપણે ધારીએ છીએ એટલી એ અજાણ કે ભોળી નથી. એને ગંધ આવી ગઈ છે.'

'શાની ?'

'આપણી વચ્ચે જે કાંઈ ચાલી રહ્યું છે એની.'

'પણ ગઈ કાલે રાતથી તો આપણે સમાધાન કરી લીધું છે.'

'મને પણ લાગે છે કે એ બધું માત્ર ઔપચારિક જ હતું. આપણે બદલાયાં ન હતાં. માત્ર એવો દેખાવ કરતાં હતાં. મને લાગે છે કે આપણે બધું નવેસરથી વિચારવું પડશે. આપણે વિચારીશું, પત્રવ્યવહાર કરીશું અને મને શ્રધ્ધા છે કે આપણે ભેગાંય થઈશું. આપણે તેમ કરીશું જ.' તે બોલ્યો.

'આપણે ભેગાં તો થઈશું જ તેની તો મનેય શ્રધ્ધા છે. કેટલાં વહેલાં ભેગાં થઈશું એ જોવાનું રહે છે. પણ આપણે થોડાં ઉતાવળિયાં ને અભિમાની છીએ એમ તને નથી લાગતું ?' તે બોલી.

'તારે માટે તો હું એમ ન કહી શકું પણ હું ઉતાવળિયો અને વધારે પડતો વહેમીલો છું એ વાત સાચી. હું પતિ છું અને તેથી હું__'

'હું તને કયાં નથી ઓળખતી ? મને ખાતરી છે કે આપણે આ અંગે જરાય નહીં વિચારીએ તોપણ થોડા જ સમય પછી આપણે એકબીજાને મળવા આતુર થઈ ઊઠીશું.'

'તું બહુ વિચારે છે. હું એવું કશું વિચારતો નથી. આપણે સુખી થવા પ્રયત્ન કરીશું એ ચોકકસ.' તે બોલ્યો.

તે સાંજના પ્લેન ઊપડ્યું ત્યારે રવીન્દ્રની આંખમાં આંસુ હતાં. માર્ગારેટ તથા કર્નલ તેને સાંતવન આપતાં હતાં અને એની પોતાની આંખોને ચૂઈ પડતી અટકાવવા આડું જોઈ રહી હતી.

એરપોર્ટ પરથી પાછા ફરતાં બધાંના મનમાં એક જ પ્રશ્ન હતો : શું સ્પંદના ને રવીન્દ્ર ફરીથી ભેગાં થવાનાં હતાં ?

અનુક્રમ

## ૨૭. મોઘેરું મિલન

પ્લેન સાંતાક્રુઝ એરપોર્ટ પર પહોંચ્યું એટલે એમાંથી ઊતરતાં સેમ્યુઅલથી બોલી જવાયું : 'આ સ્થાન કેટલું રમણીય છે !'

'જેવું મન હોય એવું સ્થાન લાગે. તમારું મન અત્યારે કેવું ભર્યું ભર્યું છે !' સ્પંદના બોલી.

'તમારું મન કેવું છે ?' સેમ્યુઅલે સામે પૂછયું, જવાબ મળવાની આશા નહોતી છતાંય. સ્પંદનાએ કશો જવાબ ન આપ્યો. કસ્ટમ પાસ કરી બન્ને બહાર આવ્યાં ત્યાં સુધી તે કાંઈ જ ન બોલી.

બહર આવી તેણે એક ટેકસી બોલાવી. 'તમે તમારાં માતપિતાને મળવા આતુર હશો જ ?'

'અલબત્ત છું જ. પણ તમે જે કામ માટે આવ્યાં છો એ પણ એટલું જ અગત્યનું છે. આપણે પહેલાં હૉસ્પિટલે જઈએ, પછી ઘેર, બરાબર ને ?' સેમ્યુઅલે કહ્યું.

'હૉસ્પિટલો અહીં ઘણી છે અને નિશીથને કઈ હૉસ્પિટલમાં દાખલ કર્યો છે એની મને ખબર નથી એટલે પહેલાં ઘેર જ જવું પડશે. ઘેરથી પછી હૉસ્પિટલમાં જવાનું ફાવશે.' કહેતાં સ્પંદનાએ ડ્રાયવરને જરૂરી સૂચના આપી કે ટેકસી મુંબઈના રસ્તા પર દોડવા લાગી.

'આ શહેર મને બહુ ગમતું. આપણા લંડન જેવું જ છે એટલે, પણ હું એમાં કદી ખાસ રોકાયો નથી.' ટેકસી ઊપડી એટલે સેમ્યુઅલ બોલ્યો.

'કેમ ?'

'જ્યારે હું ઈંડિયા આવતો ત્યારે એટલો તો ઉત્તેજિત થઈને આવતો કે એરપોર્ટ પરથી સીધો જ બોમ્બે સેન્ટ્રલ જતો અને ત્યાંથી સીધો ઈંદોર. માબાપને શોધવામાં નિષ્ફળતા જ મળતી અને પાછા ફરતાં હું એટલો

ઉદાસ થઈ ગયેલો હોતો કે મુંબઈ એકાદ દિવસ રોકાવું પડતું તો પણ કોઈ ગેસ્ટ હાઉસની કોટડીની ચાર દીવાલો વચ્ચે જ હું ગોંધાઈ રહેતો.'

'આ મુંબઈનું નસીબ જ એવું છે. અહીં આવે છે એ કોઈ એની ભવ્યતાને માણી શકતા નથી. કેટલાક તો અહીં વરસો સુધી રહે છે છતાં કોઈ એમને પૂછે કે તારા ઘરથી શેઠની દુકાન સુધી જે રસ્તો જાય છે એ સિવાય મુંબઈમાં બીજા કોઈ રસ્તા છે ખરા ? તો એ શું કહેશે ખબર છે ?'

'ના, શું કહેશે ?'

'કહેશે, મને ખબર નથી, પણ એ સિવાય બીજા કોઈ રસ્તા હશે નહીં એમ લાગે છે.' હસતાં હસતાં એ બોલી. મુંબઈને માટે તેનો આ અભિપ્રાય એટલો તો સાચો હતો કે સેમ્યુઅલ પણ વિચારમાં પડી ગયો.

સત્તર વરસ પહેલાં, જ્યારે પોતાને પૂરી સમજણ પણ ન હતી ત્યારે પોતે માબાપથી છૂટો પડી ગયો હતો. અત્યારે નાનપણની કેટલીક સ્મૃતિ તેને ધુમ્મસમાં જોયેલા ઝાંખા દશ્યની જેમ સચવાઈ રહી હતી, પણ એ એટલી તો ઝાંખી હતી કે તેને આધારે પોતાના બળપણના રહેઠાણને ઓળખી કાઢવું શકય નહોતું.

'મને એવું યાદ છે કે અમારા ઘરની પાસે લાલ રંગની કેટલીક બસો ઊભી રહેતી હતી. બંગલાની ચારે તરફ બાગ હતો. દરવાજાની પાસે માળીની ઓરડી હતી. ઘરમાં એક નાનકડું મંદિર પણ હતું. બા ભગવાનને પ્રસાદ ખાવા અમે બાની પાછળ જ બેસી રહેતાં.' તે સ્મૃતિને વાગોળતાં બોલ્યો ને ઘડિયાળ સામે જોતાં એણે પૂછયું : 'આપણે હજુ કેટલું દૂર જવાનું છે ?'

'સાચુ પૂછો તો મને પણ રસ્તાની તો મને પણ પૂરી ખબર નથી. હું તો માત્ર સરનામું જાણું છું. રસ્તો તો ડ્રાયવર જાણે. પણ મને લાગે છે કે હવે આપણને પાંચેક મિનિટથી વધારે વખત નહીં લાગે.' ને થોડી જ વારમાં ગાડી એના જાણીતા માર્ગો પર આવી પહોંચી એટલે સ્પંદનાએ કહ્યુંઃ 'જો તમારે તમારી સ્મૃતિની ચકાસણી કરવી હોય તો આપણે તમારા બંગલાથી થોડે દૂર ઊતરી જઈએ, પછી તમે તમારો બંગલો શોધવા પ્ર યત્ન કરી જુઓ.' કહેતાં તેણે ડ્રાયવરને ટેકસી ઊભી રાખવા જણાવ્યું. ટેકસીનું ભાડું ચૂકવી બન્નેએ પોતાની સૂટકેસો સંભાળી.

'હવે આપણે તમારા બંગલાની તદ્દન નજીક છીએ. હવે તમે તમારો બંગલો શોધી કાઢો તો ખરા.' સેમ્યુઅલના મનની સ્થિતિ અત્યારે એવી હતી કે એ સામાન્ય રીતે તો પોતાની સ્મૃતિની કસોટી કરવાનો વિચાર ન જ કરે પણ સ્પંદનાએ જ્યારે એને સૂચવ્યું ત્યારે હારી ખાવાને બદલે ચેલેન્જ ઉપાડી લેવાનું તેને મન થઈ આવ્યું. ને તે આગળ થયો. તેને કશું યાદ આવતું ન હતું.

આમ તેમ જોતાં તે બોલવા લાગ્યો : 'અહીં તો મને બધું નવું જ લાગે છે. હું અહીં કોઈ દિવસ __' બોલતાં તે અચકાઈ ગયો. તેની નજરે બસ સ્ટેન્ડ પડ્યું ને તેની સ્મૃતિ જાગૃત થઈ ને તેણે કહ્યું : 'હવે મને યાદ આવે છે. આ એ જ બસ સ્ટેન્ડ છે. અમે અહીં રમવા આવતાં. સ્ટેન્ડનું મકાન નવું થયું લાગે છે.' કહેતાં તે ઝડપથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે આમતેમ નજર ફેરવતો હતો. થોટે દૂર ગયા પછી તેને લાગ્યું કે સ્પંદના તેની સાથે આવતી ન હતી. તેણે પાછળ નજર કરી તો તે પોતાની સૂટકેસ નીચે મૂકી હસતી ઊભી રહી ગઈ હતી.

તે પાછો ફર્યો. સ્પંદના ઊભી રહી હતી ત્યાં એક બંગલાનો ઝાંપો પડતો હતો. સેમ્યુઅલે ઝાંપાના થાંભલા પરની તખ્તીમાં કોતરાયેલું નામ વાંચ્યું : 'સુસ્મિત નિવાસ'. નામ અંગ્રેજીમાં લખાયેલું હતું એટલે તેને વાંચવામાં કોઈ તકલીફ પડે તેમ ન હતી. એણે નામ વાંચ્યું ને આગળ વધી બંગલાના કંપાઉન્ડમાં દાખલ થઈ ગયો. અંદર દાખલ થતાં જ તેની નજર બાગમાંની માળીની ઓરડી પર પડી અને તેનાથી બોલાઈ ગયું : 'માળીની ઓરડી. 'હું નહોતો કહેતો મને થોડીઘણી યાદ આવતી હતી !'

થોડા અંદર જતાં એક ભવ્ય બંગલો અને બંગલાના પોર્ચમાં પડેલી પ્લીમથ કાર જોઈ એ બોલી ઊઠ્યો : ‘પિતાજી ઘણા પૈસાદાર લાગે છે !’

‘આ બંગલા અને કાર પરથી કલ્પના કરીએ એના કરતાં ઘણા વધારે પૈસાદાર.’ સ્પંદનાએ કહ્યું. બંગલાનું મુખ્ય બારણું બંધ હતું. સ્પંદનાએ બેલ-પુશ તરફ ઈશારો કર્યો. સેમ્યુઅલે બેલ વગાડવા હાથ લંબાવ્યો અને તરત જ પાછો ખેંચી લીધો. ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેણે મોં પરથી પરસેવો લૂછ્યો. હસી પડતાં સ્પંદનાએ જ બેલ વગાડ્યો. અને તે સેમ્યુઅલની પાછળ લપાઈ. સેમ્યુઅલે સ્પંદનાને ખભે હાથ મૂકતાં તેને પાછળ જતી રોકવા પ્રયત્ન કર્યો. પણ પછી પોતાની ભૂલ સમજાતાં તે સહેજ છોભીલો પડી ગયો.

‘સોરી, હું ઘણો જ ગભરાઈ ગયો હતો.’ તેણે કહ્યું.

‘જો બારણું ખોલનાર વેડી હશે તો એ ગભરાટ બમણો થઈ જશે.’

‘હું વચન પાળું છું એની ખાતરી રાખજો.’ સેમ્યુઅલે કહ્યું.

ત્યાં બારણું ખૂલ્યું. ખોલનાર વૃંદા જ હતી. સ્પંદનાએ તેને જોઈ લીધી પણ વૃંદાએ તેને જોઈ નહીં. તેની નજર તો આ અજાણ્યા જુવાનિયા તરફ જ હતી. ‘આવો, કોનું કામ છે તમારે ?’ તેણે પૂછ્યું. સેમ્યુઅલને ક્યાંક જોયો હોય તેમ તેને લાગ્યું પણ ક્યાં જોયો હશે તે તેને યાદ આવતું ન હતું.

જવાબ વાળતાં સેમ્યુઅલ ગૂંચવાયો. ‘હું, મારે, મારે—’ ને લોચા વાળતી જીભને આગળ ચલાવવા અશક્ત એવા સેમ્યુઅલે લાચારી ભરેલી નજરે સ્પંદના તરફ જોયું.

સ્પંદના આગળ આવી. વૃંદાએ તેને જોઈ. પણ તે કાંઈ બોલે તે પહેલાં સ્પંદનાએ કહ્યું : ‘તેમનું નામ સેમ્યુઅલ જોન્સન છે અને તે પોતાની વેડીને મળવા આવ્યા છે.’

પણ વૃંદાના આશ્ચર્યાતિરેકે એના એ શબ્દોને જાણે સાંભળ્યા જ નહીં. ‘અરે, સ્પંદના, તું ? ક્યારે આવી તું ? આવો, આવો અંદર આવો. સારું થયું કે તું આવી ગઈ.’ તે બોલી.

સેમ્યુઅલ અને સ્પંદના તેની પાછળ અંદર દાખલ થયાં. વૃંદાએ તેમને બેસવા કહ્યું. સ્પંદનાએ વૃંદાને સેમ્યુઅલનું ઓળખાણ સેમ્યુઅલ તરીકે જ કરાવ્યું. સેમ્યુઅલ તો ઘડીમાં વૃંદા તરફ તો ઘડીમાં બેઠકખંડની શોભા જોઈ રહ્યો. દીવાલ પર લટકતી ધનુભાઈ શેઠની તસ્વીર તરફ નજર પડતાં જ તેને સમજાઈ ગયું કે સ્પંદનાએ પોતાને પહેલી નજરે જ કેમ ઓળખી પાડ્યો હતો.

બેય બેઠાં એટલે વૃંદા પણ તેમની સામે સોફામાં બેઠી અને રામાને બધાં માટે પાણી લાવવા માટે સૂચના આપી. ‘તમે એરપોર્ટ પરથી સીધાં જ આવતાં લાગો છો. મને ફોન કર્યો હોત તો હું સામે લેવા આવત ને!’ તે બોલી.

‘મેં તો સેમ્યુઅલને કહ્યું જ હતું કે પત્ર લખીને અગાઉથી જાણ કરીએ પણ તે ન માન્યા.’ સ્પંદનાએ કહ્યું. વૃંદા ગૂંચવાઈ રહી. તેને સ્પંદનાના બોલવામાં કશી સમજણ પડતી ન હતી. સેમ્યુઅલનું મન તો માતાપિતાને મળવા એવું તો અધીરું થઈ ગયું હતું કે શું બોલવું તે જ તેને સમજાતું ન હતું. ત્યાં સ્પંદનાએ આગળ કહ્યું : ‘તમે બેય જણ વાતો કરો ત્યાં સુધીમાં હું આ આવી.’ ને તે અંદરના ઓરડામાં ચાલી ગઈ.

ધનુભાઈ શેઠ હજુ હમણાં જ ન્હાપાણી કરી પરવાર્યા હોય એમ સવારની ટપાલ જોઈ રહ્યા હતા. સ્પંદનાને જોતાં જ એમનું મોં ખીલી ઊઠ્યું : ‘અરે, સ્પંદના તું ? ક્યારે આવી તું ? પત્ર લખ્યો હોત તો કોઈને લેવા મોકલત ને સામે !’

‘અચાનક આવી એટલે પત્ર ન લખ્યો. મારે તમને એક આનંદના સમાચાર આપવાના છે. આ

સમાચાર એવા છે કે એ પત્રથી આપી શકાય એમ ન હતા એટલે મારે રૂબરૂ જ આવવું પડ્યું.'

'તું આવી એ જ મારે મન આનંદના સૌથી મોટા સમાચાર છે, દીકરી. બેસ.' તે બોલ્યા.

'ને એથીય વધારે આનંદના સમાચાર હોય તો ?'

'તો તો તારા મોંમાં સાકર. કહે, શું સમાચાર લાવી છે ?'

'સમાચાર નહીં પણ આખું માણસ લાવી છું. મન તો મજબૂત છે ને !'

પણ શેઠને તેની આવી ધડમાથા વગરની વાતમાં કશી સમજણ પડી હોય એમ લાગ્યું નહીં. 'કાંઈ સમજાય તેવું બોલું તો સમજાય ને !'

'સમજાય તેવી જ વાત છે. તમારે માટે હું એક એવો માણસ લઈને આવી છું જેની તમને સખત જરૂર હતી. આવો ને દીવાનખાનામાં અને જાતે જ જોઈ લો.' શેઠને કાંઈ સમજાયું નહીં પણ સ્પંદનાના દોર્યા એ દીવાનખાનામાં આવ્યા. દીવાનખાનામાં દાખલ થતાં જ એ બોલી : 'હું તમારા સુસ્મિતને લઈ આવી છું.' ને સુસ્મિત તરફ ફરતાં એ બોલી : 'સુસ્મિત મળો તમારા પિતાને.'

ધનુભાઈ શેઠ જે સાંભળ્યું અને જે જોઈ રહ્યા હતા એ ન માનતા હોય એમ ઘડીભર તો અવાક્ જ થઈ ગયા. તેમના દિલમાં આનંદનો એવો તો ઓઘ ઊઠ્યો કે તે સુસ્મિતની સામે પલકારોય માર્યા વગર તાકી જ રહ્યા. બસ એક જ ક્ષણ. પછી તો બેય જણ આગળ વધ્યા ને ભેટી પડ્યા. બેયની આંખમાંથી આંસુ નિતરી રહ્યાં. 'આખરે ભગવાનને મારી દયા આવી ખરી.' તે એટલું જ બોલી શક્યા.

ત્યાં સુધીમાં સ્પંદના શેઠાણી પાસે પહોંચી ગઈ હતી. શેઠાણીની તબિયત નિશીથની બિમારી સાથે જ લથડી હતી. તે ક્યારેક ચિત્તભ્રમશાં થઈ જતાં હતાં તો ક્યારેક સ્વસ્થ હોય એમ વાતો કરતાં હતાં. સ્પંદના અંદર પહોંચી ત્યારે તે ભગવાનને દીવો કરી પ્રાર્થના કરી રહ્યાં હતાં.

'માસી, હું આવી છું.' સ્પંદનાએ કહ્યું.

તેના અવાજથી અમૃતગૌરી ચમક્યાં. તેમણે સ્પંદનાને જોઈ અને તે હસી ઊઠ્યાં : 'સારું થયું તું આવી ગઈ એ. ક્યારે આવી ?'

'હમણાં જ આવી. તમને આનંદના સમાચાર આપવાના હતા એટલે રૂબરૂ જ આવી. મને થાય છે કે તમારું દિલ તો નહીં બેસી જાય ને !'

'ગાંડી, આનંદના સમાચારથી તે દિલ બેસી જતું હશે ! ને મારું દિલ તો પથરા જેવું પોચું છે. એણે શું સહન નથી કર્યું ? બાકી હતું તેમાં આ નિશીથ પટકાઈ પડ્યો છે. કહે, શા સમાચાર લાવી છું ?'

ત્યાં સામેથી સુસ્મિત અને શેઠને આવતા જોઈ સ્પંદનાએ કહ્યું : 'માસી, તમારા દિલને સંભાળજો હોં. શેઠકાકાની સાથે ચાલે છે એ છે તમારો સુસ્મિત.' ને અમૃતગૌરીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. જે સાંભળ્યું તે ન માનવાની વાત જ ન હતી. શેઠની બાજુમાં ચાલતો સુસ્મિત શેઠની પચીસ વરસ પહેલાંની જુવાનીની જીવતી જાગતી તસ્વીર જેવો જ હતો. નજીક આવી પહોંચેલા સુસ્મિત તરફ તે આગળ વધ્યાં ને લથડી ગયાં. સુસ્મિતે તેમને જો સમયસર ટેકો ન આપ્યો હોત તો એ જમીન પર ફસડાઈ જ પડ્યાં હોત.

'આખરે હું તને સાંભળી ખરી. ક્યાં હતો તું ? ભગવાનેય કેવો છે, સુમિ, જ્યારે તું ખોળે રમવા જેવડો હતો ત્યારે તને મારાથી દૂર ધકેલી મૂક્યો ને આજે_' બોલતાં તે ધ્રૂસકે ચઢી ગયાં.

'તમે ભૂલો છો, બા, આજેય હું તમારે ખોળે રમવા જેવડો જ છું. પૂછો ને સ્પંદનાભાભીને. અરે, મેં તો

તમારે માટે એરિંગની જોડી અને ટેટ્રેક્ષની સાડી લીધાં ત્યારે તેમણે મને કહ્યું હતું કે તું આ બધું સાત વરસના સુમિનાં બા માટે લઈ જાય છે પણ એ અત્યારે સાત વરસના સુમિનાં નહીં પણ સત્તાવીસ વરસના સુમિનાં બા છે. ને બા, મેં એમને કહેલું કે એ વખત ભલે વીતી ગયો પણ મા અને દીકરો તો એનાં એ જ છે ને !' ઈંદોરી હિંદી, અંગ્રેજી અને સ્પંદના પાસેથી છેલ્લા મહિનામાં શીખેલા ગુજરાતીનો શંભુમેળો કરતાં સુસ્મિતે કહ્યું. ઈંદોરમાં એ પાંચ વરસ રહ્યો હતો ને પછી એના પાલક પિતા મિ. જોન્સન સાથે ઈંગ્લેન્ડ ગયેલો એટલે એને હિન્દી સાવ અજાણ્યું લાગતું ન હતું.

'ક્યાં હતો તું આટલા દિવસ ? શું કરતો હતો ? અહીં કેમ આવતો ન હતો ? કેટલાં ટટળાવ્યાં તેં અમને ?' એમણે એકી સાથે કેટલાય પ્રશ્નો પૂછી નાખ્યા. સુસ્મિતના મોંને નિરખવા એમણે બેત્રણ વખત આંખો લૂછી પણ એની તરફ નજર માંડે ન માંડે ત્યાં વરસોની સંઘરાયેલી વેદના આંસુ બનીને આડી આવી જાય.

'આવો બધાં બેઠકખંડમાં બેસો. ક્યાં ગઈ વૃંદા ?'

વૃંદા પણ બધાંની સાથે આનંદાનુભવ કરતી ત્યાં જ ઊભી હતી. તે આગળ આવી એટલે સ્પંદનાએ સુસ્મિતને કહ્યુંઃ 'આ તમારી વેડી હોં કે.' ને વૃંદાને પૂછ્યું : 'તને તો મારે સુસ્મિતની ઓળખાણ કરાવવાની જ ન હોય.' ને વૃંદા શરમાઈ રહી. સુસ્મિતે એ હાસ્ય અને એ શરમ જોયાં ને તે આનંદની લાગણી અનુભવી રહ્યો, પણ એ લાગણીને પૂરી અનુભવી રહે તે પહેલાં તો પેલા સેમ્યુઅલે તેને સ્પંદનાને આપેલા પેલા વચનની યાદ તાજી કરાવી દીધી. સુસ્મિતે આનંદની એ લાગણીને હયાને ઉંબરેથી જ જાણે પાછી વાળી દીધી.

'વૃંદા, મહારાજને કંસાર બનાવવાનું કહે. સ્પંદના તું એકલી જ કેમ આવી ? દાકતર કેમ ન આવ્યા ?' અમૃતગૌરીએ હવે એક પછી એક મુદ્દાઓની નોંધ લેવા માંડી. શેઠ મલકાઈ રહ્યા.

'સ્પંદના, આજે તારાં માસીની તબિયત ઘોડા જેવી થઈ ગઈ છે.' તેમણે કહ્યું ને સ્પંદના હસી પડી.

સ્પંદનાને ક્યારનુંય ઊઠવું હતું પણ સુસ્મિત એક વખત અહીં ગોઠવાઈ જાય એટલે ઊઠવું માની તે ધીરજ ધરી રહી હતી. તે હવે ઊભી થઈ અને બોલી : 'નિશીથ કઈ હૉસ્પિટલમાં છે ? હું એની ભાળ કાઢી આવું. ત્યાં સુધીમાં સેમ્યુઅલ, અરે, ભૂલી સુસ્મિત તમને પોતાની વીતક કહેશે. ચાલ, વૃંદા, તું આવે છે કે પછી ડ્રાયવરને કહે છે ?'

ને વૃંદાથી જે હયે હૈતું એ જ બોલાઈ ગયું : 'તને વાંધો ન હોય તો ડ્રાયવરને જ કહું. સુસ્મિતની વાત સાંભળવાની મને—'

તેને અટકાવી હસી પડતાં સ્પંદનાએ કહ્યું : 'સમજી, સમજી. ચાલ, ડ્રાયવરને જ કહે.' ને વૃંદા ડ્રાયવરને બોલાવવા ગઈ તે સમયનો લાભ લઈ લેતાં સ્પંદનાએ શેઠને કહ્યું : 'તમે તે વખતે કેટલું ઈનામ જાહેર કર્યું હતું તેની તો ખબર નથી પણ મેં તમારા સુમિને છેક વિલાયતમાંથી શોધી લાવીને તમને હાથોહાથ પહોંચતો કર્યો છે એટલે તમારે મને એ ઈનામની રકમ વ્યાજ સાથે આપવી પડશે, હોં.'

શેઠની આંખો હસી ઊઠી પણ તે પહેલાં અમૃતગૈરી બોલી ઊઠ્યાં : 'બસ કે ? અરે, એટલાથી જ તું મન મનાવી લે તો પછી તારા જેવું મૂરખ કોણ ? બાકી જો તું ઈનામ જ માગતી હો તો વરસોવા ખાતેનો બંગલો અને બહાર પડી છે એ કાર આજથી જ તને આપ્યાં, જા.'

'અને તોય તમારે સવાર-સાંજ જમવાનું તો અમારી સાથે આ જ બંગલામાં.' શેઠે પણ હસીને એમાં પોતાની સંમતિ આપતાં કહ્યું.

એટલામાં વૃંદા ડ્રાયવરને સૂચના આપીને પાછી આવી ગઈ હતી. બહાર નીકળતાં સ્પંદનાએ કહ્યું : 'એવું બધું કાંઈ નહીં. ફક્ત પેપરમાં જાહેરાત કરી હોય એટલી જ રકમ હું લઈશ, એથી વધારે નહીં.'

'તું હવે ફેરવીને તોળવાના ગમે તેટલા પ્રયત્નો કરીશ તોય શેઠાણીએ કહ્યું છે એટલે એ તો તારે સ્વીકારવાં જ પડશે.' શેઠે કહ્યું.

'ને જ્યાં સુધી તમે એ કારનો ચાર્જ નહીં સંભાળી લો ત્યાં સુધી હું એ કાર તમારે હિસાબે અને જોખમે વાપરીશ અને એના પેટ્રોલનાં બિલ તમારે ભરવાં પડશે, સમજ્યાં ?' સુસ્મિત પણ બોલી ઊઠ્યો.

'તું તો અત્યારથી જ શેઠ બની ગયો ને કાંઈ !' કહેતાં હસતી હસતી સ્પંદના બહાર નીકળી ગઈ.

અનુક્રમ

# ૨૮. તારે જીવવું જ પડશે

સ્પંદના હૉસ્પિટલે પહોંચી ત્યારે સવારના દસ વાગવા આવ્યા હતા. નિશથિની પથારીની ચાદર બદલીને નર્સ પાછી વળતી હતી. તેણે સ્પંદનાને જોઈ, ઓળખી પણ ખરી. તે તેને ડૉક્ટર દેસાઈની પત્ની તરીકે જાણતી હતી.

'ક્યારે આવ્યાં, બેન ? ડૉક્ટર સાહેબની આંખો સારી થઈ ગઈ એ જાણી બધાંને આનંદ થયો હતો. એ આવ્યા છે કે તમે એકલાં જ આવ્યાં છો ? કોને મળવા આવ્યાં છો ?'

હું એકલી જ આવી છું. મારે નિશીથને મળવું છે. એ જાગે તો છે ને !' કહેતાં જવાબની રાહ જોયા સિવાય એ નિશીથના રૂમમાં પેઠી. પણ જેટલી ઝડપથી એ બારણામાં પેઠી એટલી ઝડપથી એ નિશીથની પથારી પાસે ન જઈ શકી. બારણામાંતી જ એણે નિશીથના હાડપિંજર શા દેહને જોયો ને તેનું હૈયું આક્રંદ કરી ઊઠ્યું. તેના દેહ પર હાડકાંને આધારે ચામડી લટકી રહી હતી કે ચામડીને આધારે હાડકાં બંધાઈ રહ્યાં હતાં એ જ કહેવું મુશ્કેલ હતું.

તેનાં આંખો ને પેટ ઊંડાં ઊતરી ગયાં હતાં. આંખોના એ ખાડાની આસપાસ કાળનાં કાળાં કુંડાળાં વળી ગયાં હતાં અને એને લીધે આંખો ઊંડા કૂવા જેવી લાગતી હતી. એના ગાલમાં પણ ખાડા પડી ગયા હતા. હાથ અને પગ પણ શરીરના બીજા ભાગોને અનુરૂપ કૃષતા ધારણ કરી રહ્યા હતા.

નિશીથને જોઈ જેમ સ્પંદના ચમકી હતી તેમ તેને જોઈને નિશીથ પણ ચમકી ગયો હતો. તેની આંખો જે જોઈ રહી હતી તે માનવા તેનું હૈયું તૈયાર ન હતું. 'સ્પંદના અહીં હોય જ શી રીતે ?' કદાચ આ સ્વપ્નું હશે તેણે માની લીધું હતું અને એ સ્વપ્નું ઊડી ન જાય એ માટે તો એ આંખનો પલકારોય ક્યાં મારતો હતો !

'તેં તારા શરીરની શી દશા કરી મૂકી છે ?' આખરે સ્પંદનાનું રડતું મન બોલી ઊઠ્યું. નિશીથ ચૂપ જ રહ્યો. તે કદાચ પોતાને હજુ સ્વપ્નની દુનિયામાં જ મહાલી રહેલો માનતો હતો. 'આ તે તારી કેવી આડાઈ કહેવાય ? તું દવા પીવાની ના પાડે, હૉસ્પિટલમાં રહેવાની ના પાડે, ઈંજેક્શનો લેવાની ના પાડે, શું છે આ બધું ?' સ્પંદનાએ કહ્યું ને નિશીથની તંદ્રા ઊડી ગઈ.

'તું ક્યારે આવી ? કેમ આવી ?'

'તું મરવાનો નિર્ણય કરીને જ પડ્યો હતો એટલે હું આવી. હવે હું જોઉં છું કે તું દવા પીવાની કે ઈંજેક્શનો લેવાની કેવો ના પાડે છે ?'

'ડૉક્ટર રવીન્દ્ર ક્યાં છે ?'

'એ નથી આવ્યા. તેમને નોકરી પરથી રજા મળી શકે તેમ ન હતી. જો તું ઝડપથી સાજો નહીં થાય તો મારે ના છૂટકે એમનેય અહીં બોલાવવા પડશે. અથવા તને મારી સાથે ઈંગ્લેન્ડ લઈ જવો પડશે.' તે બોલી. નિશીથની ઊંડી ઊતરી ગયેલી આંખોમાં દર્દની છાયા તરી આવી.

'તને તો ખબર છે કે મને ટીબી થયો છે અને હવે તો તે બીજા તબકકામાં પ્રવેશી ગયો છે.'

'હું જાણું છું અને એ પણ જાણું છું કે ટીબી હવે એટલો અસાધ્ય રહ્યો નથી. ત્રીજા તબકકામાં ટીબી હોય એવા દર્દીને પણ અત્યારે સાજા કરી શકાય છે એ જોતાં તારો કેસ તો તદ્દન સામાન્ય ગણાય. જો તું તારી જાતે જ મરવાનો નિર્ણય કરીને ન બેસે તો બે મહિનામાં તો તું પહેલાં હતો તેવો સાજો નરવો થઈ જશે.'

'હું મરવાનો નિર્ણય કરીને બેઠો છું એ તારી ખોટી માન્યતા છે. એવું કશું છે જ નહીં.' બાળક મા પાસે બચાવ કરતું હોય એમ તેણે કહ્યું.

'એટલે તું દવા કે ઈંજેકશનો લેવાની ના પાડતો હતો ? આ બધાં તારી આટલી કાળજી રાખે છે એટલે તારે મન ફાવે તેમ વર્તન કરવાનું ને બધાંને પજવ્યા કરવાનાં ?' તેણે ગુસ્સે થઈને કહ્યું.

નિશીથ કાંઈ બોલ્યો નહીં. તેના દિલમાંથી રૂદનનું એક વાવાઝોડું બહાર ધસી આવવા મથી રહ્યું હતું. કેટલીક વાર સુધી તેણે ન રડવાનો  પ્રયત્ન કર્યો પણ છેવટે તો તેનાથી રડી જ દેવાયું. રડતાં રડતાં તે બોલ્યો : 'તારી વાત સાચી છે, સ્પંદના. તું જાણે છે કે મારા જીવવા કે ન જીવવાનો કશો અર્થ નથી. મારે જીવવા જેવું રહ્યુંય નથી. જીવ વગરનું આ ખોળિયું તો હું બે વરસથી વેંઢાળતો હતો તેય તું કયાં નથી જાણતી ? ને હવે તો તે મારું એવું જીવવુંય ઝેર જેવું કરી નાખ્યું છે. પછી હું જીવીને શું કરું ?'

સ્પંદના એક પળ તો ગમ ખાઈ ગઈ. પછી તેણે કહ્યું : 'એટલે તો તારે ખાસ જીવવું જોઈએ. તું એક વખત સાજો થઈ જાય પછી તને મારો દોષ જણાતો હોય તો મને જે શિક્ષા કરવી હોય એ કરજે. હું કબૂલ કરું છું કે હું તારી ગુનેગાર છું. મારી લાચારીએ મને ફસાવી દીધી અને કોઈની બળજબરીનો હું ભોગ બની હતી. છતાં તારે મને જે શિક્ષા કરવી હોય એ વગર વિરોધે હું ખમી લેવા તૈયાર છું.'

'મારે તને શા માટે શિક્ષા કરવી જોઈએ ? તેં મારો એવો હક પણ કયાં માન્ય રાખ્યો છે ?' વધુ ઉદાસ થઈ જતાં તે બોલ્યો.

'તારે જેમ માનવું હોય એમ માન પણ એક વાતની ખાતરી રાખજે કે મોત હવે તારી નજીક ઢૂંકી શકવાનું નથી. આપણે એક વખત નકકી કર્યું હતું ને તેં મને વચન પણ આપ્યું હતું કે મારા દોષની શિક્ષા તું તારી જાતને નહીં કરે. ભૂલ હું કરું ને શિક્ષા તું ખમે એ કયાંનો ન્યાય ?'

'મને લાગે છે કે તું તારું ધાર્યું જ કરવાની છે તો હવેથી હું દવાય પીશ અને ઈંજેકશનોય ખાઈશ પણ હું એ વાત જાણું છું ને તું નથી જાણતી તે એ છે કે ડૉકટરોએ પણ મારા જીવવાની આશા મૂકી દીધી છે.'

'એ તો જેવા પડશે તેવા દેવાશે. તું તારા મનમાંથી નિરાશાને ખંખેરી નાખીશ તો દવાની અસર વહેલી થશે, નહીં તો હું તને ઈંગ્લેન્ડ લઈ જઈનેય સાજો કર્યા સિવાય રહેવાની નથી એ ચોકકસ. હવે તને આનંદના એક સમાચાર આપું : માસીનો સુસ્મિત જે વરસો પહેલાં ગુમ થયો હતો તેને હું ઈંગ્લેન્ડમાંથી શોધીને લેતી આવી છું. બપોરે આવીશ ત્યારે એને સાથે લેતી આવીશ. નાનપણમાં એ અને વૃંદા સાથે રમેલાં.' 'ઘરઘર ને વરવર પણ રમ્યાં હશે.' એમ કહેવા જતી જીભને એણે મહાપરાણે રોકી લીધી.

નિશીથને તેના આ મનોવ્યાપારની જાણ થઈ હોત તો એ બોલ્યો જ હોત : 'રે ગાંડી, ક્ષયના દર્દી સાથે વૃંદા જેવી ફકકડ યુવતીને વળાવવાનાં સ્વપ્નાં શું જોતી હોઈશ ?'

'એય હવે તો ખાસ્સો જુવાન થઈ ગયો હશે.' નિશીથે કહ્યું.

'હા, ખાસ્સો બે માણસ જેવડો. પાછો વકીલ થયો છે ને કમાય છે પણ સારું. બધી વાતો હું બપોરે આવીશ ત્યારે કરીશ. તું એને જ પૂછજે ને! મજાનો માણસ છે. તને એ ગમશે.'

જતા પહેલાં તેણે નર્સને બોલાવી અને તેને કહ્યું : 'હવેથી આ માણસ દવા પીશે અને ઈંજેક્શનો પણ લેશે. એના પર કડક પહેરો રાખજો. ને પજવે તો મને કહેજો.'

નર્સે ડોકું હલાવી હકાર ભણ્યો અને તરત દાન એ મહાપુન્ય માની દવાનો એક ડોઝ નિશીથને આપી પણ દીધો. નિશીથ આંખો મીંચી દવા ગટગટાવી ગયો એ જોઈ નર્સ બોલી : 'હવે દવા કેવી સારી લાગી!' પછી સ્પંદના તરફ ફરતાં બોલી : 'અમને એવાં તો હેરાન કર્યાં છે એમણે. એક દિવસ તો ડૉક્ટર કહે એને રજા જ આપી દો. શું કરે અકળાય નહીં તો ?'

'હવે અકળાવાનો મારો વારો છે.' સ્પંદનાએ કહ્યું. પછી નર્સ સાથે કેટલીક વાતો કરી તે બહાર નીકળી.

એ હજુ તો હૉસ્પિટલની બહાર નીકળીય ન હતી ત્યાં ડૉક્ટર રાઉન્ડ મારવા આવ્યા. નિશીથના મોં પર એમને જે સુરખી દેખાઈ એ એમની સમજમાં ન આવી. એમને લાગ્યું કે એમણે દવા બદલી હતી એ અસર કરવા માંડી હતી. એમણે એ જ દવા ચાલુ રાખવાનો શેરો માર્યો. પણ એમને ક્યાં ખબર હતી કે સ્પંદનાની દવાએ જે કામ કર્યું હતું એનો જશ એ પેલી દવાને નામે ચઢાવતા હતા!

સ્પંદના સુસ્મિત નિવાસ પર પહોંચી ત્યારે સુસ્મિત તો ત્યાં વહેંચ્યોય ભાગ આવતો ન હતો. ઑફિસે તથા ફેક્ટરીએ ફોન કરી શેઠે બધાને ચાલુ પગારે રજા અપાવી દીધી હતી. રજાનું કારણ જાણતાં મેનેજરો અને કેટલાક અધિકારીઓ શેઠને બંગલે આવી પહોંચ્યા હતા.

સુસ્મિતની આપવીતી સાંભળ્યા પછી શેઠે એના ગુમ થવામાં શું બન્યું હશે એની કલ્પના કરી લીધી હતી. એમણે બધાંને કહેવા માંડ્યું હતુંઃ 'એ વખતે મુંબઈથી ઈંદોર અને બીજાં મોટાં શહેરોમાં જવા માટેની કેટલીક ખાનગી બસો નજીકના બસ સ્ટેન્ડેથી ઊપડતી હતી. ઘણી વખત આસપાસ રહેતાં છોકરાં ત્યાં રમવા પણ જતાં હતાં. સુસ્મિત રમવા ત્યાં ગયો હશે ને કદાચ કોઈ ખાલી પડેલી બસમાં ઊંઘી ગયો હશે કે આવ ઈંદોર વહેલું.'

સુસ્મિતને મળીને પાછા જવા નીકળતાં મેનેજરે કહ્યું : 'બધાની ઈચ્છા એવી છે કે નાના શેઠના આગમનની ખુશાલીમાં ફેક્ટરી પર સમારંભ અને પાર્ટી રાખીએ. જો આપને બધાંને અનુકૂળ હોય તો રવિવારે સાંજ પર રાખીએ.'

'પાર્ટી તો મારે આપવાની છે. અને તે પણ તમે કહો છો તેમ આ રવિવારે જ ફેક્ટરી પર રાખીશું. પણ એકલી પાર્ટીથી કેમ ચાલશે! એમ કરો ને કે—' કહેતાં શેઠે મેનેજરને બધાને એકએક ઈન્ક્રીમેન્ટ આપવાનો ઑફિસ ઓર્ડર કાઢવાનું કાનમાં કહ્યું અને મેનેજરે હસીને હકારમાં ડોકું ધૂણાવ્યું. બધા સમજ્યા કે શેઠે કોઈ મીઠી મશ્કરી કરી હશે. કોઈકે મેનેજરને પૂછ્યું પણ ખરું પણ તેમણે હસીને વાત ઉડાવી દીધી.

બધાના ગયા પછી સ્પંદના સુસ્મિત તરફ વળી. તેને એ ફડક હતી કે સુસ્મિતે વતવાતમાં બધાંને પેલા વચન બાબતમાં તો નહીં કહી દીધું હોય ને ! પણ તેની એ ફડક ખોટી પડી. સુસ્મિતે પોતાની બધી વીતક જણાવી હતી પણ એ વચન વિષે એણે એક શબ્દ પણ કોઈને જણાવ્યો ન હતો— અને એટલે તો બપોરે હૉસ્પિટલથી પાછાં ફરતાં સ્પંદના જાણી જોઈને પાછળ રહી ગઈ હતી.

'તારી અને વૃંદાની વચ્ચે હવે કેવી બનત છે ?' તેણે નિશીથને પછયું.

'મારે કોઈની સાથે અણબનત હોય છે જ ક્યારે ?' તે હસ્યો.

'તું કાંઈ સમજતો જ નથી.' સહેજ ચિઢાઈને તે બોલી.

'તું પરણી ગઈ નહોતી ત્યાં સુધી હું બધું સમજતો હતો. હવે મેં સમજવાનું જ છોડી દીધું છે. બાકી વૃંદા શરૂમાં મારી તરફ થોડી ઢળી હતી પણ કાં તો મારું ઠંડું વર્તન જોઈને કે પછી મારી તબિયત જોઈને પાછી વળી ગઈ હતી. તું જ કહે ને કે કોઈ ટીબીમાં સપડાયેલા ફેરા ફરવા તૈયાર થાય ખરું ? અને તેય એકપક્ષી પ્રેમે ?'

'એવો નાલાયક છે તું! તને ખબર નહીં હોય પણ આ સુસ્મિત પાસેથી મેં એક વચન લીધું છે.'

'કે ?'

'કે જ્યાં સુધી હું સંમતિ ન આપું ત્યાં સુધી એ વૃંદા સાથે પ્રેમ કરવાનો કે એની સાથે લગ્ન કરવાનો વિચારેય નહીં કરે.'

'શા માટે ?'

'તારે માટે સ્તો. જો તારી અને વૃંદાની વચ્ચે કાંઈ ચાલતું હોય તેમાં એનો આ બાળપણનો સખો વચમાં આવી જાય તો ?'

'એટલું સારું છે કે તારું આ બોલવું કોઈ સાંભળતું નથી, નહીં તો તને એ ગાંડી જ ગણી કાઢે. એક તો હું આ માંદગીમાંથી સાજો થાઉં કે ન થાઉં એ જ મોટો પ્રશ્ન છે, બીજું એ કે હું કદાચ સાજો થઉં તોપણ લગ્નજીવન ગાળવા જેવો તંદુરસ્ત કદાચ ન પણ રહું ને ત્રીજી મુખ્ય વાત તો એ છે કે હું લગ્ન કરવા જ માગતો નથી.'

'કોઈ તારું આવું બોલવું સાંભળી જાય તો તને પણ ગાંડો જ ગણી કાઢે કે નહીં ?'

'ના. વળી તું કહેતી હતી કે સુસ્મિત અને વૃંદા નાનપણમાં સાથે રમેલાં પણ છે. મને તો ખાતરી છે કે એ આટલાં વરસ સુધી કુંવારો રહ્યો છે તે પણ આ વૃંદાની યાદમાં જ છે. આ વાતનો અણસારો તો તનેય કયાં નથી ? છતાં તું એ બેને છૂટાં પાડી વચમાં મારો ચાડિયો રોપવા માગે છે ? ગાંડી, વિધિએ આપણને વિખૂટાં પાડ્યાં. આપણે તેનાં પરિણામ ભોગવીએ છીએ તે પરથીય તું દાખલો લઈ શકતી નથી ? મારું કહેવું માને તો આજે જ એને વચનમાંથી મુક્ત કર અને જશ ખાટી લે.'

નિશીથના આવા વર્તનથી ગુસ્સે થતી એ નીચે દોડી ગઈ. વૃંદાની અધિરાઈ દાદર તાકતી જ બેઠી હતી : 'શી ખાનગી વાતો ચાલતી હતી આટલી બધી ?' તેણે પૂછ્યું.

'બંગલે પહોંચ્યા પછી કહીશ, અહીં કહેવાય તેવી નથી.' સ્પંદનાએ કહ્યું ને આંખો નચાવી. વૃંદાએ ગાડીને ગીયરમાં નાખતાં તેને કોણીનો હળવો ગોદો માર્યો. સુસ્મિત તરફ જોતાં સ્પંદનાએ ઉમેર્યું : 'તું ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાયસન્સ લઈને આવ્યો છે પણ વૃંદા તારા હાથમાં સ્ટીયરિંગ આવવા દે એ વાતમાં માલ નથી.' પણ એ પૂરું બોલી રહે તે પહેલાં તો પેલું અટકચાળું મનડું મીઠી ટકોર કર્યા સિવાય નહોતું રહ્યું ને : 'કાં વૃંદાનું સ્ટીયરિંગ જ તારા હાથમાં આવી જાય તો નવાઈ નહીં.' પણ પેલાં વડીલોની હાજરીમાં તે શું બોલે ?

બંગલે પહોંચતાં જ વૃંદાએ પૂછ્યું : 'બોલ, શું કહેવાની હતી બંગલે પહોંચીને ?'

સ્પંદના હસી. સુસ્મિત તરફ આંખનો ઉલાળો મારતાં તેણે વૃંદાને પૂછ્યું : 'નિશીથ મને પૂછતો હતો કે વૃંદા ને સુસ્મિત નાનપણમાં ઘરઘર જ રમેલાં કે વરવર પણ રમેલાં ? પછી મેં કહ્યું કે નહીં રમ્યાં હોય તો હવે રમશે.' ને સુસ્મિતના હાથમાં તાળી આપતાં એણે ઉમેર્યું : 'આજથી તું મારા વચનમાંથી છૂટો, જા. પણ એ વચનની વાત કોઈને કરતો નહીં હોં કે.' કહેતાં તે અંદર ચાલી ગઈ.

તેના આમ ચાલ્યા જવાનો હેતુ એ બેને એકાંત આપવાનો હતો; પરંતું કાં તો સુસ્મિત એ સમજ્યો નહીં કે સમજવા માગતો ન હતો એટલે એ એની પાછળ અંદર ગયો.

'મેં વચનમાંથી છૂટા થવા માટે તમારી પાસે માગણી કરી નથી. તમે જ્યાં સુધી મને એ ન જણાવો કે તમે કયા કારણસર એ વચન લીધું હતું ત્યાં સુધી મારે એ વચનમાંથી છૂટા થવું જ નથી.' તે બોલ્યો. સ્પંદના ચમકી. પછી એ ગુસ્સે થઈ, પણ એ કાંઈ કહે તે પહેલાં તો એ રૂમની બહાર નીકળી ગયો હતો.

⬍

નિશીથની તબિયતમાં જે ઝડપથી સુધારો થઈ રહ્યો હતો એનું જેટલું આશ્ચર્ય ડૉકટરને થતું હતું એટલું નિશીથને કે અન્ય કોઈને થતું ન હતું. તેનો કેસ જ્યારથી સુધારા પર આવવા માંડ્યો હતો ત્યારથી એની પાછળના ડૉકટરના ફેરાય વધી ગયા હતા. અને રોજ નવીનવી દવાઓ આવવા માંડી હતી. નિશીથ પણ વગર વિરોધે એ દવાઓ પી લેતો હતો. આ બધું જોઈ નિશીથથી હસ્યા સિવાય રહી શકાતું ન હતું. એ જાહેરમાં એની ભાવના વ્યકત કરતો ન હતો પણ મનમાં તો કહી જ દેતો હતો કે હવે આટલી બધી દોડધામ નહીં કરો તોપણ મારી તબિયત સુધરવાની જ છે, સ્પંદના પાછળ પડી છે એટલે. પણ એ કદી પ્રગટ એવું કહેતો નહીં અને ડૉકટરો, નર્સો અને દવાની શીશીઓની દોડધામ વધતી જ રહેતી હતી.

જેમ એ દોડાદોડ વધી હતી એમ નિશીથની કાળજી લેનારાંનીય દોડધામ વધી ગઈ હતી. સ્પંદનાના આવ્યા પછી દિવસના ભાગમાં કદી એ હોતી તો કદી વૃંદા ને સુસ્મિત હોતાં. શેઠ-શેઠાણી પણ રોજના એકબે આંટા તો મારતાં જ. નિશીથ આ બધું જોતો ને મનમાં જ મૂંઝાયા કરતો. એને થતું કે આ બધાં એની એટલી તો કાળજી લેવા માંડ્યાં છે કે પોતે સાજો થશે પછી ક્યાંક એના ભાગ પાડવાની લઢાલઢ તો નહીં થાય ને!

બીક એને જો કોઈની હોય તો એ શેઠાણીની હતી. સુસ્મિતના ગુમ થઈ જવાથી એમના મનની શાંતિ જોખમાઈ હતી તેમાં નિશીથના આગમને કાંઈક પાટાપિંડી કર્યાં હતાં. અરે, શેઠાણીએ કેટલીય વખત એમ પણ કયાં નહોતું કહ્યું કે ભગવાને એમને સુસ્મિત લઈને નિશીથ આપ્યો છે. અને એટલે તો મુંબઈ છોડીને ચાલ્યા જવાના અનેક પ્રયત્નો છતાં એ મુંબઈ છોડી શકયો ન હતો. નોકરીનું તો જાણે સમજ્યા પણ અમૃતગૌરીએ એને માનો પ્યાર આપ્યો હતો.

એની નોકરી એ તો કહેવા પૂરતી નોકરી હતી. જ્યારે મન ફાવે ત્યારે નોકરી પર જવાનું અને જે મનમાં આવે તે કામ કરવાનું, એ એની નોકરી હતી. શેઠે પણ એને પોતાના દીકરા જેવો જ ગણ્યો હતો. હવે સુસ્મિત આવી ગયો હતો છતાં એમના એ પ્રેમમાં જરાય ઓટ આવી ન હતી.

ગઈ કાલની જ વાત કરો ને. બપોરે ઑફિસમાં જતાં શેઠ હૉસ્પિટલે થઈને નીકળ્યા હતા. શેઠાણી પણ એ વખતે હાજર હતાં. નિશીથે તક જોઈને કહી નાખ્યું હતું : 'બા, હવે તમે આ ગાંડિયા છોકરા પરથી મનને વાળી લો. હવે તો સુસ્મિત આવી ગયો છે.'

'સુમિ તો આવી ગયો છે પણ એથી કાંઈ તારી જવાબદારી પૂરી થઈ જતી નથી. મારે તો જેવો સુમિ છે એવો જ તું છો. ઊલટી હું તો તને પહેલો માનું છું. હું તો રોજ ભગવાનને કહું છું કે વીસ વીસ વરસ સુધી એણે મને દીકરા વગરની રાખી હતી તેનો બદલો વાળવા એમણે મને બે જુવાનજોધ દીકરા સમટા આપ્યા છે. પછી તો તું માને તે ખરું.' પણ એ બોલતાં જ એમના મોં પર ગમગીનીના ભાવ છવાઈ ગયા.

નિશીથને પણ લાગ્યું કે તેણે આવી રીતે કહેવું જોઈતું ન હતું. એ બોલી ઊઠ્યો : 'તમેય બા, ખરાં છો ને. હું તો સામાન્ય વાત કરતો હતો.' કહી તેણે શેઠ સામે નજર માંડી, જાણે મદદ ન માગતો હોય!

શેઠ હસ્યા પણ બોલ્યા ત્યારે બીજું જ ; 'તું એક વખત સાજો થઈ જાય પછી હું તારો ઘાટ ઘડું છું. આ

વખતે સ્પંદનાય હાજર છે એટલે તારો છૂટકો નથી થવાનો, હું જે કહું તે કર્યા વગર.'

'હું તો તમને પહેલેથી જ કહેતી હતી કે એને એક વખત પરણાવી દઈએ એટલે એની મેળે રાગે આવી જશે. મને એવો તો કાળ ચઢે છે!' શેઠાણીએ કહ્યું.

'ત્યાં જ મારી ભૂલ થઈ ને. એણે આ માંદગી હાથે કરીને વહોરી લીધી છે. જો એને પરણાવી દીધો હોત અને ધકેલી મૂકયો હોત સીધો કલકત્તાની ઑફિસે તો મજાલ છે એની કે માંદોય પડે!'

'ના કલકત્તાની ઑફિસે નહીં, હું અત્યારથી જ કહી રાખું છું, હા. એને પરણાવીનેય અહીંથી આઘો જવા દેવાનો નથી. અહીં મારી નજર નીચે જ, હા વળી.'

'હજુ તો ભેંસ ભાગોળે ને છાશ—'

પણ તે આગળ બોલે તે પહેલાં સુસ્મિત અને સ્પંદના અંદર આવ્યાં. એટલે શેઠ બોલી ઊઠ્યા : 'તું આને એક વખત સાજો કરી દે, એટલે આ વખતે તો હું એને પરણાવ્યા વગર છોડવાનો નથી.'

'તમે જો એને પરણાવવાની વાત કરશો તો એ સાજો થતાંય બેચાર મહિના મોડું કરશે. એવાને તો તરત દાન ને મહાપુન્ય, એવી જ નીતિ રાખવી જોઈએ. આજે વિવાહ અને કાલે લગ્ન એટલે આઘોપાછો જ ન થાય.' સ્પંદના નિશીથ સામે મલકાતાં બોલી. નિશીથ કાંઈ બોલ્યો નહીં.

ઘેર પાછાં જતાં રસ્તામાં સ્પંદનાએ સુસ્મિતને કહ્યું : 'મને લાગે છે કે મેં તને વચનમાંથી મુકત કર્યો છે એ તું ભૂલી ગયો છે.'

સુસ્મિત થોડી વાર સુધી તેની સામે તાકી રહ્યા પછી બોલ્યો : 'મને લાગે છે કે મેં તમને જે કહ્યું હતું એ તમે ભૂલી ગયાં છો.'

'શું ?'

'— કે જ્યાં સુધી તમે મારી પાસેથી એવું વચન કેમ લીધું હતું એ ન જણાવો ત્યાં સુધી હું મારા વચનમાંથી મુકત થવા નથી ઈચ્છતો.'

'એ તારી આડાઈ કહેવાય.'

'એ જે કહેવાય એ, પણ હું મારી વાતમાં મકકમ છું. એક વખત તમે કેટલાંયનો ખોફ વહોરી લઈ મારી પાસેથી વચન લો છો અને વગર માગ્યે મને એમાંથી મુકત કરો છો. કેમ ?'

'તારે એ બધું જાણવાની શી જરૂર ?'

'જરૂર હશે ત્યારે જ પૂછતો હોઈશ ને! જ્યારે તમે વચન લીધું ત્યારે મારે એ જાણવાની જરૂર ન હતી. આજે જ્યારે તમે મને એમાંથી મુકત કરો છો ત્યારે મને લાગે છે કે મારે એ જાણવું જોઈએ.' સુસ્મિતે કહ્યું ને બંગલાના આંગણમાં કાર ઊભી રાખી.

'તો પછી રખડ્યા કર એકલમૂંડિયો.' કારમાંથી ઊતરતાં સ્પંદનાએ કહ્યું.

'શી વાતો ચાલે છે બેઉ ફોરેન રીટર્ન વચ્ચે ?' બહાર પોર્ચમાં ઊભેલી વૃંદાથી પુછાઈ ગયું. એક વખત વહેમથી બળી મરતી વૃંદાને અત્યારે સ્પંદના દેવી જેવી લાગતી હતી. એણે નિશીથ પ્રત્યેની સ્પંદનની લાગણીને પિછાણી હતી અને એના આવ્યાથી નિશીથની તબિયત ઝડપથી સુધરી રહી હતી એય તેણે જોયું હતું.

'એ તો હું સુસ્મિતને એમ પૂછતી હતી કે તમે જ્યારે ઘરઘર રમતાં હતાં ત્યારે વરવર કોણ બનતું હતું?'

વૃંદા પહેલાં તો શરમાઈ પણ પછી તરત જ બોલી પડી : 'તુંય ક્યારેક તો રમી જ હોઈશ ને!'

'રમ્યાં તો હોઈશું જ ને, પણ સુસ્મિત સાથે તો નહીં ને! એ ભાઈ સાહેબ મારા પ્રશ્નનો જવાબ આપવામાં લોચા વાળે છે. હવે તું મળી એટલે તને પૂછું છું. મારે તો મમ્મમમ્થી કામ છે.'

'મને કાંઈ યાદ આવતું નથી. ત્યારે તો હું બહુ નાની હતી. સુસ્મિત શું કહે છે ?' ગૂંચવાઈને તેણે પ્રશ્નનો ભાર સુસ્મિત પર છોડી દીધો. પણ સુસ્મિત શું કહે છે એ જાણવાની ઈંતેજારી એના ચહેરા પર જણાઈ આવી.

'હુંય ત્યારે તો નાનો જ હતો ને.' સુસ્મિતે છટકવા પ્રયત્ન કર્યો.

'હા, તારી એ વાત ખરી પણ તું તારી આ વેડી કરતાં બે વરસ ને બાર દિવસ મોટો હતો એ વાત તો સાચી ને! જો વૃંદાને એટલી ખબર હોય કે તમે ઘરઘર રમ્યાં હતાં તો તને એટલી ખબર તો હોવી જ જોઈએ કે વર વર કોણ બનતું હતું.' સ્પંદનાએ કહ્યું. વૃંદાને લાગ્યું કે સુસ્મિતથી જવાબ ટાળી શકાવાનો ન હતો એટલે સંભવિત જવાબની અપેક્ષાએ એ અત્યારથી જ શરમાઈ રહી.

'કંટાળ્યા તમારાથી તો. ભગવાન સાત ભવેય મને તમારી સામે ન ઊભો રાખશો. વર હું બનતો હતો એમ સમજો.' તે બોલ્યો ને વૃંદા વધુ શરમાઈ રહી. પરદેશી મુકત વાતાવરણમાં ઊછરેલો સુસ્મિત બેયની સામે કશા સ્પષ્ટ ભાવ વગર તાકી રહ્યો.

વૃંદા શરમથી નીચું જોઈ ગઈ હતી તેના તરફ જોતાં સ્પંદના બોલીઃ 'લ્યો, વહુરાણી શરમાઈ ગયાં. પણ મારું માનો તો હવે બેય સાચેસાચું ઘર ઘર રમવા જ માંડો.' કહેતાં એ બંગલામાં પેસી ગઈ.

પોતે કાંઈક બોલવું જોઈએ એમ લાગતાં સુસ્મિતે કહ્યું : 'તમે એમના બોલવાનું ખોટું ન લગાડતાં. એમને એવી મશ્કરી કરવાની ટેવ છે.'

'તમને એ ખબર નહીં હોય પણ અમે કૉલેજમાં ચાર વરસ સાથે ભણ્યાં છીએ અને સારાં મિત્રો પણ છીએ.' વૃંદાએ કહ્યું અને પોતાના કથન પર સુસ્મિત હસી પડ્યો.

'ત્યારે તમારી એ મૈત્રીના દાવે એ આપણને મુશ્કેલીમાં મૂકવા પ્રયત્ન કરી રહી છે એમ ને!' એ બોલ્યો.

'પ્રેમ કરવો એ મુશ્કેલી હોય તો_' એમ કહેવાનું વૃંદાને મન થયું પણ એનો અર્થ સુસ્મિત શોય ઘટાવે એ શંકાથી ચૂપ જ રહી. નિશીથ સાથે એકપક્ષીય પ્રેમે વળગેલું તેનું હૈયું હજુ ત્યાંથી નિરાશ થઈને પાછું વળી ગયું ન હતું. હા સુસ્મિતના આવ્યા પછી એ બાળપણની યાદ તાજી કરવા પ્રયત્ન જરૂર કરતી હતી.

'આવીએ પણ સ્પંદનાની જેમ મનમાં શાય લાડવા વાળતી હશે.' એ વિચારી રહ્યો.

અનુક્રમ

# ૨૯. નિશીથનો પત્ર

રવીન્દ્ર તથા પેલાં ત્રણ વૃધ્ધો સ્પંદનાને વળાવીને ઘેર આવ્યાં ત્યારે સ્પંદના પર લખાયેલો નિશીથનો પત્ર સાંજની ટપાલમાં આવીને પડ્યો જ હતો. ખાવાનું પડતું મૂકીને એ પત્ર વાંચી લઈ શકાય એમ ન હતું એટલે રવીન્દ્ર એ પત્ર ખિસ્સામાં મૂકીને ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયો.

ખાઈને બધાંની માફી માગતો એ સીધો જ પોતાના રૂમમાં ચાલ્યો ગયો. પેલાં ત્રણેયે માન્યું કે તેનું મન

ઠેકાણે ન હતું એટલે એ વહેલો ઊઠી ગયો હતો. તેમણે અંદરોઅંદર વાતચીત કરવા પ્રયત્ન કર્યો પણ તેમને જણાયું કે તેમનાં મન પણ એટલાં શાંત ન હતાં જેટલાં તે દેખાડવા માગતાં હતાં. અને એ વાત પણ એટલી જ સાચી હતી કે એ રાતે તેઓ રોજના કરતાં વહેલાં સૂવા માટે ચાલ્યાં ગયાં હતાં.

પોતાના ઓરડામાં જઈને રવીન્દ્રએ પેલો પત્ર ખોલ્યો. એ સ્પંદના પર લખાયેલો હતો એટલે પોતે એ ખોલવો કે નહીં એવી ભાંજગડમાં પડવાની તેને આજે જરૂર ન જણાઈ. તે પત્ર નિશીથનો હતો માટે જ તેણે ખોલવો જોઈએ એમ તેનું મન કહેતું હતું. પછી તો તે એને તાબે થાય જ ને!

પત્ર ટૂંકો હતો ઃ

તા. ૧૯ માર્ચ, ૧૯—

મુંબઈ – ૨

સ્પંદના,

આ સાથે મારા ત્રણ પત્રો થયા છે. પહેલા બેમાંથી એકેયનો જવાબ તેં આપ્યો નથી એમ આ પત્રનો જવાબ પણ નહીં જ મળે એ જાણવા છતાં લખ્યા સિવાય નથી રહી શકાતું એઠલે આ છેલ્લો પત્ર લખી રહ્યો છું ને એના જવાબની અપેક્ષા પણ નથી રાખતો.

રવીન્દ્રની આંખોના ઑપરેશન માટે તેં જે ભોગ આપ્યો છે એ વિષે મેં છેલ્લા પત્રમાં ઉલ્લેખ કર્યો હતો ત્યારે તો મેં ફક્ત ઊડતી વાતો જ સાંભળી હતી. પછી ઘણે વખતે મને સાચી વાત જાણવા મળી. મનમાં હું એવું આશ્વાસન મેળવવા મથતો હતો કે એ અફવા ખોટી જ હોય એ આશ્વાસન પણ લૂલું થઈ ગયું. તારા એ પગલા માટે હું તારી ટીકા કરવા જેટલો મને લાયક ગણતો નથી એટલે એ વિષે કશું કહેતો નથી. પણ મનમાં થાય છે કે એ પહેલાં તેં મને વાત કરી હોત તો—

તે રાતે તને સ્ટેશન પર મૂકવા આવ્યો તે પહેલાં રૂમની લાઇટ બંધ થઈ ગઈ હતી. તને એમ તો નહોતું લાગ્યું કે એ અંધારાનો લાભ લઈને હું— પણ તને તો ખબર જ છે કે મેં તારે માટે મનમાં કદી કયારેય હલકો ભાવ આણ્યો નથી. ભગવાન મને ભવિષ્યમાં એવી કુબુધ્ધિ ન સૂઝાડે.

હા, એટલું ખરું કે વચમાં સમયનો ઘણો ગાળો પડી ગયો છે ને કાળને મારવા માટે મને મારી લાચારીએ ઘણી વાતો સમજાવી દીધી છે. પણ જો એ વખતે મને સાચી વાતની ખબર પડી હોત તો કાં તારી કાં મારી લાશ મુંબઈના દરિયામાંથી મળી હોત.

તું જ કહે હવે હું જીવીને શું કરું ? કોના મોં સામે જોઈને જીવી નાખું ? ડૉક્ટરો પણ હવે તો મારા વિચારો સાથે મળતા થયા છે. એમણે પણ મને સાજો કરવામાંથી હાથ ધોઈ નાખ્યા છે. તને જ્યારે આ પત્ર મળશે ત્યારે હું કદાચ આ પૃથ્વી પર નહીં હોઉં. તને દુઃખ લાગ્યું હોય તો માફ કરજે પણ મારો જીવ જ એવો છે કે કહેવાઈ જાય છે.

રવીન્દ્રની આંખો બરાબર થઈ ગઈ છે અને તેમને પગાર પણ સારો મળે છે એમ જાણ્યું છે. મારું માનો તો ત્યાં જ રહીને સુખે જિંદગી વીતાવી નાખજો. અહીંનો સમાજ તમને સુખી નહીં થવા દે.

ડૉક્ટર રવીન્દ્ર સમજુ અને ઉદારદિલ માણસ છે એવો મારો અનુભવ છે; પણ આખરે તે પતિ તો ખરા જ ને ! તે તને ને તારા ત્યાગને ન સમજી શકે તો —

તું જેટલી વધુ સુખી થાય એટલી જ શાંતિ ભગવાન મારા આત્માને આપે એટલી પ્રાર્થના કરું છું.

—અભાગી નિશીથ.

રવીન્દ્રને આમાંનું કેટલુંક સમજાયું કેટલુંક ન સમજાયું. તેણે પત્ર ફરીથી વાંચ્યો. ત્રીજી વખત પણ વાંચ્યો. કેટલીક વાતો એવી તો અસ્પષ્ટ હતી કે તેને તેમાં કોઈ ધડમાથું જ ન સમજાયાં. હા, એક વાતની તેને ખબર પડી ગઈ કે સ્પંદના ને નિશીથને અને તેમની વચ્ચેના સંબંધને સમજવા માટે તેની પાસે દિલ જ નહોતું. સ્પંદના પર તેણે વહેમ ખાધો હતો એ માટે એ મનમાં જ પસ્તાઈ રહ્યો.

નિશીથના પત્રમાંથી એના દિલની સચ્ચાઈનો જે રણકો ઊઠતો હતો એ રવીન્દ્રના દિલમાં પડઘાઈ રહ્યો. આમ તો રવીન્દ્ર પણ નિશીથને કયાં નહોતો ઓળખતો ? નિશીથ એને કદીય એવો નહોતો લાગ્યો કે જે પરસ્ત્રી સાથે પ્રણયની ગાંઠ ગાંઠે. પણ તેની સ્પંદના સાથેની જૂની મૈત્રી, તેના સ્પંદના પર આવતા પત્રો, તેમાંના અધૂરા ઉલ્લેખો અને તેમાંય બાકી હોય તેમ સ્પંદનાની તેના પરની લાગણીએ રવીન્દ્રને આંધરોભીત બનવી મૂકયો હતો.

નિશીથના પત્રમાંથી એટલું તો સ્પષ્ટ થતું હતું કે સ્પંદનાએ પૈસા ભેગા કરવા માટે જે વ્યવસ્થા કરી હતી તે તેને પસંદ પડી ન હતી. નિશીથે પોતે એક વખત એને આ વાત કરી હતી. આ વાત એવી ન હતી કે એને કારણે મરી જવા કે મારી નાખવાની હદે નિશીથ ગુસ્સે થઈ જાય તો એની પાછળ એ બે વચ્ચેનો ગાઢ સંબંધ જણાય તો એમાં રવીન્દ્રનો વાંક કયાંથી કઢાય ?

રવીન્દ્રની મતિ મૂંઝાઈ ગઈ હતી. એક તરફ એને લાગતું હતું કે સ્પંદના પર પોતે ખોટો વહેમાતો હતો જ્યારે બીજી તરફ તેને લાગતું હતું કે સ્પંદના પરના નિશીથના પત્રમાં એવું કાંઈક હતું જે તેને સ્પષ્ટ નહોતું સમજાતું, અને એ જ તો તેનાં ચિંતા અને ગુસ્સાને વધારતાં હતાં.

આંખ મીંચી તેણે ઊંઘી જવા પ્રયત્ન કર્યો પણ ઊંઘ પણ તેનાથી જાણે રૂઠી ગઈ હતી. ન તો વિચારોએ તેનો પીછો છોડ્યો કે ન તો ઊંઘ તેના પર પ્રસન્ન થઈ. આમ ને આમ રાતના ચાર વાગી ગયા. ચાર વાગે તેની આંખો સ્હેજ મીંચાઈ. પણ મીંચાયેલી આંખો તો સ્વપ્નોની દુનિયામાં જઈ રવીન્દ્રને વધુ સતાવી રહી.

સ્વપ્નામાં તેણે જોયું કે નિશીથ મરણપથારીએ પડ્યો છે. સ્પંદના તેને ઓશીકે બેઠી છે. તેનો હાથ નિશીથના કપાળ પર છે. નિશીથ કહે છે : ‘તું શા માટે અહીં આવી ? મેં તને કહ્યું હતું ને કે જો સુખી થવું હોય તો અહીં કદી પાછી આવતી નહીં.’

સ્પંદના કહે છે : ‘હું તને સાજો કરવા આવી છું. તું એક વખત સાજો થઈ જાય પછી તું કોઈની સાથે પરણે પછી જ હું સુખી થઈ શકું ને!’ રવીન્દ્રએ જોયું કે આ સાંભળી પાછળ ઊભેલી વૃંદા શરમાઈને બહાર નીકળી જાય છે.

‘તું એકલી જ આવી છું કે બન્ને આવ્યાં છો ?’ નિશીથ પૂછે છે. રવીન્દ્રને લાગે છે કે પોતે હવે જાહેર થવું જોઈએ એટલે તે બારણાની આડેથી આગળ આવે છે. નિશીથે તેને જુએ છે ને બોલે છેઃ ‘તમે પણ આવ્યા તે સારું કર્યું. આ દુનિયા ઘણી ખરાબ છે. સ્પંદનાને તમારી ઓથ વિના નહીં ચાલે. હું તો આજે જાઉં છું. કદાચ કાલે જાઉં, પણ તમે તેને જરાય દુખી ન થવા દેતા. એના જેવી સ્ત્રીઓ યુગમાં કોઈક જ પાકે છે. એના પ્રેમને, એના ત્યાગને, એની લાગણીને મુલવી ન શકો તો વાંધો નહીં પણ એને દુભવશો તો નહીં જ. દુનિયામાં આવી એણે કશું જ ભોગવ્યું નથી, ફકત સહન જ કર્યું છે. તમે એને સુખી કરશો ને ?’ કહેતાં નિશીથની આંખો ફાટી જાય છે, મોં ખૂલી જાય છે ને જીભ અંદર ખેંચાઈ જાય છે. રવીન્દ્ર ચીસ પાડી તેના તરફ ધસે છે ત્યાં એની આંખ ખૂલી જાય છે.

તે પથારીમાં બેઠો થઈ ગયો. તેણે ઘડિયાળમાં જોયું તો સવારના પાંચ વાગ્યા હતા. ઊઠવાને હજુ વાર હતી, પણ હવે તેને ઊંઘ આવે તેમ ન હતી. તેણે પેલો પત્ર ફરીથી વાંચ્યો. પથારીમાં પડ્યાં પડ્યાં જ તેણે

સિગારેટ સળગાવી. એક વિચાર તેને એવો પણ આવ્યો કે દેશમાં નિશીથને એક પત્ર લખી નાખે કે સ્પંદનાની એવી તે કઈ ભૂલ થઈ હતી કે તે આટલો બધો ગુસ્સે થઈ ગયો હતો ને મરવા કે મારવા સુધી તૈયાર થઈ ગયો હતો ? તો તેને એક વિચાર એવો પણ આવ્યો કે સીધો પોતે જ દેશમાં જાય અને નિશીથને મળીને પૂછે કે જો એ સ્પંદના સુખી થાય એમ જ ઈચ્છતો હોય તો પોતાના મનનું સમાધાન કરી આપે અને એ બેની વચ્ચે કેવો સંબંધ છે એ બતાવી આપે.

— પણ એ બધુંય જાણે એક તરફ હડસેલી મૂકતો હોય તેમ તેણે ઓઢવાનું એક બાજુ પર ફગાવી દીધું ને પલંગ પરથી ઊભો થઈ ગયો. કડકડતી ઠંડી હતી છતાં તેણે ઓવરકોટ પણ પહેર્યા વગર અજવાળું થતાં સુધી રૂમમાં આંટા માર્યા કર્યા ને ઢગલોએક સિગારેટની રાખ કરી. હા, નિર્ણય તો છેવટે એણે એ જ કર્યો કે હાલ તો નોકરી ચાલુ રાખવી અને પરદેશમાં રહ્યોરહ્યો, જે થાય તે જોયા કરવું. વખત જ કદાચ બધો ખુલાસો કરી દેશે.

તે તૈયાર થઈને બહાર નીકળ્યો ત્યારે સવારના સાત વાગ્યા હતા. તેને આટલો વહેલો તૈયાર થઈ ગયેલો જોઈ એની બોલી ઊઠી : ‘આજે સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો છે કે શું ? કે પછી પ્રેમથી જગાડનાર પરદેશ જતું રહ્યું છે એટલે ભાઈસાહેબ, વહેલા ઊઠી ગયા છે ?’

‘એવું કાંઈ નથી. આજે વહેલો જાગી ગયો અટલે થયું કે વહેલો પરવારી લઉં.’

‘તું ટેબલ ગોઠવ ત્યાં સુધીમાં હું ચા-નાસ્તાની તૈયારી કરું.’ કહેતાં એની રસોડામાં પેઠી. રવીન્દ્ર પણ તેની પાછળ રસોડામાં પેઠો.

‘ચાલો, આજે હું તમને કામમાં મદદ કરું. મને લાગે છે કે મને ચા બનાવતાં તો આવડશે જ.’ તે હસતાં બોલ્યો.

‘ચા બનાવવામાં અને દવા બનાવવામાં બહુ ફેર છે હોં, ડૉક્ટર સાહેબ.’ એનીએ કહ્યું અને સહેજ શંકાથી તેના તરફ તાકતાં ઉમેર્યું : ‘વાત શી છે, રવીન ? તું આજે કોઈક જુદા જ મૂડમાં જણાય છે.’

‘હું વિચારતો હતો કે જો તમે મને રજા આપો તો હું મારા રહેવાની અલગ વ્યવસ્થા કરવા માગું છું.’ લોચા વાળતાં તે બોલ્યો.

એની ચમકી. ધ્રૂજતા હાથમાંની કીટલી ટેબલ પર મૂકી દેતાં તે બોલી ઊઠી : ‘તને એવો વિચાર કેમ આવ્યો ?’

‘મને લાગે છે કે તમને ઘણા દિવસ તકલીફ આપી. હવે હું કમાતો થયો છું. મારે હવે મારી વ્યવસ્થા કરી લેવી જોઈએ.’ રવીન્દ્રએ લોચા વાળવા માંડ્યા. એનીનું મોં પડી ગયું. એના હાથમાંથી મિલ્ક-પોટ પડતાં રહી ગયો.

‘એના કરતાં એમ કેમ નથી કહેતો કે તું અમારાથી ધરાઈ ગયો છે ?’

‘એવું નથી.’

‘એવું જ છે. હું કાંઈ કાલે જન્મી નથી કે ન સમજું. બાકી જો તને મારી સગવડ કે અગવડની ચિંતા હોય તો તો તારે હવે મારી સાથે જ રહેવું જોઈએ. દીકરો કમાતો થાય ત્યારે માબાપની સેવા કરે કે તેમનાથી જુદો થઈ જઈ એકલો મોજ કરે ?’

‘મારો આશય એવો ન હતો. મને માફ કરો, પણ મારે કહેવું પડે છે કે મારી કમાઈનો એક પણ પૈસો તમે મને ઘર-ખર્ચમાં વાપરવા દેતાં નથી, પછી મને એમ જ લાગે ને કે હું તમારે માથે પડ્યો છું ને તમને તસ્દી આપ્યા કરું છું ?’

એનીની આંખો ચમકી ઊઠી : 'તું ગાંડો છે. આપણા ઘરનો ખર્ચ જ કયા વધારે છે ? છતાં જ્યારે મને જરૂર પડશે ત્યારે હું તારી પાસે પૈસા માગી લઈશ, બરાબર ?'

'ના, બરાબર નહીં. કાં તો ઘરનો બધો જ ખર્ચ મારી પાસેથી માગી લો અથવા મને અહીંથી જુદા રહેવાની રજા આપો.' તેણે કહ્યું.

'ઠીક ભાઈ, તારી જેવી મરજી. એક તરફ માર્ગારેટ અને કર્નલ હનીમૂન પર ઊપડી જવાનાં છે-કદાચ વર્ષેય પાછાં આવે. બીજી તરફ તું પણ ચાલ્યા જવાની વાત કરે છે. મારા નસીબમાં એકલતા જ લખાઈ છે!' એની ખેદથી બોલી.

રવીન્દ્રએ ઝડપથી કોઈક નિર્ણય કર્યો. હસી પડતાં તેણે કહ્યું : 'ના, તમારા નસીબમાં એકલતા લખાઈ નથી. તમારા સ્વભાવમાં પણ એ નથી. હું હવે અહીં જ રહીશ. હા, એટલું કહી દઉં છું કે મારી વાત તમે નહીં માનો ને તમારા પૈસાથી કાંઈ ખરીદી લાવશો તો એ હું તોડીફોડીને બારીએથી બહાર ફેંકી દઈશ અને મારા પૈસાથી એ જ ચીજ ખરીદી લાવીશ. હું તમને પજવવામાં બાકી નહીં રાખું, જો તમે મારું કહ્યું નહીં માનો તો. હવે હું અહીં તમારા દીકરા તરીકે રહીશ અને એક દીકરાના બધા જ હક ભોગવીશ.' તે બોલ્યો. ને એનીની આંખો ભરાઈ આવી.

અનુક્રમ

# ૩૦. સિલ્વીઆ સ્મિથ

સ્પંદનાના દેશમાં ગયાથી રવીન્દ્રની આંતરિક શાંતિ જોખમાઈ હતી. તે પોતાના મનની આવી સ્થિતિ બહાર જણાવા દેવા માગતો ન હતો. જેમ જેમ તે બહાર બનાવટી શાંતિ અને સ્વસ્થતાનો દેખાવ કર્યા કરતો હતો તેમ તેમ તેનું અંતર તેને વધુ ને વધુ ડંખતું હતું. તેણે સ્પંદનાના આ પગલાને વ્યાજબી ગણવાનો અને તેની પાછળ દેશમાં જવાનો નિર્ણય લેવા  પ્રયત્ન કર્યો હતો, પણ તેનું પેલું પુરુષદિલ તેમાં વારે વારે વાંધો નાખી તેના આવા પ્રયાસને નિષ્ફળ બનાવી રહ્યું હતું.

કર્નલ અને માર્ગારેટ હનીમૂન ટ્રીપ પર ઊપડી ગયાં હતાં. ઘર સૂનું સૂનું થઈ ગયું હતું. ગૂંજતા ઘરમાંથી ત્રણ માણસો ઓછાં થઈ ગયાં હતાં. આ ત્રણમાંથી એક સ્પંદનાની ગેરહાજરીથી જ જાણે ઘરનો કલબલાટ અસહ્ય નિરવતામાં ઓગળી ગયો હતો, ત્યાં કર્નલ અને માર્ગારેટ પણ ઊપડી ગયાં હતાં. જો કે ઘરમાં હજુ બે માણસો રહ્યાં હતાં; પરંતુ રવીન્દ્ર  પ્રયત્ન કરવા છતાં વાચાળ અને હસમુખો રહી શકતો ન હતો. એની પણ એના મૂળ સ્વભાવ પર કયાં પાછી આવી શકી હતી!

આમ ને આમ ત્રણ મહિના વીતી ગયા. રવીન્દ્ર ઘરની એકલતાથી કંટાળી દિવસનો મોટો ભાગ હૉસ્પિટલમાં જ પસાર કરતો હતો. તેને ઑફ હોય એવે દિવસેય તેને ડ્યૂટી પર હાજર થયેલો જોતાં ડૉ. રેબીસન કયારેક આશ્ચર્ય વ્યકત કરતા હતા : 'ડૉક્ટર દેસાઈ, તમારી યાદાસ્તની દવા માટે તમે અહીં આવ્યા છો કે શું ?'

'કેમ ?'

'આજે તમારે ઑફ છે એટલે મને લાગ્યું કે તમે કદાચ એ માટે આવ્યા હો.'

'એની મને ખબર છે પણ મને તો હૉસ્પિટલ ઘર જેવી લાગે છે.' તે કહેતો.

'ભલા માણસ, આ તો ઈંગ્લેન્ડ છે. અહીં તો ઑફને દિવસે કોઈ ઘેર પણ ક્યાં રહે છે ? ઑફ એટલે હરવા ફરવાનું, બહાર ખાવા જવાનું ને મીઠી કંપનીમાં મઝા કરવાની, સમજ્યા, મિ. દેસાઈ ?' ને બીજા ડૉક્ટરો હસી પડતા. આમ છતાં રવીન્દ્રએ રજાને દિવસેય ન તો હૉસ્પિટલમાં આવવાનું છોડયું હતું કે ન તો બહાર રખડવાનું શરૂ કર્યું હતું.

પરંતુ આજે તે જ્યારે હૉસ્પિટલનાં પગથિયાં ચઢી રહ્યો હતો ત્યારે તેની પાછળથી એક મીઠો સ્વર સંભળાયો : 'ડૉ. દેસાઈ.' ને તેનાં પગલાં થંભી ગયાં.

ચમકીને રવીન્દ્રએ અવાજની દિશામાં જોયું. ડૉક્ટર સિલ્વીઆ સ્મિથ પગથિયાં પાસેના એક ફૂલઝાડ પાસે ઊભી હતી. આમેય તે સુંદર તો હતી જ પણ આજે તો તે એવી સુંદર લાગતી હતી, જાણે છોડ પરથી લચી પડતાં પુષ્પોનો એક ગુચ્છ, બધાંથી છૂટો પડીને, છોડના થડ સાથે ન વળગી ગયો હોય ! રવીન્દ્રએ તેની સામે જોયું, સહેજ ગૂંચવાયો છતાં હસ્યો અને ઝડપથી પગથિયાં ઊતરી તેની સામે જઈ ઊભો.

'તમે મને બોલાવ્યો ? કહો, શું કામ છે ?' તેણે પૂછ્યું.

'આજે તમારે ઑફ નથી ?'

'છે ને, કેમ ?'

'તો ચાલો મારી સાથે.' રવીન્દ્ર વળી પાછો ગૂંચવાયો પણ એને ચોખ્ખી ના ન કહી શક્યો.

'ક્યાં જાઓ છો તમે ?' તેનાથી એટલું જ પૂછાયું.

'તમે જ્યાં લઈ જાઓ ત્યાં.' તે બોલી અને આંખો નચાવી રહી. બોલતાં તે હસી અને જાણે આખો બગીચો હસી રહ્યો. રોજ એને એપ્રન અને ફેસમાસ્કની અંદર તેને જોવા ટેવાયેલા રવીન્દ્રએ સિલ્વીઆને આજે જુદા જ સ્વરૂપે જોઈ. રવીન્દ્રની આંખો અભાનપણે જ એની ઘાટીલી કાયા પર ચીટકી રહી.

આમ તો રવીન્દ્ર છેલ્લા એક મહિનાથી સિલ્વીઆની એ મારકણી

આંખોનો અભ્યાસ કરી રહ્યો હતો. તે હૉસ્પિટલમાં કામ પર આવવા માંડ્યો ત્યારથી જ સિલ્વીઆને જાણતો હતો. છતાં છેલ્લા એક મહિનાનો તેની સાથેનો પરિચય કાંઈક જુદો જ હતો. એક રાતે નાઈટ ડ્યૂટીમાં બન્ને ભેગાં થઈ ગયાં હતાં.

'તમને તો ડૉક્ટર દેસાઈ, આ નાઈટ ડ્યૂટી આશીર્વાદ સમી લાગતી હશે.' તેણે વાતની શરૂઆત આમ કરેલી.

'કેમ ?' તેના કહેવાનો અર્થ કાઢવા પ્રયત્ન કરતાં રવીન્દ્રએ પૂછેલું.

'વિયોગી પતિને આમેય રાત્રે ઊંઘ આવે નહીં, એટલે —'

ને રવીન્દ્રએ હસી લેતાં કહેલું : 'ત્યાં જ તમારી ભૂલ છે. તાજાં પરણ્યાં હોય એમને માટે એ કદાચ સાચું હશે પણ અમને પરણ્યે તો લગભગ ત્રણ વરસ થવા આવ્યાં.'

'તમે તો એવી વાત કરો છો જાણે તમને પરણ્યે ત્રણ વરસ નહીં પણ ત્રણ યુગ થઈ ગયા હોય! પણ અહીં તો લોકો પચાસ વરસેય ધરાતા નથી એનું શું ? ડૉક્ટર રીચાર્ડસનની ઉંમર તમે કેટલી ધારો છો ? સાઠથી નીચે તો નહીં જ હોય ને,-છતાં સિસ્ટર આમેની સાથે—' ને પછીનું કહેવાનું માત્ર આંખોના એક હળવા ઉલાળાથી તેણે પતાવી દીધેલું. રવીન્દ્રને ત્યારથી એની આંખોની એ ભૃંગીમાં રસ જાગૃત થયો હતો.

સિલ્વીઆ સુંદર હતી. અણિયાળી તેની આંખોનો રંગ આસમાની હતો અને એ આસમાની ભૂમિ પર સરકતી, લસરતી ને સંતાઈ જતી એની પેલી કીકીઓ આસમાની દીવાલ પર જાણે ચમકતા આભલા જડ્યા હોય એવી શોભતી હતી. એટલે તો કેટલાકને એ આભલામાં પોતાનું મોં જોવાના અભરખા થતા હતા ને!

પાંપણો એની મોટી અને વળેલી હતી. ભ્રમરો ઘટ્ટ લાંબી અને કાળા રંગની હતી. કોઈ ચિત્રકારે જાણે કાળજીથી ઓપ આપ્યો હોય એવી મરોડદાર હતી. પરવાળાં જેવા તેના હોઠ પર લાલચટક લીપ્સ્ટીક લગાડી તેણે તેમને વધુ ભડકતા કર્યા હતા. તેનું મોં ભરાવદાર હતું અને ચીબુક અણિયાળી હતી અને ગાલ પરની લાલીની આભા એને એક બાળકી જેવી નિર્દોષતા અર્પતી હતી.

ખૂલતા એપ્રન નીચે બરાબર ન જોઈ શકાતું એનું દેહલાલિત્ય અત્યારે છતું થઈ રહ્યું હતું. એણે સ્ટ્રેપલેસ ડ્રેસ પહેર્યો હતો. એની અલ્લડ જવાની કોઈને પણ આકર્ષવા માટે જાણે તૈયાર થઈને આવી હતી.

'હું કયાં લઈ જાઉં, તમને ? તમે તો જાણો છો કે હું ત્રણ વર્ષથી અહીં છું છતાં મને આપણી હૉસ્પિટલ સિવાય કોઈ રસ્તાની ખબર નથી.' રવીન્દ્રએ કહ્યું.

'એટલે તો કહું છું કે તમે જ્યાં લઈ જાવ ત્યાં આવવાની મારી તૈયારી છે. કયારેક તો તમે કયાંક પાર્ટી કે પિકનિક પર ગયા જ હશો ને! તમને જ્યાં ગમતું હોય ત્યાં મને લઈ જાવ.' પેલીએ આંખનો ઉલાળો મારતાં કહ્યું.

રવીન્દ્ર ખરો પકડાયો હતો. એને કયાંય જવાનું મન નહોતું, પણ આને કેમ ટાળવી એની પણ એને ખબર નહોતી. 'ભલે, ચાલો.' તેણે છેવટે કહેવું પડ્યું. એકાકીપણાથી એનું હૈયું હિજરાયા કરતું હતું તેમાં આ ટપકી પડી હતી. રવીન્દ્રને થયું કે એકાદ દિવસ એની સાથે બહાર ફરવાથી જો તેમાં થોડી પાટાપિંડી થતી હોય તો એ અનુભવ કરવામાં કશું ખોટું ન હતું. તે સિલ્વીઆની પાછળ ચાલ્યો.

કંપાઉન્ડની બહાર સિલ્વીઆની લાલ ટુ-સીટર કાર પડી હતી. સિલ્વીઆ સ્ટીયરિંગની બાજુની સીટ પર બેસી ગઈ. 'કેમ ? તમે ગાડી નથી ચલાવતાં ?' રવીન્દ્રએ પૂછ્યું.

'તમે ચલાવો, મારે તો તમે જ્યાં લઈ જાવ ત્યાં જ આવવાનું છે ને!'

રવીન્દ્રએ ના છૂટકે ગાડી સ્ટાર્ટ કરી અને પાછું પૂછ્યું : 'કઈ તરફ જઈશું ?'

'મને શી ખબર ? સ્ટીયરિંગ તમારા હાથમાં છે.' પાછો એવો જ જવાબ.

એ એવી બેફિકરાઈથી બોલતી હતી કે રવીન્દ્ર ટીખળ કરવા મજબૂર બન્યો : 'પછી કહેતાં નહીં કે અહીં નથી જવું કે બીજે લઈ જાવ.'

'તમને જો જહન્નમના રસ્તાની ખબર હોય અને મને ત્યાં લઈ જશો તોય હું ફરિયાદ નહી કરું, બસ ?' તે બોલી. તેની આંખમાં એવાં તો સાપોલિયાં રમતાં હતાં કે રવીન્દ્રથી તેની સામે આંખ માંડીને જોઈ પણ શકાતું ન હતું. તેણે ગાડી ઉપાડી અને શહેરની પરવાડે, પૂર ઝડપે જવા દીધી. તેને એમ હતું કે હમણાં સિલ્વીઆ કાંઈક બોલશે કે ફરિયાદ કરશે, પણ એ કાંઈ બોલતી જ ન હતી. ત્રાંસી આંખે રવીન્દ્રએ જોયું તો તે મલકાઈ રહેલી જણાઈ. રવીન્દ્રએ લગભગ પચીસેક માઈલ ગયા પછી એક ટેકરી પર આવેલા હોલિડે કેમ્પ પાસે ગાડી થોભાવી. સિલ્વીઆને આ હોલિડે કેમ્પ અજાણ્યો હોય એમ રવીન્દ્રને લાગ્યું નહીં. જો કે રવીન્દ્રને તો ફકત આ જ જગાની ખબર હતી.

'તમે આવી સુંદર જ્ગ્યાએ લઈ આવશો એવી મને આશા નહોતી.' કારમાંથી બહાર આવતાં તે બોલી.

'હું એકબે વખત અહીં આવેલો છું અને ખરું પૂછો તો મને આ સિવાય આવી બીજી જગાનો પરિચય પણ નથી.' તે બોલ્યો.

'આ જગા સુંદર છે. અહીં જો બેચાર દિવસ ગાળવાના હોય તો જાણે મહિનો આરામ કર્યો હોય એટલી તાજગી આવી જાય.' તે બોલી.

'મને લીવ રીપોર્ટ લખી આપજો જો તમારે અહીં રહેવું હોય તો. હું હૉસ્પિટલમાં આપી દઈશ.' રવીન્દ્રએ મજાક કરી.

'જ્યારે મારે એમ કરવું હશે ત્યારે હું રીપોર્ટ લખી આપીશ પણ આજે તો આપણે ફકત આજની રાત પૂરતું જ અહીં રહેવું છે.' તે બોલી અને રવીન્દ્ર ચમકયો. તેને સિલ્વીઆની બૂરી દાનતનો અંદાજ આવી ગયો.

'એ તમારે નકકી કરવાનું નથી. આજે તમે મારાં મહેમાન છો. હું જે પ્રમાણે નકકી કરું એ પ્રમાણે જ ટાઈમ ટેબલ ગોઠવાશે.' તેણે કહ્યું.

'કયાં જવું એ તમારે નકકી કરવાનું હતું, હવે કેટલું રોકાવું છે અહીં એ મારે નકકી કરવાનું છે. ને હું તમને કાંઈ બેચાર દિવસ રોકાઈ પડવાનું કહેતી પણ નથી. પણ પહેલાં આપણે કેન્ટીનમાં બેસીએ. આજે સાંજ પહેલાં આપણે પાછાં જઈશું, બસ ?'

'પણ સાંજ સુધી આપણે અહીં કરીશું શું ?' રવીન્દ્રનું ગભરાતું મન બોલી ઊઠ્યું.

'ખાઈશું, પીશું અને વાતો કરીશું. ચાલો પહેલાં પીવાનું લઈ આવીએ.'

'ભલે લઈ આવીએ. પણ હું તો ફકત કોક જ લઈશ. હા, તમારે જે લેવું હોય તેની છૂટ છે.'

'તમે કેમ કોક જ પીશો ?'

'મારી હોજરી બાળી મૂકવાનો હજુ મેં વિચાર કર્યો નથી.' રવીન્દ્રએ કહ્યું.

'તમે તે કઈ યુનિવર્સિટીના ડૉકટર છો ?'

'બધી યુનિવર્સિટીની ડૉકટરીના કોર્સ સરખા જ હોય છે.'

'શરાબ પીવાથી હોજરી બળી જાય છે એવું કોઈ યુનિવર્સિટીના કોર્સમાં હોય એવું મારી જાણમાં નથી.' તે બોલી અને એની અણિયાળી પેલી આંખોનાં તીર રવીન્દ્રને જાણે ભેદવા મથી રહ્યાં.

'એકલી હોજરી જ નહીં પણ શરીર, મન અને માનવતાય શરાબના સેવનથી બગડે છે એવું હું ભણ્યો છું.'

'કેવી રીતે ?' સિલ્વીઆએ માત્ર દલીલ ખાતર જ પૂછી નાખ્યું.

'પીવે એટલે હોજરી તો બગડે જ. પીવાથી ખોરાકનું પથ્યાપથ્ય ન રહે એટલે શરીર પણ બગડે, પછી સારાસાર વિવેકનું ભાન ન રહે એટલે મન પણ બગડે. પછી માનવતા કયાંથી રહે ?'

'તમે આવું નકામું ઘણું વિચારતા લાગો છો.'

'હું વિચારતો નથી. આ તો વારસામાં મળેલા સંસ્કારોની દેન છે.'

'અહીં તો લગભગ બધા જ પીએ છે. શું એ બધા અસંસ્કારી છે?' તેણે સામી દલીલ કરી. માત્ર દલીલ, શબ્દોની-દિલની નહીં, બધાંને માટે વરસી જતો પ્રેમ પણ નહીં કે સંસ્કૃતિની એવી ખોટી કે મોટી લાગણી પણ નહીં.

'એવું કાંઈ નહીં. અહીંનો સમાજ, અહીની સંસ્કૃતિ અને અહીંના વાતાવરણના પ્રવાહ પ્રમાણે જે કાળે

જે યોગ્ય લાગે તેને લોકો અમલમાં મૂકે છે.'

'તમે તો દૂધમાં અને દહીંમાં બન્નેમાં પગ રાખો છો.'

'હા, તમારી એ વાત સાચી છે. એકલા દૂધ કે એકલા દહીં પર હું જીવી શકું નહીં.' તેબોલ્યો અને હસી પડ્યો. તેને એ સમજાતું નહોતું કે એ પોતાના સ્વભાવ વિરુધ્ધ, સિલ્વીઆની વાતોમાં કેમ ખેંચાતો જતો હતો.

'હમણાંના તમે ઉદાસ જણાવ છો.'

'તમને કેમ એવું લાગ્યું ?'

'એ માટે સ્ટેથોસ્કોપ મૂકવાની જરૂર પડતી નથી. એક મિત્ર તરીકે હું એમ પૂછું કે તમારી એ ઉદાસી પાછળનું કારણ શું છે, તો તે અવિનય તો નહીં ગણાય ને ?' સિલ્વીઆએ વિનયનો સહારો લઈ હૈયામાં પેસારો કરવા પ્રયત્ન કર્યો.

'મૂળ વાત એ છે કે હું ઉદાસ જ નથી અને બીજી વાત એ છે કે જે વાત હોય જ નહીં તેને માટેનાં કારણો શોધવાની મારામાં તેવડ નથી.' કહેતાં તે ફરીથી હસી પડ્યો.

'તમે એમ વાતને ઉડાવો નહીં. મેં સાંભળ્યું છે કે મિસીસ દેસાઈ દેશમાં ગયાં ત્યારથી તમે બહુ ઉદાસીમાં ડૂબી ગયા છો.'

'ના, એવું કાંઈ નથી.' રવીન્દ્રએ કહ્યું.

'તો એનો અર્થ એ થયો કે તમારાં પત્ની દેશમાં ગયાં એના વિયોગની કશી અસર તમારા વ્યવહારમાં પડી નથી.' રવીન્દ્રએ કશો જવાબ ન આપ્યો એટલે એ ઊભી થઈ. ના છૂટકે રવીન્દ્ર પણ તેને અનુસર્યો. સિલ્વીઆએ ત્રણ બીયરની બોટલો અને ચીપ્સનું એક પેકેટ કાઉન્ટર પર મૂકયાં. તો રવીન્દ્રએ તેની સાથે કોકની એક બોટલ પણ મૂકી દીધી ને બધાના પૈસા ચૂકવી દીધા.

સિલ્વીઆએ તેની સામે ધ્યાન ન આપ્યું. ટેબલ પર જઈ તેણે બીયરની એક બોટલ ખોલી અને બે ગ્લાસમાં થોડી થોડી રેડી.

'હું બીયર નહીં લઉં. તમારે મને માફ કરવું પડશે. હું શરાબ નથી પીતો એ મેં તમને જણાવેલું જ છે.'

'મારા, ડૉક્ટર સાહેબ, કોઈક મૂર્ખ જ બીયરને શરાબ કહે. આ તો માત્ર જવનું પાણી જ છે. અહીં તો લોકો એને પાણીને બદલે પીએ છે.' હસતાં તે બોલી.

'છતાંય મને માફ કરો.' કહેતાં રવીન્દ્રએ પોતાના ગ્લાસમાંની બીયર સિલ્વીઆના ગ્લાસમાં રેડી દીધી ત્યાં પેલી આંખોએ આતશબાજી પાછી ખેલવા માંડી.

'હું તમને વધુ લેવા માટે આગ્રહ નહીં કરું. તમે કહેશો તો હું પણ વધુ નહીં લઉં; પણ તમે એક વખત મને કંપની આપવા માટેય એક ગ્લાસ પી જુઓ. આટલાથી ન તો તમારી હોજરી બગડશે કે ન તો તમારું મન.' કહેતાં તેણે રવીન્દ્રના ગ્લાસમાં બીયર રેડી તેના હાથમાં ગ્લાસ પકડાવી દીધો. જક કરવાથી આ બલા નહીં ટળે એમ લાગ્યાથી કે પછી લાવો ત્યારે બે ઘૂંટડા પી નાખીએ એમ માનીને પણ હોય_પણ રવીન્દ્રએ એકી શ્વાસે ગ્લાસ ખાલી કરી નાખ્યો.

'તમે છોકરી જેવા બીકણ છો.' તે બોલી.

'કેમ ?'

'કોઈ પુરુષમિત્રની કંપનીમાં છોકરી શરાબ પીતાં ખચકાય તેમ તમે બીયર પીતાંય ડરો છો.'

'પીવાની ટેવ હોય તો શા માટે ખચકાય ?' સામાન્ય-બુધ્ધિ વગરનો લાગે તેવો પ્રશ્ન ને પેલી અણિયાળી આંખોની વધતી જતી ચમક.

'આવોયે મશ્કરી તો નહીં કરતો હોય ને!' એવો વિચાર સિલ્વીઆને આવી ગયો. પણ તે બોલી : 'એવા ભોળા દેખાવ છો! જાણે કશું જાણતા જ ન હો!'

'શું ?'

'શરાબ પાઈને, અર્ધઘેનમાં પડેલી છોકરીનો પેલો લાભ ઉઠાવે.'

'સારું થયું કે હું તમને આગ્રહ કરતો ન હતો, નહીં તો તમે શુંનું શુંય સમજત.' રવીન્દ્રએ તેના સ્વભાવ વિરુધ્ધ મજાક કરી.

'તમે આગ્રહ નહોતા કરતા એટલે મારે કરવો પડ્યો ને!' સિલ્વીઆએ આંખો નચાવતાં કહ્યું. કોણ જાણે એની એ આંખોના ભાવને રવીન્દ્ર સમજ્યો કે નહી; પણ બીયરની બોટલ ઊઠાવી એણે મોંએ માંડી.

એનું જોઈ સિલ્વીઆએ પણ મનમાં મલકાતાં બીયરની બીજી બોટલ ખોલી મોંએ માંડી. એને બોટલમાંથી સીધી બીયર પીવાની ટેવ ન હતી એટલે બીયર હોઠને ખૂણેથી બહાર દદડી. એનો રેલો ડ્રેસની કિનારીએથી અંદર ઊતર્યો અને ચૂસ્ત કમર પાસેથી બહાર નીકળ્યો.

ઘેરાતી આંખે આ જોતા રવીન્દ્રથી બોલાઈ ગયું : 'અરે, તમે મોંએથી બીયર પીઓ છો ને એ ડૂંટી પાસેથી બહાર નીકળે છે. તમારા પેટમાં કાણું છે કે શું ?'

'આમ તો કયારનો કશું સમજતો જ ન હોય એવી વાતો કરતો હતો. હવે કેવો કાલો થઈને કાંચળીમાં હાથ નાખે છે!' તે બોલી ઊઠી.

સિલ્વીઆના આ 'તું'કારથી ઉત્તેજીત થતાં રવીન્દ્રની જીભ સખણી ન રહી : 'હું કયાં હાથ નાખું છું ? હું તો અહીં આઘો બેઠો છું.'

'હું જો તને સહેજ છૂટ આપું તો તું એથીય આગળ વધી જાય તેવો છે. પણ હું એવી કાચી નથી તો.' તે બોલી. પણ જે તે બોલતી હતી તેનાથી ઊંધી જ ગણતરી એ મનમાં કરી રહી હતી એ તો એની આંખો જ કહી આપતી હતી.

રવીન્દ્રને પણ બીયરનું ઘેન વર્તાવા માંડ્યું હતું. એ ધીમે ધીમે જાણે પરવશ થતો જતો હતો. એક તો તેને બીયર પીવાની આદત ન હતી ને વળી તે આજે ઝડપથી લગભગ દોઢ બોટલ જેટલી બીયે ગટગટાવી ગયો હતો પછી એની અસર વર્તાયા સિવાય રહે ખરી!

અનુક્રમ

## ૩૧. જનમભૂખી

સિલ્વીઆએ બપોરે લંચ લીધા પછી હોલીડે કેમ્પમાં એક રૂમ બૂક કરી લીધી. તે રૂમની ચાવી લઈને રવીન્દ્ર પાસે આવી ત્યાં સુધી રવીન્દ્રના મનમાં તો એમ જ હતું કે એ સિગારેટ લેવા ગઈ હશે. રવીન્દ્રએ ઘેર જવાની હઠ કરી તો એ કહે : 'મેં તને સ્પષ્ટ કહ્યું જ છે કે આપણે સાંજ પહેલાં ઘેર પહોંચી જઈશું, પછી તું આમ રઘવાયો શા માટે થઈ જાય છે ? ઘેર તારી પત્ની તો છે નહીં કે તારે જવાબ આપવો પડે.'

'તું સમજતી કેમ નથી ? હું એક ડોસીને ત્યાં પેઈંગ-ગેસ્ટ તરીકે રહું છું, પણ એ મારા પર સગા દીકરા જેવો પ્રેમ રાખે છે. મારાથી તેના દિલને ઠેસ પહોંચે એવું પગલું ભરાઈ ન જાય એ માટે સતત કાળજી રાખવી પડતી હોય છે.'

'પણ આમાં એના દિલને ઠેસ પહોંચાડવાની વાત કયાં આવી ? તું હૉસ્પિટલમાં ગયો હોત તોય સાંજે જ ઘેર જવાનો હતો ને! એ એમ જ માનશે કે તું હૉસ્પિટલેથી જ આવે છે.' સિલ્વીઆ તેને આજે છોડે તેમ ન હતી.

તેણે એની સાથે રૂમમાં જવું જ પડયું. બેય જણાં રૂમમાં પેસી કયાંય સુધી સિગારેટ ફૂંકતાં બેસી રહ્યાં. સિલ્વીઆ તેને વાતોમાં ખેંચવા પ્રયત્ન કરતી હતી. તેની વાતોનો કોઈ ચોકકસ વિષય નહોતો કે રવીન્દ્રનું એની વાતોમાં ખાસ લક્ષ પણ નહોતું. તેને તો વખત ખુટાડવો હતો ને મન બહેલાવ્યું એમ મનને મનાવવું હતું. હા, સિલ્વીઆનો કોઈ ચોકકસ આશય એ વાર્તલાપ પાછળ હતો ખરો, પણ ઘણા દિવસોથી સંઘરી રાખેલી ઊર્મિયો જ્યારે સાકાર થવાની અણી પર હતી ત્યારે ઉતાવળ કરી વાતને કથળાવી નાખે એટલી નાદાન તો તે નહોતી જ.

કેટલાય વખતથી એ એક એવા યુવાનને શોધતી હતી કે જે તેને ભીંસી નાખે, ગૂંગળાવી નાખે, ગૂંદી નાખે ને વર્ષોની તેની ભૂખને મિનિટોમાં ભાંગી નાખે.આજે લાગ આવ્યો હતો અને સિલ્વીઆ તે લાગને ચૂકવા માગતી ન હતી. 'આજનો દિવસ ઘણો સારો ગયો.' તે બોલી.

'મનેય મઝા પડી.' રવીન્દ્રએ કહ્યું.

'તારા મોં પરથી એવું લાગતું નથી.'

'તે તું મારા મોં સામે જ તાકી રહી છે કે શું ?'

'સાચું કહું ? મને તારું મોં જોવું ગમે છે. મને તો તારા ગાલ પર બચકું ભરવાનું મન થઈ જાય છે.' તે હિંમત કરીને બોલી ગઈ પણ પછી એના પ્રત્યાઘાતની આશંકાથી ગભરાઈ રહી.

'ઓ ભગવાન, તું પાછી ભૂખી થઈ ગઈ!'

'પાછી ભૂખી! રવીન તું માનશે ? હું તો જનમની ભૂખી છું. જ્યારે પુરુષો મારી પાછળ પતંગિયાંની જેમ ભમતા હતા ત્યારે હું અતડી રહેતી હતી પછી હું કામમાં ડૂબી ગઈ.'

'પછીય તારા જેવી ચપળ અને ફૂટડી યુવતીને કોઈ સમોવડિયું પાત્ર ન મળે એ માન્યામાં આવે તેવી વાત નથી. કે પછી તારે કોઈ એકની સાથે પનારો પાડવાને બદલે જુદા જુદા__'

'આજ સુધી તો મારો એવો આશય ન હતો પણ આજે છે જ તેની હું ના નહીં પાડું.'

એના આવા ઉઘાડા જવાબથી રવીન્દ્રના હૈયામાં ગજગ્રાહ શરૂ થઈ ગયો. તેણે એક વખત વિચાર્યું : સ્પંદનાએ ભલે ગમે તેમ કર્યું હોય પણ મારે એવું કરી પાપમાં પડવું નથી. પણ ત્યાં તો પેલું લગભગ પરવશ થઈ ગયેલું દિલ બોલી ઊઠ્યું : 'મારે મારી સારપ કોને માટે જાળવવી ? મારી સારપ જાળવી છેવટે તો પેલા અભડાયેલા શરીરની સામે જ એને ધરી દેવી?'

ને એણે સારપ અંગે વધારે વિચાર કર્યા સિવાય સિલ્વીઆને બાથ ભરી દીધી અને એને છાતી સરસી ચાંપી કયાંય સુધી જકડી રાખી. તેના ગરમ ગરમ હોઠ એણે સિલ્વીઆના લીપ્સ્ટીકરંગ્યા હોઠ પર ચાંપી દીધા. પણ બીજી જ પળે એણે સિલ્વીઆને પલંગ પર પડતી મૂકી. સિલ્વીઆનું માથું પલંગના હેડ-બોર્ડ સાથે ભટકાયું અને તેનાથી એક દર્દભરી ચીસ પડાઈ ગઈ. રવીન્દ્રને લાગ્યું કે તેણે સિલ્વીઆને આમ પડતી મૂકવી જોઈતી ન હતી.

તે સિલ્વીઆની પાસે બેસી ગયો ને તેનો હાથ પોતાના હાથમાં લઈ તેની સામે એવી રીતે જોઈ રહ્યો

જાણે પોતાના અવિનય બદલ માફી ન માગતો હોય! માથામાં થતી વેદના ભૂલી સિલ્વીઆ તેની નજીક સરી. તેણે રવીન્દ્રને ગળે હાથ ભેરવી તેને પોતાના પર ખેચી પાડ્યો.

રવીન્દ્રનું મન આ પળેય દેશમાં સ્પંદનાની પાસે પહોંચી ગયું : 'ત્યાં તો રાતના લગભગ દશ વાગી ગયા હશે. સ્પંદના કદાચ સૂઈ પણ ગઈ હશે. કોની સાથે ?' પેલું અવળચંડું મન એની વિચારધારાનેય એક સરખી વહેવા કયાં દેતું હતું ?

હા, થોડા દિવસ પહેલાં જ દેશમાંથી સ્પંદનાનો પત્ર આવ્યો હતો. તે લખતી હતી કે નિશીથની તબિયતમાં ઘણો સુધારો થઈ ગયો હતો અને તેને હૉસ્પિટલમાંથી રજા પણ મળી ગઈ હતી. આખા પત્રમાં રવીન્દ્રને એક જ શબ્દ જ્યાં ને ત્યાં દેખાતો અને દઝાડતો હતો : નિશીથ-નિશીથ-નિશીથ. પછી પેલું અવળચંડું મન તેને અને સ્પંદનાને એક જ પલંગમાં સૂતેલાં કલ્પી લે ને!

ઊભો થતાં તે બોલ્યો : 'હું કાંઈક પીવાનું લેતો આવું.' ને જવાબની રાહ જોયા સિવાય રૂમની બહાર નીકળી ગયો. ને થોડી જ વારમાં વ્હિસ્કી, સોડાની બોટલ અને બરફ લઈને પાછો આવ્યો.

'અરે, તું તો વ્હિસ્કી પણ લેતો આવ્યો ને ! મારે માટેય સોડા ચાલત.' તે બોલી ઊઠી.

'હું જાણું છું પણ મારેય વ્હિસ્કી પીવી છે.' તેણે કહ્યું અને કાંઈ પણ દલીલ કર્યા વગર સિલ્વીઆએ બે ગ્લાસ તૈયાર કર્યા. બન્નેએ તે ગટગટાવ્યા ને પાછા ભરાયા ને ખાલી પણ થયા.

બે પેગ પછી સિલ્વીઆએ તેને વારવા પ્રયત્ન કર્યો : 'નવા પીનાર માટે આટલી ઘણી કહેવાય.' ને તેણે અડધી ભરેલી વ્હિસ્કીની બોટલ બહાર ડસ્ટબીનમાં નાખી દીધી. રવીન્દ્રએ કશો વિરોધ ન કર્યો.

થોડી વાર પછી તેણે કહ્યું : 'મને એની કશી અસર નથી થઈ એ તું જોઈ શકે છે. હું કાંઈ ભાન ભૂલી ગયો નથી.' એની જીભ લથડતી હતી. તે ઊભો થવા ગયો, પણ લથડ્યો અને સિલ્વીઆની ઉપર જ પડ્યો. સિલ્વીઆ તેના વજનથી કચડાઈ આનંદાનુભવ કરી રહી. તેણે તેને દૂર કરવાને બદલે પોતાનાં બહુમાં જકડી લીધો.

પછીના કલાકેકમાં શું થયું એની રવીન્દ્રને જાણે ચિંતા જ નહોતી. શીલ અને ચારિત્ર્યના વાઘા ઊતરીને કયાંય દૂર ફેંકાઈ ગયા, પેલાં કપડાંની જેમ જ. સિલ્વીઆની અનંગઝાળમાં રવીન્દ્રનો સ્પંદના પરનો ગુસ્સો જાણે નર્તન કરી રહ્યો.

છેક સાત વાગ્યે અચાનક રવીન્દ્રની મતિ વાસ્તવિકતાનો પાર પામી લાગી : 'સાત વાગી ગયા હવે આપણે ઊઠવું જોઈએ.' તે બોલ્યો. તૃપ્ત થયેલી સિલ્વીઆ પણ વગર વિરોધે ઊભી થઈ.

'તારી હોજરી તો ખરાબ નથી થઈ ને!' હસતાં તે બોલી.

'હોજરીની તો કોઈ ડૉક્ટરને બતાવીએ ત્યારે ખબર પડે પણ મન તો ખરાબ થયું જ.' તે બોલ્યો.

'મન અતૃપ્ત રહીને કાયમ સતાવે એના કરતાં કયારેક આવું બગડીને આનંદનો અનુભવ કરાવે તો એમાં ખોટું શું છે ?'

ઘેર જવા ઉતાવળ કરતા રવીન્દ્રને તેણે પરાણે કેન્ટીનમાં ખેંચ્યો. ડીનર પતાવી બેય બહાર નીકળ્યાં ત્યારે રાતના નવ વાગ્યા હતા. 'આવતે અઠવાડિયે પણ આપણે અહીં જ આવીશું. મને આ જગા ઘણી ગમી છે.' સિલ્વીઆએ ગાડી સ્ટાર્ટ કરતાં કહ્યું. રવીન્દ્ર કાંઈ ન બોલ્યો એટલે એણે આગળ કહ્યું : 'તું સ્વીમિંગ કોસ્ચ્યુમ લેતો આવજે. આખી બપોર આપણે સ્વીમિંગ પૂલમાં પડ્યાં રહીશું.'

પણ રવીન્દ્ર તેમાંનું કાંઈ સાંભળતો હોય એમ લાગ્યું નહીં. તે તો સ્મશાન વૈરાગ્યનો અનુભવ કરી રહ્યો હતો. પોતે ઘણું જ ખોટું કર્યું છે એવી લાગણીને એ મનમાંથી કેમેય દૂર કરી શકતો ન હતો.

તેનું મન ડંખતું હતું એ વાત ખરી પણ તેને મોટી બીક તો હતી એનીની. કાલે સવારે એ નાસ્તાના ટેબલ પર પોતાની ખેર રહેવાની ન હતી એ વાતથી જ તે ગભરાઈ રહ્યો હતો. પોતે ઊઠશે ત્યારે એની તેની સામે પણ નહીં જુએ. બ્રશ કરી પોતે ટેબલ પર ગોઠવાશે ત્યારે તે, મૂંગી મૂંગી જ નાસ્તાની પ્લેટો પોતાના તરફ હડસેલી મૂકશે. એની એ ખાવા ધાતી ચૂપકીદી પોતાનાથી કેમેય સહન નહીં થાય. પોતાના ચૂપ રહેવાથી એના ખેદમાં વધારો થશે. જે સાચું છે એ પોતે જણાવી નહીં શકે ને જૂઠું બોલતાં જીભ નહીં ઊપડે. એના વિચારોનો છેડો જ ન આવત પણ રસ્તાનો છેડો આવી ગયો. અંધકારમાં નાહી રહેલું ઘર જોઈ રવીન્દ્રને શાંતિ થઈ.

'કાલે ડ્યૂટી પર મળીશું. બાય.' રવીન્દ્ર કારમાંથી બહાર નીકળ્યો એટલે સિલ્વીઆએ કહ્યું.પોતે એના જવાબમાં શું કહ્યું એ રવીન્દ્રને યાદ ન હતું. હા, તેને એટલું યાદ હતું કે તેણે તેને કશોક જવાબ આપ્યો હતો ખરો. તે ચાવીથી બારણું ખોલી ધીમેથી અંદર પેઠો. પોતાના ઓરડામાં જવા તેણે ભાગ્યે જ બેચાર પગલાં ભર્યાં હશે ત્યાં લાઈટ થઈ. ચમકીને તેણે આમતેમ જોયું. એની જાગતી જ બેઠી હતી.

'તારું ખાવાનું ડાયનિંગ ટેબલ પર ઢાંકી મૂક્યું છે.' તે બોલી.

પોતાને કારણે આટલી રાત સુધી તેને ઉજાગરો કરવો પડ્યો જાણી રવીન્દ્ર શરમાઈ રહ્યો હતો ત્યાં આ ખાવાની વાત આવી. શો જવાબ આપવો તેની જ એને સમજણ ન પડી. તેનાથી બોલાઈ ગયું : 'મારે આજે ખાવું નથી.'

'કેમ ?'

રવીન્દ્રએ જીભ કરડી, પણ કહ્યું : 'મેં આજે બહાર ખાઈ લીધું છે.'

'તેં સવારથી એવું જણાવ્યું ન હતું કે તું બહાર ખાવાનો હતો.'

'હું ઘણો જ દિલગીર છું, મા. પણ હું શું કરું ? મારો છૂટકો જ નહોતો. તમે તો ખાઈ લીધું છે ને ?' તેણે પૂછ્યું.

'હું તારી જ વાટ જોતી હતી, પણ હવે મનેય ભૂખ નથી. તું સૂઈ જા, ગૂડ નાઈટ.' તે બોલી અને પોતાના રૂમ તરફ ચાલી. તેનાં પગલાંમાં ભરોભાર નિરાશા વર્તાતી હતી.

'તમે દૂધ ગરમ કરો, હું ખાવા આવું છું.' તે બોલ્યો.

'તેં બહાર ખાઈ લીધું છે.'

'પણ મારી ભૂખ પાછી ઊઘડી છે. મને કકડીને ભૂખ લાગી છે. ઉતાવળ કરજો હોં.' કહેતાં તે પોતાના રૂમમાં કપડાં બદલવા ચલ્યો ગયો.

ભોજન દરમિયાન કોઈ કાંઈ ન બોલ્યું. રવીન્દ્ર તો ઈચ્છતો હતો કે એની કાંઈક બોલે, એને લઢે. પણ તે તો બરફના પોટલાની જેમ ઠંડી હતી, અને એટલે તો રવીન્દ્રની ફડક વધતી જતી હતી ને! ખાઈને ઊઠ્યા છતાં જ્વાળામૂખી ન ફાટ્યો એટલે તેને થોડી ધરપત થઈ.

'ગૂડ નાઈટ.' કહેતાં એ પોતાના રૂમ તરફ ભાગ્યો.

'રવીન, આમ આવ. મારે તને કાંઈક કહેવું છે.' એનીએ તેને રોકતાં કહ્યું. રવીન્દ્રના પગ ડગમગવા લાગ્યા. તે પાછો ફર્યો અને એનીની સામે ખુરસી પર બેસી પડ્યો.

‘તું આજે હૉસ્પિટલમાં નહોતો ગયો ?’

‘ના.’

‘તો ક્યાં ગયો હતો અત્યાર સુધી ?’

‘બહાર, એક મિત્રની સાથે.’

‘સ્ત્રી મિત્ર ?’ રવીન્દ્રએ જવાબ ન આપ્યો એટલે એણે આગળ પૂછ્યું : ‘તેં શરાબ પણ પીધો હતો ?’

રવીન્દ્ર ગભરાયો. તેનાથી જવાબ અપાય તેમ કયાં હતો ? ને એનીને કેમ જવાબ આપવો કે જેનાથી એને દુઃખ ન થાય એ પ્રયત્નમાં એનાથી બોલાઈ ગયું : ‘કોણે કહ્યું ?’

‘મને બીજું કોણ કહેવાનું હતું ? તારું મોં જ કહી આપે છે. મારી ભૂલ થતી હોય તો મને કહે.’ તે બોલી. રવીન્દ્ર ઊંચું જ જોઈ શકતો ન હતો. તેને ચૂપ જોઈ એનીએ પૂછ્યું : ‘કોણ હતી એ છોકરી ?’

‘અમારી હૉસ્પિટલની એક ડૉક્ટર.’

‘મને વચન આપ કે હવે તું કોઈ છોકરી સાથે બહાર ફરવા નહીં જાય. જ્યારે તારે ઑફ હોય ત્યારે તું મને ફરવા લઈ જશે.’ રવીન્દ્રએ જવાબ ન આપ્યો એટલે એનીની ઉઘરાણી બેવડાઈ ઊઠી : ‘કેમ બોલ્યો નહીં?’

‘શું જવાબ આપું ? મારી ભૂલ થઈ. હવેથી તમે કહો છો એમ કરીશ.’ તે બોલ્યો.

‘ને શરાબ નહીં પીવે ને કોઈ છોકરી સાથે બહાર રખડવા પણ નહીં જાય.’

‘સ્પંદના સાથે પણ ?’ ટોળ કરી વાતાવરણને હળવું કરવા પ્રયત્ન કરતાં એ બોલ્યો.

‘આવા ને આવા ચાળા કરીને તું મને રડાવે છે; પણ એક વખત સ્પંદનાને અહીં આવવા દે પછી તારી વાત છે.’ આંખો લૂછતાં તે બોલી.

પછી રાત ઘણી વીતી ચૂકી હતી છતાં એ બેયની વાતો કલાકેક લંબાઈ. અરે, એટલું જ શા માટે, પણ સૂવા ગયા પછીય કયાંય સુધી બેય એકબીજાની લાગણીઓનો જ વિચાર કરતાં હતાં ને!

અનુક્રમ

## ૩૨. વસમા ઓરતા

સ્પંદનાએ સુસ્મિતને વચનમાંથી મુકત કર્યો હતો એ વાત સાચી પણ સુસ્મિત એ વાત હજુ સ્વીકારતો ન હતો. તે તો હઠ લઈને બેઠો હતો, એટલે સ્પંદનાએ આખરે બધી વાત જણાવવી જ પડી. બધું જાણ્યા પછી સુસ્મિત નિશીથ પાસે પહોંચ્યો.

નિશીથને હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ હતી. ડૉક્ટરે તેને એક મહિના માટે કોઈ સ્વચ્છ હવામાનવાળા સ્થળે રાખવાની ભલામણ કરી હતી. શેઠનો વિચાર તેને કોઈ હિલ-સ્ટેશન પર મોકલી આપવાનો હતો પરંતુ અમૃતગૌરી માન્યાં નહીં એટલે તેને વરસોવાવાળે બંગલે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પછી એકલા નિશીથને જ ત્યાં રાખવો અને બધાંએ રોજ ત્યાંના આંટાફેરા કરવા એ યોગ્ય ન લાગતાં બધાંએ વરસોવાવાળે બંગલે રહેવા જવાનું નકકી કરવામાં આવ્યું હતું.

શેઠનો એ બંગલો બિલકુલ દરિયાકાંઠે જ આવેલો હતો. બંગલાની પછીતે ચોવીસેય કલાક દરિયાનાં મોજાં હિલોરા લેતાં હતાં. ને હુંફાળો અને ભેજવાળો પવન કાયમ બંગલામાં વહ્યા કરતો હતો. શેઠે આ બંગલો ડૉક્ટરને બતાવી જોયો હતો. તેમનો મત 'હા'માં પડતાં જ નિશીથની ત્યાં રહેવાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી.

'તમે વૃંદા સાથે પરણવાની ના શા માટે પાડો છો ?' સ્પંદના પાસેથી તેના મનની વાત જાણીને આવેલા સુસ્મિતે નિશીથને પકડ્યો. નિશીથ બારી પાસે બેસી સાગરનાં ઉછળતાં મોજાં જોઈ રહ્યો હતો. તેનો આ પ્રશ્ન સાંભળી ન તો તેણે સુસ્મિતની સામે જોયું કે ન તો એવો કોઈ ભાવ દર્શાવ્યો કે જેનાથી તેને એમ લાગે કે એણે એનો પ્રશ્ન સાંભળ્યો હતો.'મેં તમને કાંઈક પૂછ્યું નિશીથભાઈ.' સુસ્મિતે જવાબ ન મળતાં પોતાના પ્રશ્નની યાદ જાણે તાજી કરાવી.

'મેં સાંભળ્યું, ભાઈ. પણ તું તો જાણે જ છે કે મારી તંદુરસ્તી જોખમાઈ છે. હું લગ્ન કરી કોઈને દુઃખી કરવા માગતો નથી.' નિશીથે કહ્યું.

'પણ ડૉક્ટરો તો કહે છે કે તમે પહેલાં હતા તેના કરતાં પણ વધારે તંદુરસ્ત અને ભયમુક્ત છો.'

'ડૉક્ટરો આશ્વાસન આપવા માટે જૂઠું બોલે તેને સમજુ માણસે સાવ સાચું ન માની લેવું.'

'હું તો તમને દબાણ કરવા આવ્યો હતો કે તમે વૃંદા સાથે લગ્ન ન કરવાની જીદ છોડી દો; પણ તમારું આવું વલણ જોઈને મને એક વિચાર આવે છે. આપણે કોઈ અજાણ્યા ડૉક્ટરને તમારી તબિયત બતાવી જોઈએ. પછી જો તમને ખાતરી થાય કે—'

'બેસ, હું તને કાંઈક કહેવા માગું છું. હું તને કેટલીક વાત સ્પષ્ટ કરી દઉં. તું કહે છે તેમ કોઈ અજાણ્યા ડૉક્ટરને બતાવવાની કે તેની સલાહ લેવાની કશી જરૂર નથી. એ ડૉક્ટર મને ચેલેન્જથી એમ કહે કે અમુક વર્ષો સુધી મારી તંદુરસ્તીને કશો વાંધો આવે તેમ નથી તોય હું લગ્ન કરવા માગતો નથી એ હકીકત છે.'

'કેમ ?'

'ઈંગ્લેન્ડમાં તું સ્વતંત્ર હતો છતાં આજ સુધી તું કુંવારો જ રહ્યો છે, કેમ ?'

'મેં લગ્ન માટે વિચાર્યું જ નહોતું.' લોચા વાળતાં તેણે કહ્યું.

'તું મારી સામે સાચું નહીં બોલે તોય હું તારા મનનો તાગ મેળવીને જ બેઠો છું. તું એટલા માટે નથી પરણ્યો કે તારા મનના એક ખૂણામાં વેડી નામની એક છોકરીની યાદ રમતી હતી.'

પણ —'

'પહેલાં મને સાંભળ. હું લગ્ન ન કરીને તારી અને વૃંદાની વચમાંથી ખસી જવા ચાહું છું એમ ન માનતો. સ્પંદના એમ ઈચ્છતી હતી કે હું કોઈની સાથે પરણું અને સુખી થાઉં. એટલે એણે મારી ઓળખાણ વૃંદા સાથે કરાવેલી એટલું જ. મે કદી વૃંદા સાથે પરણવાનો વિચાર સરખોય કર્યો નથી.' તે બોલ્યો.

'કેમ ?'

'જેમ ભર્યા ભર્યા ઈંગ્લેન્ડમાંય તું કુંવારો રહ્યો હતો એમ જ માન.' કહી નિશીથે હસવા કર્યું.

સુસ્મિત સહેજ ગૂંચવાયો, પછી બોલ્યો : 'કોણ છે એ છોકરી ?'

'કોઈ પણ હોય. હવે એવું યાદ કરવાનો કશો અર્થ નથી.' નિશીથે ખેદથી કહ્યું.

'અને છતાં તમે એને ભૂલી શકયા નથી એ પણ એટલું જ સાચું છે.' તેણે કહ્યું.

'તેને તો હું સો વરસેય ભૂલી શકું એમ નથી, પણ મારી સાથે તુંય દુઃખી થાય એવું હું નથી ઈચ્છતો. વૃંદાને તો તું જનમથી ઓળખે છે. છેલ્લાં ત્રણ વરસથી તો હું પણ એને ઓળખું છું. એ લાયક છોકરી છે. તમારી બેની જોડી જામશે.' નિશીથે કહ્યું.

'બા શું કહે છે, ખબર છે ?'

'ના.'

'એ તો કહે છે કે પહેલાં મોટાને પરણાવ્યા પછી જ નાનાનું વિચારીશું.'

'જો તું એમને એ વાતમાં સાથ નહીં આપે તો એમને તો હું પહોંચી વળીશ. તારા મનમાં તો હવે કશી ગડભાંજ નથી રહી ને ?'

'શું કરું ? તમે વાત જ એવી કરો છો કે હું તમને આગ્રહ પણ ન કરી શકું. પણ મને કહેવા દો કે તમે જો કયાંય પરણશો તો મને સૌથી વધારે આનંદ થશે.'

'એ હું જાણું છું પણ હું લાચાર છું. હવે તું આવી પહોંચ્યો છે. બાને વહુ લાવી આપવાની તારી ફરજ તું પૂરી કર. તે વહુ માટે અધીરાં થઈ ગયાં છે.' નિશીથે કહ્યું અને આંખો બંધ કરી. સુસ્મિત ઊઠ્યો.

તે સાંજના સ્પંદના નિશીથની પરેડ લેતી હતી. 'તેં સુસ્મિતને એમ કહ્યું કે તું પરણવા જ માગતો નથી?'

'તને કોણે કહ્યું ?' નિશીથે સામું પૂછ્યું. તેને ખબર જ હતી કે આ વાત જો તેને કોઈએ કરી હોય તો તે સુસ્મિતે જ કરી હોય છતાં તેનાથી આવો વહિયાત સવાલ પુછાઈ ગયો.

'મને સુસ્મિતે પોતે જ કહ્યું. ખોટું છે ?'

'સુસ્મિત ખોટું બોલે તેવો નથી.'

'તું એમ વાત ઉડાવ નહીં.'

'હું વાત ઉડાવતો નથી પણ તું વધારે ગુસ્સે ન થાય એમ ઈચ્છું છું. હું જાણું છું કે તું જેટલી વધારે ગુસ્સે થાય છે એટલી જ વધારે રડે છે.'

'ને તોય તું મને ગરમ કર્યા વગર રહેતો નથી.'

'મેં તને કાંઈ કહ્યું નથી.'

'મને કહ્યું હોય કે સુસ્મિતને એ સરખું જ ને!'

'ના. સરખું નહીં. મેં સુસ્મિતને વૃંદા સાથે પરણી જવાનું કહ્યું, તને કાંઈ વૃંદા સાથે પરણી જવાનું કહેવાય ?' નિશીથે હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'તું મારી વાતને મશ્કરીમાં ઉડાવે છે.'

'ના, એથી ઊલટું. હું આજે એટલો બધો ગંભીર અને ગભરાયેલો છું કે ન પૂછો વાત. મને તો કયારનીય બીક લાગે છે કે તું મને આજે વઢવાની છે. એટલે હું મારા આ ગભરાટને મશ્કરીમાં ઉડાવવા પ્રયત્ન કરું છું.'

'તું પરણવાની જ ના પાડે છે ? શા માટે ?'

'તું જાણે છે.'

'ના હું નથી જાણતી. તું પરણવાની જ ના શા માટે પાડે છે ?'

'કોઈ માણસ ઝેર ખાવા તૈયાર થાય તો તેને પૂછી શકાય કે તે શા માટે ઝેર ખાય છે; પણ કોઈ માણસ ઝેર ખાવાનો વિચારેય ન કરતો હોય તેને કોઈ પૂછે છે ખરું કે તે શા માટે ઝેર ખાતો નથી ?'

'પરણવાને તું ઝેર ખાવા જેવું ગણે છે ?'

'એમ જ માન.'

'એમાં મારા માનવા ન માનવાની વાત નથી. તું શું માને છે એ જ મારે જાણવું છે.'

'હું કશુંય માનતો નથી. સીધી ને સાદી એક જ વાત છે કે હું પરણવા જ માગતો નથી. પરણવા માટે તું મને લાખ વાતેય મજબૂર નહીં કરી શકે.'

'છાતી પર હાથ મૂકીને કહે કે તને કયારેય સ્ત્રીના સંગની ઈચ્છા છે કે નહીં. આજે તું ભલે ગમે તે વિચારતો હો, પણ કયારેક તારું મન તને છેહ દઈ દેશે, કારણ કે એ અતૃપ્ત છે.'

'હું દેહદમન કરી શકીશ એ વાતની મને શ્રધ્ધા છે.'

'એ દેહદમન કરીને તારે દુનિયાને એ જ બતાવવું છે ને કે મેં બેવફાઈ કરીને તારા આ હાલ કર્યા છે ?'

'મેં કદી એવું ઈચ્છયું નથી.'

'તારા ઈચ્છવા કે ન ઈચ્છવાથી કશો ફેર પડતો નથી. તું જે આચરી રહ્યો છે એ બધાની નજરે પડશે. ને કાલે બધા મારી સામેય આંગળી ચીંધવા માંડશે. આપણે રસ્તામાં કદી સામાં મળીશું તોય એ લોકો કાગનો વાઘ કર્યા સિવાય રહેશે નહીં. ને કોઈક દિવસ એનાથી મારા સંસારમાંય હોળી સળગશે.'

'તો તું જ કહે કે મારે શું કરવું ? મારો જીવ આપ્યેય તું સુખી થતી હોય તો તેમ કરવાનીય મારી તૈયારી છે.'

'કહું ?'

'હા, મારે પરણી જવું જોઈએ, એ સિવાય જે ઉપાય હોય તે કહે.'

'તો તારો એવો જ નિશ્ચય છે ?'

'હા.'

'તો પછી આ શીલ અને સદાચારના વાઘા ઉતારીને ફેંકી દે અને જયાંથી બાકી રહ્યું હતું ત્યાંથી પાછું શરૂ કરીએ. તને આમ હિજરાતો જોવાની મારામાં હિંમત નથી ને મેં તો સદાચારની સીમા એક વાર ઓળંગી પણ લીધી છે. હવે ડૂબ્યા પછી વાંસ પાણી વધારેની શી ચિંતા! આવ ને મને બાથમાં લઈ લે.' આવેશથી એ બોલી ગઈ.

નિશીથ તેના આવા બોલવાથી જડ જેવો બની ગયો. છેવટે તે રાડ પાડી ઊઠ્યો : 'આ તું શું બોલી રહી છે! જો તું હમણાં ને હમણાં બહાર નહીં ચાલી જાય તો હું આ બારીએથી દરિયામાં કૂદી પડીશ.' બોલતાં તે અત્યંત ગુસ્સે થઈ ગયો. તેની આંખોમાંથી દડીને આંસુ ખુરસીના હાથાને ભીંજવી રહ્યાં. સાંજના ઘેરાતા અંધકારમાં એ સ્પંદનાની નજરે પડે તેમ ન હતાં. એય આંખો લૂછતી બહાર નીકળી ગઈ.

એ રાતે એ ઊંઘી ન શકી. પોતે જે કહ્યું એનાથી નિશીથના હૈયા પર શી વીતી હશે એનો વિચાર કરતાં એ પોતાના આવા વર્તન બદલ શરમાઈ રહી. એક વખત જાગી ગયેલી વૃંદાએ એને જાગતી જોતાં પૂછ્યું પણ ખરું : 'આજે ઊંઘવાનો વિચાર નથી કે શું ? કે પછી સ્વપ્નામાં ડૉક્ટરે અડપલું કરીને જગાડી દીધી છે ?'

'ઊંઘ જ નથી આવી ત્યાં સપનાની શી વાત ? ને અમારે તો પરણ્યે ચાર વરસ થવા આવ્યાં. સ્વપ્નાં તો તને આવતાં હશે સાજનનાં. સુસ્મિત અને તારું પ્રકરણ કેટલે પહોંચ્યું ? માસી કાગને ડોળે વાટ જોઈને બેઠાં છે.'

'એ વાત પાકી કરવાનું કામ એમણે તને તો નથી સોંપ્યું ને!'

'એ ના સોંપે તોય તમને બેને પરણાવવાની એક મિત્ર તરીકે મારી ફરજ છે. કહો ક્યારનું મૂરત કઢાવીએ ?'

'અત્યારે મૂરત કાઢવાની વાત કરે છે તે કોઈક તને ગાંડી ગણી કાઢે એ પહેલાં ઊંઘી જા અને મને પણ ઊંઘવા દે.' કહેતાં વૃંદા બીજી તરફ પડખું ફેરવી ગઈ. ને સ્પંદના પાછી વિચારે ચઢી ગઈ.

આ તરફ નિશીથની પણ એવી જ સ્થિતિ હતી. સ્પંદનાની લાગણી ન સમજે એટલો અબૂધ તો તે નહોતો જ. સ્પંદનાએ જે કાંઈ કહ્યું હતું તે પોતાને ઉશ્કેરીને લગ્ન માટે તૈયાર કરવાના આશયથી જ કહ્યું હતું એમ તે માનતો હતો. પણ તે લાચાર હતો. તેનું દિલ એ બાબતમાં કોઈનીય વાત માનવા તૈયાર ન હતું.

'મારું દિલ શું ભાડાની કોટડી છે કે એમાં હું આજે એકને તો કાલે બીજાને વાસ કરવા દઉં ?' તે મનમાં વિમાસતો જાણે જવાબની રાહ જોતો હોય તેમ અંધારામાં તાકી રહ્યો.

સ્પંદનાના પરણી ગયા પછી એક તો તે જીવવા માગતો ન હતો છતાં તેને જીવવું પડ્યું હતું અને હવે પરણવાનું અને તેય મન વગર? કદાચ પરણે તો પેલી આવનારીનાં અરમાનોનું શું ?

'સ્પંદનાનું કહેવું પોતે ન માની શકે તો એમાં પોતાની નહીં પણ સ્પંદનાની જ ભૂલ છે. એણે એવી ઈચ્છા જ શા માટે કરવી જોઈએ કે હું તેના કહ્યા પ્રમાણે જ કરું ?' એ વિચારી રહ્યો.

અનુક્રમ

# ૩૩. હું દેશમાં જાઉં છું

એનીને વચન આપ્યા પછી રવીન્દ્ર આનંદમાં રહેતો હતો. હૉસ્પિટલમાં ડૉક્ટર સિલ્વીઆ સ્મિથ અને એની ડ્યૂટી એક સાથે જ ગોઠવાયેલી હતી એટલે નોકરીનો લગભગ બધો જ સમય એમને સાથે જ રહેવાનું થતું હતું. સિલ્વીઆ તે દિવસના પ્રસંગ પછી જાણે સાવ બદલાઈ ગયેલી જ લાગતી હતી. પહેલાં તો તેનું મોં જ હસતું હતું પણ હવે તો તેની આંખો, તેના હાવભાવ, અરે, તેની આખી કાયા જ જાણે હસુહસુ થઈ રહેતી હતી.

'કાલે તો આપણે ઑફ છે. તું કેટલા વાગ્યે તૈયાર હોઈશ ? હું તને તારે ઘેરથી જ લેતી જઈશ.' એક દિવસ કામ પરથી છૂટતાં તેણે પૂછ્યું.

રવીન્દ્ર ચમક્યો. 'પાછી ઑફ આવી ગઈ!' તે મનમાં જ બબડ્યો. તેણે લોચા વાળવા માંડ્યા : 'કાલે તો મારે કેટલુંક કામ છે.' તેણે કહ્યું.

'ગપ્પાં ન માર.'

'તને તો ખબર છે કે હું એક ડોસીની સાથે રહું છું. કાલે મારે એને શોપિંગમાં, પિક્ચરમાં અને ડિનર

પર લઈ જવાની છે.' તે બોલ્યો. સિલ્વીઆની આંખોમાં પાછાં સાપોલિયાં રમવા લાગ્યાં.

'તું મને ખોટું તો નહીં જ કહેતો હોય એની મને ખાતરી છે, પણ કાલનો આપણો કાર્યક્રમ રદ થાય એ નહીં ચાલે.' તે બોલી. તેની નિરાશ આંખોમાંથી વાસનાના ભડકા તો ઊઠતા જ હતા.

'બીજું શું થઈ શકે ? હું તેને માથે પડ્યો છું એટલે તેનેય રાજી તો રાખવી જ પડે ને!' રવીન્દ્રએ લૂલો બચાવ કર્યો. ત્યાં વળી પાછો પેલી આંખોમાંથી કામણગારો કટાક્ષ છૂટ્યો.

'તારે જ જો સાવ પાણીમાં બેસી જવું હોય તો તું જાણે, બાકી થઈ તો ઘણુંય શકે તેમ છે.' તે બોલી. ને તેની હસતી આંખો, હસતા હોઠ, એ હોઠ પરની પેલી ભડકતી લાલલાલ લીપ્સ્ટીક અને ટેબલ પર હાથ ટેકવી, આગળ નમીને ઊભેલી સિલ્વીઆના ફ્રોકની ઢીલી પડેલી કિનારીની સાંકડી પગદંડી પર રવીન્દ્રની ભૂખી નજરો પગલાં પાડી રહી.

'મારો પાણીમાં બેસી જવાનો આશય નથી, તું જો કોઈ રસ્તો બતાવતી હો તો.' રવીન્દ્રથી બોલાઈ ગયું.

'તો પછી મારી પાછળ આવ.' તે બોલી અને બારણા તરફ ચાલવા માંડી. શું થાય છે એ ન સમજતો રવીન્દ્ર એની પાછળ બહાર નીકળ્યો.

હૉસ્પિટલમાંથી બહાર આવી સિલ્વીઆએ પોતાની કાર બહાર કાઢી. 'ચાલ, બેસી જા અંદર.' તે બોલી અને આનાકાની કરવા જતા રવીન્દ્રને તેણે હળવા આંચકા સાથે કારમાં ખેંચી પાડ્યો. રવીન્દ્ર આવી ખેંચતાણ માટે અસાવધ હતો એટલે એ ખાલી સીટ પર પડવાને બદલે સીધો સિલ્વીઆ પર જ પડ્યો ને જરાય ખચકાટ વગર સિલ્વીઆએ તેને પોતાની સાથે જ જકડી રાખી કાર સ્ટાર્ટ કરી.

'તું બહુ બળજબરી કરે છે હોં.' સ્હેજ વારે સ્વસ્થ થતાં રવીન્દ્રએ ચીઢથી કહ્યું.

'ને બળાત્કાર પણ કરવાની છું જો તું આવો જ ઢીલો રહેશે તો.' તે બોલી. રવીન્દ્ર તેની આ નફ્ફટાઈ પર હોઠ પીસી રહ્યો.

'ઓવીએ મને ને ડોસીને લઢાવીને જ રહેવાની છે.' એ મનમાં જ વિચારી રહ્યો. 'તું એટલી તો નફ્ફટ છે કે_'

'તારે નફ્ફટ થવું જોઈએ પણ તું નફ્ફટ નથી થતો એટલે મારે થવું પડે છે. તને તે પુરુષ કોણે બનાવ્યો હશે!'

'જેણે તને સ્ત્રી બનાવી તેણે સ્તો! તને જોઈને મને એમ થાય છે કે તું સ્ત્રી છે એને બદલે પુરુષ હોત તો અત્યાર સુધીમાં તેં કેટલીય સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા હોત.'

'શું હું એટલી બધી ખરાબ છું ?'

'ના, વિષયી.' રવીન્દ્રએ કહ્યું. તે ગભરાઈ ગયો હતો. ગભરાટને છુપાવવા માટે તેણે સિગારેટ સળગાવી. તેણે ભાગ્યે જ બે દમ માર્યા હશે ત્યાં તો સિલ્વીઆએ તેની પાસેથી ઝૂંટવીને સિગારેટ પોતાના હોઠ વચ્ચે મૂકી દીધી.

'તું આજે બહુ ખીલી જણાય છે.' તે બોલ્યો. સિલ્વીઆએ ફકત આંખો જ નચાવી. ડૉક્ટર બનતાં પહેલાં તે હતી એવી ખેડૂત કન્યા હોત તો એને કહ્યું હોત : 'વરાપ એક રાત પહેલી થઈ છે ને!' પણ અત્યારે એ સુશિક્ષિત મહિલા હતી એટલે એને ફકત આંખો જ નચાવી.

એ ઓસ્ટીની હિલ પહોંચ્યાં એટલે સિલ્વીઆએ કહ્યું : 'આજે અંધારું પણ કેટલું વહેલું થઈ ગયું છે ?

પહેલાં આપણે કાઉન્ટર પર જઈ ડિનરનું કહેતાં આવીએ. પછી સ્યૂટ અને થોડી વ્હિસ્કી.'

'હું આજે વ્હિસ્કી નહીં પીઉં.' રવીન્દ્રએ કહ્યું.

'કેમ પાછો ભગતડો બની ગયો કે શું ?' ને પેલી નાચતી આંખોમાંથી જાણે હજારો બાણ સામટાં છૂટ્યાં.

'મેં ડોસીને વચન આપ્યું છે, ફરીથી વ્હિસ્કી નહીં પીવાનું.' તેનાથી બોલાઈ ગયું.

'પાછી ડોસી વચમાં આવી ગઈ ? પણ તેં વ્હિસ્કી પીધી હતી એ એણે જાણ્યું કેવી રીતે ? તેં જ કહ્યું હશે.'

'તેનાથી કશું છૂપું રહેતું નથી. તેણે જ મને સામેથી કહ્યું હતું કે હું એક છોકરી સાથે બહાર ગયો હતો અને મેં વ્હિસ્કી પીધી હતી. તેનાથી કશું છૂપું નથી રહેતું.'

થોડી વાર પછી બન્ને બહાર બાગમાં સોડા પીતાં બેઠાં હતાં. 'આજે સોડાની નદી મારી ડૂંટી પાસેથી નહીં નીકળે હોં. મને હવે બોટલથી સોડા પીતાં ફાવી ગઈ છે.' તે બોલી.

'એમ કે ?'

'નથી માનતો ? જો નીકળી છે ?' કહેતાં તેણે રવીન્દ્રનો હાથ પકડી પોતાની છાતી સરસો ચાંપ્યો. અંધારું હતું, ઠંડી રાત હતી, ગરમ દેહનું પેલું વેગે ધબકતું હૈયું કાંઈક કહી રહ્યું હતું. રવીદ્રનો હાથ ફ્રોકની પેલી ઢીલી કિનારીની અંદર ઊતરવા માંડ્યો.

'કેવો કાલો થઈને કાંચળીમાં હાથ _'

'તેં તપાસવાનું કહ્યું એટલે મારે તપાસ તો કરવી જ પડે ને!' ને વધુ ઊંડો ઊતરતો હાથ અને બીડ અંધકાર.

રવીન્દ્રની જીભ પર પેલી લીપ્સ્ટીક મીઠો રવરવાટ મૂકી ગઈ. પેલું ફ્રોક સ્લીવવાળું હતું તોય હદથી નીચું ઊતરી ગયું. રવીન્દ્રના હાથ હવે શરમાતા ન હતા. એ કદાચ શરમાવા કરે તોય સિલ્વીઆનાં અડપલાં તેને ઉશ્કેર્યા વગર રહે તેમ ન હતાં. સંસ્કાર અને સભ્યતાના વાઘા એવી તો ખરાબ રીતે ઊતરી ગયા હતા કે અંધકાર પણ આંખો મીંચી ગયો હતો.

તે રાતે ઠંડી ઘણી હતી છતાં કોઈએ અંદર જવા માટે ઠંડીનું બહાનું ન કાઢ્યું. બન્ને ઊઠ્યાં અને પોતાના સ્યૂટમાં જઈ પલંગમાં પડ્યાં.

રવીન્દ્રએ એક એક કરીને સિલ્વીઆનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. તેના ઉંહકારને તેણે પોતાના બુચકારમાં સમાવી દીધો ને પોતાના આખા શરીરનું વજન એને પેલી નાજુક કાયા પર નાખી દીધું. સિલ્વીઆ ચીસ પાડી ઊઠી પણ એ ચીસમાં વેદનાને બદલે જાણે આનંદ વર્તાતો હતો. પરંતુ એ ધીમી ચીસ રવીન્દ્રના હૈયામાં ઊથલપાથલ મચાવી ગઈ. તેની પકડ ઢીલી થઈ. તેનું શરીર પેલી માખણિયા કાયા પરથી એક તરફ લસરી ગયું.

એ ચીસથી ધકેલાઈ રવીન્દ્રની સ્મૃતિ ત્રણેક વર્ષ પહેલાંની પોતાની મધુરજની સુધી ખેંચાઈ. સ્પંદનાએ આવા જ વ્યવહારના બદલામાં આવી આનંદભરી ધીમી ચીસ પાડી હતી. આ સ્મૃતિની સાથે જ એને હજુ થોડા જ મહિના પહેલાંની એક રાત યાદ આવી ગઈ, જ્યારે નિશીથ સાથેના સ્પંદનાના સંબંધના વહેમમાં એણે સ્પંદનાને ન કહેવાનું કહી દુઃખી કરી હતી. કયે મોંએ પોતે એના પર, જેનો કોઈ આધાર ન હોય એવા આક્ષેપો કર્યા હતા ? ને આજે પોતે જ _

'તું કપડાં પહેરી લે.' તેણે ચીસ જેવા અવાજમાં કહ્યું.

સિલ્વીઆ ચમકી. તેના હોઠ સુધી આવેલો પ્યાલો જાણે ઝુંટવાઈ રહ્યો હોય એમ હતાશ થઈ ગઈ. 'કેમ?' તેનાથી બોલાઈ ગયું.

'તું એક વખત કપડાં પહેરી લે પછી કહું.' કહેતાં રવીન્દ્ર પોતાનાં કપડાં સરખાં કરવા લાગ્યો. સિલ્વીઆએ તેને ગળે હાથ ભરાવી તેને પોતાના પર ખેંચી પાડવાનો પ્રયત્ન કર્યો પણ રવીન્દ્રએ તેને મચક ન આપી. ના છુટકે સિલ્વીઆએ કપડાં પહેરી લીધાં.

'બસ હવે ?' કપડાં પહેરી લીધા પછી તેણે લાડથી પૂછ્યું ને આંખમાં પહેલાંથીય વધારે કામણ ભરી તેણે પાછો ઉલાળો માર્યો પણ એને સફળતા ન મળી.

'મારી પાછળ આવ.' રવીન્દ્રએ કહ્યું. કાંઈક સમજી ગયેલી અને એટલે જ હતાશ થયેલી સિલ્વીઆ ના છુટકે તેને અનુસરી. રવીન્દ્ર કારમાં બેઠો અને બેસવા આનાકાની કરતી સિલ્વીઆને કારમાં ખેંચી એણે કાર મારી મૂકી.

પોતાનું ઘર આવતાં તે કશોય શિષ્ટાચાર કર્યા સિવાય ઊતરી પડ્યો. ધૂંધવાતી સિલ્વીઆએ પણ કાર દોડાવી મૂકી.

ઘરમાં એની વાટ જોતી બેઠી જ હતી. 'સોરી મામ, મેં આજે પણ તમને વાટ જોવડાવી.' તેણે કહ્યું.

'હૉસ્પિટલમાં કામ આવી પડ્યું હશે!'

'ના, આજે પણ પેલી ડૉક્ટર મને ઉપાડી ગઈ હતી, હૉસ્પિટલેથી છૂટ્યા પછી.'

'પછી ?'

'મને ખબર હતી કે તમે ડિનર પર મારી રાહ જોતાં ભૂખ્યાં જ બેસી રહ્યાં હશો. હું તેને હાથતાળી દઈને ભાગી આવ્યો.'

'જુઠ્ઠો.'

'સાચી વાત, તમારા સમ. ને આવતાં રસ્તામાં જ મેં એક નિર્ણય લીધો.'

'શો ?'

'કે મારે આવતે અઠવાડિયે જ ઈંડિયા ઊપડી જવું.'

'આટલું બધું ઝડપથી ?'

'હા, જો મનને તંદુરસ્ત રાખવું હોય તો મારે ભાગી જ જવું જોઈએ. હું હમણાંનો બહુ પોચો થઈ ગયો છું.' તેણે કહ્યું. એની કાંઈક સમજી કાંઈક ન સમજી છતાં રવીન્દ્રનો ઈંડિયા જવાનો વિચાર એને ગમ્યો. પોતાને સાવ એકલવાયું લાગશે છતાં રવીન્દ્રના દેશમાં જવાથી એના અને સ્પંદનાના સંબંધમાં જે તડ પડી છે એ પુરાશે માની તેણે મન મનાવ્યું.

જો કે રવીન્દ્ર એનીના મલકાતા મનને મનમાં જ જાણે કહી રહ્યો હતો : 'હું દેશમાં જાઉં છું એ વાત સાચી પણ તમે માનો છો એમ સ્પંદનાની પાસે જ જાઉં છું એવું નથી.' હા, પોતે ઈંડિયા જતો હતો અને સ્પંદના પણ ઈંડિયામાં જ હતી એ વાત સાચી.

# ૩૪. સિલ્વીઆને સંડોવી

બીજે દિવસે એણે ઘણો આગ્રહ કર્યો છતાં એની બહાર ફરવા જવા તૈયાર ન થઈ. એને એક તરફ આનંદ થતો હતો તો બીજી તરફ એકલાં પડી જવાનો રંજ પણ હતો. છેલ્લાં બે વરસથી સ્પંદના અને રવીન્દ્રને કારણે ઘર ભર્યુંભર્યું લાગતું હતું. એને સ્પંદના દીકરી જેવી લાગતી હતી. રવીન્દ્ર ક્યારેક દીકરા જેવો તો ક્યારેક સ્પંદનાનો પતિ એટલે કે જમાઈ જેવો લાગતો હતો.

રવીન્દ્રએ પોતાની રજાનો ઉપયોગ ટિકીટ અને બૂકિંગ મેળવવામાં કર્યો. તેને નવ દિવસ પછીના પ્લેનમાં બૂકિંગ મળ્યું એટલે કોઈ વિચાર બદલવા દબાણ કરે એ પહેલાં એણે ટિકીટ લઈ લીધી અને બૂકિંગ કન્ફર્મ કરાવી દીધું.

આ કામથી પરવારીને તે બપોર પછી હૉસ્પિટલમાં ગયો અને પોતાને નવ દિવસની અંદર છૂટા કરવા માટેની વિનંતિ કરતું રાજીનામું લખી નાખ્યું. રાજીનામું લઈને તે સીધો રેબીસનની ઑફિસમાં ગયો. રેબીસન ઑફિસમાં જ હતા.

રવીન્દ્ર તેમના હાથમાં રાજીનામાનું કવર આપીને સામેની ખુરસી પર બેઠો. ડૉક્ટર રેબીસને રાજીનામું અડધુંય નહીં વાંચ્યું હોય ને તેને પેપર-વેઈટ નીચે દબાવી દેતાં કહ્યું : 'સમજો કે મેં તમારું આ રાજીનામું ફાડી નાખ્યું છે. પછી તમારે કાંઈ કહેવાનું છે ?'

રવીન્દ્ર તેમની આ લાગણીની સામે જવાબ આપતાં, પહેલાં તો ખચકાયો પણ પછી મનને મક્કમ કરી તેણે કહ્યું : 'એ આપની મહેરબાની છે સાહેબ. હું જાણું છું કે આપના મારા પર ઘણા અનુગ્રહ છે. આપની આ લાગણીને હું લાયક નથી થઈ શકતો એનું મને દુઃખ છે. પણ મારે વહેલી તકે દેશમાં જવું જ પડે એમ છે.'

'તે જાઓ ને. તમને કોણ ખાળે છે ? પણ એમાં રાજીનામું આપવાની શી જરૂર છે ? બોલો, કેટલી રજા જોઈએ છીએ ?'

'એનું કશું કહેવાય નહીં. પણ પાછા આવવાનું કદાચ શક્ય નહીં બને.'

રેબીસને સ્હેજ વાર વિચાર કર્યો પછી પૂછ્યું : 'તમે નવ દિવસની મુદત કેમ રાખી છે ?'

'મને સત્તાવીસમીના પ્લેનમાં બૂકિંગ મળ્યું છે.'

'હું માનું છું કે આમ અચાનક ઈંડિયા જવા માટે તમારે કોઈ ચોકક્સ કારણ હશે જ. એટલે હું તમારી તાકીદને ધ્યાનમાં લઈ તમારો નોટિસનો પગાર ન કાપવાની સંસ્થામાં ભલામણ કરીશ. પણ તમારી આ જગા તમારે માટે ખાલી જ પડી છે એમ માની પાછા આવવા પ્રયત્ન કરશો. તમે જ્યારે પણ પાછા આવશો ત્યારે તમને અહીં સમાવી લેતાં અમને જરૂર આનંદ થશે.'

'તો હું જાઉં, સાહેબ ?'

'ભલે, તમે બુધવારના મારી સાથે ડિનરમાં જોડાઈ શકશો ? સાથે મિસિસ કુપરીનને પણ સાથે લાવશો. જો કે હું એમને પેન તો કરી જ દઉં છું.' રેબીસને કહ્યું.

'ભલે, હું આવીશ અને મિસિસ કુપરીનને પણ આપના આમંત્રણથી વાકેફ કરી સાથે લેતો આવીશ.'

રવીન્દ્ર બહાર નીકળ્યો એટલે રેબીસને ફોન ઉપાડ્યો અને પોતાના મદદનીશ ડૉક્ટર મોલને બોલાવ્યા. રવીન્દ્રના આ અચાનક આવેલા રાજીનામાએ એમને ગૂંચવણમાં નાખી દીધા હતા.

'ડૉક્ટર મારે તમને ડૉ. રવીનના અંગત જીવન વિશે પૂછવું છે, બેસો.' ડૉ. મોલ આવ્યા એટલે રેબીસને એમને કહ્યું. 'ડૉ. દેસાઈ રાજીનામું આપી દેશમાં ચાલ્યો જાય છે.'

'હેં ?' ડૉ. મોલને માટે પણ આ વાત આશ્ચર્યજનક હતી.

'હા, આ રહ્યું તેનું રાજીનામું. મને એ નથી સમજાતું કે એણે આમ કેમ કરવું પડ્યું.'

'મનેય તેમનું આ પગલું ઘણું વિચિત્ર લાગે છે. હા, છેલ્લા ત્રણેક માસથી તે ઉદાસ રહ્યા કરતા હતા અને ઑફને દિવસેય ડ્યૂટી પર આવતા હતા. એમણે આપણા સર્કલની ડિનર પાર્ટીઓમાં પણ આવવાનું લગભગ બંધ કરી દીધું હતું.' ડૉ. મોલે કહ્યું.

'કાંઈ કારણ જાણવા મળ્યું છે ?'

'મિસિસ દેસાઈના દેશમાં ગયા પછી આ ફેરફાર જણાયા છે એટલે લાગે છે કે એમની અંગત કોઈ તકલીફ હશે. મને ખબર છે એ મુજબ એ અને મિસિસ દેસાઈ બહુ સારા સંબંધો સાથે છૂટાં પડ્યાં નથી.'

ડૉક્ટર રેબીસન રવીન્દ્ર પર વહાલ રાખતા હતા એ ખરું પણ આ બધી વાતો એમને માટે નવી જ હતી. સ્પંદના દેશમાં ગઈ એ વાતની એમને ખબર હતી પણ એ બે વચ્ચેના સંબંધોની આ વાત તેમને માટે નવી હતી.

'તમને ખાતરી છે ?'

'હા, સાહેબ. જ્યારથી મિસિસ દેસાઈ દેશમાં ગયાં ત્યારથી ડૉ. દેસાઈનું વર્તન બદલાઈ ગયું છે.'

'આપણામાંના કોઈએ તો તેમને નોકરી છોડવા માટેનું કારણ નથી આપ્યું ને!'

'છેલ્લા પંદરેક દિવસથી ડૉ. મિસ સ્મિથ તેમનામાં વધારે પડતો રસ લેતી જણાઈ છે. કાલેય સાંજે છુટ્યા પછી ડૉ. દેસાઈ મિસ સ્મિથની કારમાં ગયા હોવાનું મારી જાણમાં આવ્યું છે.'

'ઠીક, મિસ સ્મિથ હૉસ્પિટલમાં છે ?'

'ના, આજે તેનેય ઑફ છે.'

'ઓ. કે. તમારા જાણવામાં બીજી કોઈ વાત આવે તો મને જણાવશો.' રેબીસને કહ્યું અને ડૉક્ટર મોલે રજા લીધી.

ડૉ. મોલના ગયા પછી રેબીસન કેટલીય વાર સુધી વિચારતા બેસી રહ્યા. રવીન્દ્રને માટે તેમને લાગણી હતી. તે એને પોતાના દીકરા જેવો માનતા હતા, એ વાત સાચી પણ એ દીકરાના જીવનની આ કઠણાઈની વાતમાં પોતે કાંઈ જ જાણતા ન હતા.

તેમણે ફોન ઉપાડ્યો અને સિલ્વીઆના ફ્લેટનો નંબર જોડ્યો. સામે સિલ્વીઆ હાજર જ હતી. 'હું ડૉક્ટર રેબીસન બોલું છું.' તેમણે કહ્યું.

'જી, સાહેબ, મરે લાયક કોઈ કામ છે કે શું ? આપને મારે ઘેર ફોન કરવો પડ્યો એટલે એમ માનું છું. હું ફ્રી જ છું સાહેબ.'

'કામ તો ખાસ નથી પણ મારે થોડી માહિતી જોઈતી હતી. ડૉક્ટર દેસાઈએ આજે રાજીનામું આપ્યું છે

ને આવતા વીકમાં એ ઈંડિયા જાય છે. એટલે_'

પણ સિલ્વીઆના આશ્ચર્યે એમને વચમાં જ અટકાવતાં કહ્યું : 'હોય નહી!'

'હોય નહીં નહીં પણ તેમણે રાજીનામું આપ્યું છે એ હકીકત છે. અને એટલે જ મારે તમને પૂછવું પડ્યું. તમારા ધ્યાનમાં એવી કોઈ વાત આવી છે કે જેને કારણે એણે આમ કર્યું હોય ?'

ડૉક્ટર રેબીસનની વાત સાંભળતાં જ સિલ્વીઆ એક વાર તો જાણે મૂંગી જ થઈ ગઈ. પછી તેણે પૂછયું : 'આ વાત મારે માટેય આશ્ચર્ય સમાન છે. અમારી ડયૂટી એક સાથે જ છે છતાં મને એનો અણસાર પણ એણે આવવા દીધો નથી.'

'તમારી ડયૂટી એક સાથે છે એટલે જ તમને પૂછયું. મને થયું કે તમારે કદાચ કશી વાત થઈ હોય આ અંગે!'

ડૉક્ટર રેબીસનનો ખુલાસો સિલ્વીઆને ગળે ઊતરે તેમ ન હતો. તેને તો એમ જ લાગ્યું કે એમણે પોતાના પરની શંકાને કારણે જ એને ફોન કર્યો હશે.

ફોન મૂકી એણે પોતાના મનમાં તપાસ કરવા માંડી. રેબીસનના ફોનથી એને ગઈ કાલ સાંજના પ્રસંગની વાત ફરીથી વિચારવાની ફરજ પડી. ગઈ કાલે કલાકો સુધી રવીન્દ્ર પોતાની સાથે જ હતો, પણ એણે પોતે રાજીનામું આપે છે ને દેશમાં જાય છે એવી વાતનો અણસારોય આવવા દીધો ન હતો.

હા, અચાનક જાણે ભૂત ભાળ્યું હોય એમ પોતાને બળજબરીથી કારમાં બેસાડી ઘેર ભાગી આવ્યો હતો.

તેને લાગ્યું કે રવીન્દ્રના ઈંડિયા જવાના નિર્ણય માટે પોતે જ જવાબદાર હતી. રવીન્દ્રના પત્ની વિયોગે હિજરાતા હૈયા પર પોતે જબરજસ્તી કરી હતી તેનું જ આ પરિણામ હતું. ઈંડિયા જેવા રૂઢિચૂસ્ત દેશના એ માણસથી પોતાનું વર્તન નહીં જીરવાયું હોય અને એ કદાચ એને મહાપાપ સમજતો હશે અને વધારે પાપમાં પડતા પહેલાં દેશમાં ભાગી જવાનો તેણે નિર્ણય લીધો હશે. 'એના રાજીનામા પાછળ તું જ છે.' એનું મન પોકારી રહ્યું.

'ડૉક્ટર રેબીસનને પણ કદાચ એમ જ લાગ્યું હશે એટલે જ એમણે મને ફોન કર્યો હશે. કે રવીન્દ્રએ રાજીનામું આપતાં મારે વિષે કશું કહ્યું હશે!' એના મનમાં વિચારોનું ઘમાસાણ મચી રહ્યું.

તેણે ઝડપથી કશોક નિર્ણય કર્યો, કપડાં બદલ્યાં અને નીચે આવી. બીજી જ મિનિટે તેની કાર રવીન્દ્રના ઘર તરફ દોડવા માંડી.

તે રવીન્દ્રને ઘેર પહોંચી ત્યારે રવીન્દ્ર ઘેર આવી જ ગયેલો હતો. સવારે એની ફરવા આવવા તૈયાર થઈ ન હતી પણ સાંજે તો તેને ગમે તેમ કરીનેય ડિનર માટે તો બહાર લઈ જ જવી છે એવો નિર્ણય કરીને તે હૉસ્પિટલથી સીધો ઘેર જ આવ્યો હતો.

બીજો કોઈ પ્રસંગ હોત તો એની એને જોઈને મનમાં જ અકળાઈ ઊઠત. પણ આજે તે ન અકળાઈ. રવીન આવતે અઠવાડિયે તો ઈંડિયા જતો રહેવાનો હતો ને! 'ત્યાં સુધી છો ને આંટા મારતી.' તે વિચારી રહી.

બીજું બધું તો ઠીક પણ એને કારણે રવીનનું દેશમાં જવાનું થયું હતું અને એ બહાને સ્પંદનાની અને રવીનની વચ્ચે મનમેળ સધાય તેવો યોગ ઊભો થયો હતો એટલે એની સિલ્વીઆ પર ગુસ્સે ન થઈ.

'તું એમને માટે ચા બનાવી આપજે, હું મારા કામે વળગું.' કહેતાં તે અંદર ગઈ.

રવીન્દ્રને બદલે પછી તો સિલ્વીઆએ જ ચા બનાવી અને એક કપ રવીન્દ્રની સામે મૂકયો અને

વાતની શરૂઆત કરી : 'મેં જે સાંભળ્યું છે એ સાચું છે કે કેમ એ જાણવા માટે હું તારી પાસે આવી છું.'

'તેં જાણ્યું હશે એ ખોટું તો નહીં જ હોય. કહે, તને શું જાણવા મળ્યું છે ?' રવીન્દ્રએ હસતાં જ પૂછયું.

'તું હૉસ્પિટલમાંથી રાજીનામું આપે છે ?'

'હા, મેં રાજીનામું આપી પણ દીધું છે.'

'કેમ ?'

'ઈંડિયા જવા માટે.'

'પણ તારે અચાનક ઈંડિયા જવાનું કોઈ કારણ ?'

'માણસને કયારેક તો પોતાનો દેશ યાદ આવે જ ને! ને પોતાના દેશમાં જવા માટે કારણ જોઈતું હશે ?' તે હસ્યો.

'સામાન્ય સંજોગોમાં કારણ ન હોય પણ માણસ જ્યારે આવો આકસ્મિક નિર્ણય લે ત્યારે તેની પાછળ કોઈક તો કારણ હોય જ.'

'મેં આ આકસ્મિક નિર્ણય નથી કર્યો. કેટલાય સમયથી હું દેશમાં જવાનું વિચારતો જ હતો.' રવીન્દ્રએ જૂઠાણાનો આશરો લીધો પણ સિલ્વીઆની આગળ તે ન ચાલી શક્યું.

'જો તું કેટલાય સમયથી આવું વિચારતો હોત તો તેં રાજીનામું પણ વધારે નહીં તો ત્રણ મહિના પહેલાં જ આપ્યું હોત. આજે તેં રાજીનામું આપ્યું તેમાં તો જો મેનેજમેન્ટ ધારે તો તારી પાસેથી ત્રણ મહિનાના પગારની રકમ પાછી માગી શકે.' તેણે કહ્યું.

'હું તે જાણું છું.' રવીન્દ્રએ શાંતિથી કહ્યું.

'તારા જાણવા ન જાણવાનો સવાલ નથી. પણ તેં કયા એવા કારણસર નોટિસના પગારનીય પરવા કર્યા સિવાય રાજીનામું આપ્યું એ મારે જાણવું છે.' તે બોલી.

રવીન્દ્ર સ્હેજ વાર સુધી તો તેની સામે તાકી જ રહ્યો પછી એણે કહ્યું : 'એવું કશું નથી પણ મારી પત્ની ઘણા સમયથી દેશમાં ગઈ છે. મને તેને મળવાની તાલાવેલી લાગી એટલે મેં દેશમાં જવાનું નકકી કર્યું.'

'પણ એવું એકદમ કેમ લાગ્યું ?'

'મનની બધી વાતોના જવાબ તો મનેય નથી જડતા તો હું તને કયાંથી આપી શકું ?' સ્હેજ ઉદાસ થઈ જતાં રવીન્દ્રએ કહ્યું.

'કેટલાક મને આમાં સંડોવે છે. તેઓ માને છે કે મારે કારણે તેં રાજીનામું આપ્યું છે.'

'તને શું લાગે છે ?'

'મને પણ એમ જ લાગે છે.' તે મકકમતથી બોલી.

'એ બધાંનીય ભૂલ છે ને તારી પણ. માણસનાં કેટલાંક પગલાં આંતરપ્રેરિત હોય છે. મારું આ પગલું પણ કાંઈક આવું જ છે.'

'એ પ્રેરણા ગઈ કાલે પેલા સ્યૂટમાં તો નહોતી થઈ ને ?'

'પ્રેરણા ક્યાં થઈ એ મહત્વનું નથી. મારે એ પ્રેરણા મુજબ વર્તવું જોઈએ એ અગત્યનું છે.'

'અટલે તું એમ આડકતરી રીતે મને એમાં સંડોવી રહ્યો છે, એમ મારે માનવું ?'

'મે એવું કહ્યું નથી ને તારે એવું માનવું પણ ન જોઈએ.'

'એવું સ્પષ્ટ કહેવાની જરૂર છે ખરી ?'

'તો પછી તારે માનવું હોય એમ માન પણ મેં એવું કહ્યુંય નથી કે મનથી મેં એવું કદી માન્યું પણ નથી.' રવીન્દ્ર અકકડ થઈને બોલી પડ્યો.

'તું આ સાચું કહે છે ?'

'હા.'

'તો પછી જવાનું માંડી વાળ. ડૉક્ટર રેબીસન તારું રાજીનામું ફાડી નાખવા તૈયાર જ બેઠા છે.' તે બોલી.

'એ બની શકે તેમ નથી. મેં જવાનું નકકી કરી જ લીધું છે. મેં પ્લેનનું બૂકિંગ પણ કરાવી દીધું છે. ને મૂળ વાત તો એ છે કે મારે જવું જ છે. ડૉ. રેબીસન પણ આ જાણે છે.'

'મને ખબર છે. એમણે જ મને ફોન કરી તારા રાજીનામા અંગે વાત કરી હતી. એટલે જ મને લાગે છે કે એ અંદરખાને મને આમાં સંડોવી રહ્યા છે. અને મનેય હવે તો લાગવા જ માંડ્યું છે કે ગઈ કાલે તું મારી સાથે પેલા સ્યૂટમાં હતો ત્યારે જ તેં આ નિર્ણય લીધો હતો. એટલે તારા આ નિર્ણય પાછળ હું જ જવાબદાર છું.'

'દરેક કાર્યની પાછળ કુદરત કોઈને તો નિમિત્ત બનાવે જ છે. જો તું માને છે એમ બન્યું હોય તોય તારે એમાં ખેદ પામવાની જરૂર નથી. ડૉ. રેબીસનને હું કહીશ જો એ તારે માટે વહેમ ખાતા હશે તો.'

'અવું કરવાની કશી જરૂર નથી. મારી તો તને વિનંતિ છે કે તું રોકાઈ જા. તું કહેશે તો હું મારી ડયૂટી બદલાવી નાખીશ, તને મળવાનું બંધ કરી દઈશ, અરે, તું કહેશે તો હું તને મોં પણ નહીં બતાવું, બસ ?'

'અવું હોત તો મેં તને મોં પર જ ન કહ્યું હોત! સાચી વાત તો એ છે કે હું અને સ્પંદના સારા સંબંધો સાથે છૂટાં પડ્યાં ન હતાં. મને લાગે છે કે એમાં મારી જ ભૂલ હતી. એટલે હું જેમ બને તેમ જલ્દી એની પાસે પહોંચી જઈ એને મનાવી લેવા માંગું છું.' રવીન્દ્રએ કહ્યું. પછી ઘણું લાંબું મૌન ઘણું લાંબું ચાલ્યા પછી ઘડિયાળને ટકોરે તૂટી ગયું.

'કેમ આવી હતી એ ?' સિલ્વીઆ ગઈ એટલે એનીએ પૂછ્યું.

'હું કેમ છૂટો થાઉં છું એ પૂછવા.'

'કહેવું હતું ને, કે તારે લીધે જ.'

'અને એવો વહેમ હતો જ.'

'ત્યારે તો એ એટલી સમજુ ખરી.' એનીએ કહ્યું.

-?-

સિલ્વીઆએ હૉસ્પિટલમાં જઈને ડૉ. રેબીસનને વાત કરી તેમાંથી પણ એમને એવો જ સૂર આવતો લાગ્યો કે રવીન્દ્રની પત્ની દેશમાં ગઈ ત્યારે એ બે વચ્ચે સારા સંબંધો ન હતા. તેમને આ જાણી બહુ ખેદ થયો.

તેમણે મનથી નકકી કર્યું કે પોતે રવીન્દ્રને આ અંગે શિખામણ આપવી અને તે દેશમાં પહોંચે ત્યારે ડૉ. ભટ્ટાચાર્ય પણ તેને સમજાવે એ માટે એમનેય એક પત્ર લખી દેવો.

ને એમણે પહેલું જ કામ એ પત્ર લખી નાખવાનું કર્યું.

અનુક્રમ

## ૩૫. સફળ શેઠ

સુસ્મિત અને સ્પંદના જો લગ્ન કરવાની હા પાડતાં હોય અને નિશીથ અને સ્પંદના એ લગ્નમાં મહાલવા તૈયાર થઈને બેઠાં હોય તો અમૃતગૌરી કે ધનુભાઈ શેઠ વાટ જુએ ખરાં! એક બાજુ સુસ્મિતે લગ્ન માટે હા પાડી કે તરત અમૃતગૌરીએ પોતાના ગોરને તેડાવ્યા ને વહેલામાં વહેલું જે મુહૂર્ત આવતું હોય એ મુહૂર્તનાં લગ્ન કાઢવા એમને જણાવી દીધું. ને આવા જજમાન ઘડિયાં લગન લેવા તૈયાર થતા હોય તો ગોર શા માટે મોડું કરે ?

માંડવાનું, મીઠાઈઓનું,, જમણની વ્યવસ્થાનું ને આવનારા મહેમાનોના ઊતારાની વ્યવસ્થાનું કામ નિશીથને ફાળે આવ્યું. કપડાં અને ઘરેણાંની પસંદગીને ખરીદીનું કામ સ્પંદનાને ફાળે આવ્યું. ને પેલાં બે પરણનાર તો પોતાનાં કામમાંથી નવરાં પડે તો બીજાં કામ કરવા લાગે ને!

નિશીથે બધાંની એની તબિયતની મીઠી આનાકાની છતાં ઑફિસે જવાનું શરૂ કરી દીધું હતું. ને ઑફિસમાં જઈનેય તેણે જાણે ખોલી હતી તો લગ્ન સહાયક મંડળી જ. હમણાં જ ઘેરથી ફોન આવ્યો હતો કે ભાઈચંદ વસ્ત્રભંડારમાં સ્પંદનાએ ત્રણ સાડીઓ પસંદ કરી રાખી છે તેમાંથી એક પસંદ કરીને નિશીથે ઘેર જતાં લેતા જવાની છે. ને ઘેર જતાં નિશીથ એમાંથી એક પસંદ કરીને લઈ પણ ગયો.

તેને સાડી લાવતાં જોતાં શેઠે પૂછ્યું : 'તારે કેમ સાડી લેવા જવું પડ્યું ?'

'સ્પંદનાએ ભાઈચંદમાં ત્રણ સાડીઓ પસંદ કરી રાખી હતી તેમાંથી મારે એક પસંદ કરીને લેતા આવવાની હતી.'

'ને એના કહ્યા પ્રમાણે તું એક સાડી પસંદ કરીને લેતો આવ્યો?'

'હા. મેં કાંઈ ખોટું કર્યું ?'

'અક ગુમાસ્તા તરીકે કર્યું હોય તો બરાબર ગણાય. પણ એક શેઠ તરીકે _' કહેતાં શેઠે ડાકું ધૂણાવ્યું.

'મને સમજણ ન પડી.' ગૂંચવાતાં નિશીથ બોલ્યો.

'તારે એ ત્રણેય સાડીઓ લઈ આવવી જોઈએ. કહેવાનું કે ત્રણેય પસંદ પડી એટલે બધી લઈ આવ્યો. વૃંદાને પસંદ પડી એ વૃંદા પહેરે અને સ્પંદનાને પસંદ પડે એ સ્પંદના પહેરે. જો ત્રણ પસંદ કરી હોય તો એમાં એક લાવવાનું કામ શેઠ તરીકે તને શોભે ?'

'સમજી ગયો.'

'આ સાડીઓની બાબતમાં ?'

'ના, બધી જ બાબતમાં.' કહેતાં નિશીથે ફોન ઉપાડ્યો અને ભાઈચંદમાં, બાકીની બે સાડીઓય પેક

કરીને તરત મોકલી આપવાની વરધી આપી દીધી.

'હવે મને લાગ્યું કે તું શેઠ બની શકશે ખરો.' શેઠે મલકાતાં કહ્યું. ને ઊભા થતાં સ્હેજ વિચારીને બોલ્યા : 'ઑફિસ અને ફેકટરીના સ્ટાફને કેવાં આમંત્રણ આપવાનાં છે એ નક્કી કરીને ઑફિસ ઑર્ડર પણ કઢાવી દેજે.' નિશીથ એમના આ લાંબા કથનનો અર્થ ન સમજે એવો મૂર્ખ તો નહોતો જ.

'મને લાગે છે કે મારે હવે શેઠ બનવું જ પડશે.' તેણે કહ્યું.

'બહુ મોડો સમજ્યો. બે વરસ વહેલો સમજ્યો હોત તો આજે આખું મુંબઈ તારી અદેખાઈ કરતું હોત.' કહેતાં શેઠ હસીને બહાર નીકળી ગયા.

ગમે તેમ તોય આ લગ્નની ધમાલ શેઠના કુટુંબમાં અને ફેકટરી અને ધંધામાં નિશીથનું સ્થાન ચોક્કસ કરી રહી હતી. સત્તા અને શેઠાઈથી દૂર રહેવા મથતા નિશીથને તે હવે છોડે તેમ ન હતી. શેઠે પણ મનથી કશોક નિર્ણય જાણે કરી લીધો હોય એમ એ છેલ્લા દશેક દિવસથી ઑફિસમાં આવ્યા જ ન હતા ને.

અરે, આજે સવારના એ ઑફિસમાં આવ્યા ત્યારે બધાંને આશ્ચર્યમાં ગરક કરી દે એવો એક ઑફિસ ઑર્ડર ઈસ્યૂ કરતા ગયા હતા ને! આ ઑર્ડરથી શેઠની ગેરહાજરીમાં શેઠની સર્વ સત્તાઓ ભોગવવાની તથા કંપની તરફથી દરેક પ્રકારની લેવડદેવડ કરવાની કે એગ્રીમેન્ટ કરવાની સત્તા નિશીથને આપવામાં આવી હતી.

નિશીથના હાથમાં આ ઑર્ડરની નકલ આવી ત્યારે શેઠ ઑફિસમાં ન હતા. સાંજે ઘેર આવીને નિશીથે આની વાત કાઢી : 'છેલ્લા ઑફિસ ઑર્ડરથી મને જે સત્તાઓ આપવામાં આવી છે એ મારાથી સ્વીકારી શકાય એમ નથી.'

'એ સ્વીકારી શકાય એવી ન હોત તો આપી જ ન હોત. હા તને જો પગારનો વાંધો હશે તો તારા મોભા પ્રમાણેનો પગાર અને બંગલો ને કાર પણ તને કંપની આપશે, કેમ સુસ્મિત ?' ધનુભાઈ શેઠે હસીને કહ્યું.

'અરે, હું તો તેમના મોભા પ્રમાણે પરણાવી આપવાનું માથે લેવાય તૈયાર છું, જો એમને વાંધો ન હોય તો—' સુસ્મિતે પણ શેઠની વાત વધાવી લેતાં કહ્યું એટલે નિશીથને બોલવા જેવું જ ન રહ્યું. ને—

—ને બીજે દિવસે તો નિશીથ ખરેખરનો જ શેઠ બની ગયો. એણે મ્યુઝિકબેન્ડ માટે નક્કી કરી દીધું,, આઠદશ બગીઓ જોઈ અને એમાંથી એકમાં કેટલાક સુધારાવધારા કરાવવાની શરતે બગી પણ નક્કી કરી લીધી. સુસ્મિતને ફોન કરી સૂચના આપી દીધી કે તેણે લગ્ન માટે જે કોઈ કપડાં સિવડાવવાં હોય તેનું કાપડ રીવિયેરામાંથી લઈ ચાકસમાં સીવવા આપી દેવાં. શેઠ માટે ઝભ્ભાનું કાપડ લઈ લીધું અને ધોતીજોટા પસંદ કરી લીધા. હીરાનાં વીંટી તથા બટન પણ પસંદ કરીને શેઠને બતાવવા મોકલી આપવાનું ઝવેરીને જણાવી દીધું.

તેની આ બધી ચીવટ જોઈ શેઠે તેને હસતાં પૂછ્યું : 'આમાં તું તારે માટે કશું લાવ્યો કે નહીં ?'

'મારે માટે હું કળીવાળા ઝભ્ભા અને બંગાળી ધોતી લેવા માટે કોઈને કલકત્તા મોકલવાનો વિચાર કરું છું.'

તેણે જવાબ ટાળવાને બદલે મજાકમાં જ કહેલું પણ ત્યાં તો એ વાતે જાણે ચર્ચાની આંધી જ ઊભી કરી દીધી. 'તે ક્યારે ? લગ્ન પતી ગયા પછી મંગાવવાનાં છે ? કોઈને કાલે ને કાલે જ મોકલી દે. મારું માને તો હીરજીને જ મોકલજે. એ કપડાંનો શોખીન છે. સાથે બેત્રણ જોડી ચપ્પલ પણ ત્યાંથી જ લેતા આવવાનું કહેજે. ને ખેસ મંગાવવાનું ન ભૂલતો.' શેઠે નાની નાની વિગતો યાદ કરાવી.

પછી તો કલકત્તાનાં કામની ખાસ્સી યાદી જ તૈયાર થઈ ગઈ. કલકત્તાની ઑફિસનાં આમંત્રણો પણ તેની સાથે જ મોકલવાનું અને ત્યાંથી બીજા કોઈને જો કાંઈ મંગાવવાનું હોય એની વરધી ને યાદીની ચર્ચા બે કલાક સુધી ચાલ્યા કરી. એવા વાતાવરણમાં નિશીથ બાપડો કહીય ક્યાંથી શકે કે એ તો માત્ર મજાક જ કરતો હતો!

'ચાલો, આમેય મારે નવાં કપડાં સિવડાવ્યા સિવાય ઓછું ચાલવાનું હતું ?' તેણે મન મનાવ્યું.

પણ છેવટે ઊઠતાં જ કોઈકે નિશીથને જ રૂબરૂ કલકત્તા જઈ આવવાની વાત મૂકી. એ તો સારું થયું કે શેઠ તે વખતે સૂવા માટે ચાલ્યા ગયા હતા નહીં તો બીજે દિવસે નિશીથભાઈ હવામાં ઊડતા જ હોત કલકત્તાને મારગે.

ઘરમાં નિશીથનું માન વધતું હતું એ શેઠ-શેઠાણી તથા સુસ્મિતને ગમતું જ હતું. શેઠ-શેઠાણી તો તેને શરૂથી જ પોતાનો દીકરો માની બેઠાં હતાં, જ્યારે સુસ્મિતે પણ આવતાંની સાથે જ એને પોતાનો મોટો ભાઈ માની લીધો હતો. સ્પંદનાને આ બધું જોઈ આનંદ થાય એ દેખીતું જ હતું. વૃંદા આ બધું તટસ્થ ભાવે જોઈ રહી હતી. આ બધું સારું હતું કે નરસું એ વિચારવા જેટલી એ મુકત જ કયાં હતી! એ તો સુસ્મિતમાં જ ખોવાઈ ગઈ હતી.

નિશીથ આ બધાથી ગૂંગળાતો હતો. પોતે જે ગાળિયું કાઢી નાખવા માગતો હતો એ જાણે બળજબરીથી તેને ગળે ભેરવાતું જતું હતું. ને પોતાને નાકામયાબ દેખાવામાં શરમ લાગતી હતી એટલે જાણ્યેઅજાણ્યેય એ કામને વળગી પડ્યો હતો. ને કાર્યશકિત અને ધગશ ભેગાં થાય એટલે સફળતા દૂર રહે જ કેમ ? એટલે એ સફળ શેઠ ગણાવા માંડ્યો હતો ને!

અનુક્રમ

## ૩૬. ભટ્ટાચાર્યનો એકરાર

સાંતાક્રુઝ એરપોર્ટ પર ડૉકટર ભટ્ટાચાર્ય પ્લેનની રાહ જોતા આંટા મારી રહ્યા હતા. પ્લેન આવવાને હજુ તો એક કલાકની વાર હતી એવું હમણાં જ એનાઉન્સ કરવામાં આવ્યું હતું. એક કલાક જેટલો સમય આંટા મારતાં પસાર કરવો મુશ્કેલ લાગતાં એ નજીકની ખુરસીમાં બેઠા. ને ખિસ્સામાંથી રેબીસનનો પત્ર કાઢી વાંચવા લાગ્યા. આ પત્ર એ પાંચમી વખત વાંચતા હશે.

રવીન્દ્ર અને સ્પંદના વચ્ચેના સંબંધો છેલ્લા ત્રણચાર માસથી બગડ્યા હતા.સ્પંદના દેશમાં આવી ગઈ હતી અને આજના પ્લેનમાં રવીન્દ્ર પણ આવી રહ્યો હતો એ સમાચાર એમાં હતા. રેબીસને રવીન્દ્રના આવા કથળેલા સંબંધો વિષે ખેદ વ્યકત કર્યો હતો. પોતે આ માહિતીથી આજ સુધી અજાણ્યા રહ્યા હતા તેમ ભટ્ટાચાર્ય પણ અજાણ્યા ન રહે એ હેતુથી એમણે પત્રમાં બધી વિગત લખી હતી. ને બને તો ભટ્ટાચાર્યને તેમાં રસ લઈ એ સંબંધને મૂળ સ્થિતિમાં પાછો લાવી દેવા પ્રયત્ન કરવાનું સૂચન પણ તેમણે કર્યું હતું.

એમનો પત્ર પહેલી વખત વાંચ્યો ત્યારથી જ ભટ્ટાચાર્યનું અંતર ડંખવા લાગ્યું હતું. તેમને મનમાં એમ ઊગી નીકળ્યું હતું કે રવીન્દ્ર અને સ્પંદનાના સંબંધોમાં તિરાડ પડવાની પાછળ પોતે જ નિમિત્તરૂપ બન્યા હશે. ને તેમના આમ માનવા પાછળ કારણ પણ હતું. જે રાતે સ્પંદના પાંચ હજાર રૂપિયા લઈને એમના મકાનમાંથી બહાર નીકળી તે વખતે તેમના પાડોશી શ્રીપાદ પૂણેકરે એને જતાં અને આવતાં જોઈ લીધી હતી. એણે પોતાને ફાવતો અર્થ આનો તારવ્યો હતો અને એ વાતને પોતાના પુરતી જ મર્યાદિત ન રાખતાં એણે એ વિષે ભટ્ટાચાર્યને ટકોર પણ કરી હતી. 'તમારે ભલા માણસ, પરણવાની શી જરૂર છે ? હૉસ્પિટલમાં લેડી ડૉકટરો હોય, નર્સો હોય અને બાકી હોય તેમ હમણાંની તો પેલા આંધળા ડૉકટરની રૂપાળી બૈરીનેય તમે ઘાટે પાડી છે.' ભટ્ટાચાર્ય તો તેની આ નાલાયકી જોઈ એક વખત તો ડઘાઈ જ ગયા હતા, પણ પછી એમણે એને એવો ધધડાવ્યો કે એ જવાબ આપવાને બદલે ભાગી જ ગયો હતો.

જો કે એ જવાબ આપ્યા વગર ભાગી ગયો એ એક રીતે તો ખોટું જ થયું હતું.. જો એને સમજાવીને તેની

સાથે વાત કરી હોત તો વાત આટલી વધત નહીં એમ એમને લાગ્યું. એને ગુસ્સે થઈને ભગાડી મૂકયો હતો એટલે એ કોઈકને તો વાત કર્યા સિવાય રહેશે જ નહીં એમ માની એ ફફડી રહ્યા હતા. એઠવાડિયા પછી એક સાંજે નિશીથ રાતોપીળો થતો એમને ત્યાં આવ્યો ત્યારે એમને લાગ્યું જ કે વાત ફુટી ગઈ હતી. બાકી હતું તેમ જ્યારે રેબીસનનો પત્ર પોતાના પર આવ્યો ત્યારે એમને ખાતરી થઈ ગઈ કે બધું પોતાની કરણીનું જ ફળ હતું.

પ્લેન આવ્યું. દાદર ઊતરતા રવીન્દ્રની હાલત જોઈને એમને દુઃખ થયું. રવીન્દ્રને એમણે અલબત્ત, હસતો રમતો જોવાની આશા તો નહોતી જ રાખી પણ બીજી તરફ એમણે એને આવો સાવ હતાશ અને નંખાઈ ગયેલો જોવાનીય આશા રાખી ન હતી. એ જ્યારે ઈંગ્લેન્ડ જવા નીકળ્યો ત્યારે એ અંધ હતો અને જેની સફળતાની નહીંવત હતી એવું ઑપરેશન કરાવવા જઈ રહ્યો હતો છતાં તે આવો નિરાશ-ઉદાસ ન હતો.

તેણે ભટ્ટાચાર્યને જોયા હોય એમ લાગ્યું નહીં. પોતે પત્રથી કોઈનેય જાણ કર્યા સિવાય દેશમાં આવ્યો હતો એટલે કોઈ પોતાને રીસીવ કરવા આવ્યું હોવાની તો શકયતા પણ ન હતી.

કસ્ટમ પસાર કરી બહાર આવતાં તેણે ભટ્ટાચાર્યને જોયા ને તેનાથી બોલાઈ ગયું : 'તમે અહીં કયાંથી ? કોઈને રીસીવ કરવા આવ્યા છો કે શું ?'

'તને જ રીસીવ કરવા હું આવ્યો છું એમ કહું તો તું સાચું નહીં માને.' ભટ્ટાચાર્યો કહ્યું.

'હોય નહી!'

'ડૉકટર રેબીસનનો પત્ર હતો. તેં રાજીનામું આપ્યું તે જ દિવસે એમણે મને પત્ર લખેલો.' તેમણે કહ્યું અને ટેકસી માટે હાથથી ઈશારો કર્યો. ને ટેકસી આવી એટલે રવીન્દ્રની સાથે તેમાં બેસતાં તેમણે પોતાના ફ્લેટ તરફ લઈ જવા ડ્રાયવરને સૂચના આપી.

રવીન્દ્ર સ્પંદનાને મળવા ઉત્સુક નહીં જ હોય એની તેમને ખાતરી જ હતી. તે પોતાના વિચારોમાં જ અટવાઈ રહ્યા હતા. ખામોશીની પાળ તોડી ધસી આવનારા રવીન્દ્રની દ્વેશ અને ધિકકારની લાગણીનો સામનો કરવા તે મનોબળ એકઠું કરી રહ્યા હતા.

'કેમ અચાનક જ ?'

'હું ત્યાં કાયમ રહેવા માટે થોડો જ ગયો હતો ? ખર્ચોલા પૈસા ભેગા કરવા હતા તેય આ દોઢ વરસમાં કરી લીધા. પછી તો ઘર સાંભરે જ ને!' હસવાનો મિથ્યા પ્રયત્ન કરતાં તેણે કહ્યું.

'તું એકલો જ કેમ આવ્યો ?' ભટ્ટાચાર્યના ફફડાટે અજાણ્યા બનવાનું જ યોગ્ય ગણ્યું.

'સ્પંદના ત્રણેક મહિના પહેલાં જ દેશમાં આવી છે.'

'તું એની સાથે કેમ ન આવ્યો ?'

'મેં ત્યારે એવું નહોતું વિચાર્યું. હવે વિચાર્યું.'

'કેમ ?'

'કમાવા માટે સ્તો.' તેણે હસવા પ્રયત્ન કર્યો.

'મારી પાસેય ખોટું બોલીશ ? જો હું તને સ્પષ્ટ કહી દઉં. જોં ગઈ કાલે આખી રાત એના જ વિચારો કર્યા છે અને હું એવા નિર્ણય પર આવ્યો છું કે કાં તો મારે તારા મનનું સમાધાન કરાવી દેવું કાં તારો ગુસ્સો વહોરી લેવો.'

‘એવું કાંઈ નથી.’

‘નથી કેમ ? સ્પંદનાએ તારે માટે શું નથી કર્યું એ જ સવાલ છે. આવી પત્નીને તું ઘર છોડવાની ફરજ પાડે એનો શો અર્થ ?’

રવીન્દ્ર સ્હેજ ગૂંચવાયો. ‘આમ જોવા જઈએ તો તમે માનો છો એવું કશું નથી બન્યું. મેં એને ઘર છોડવાની ફરજ પાડી જ નથી. ઊલટાની મારી મરજી વિરૂધ્ધ એ સ્વેચ્છાએ દેશમાં આવી છે. જો એ દેશમાં ન ચાલી આવી હોત તો અમારી વચ્ચેનો સંબંધ વધારે સારો રહી શકયો હોત.’

‘કેવી રીતે ?’

‘એ દેશમાં આવવા તૈયાર થઈ તેની પાછળના કારણની તમને ખબર હોત તો તમને સમજાઈ જ જાત. એ નિશીથની સેવા કરવા માટે દેશમાં આવવાની જીદ લઈ બેઠી હતી. તમે પણ નિશીથને જાણો છો. એક વખત નિશીથ ને સ્પંદના મિત્રો હતાં. હું વચમાં ન આવ્યો હોત તો એ બે જણ પરણ્યાં પણ હોત. હવે તમે જ કહો કે મારી મરજી વિરૂધ્ધ એ એની સેવા-ચાકરી કરવા દેશમાં દોડી આવે તો મને એમના અઘટિત સંબંધ વિષે વહેમ ન આવે ?’

‘કેવા પ્રકારનો વહેમ ?’

‘અક પતિને બેવફા પત્ની પર આવે એવો જ વહેમ. નિશીથના એના પર ત્યાં પણ પત્રો આવતા હતા ને એ પત્રો એ મારાથી છુપાવતી હતી. મારે હાથ એમાંના એકબે પત્રો ચઢી ગયા હતા ને મેં એ વાંચ્યા પણ હતા. એ પત્રમાં કેટલીય એવી વાતો નિશીથે લખી છે કે જે મારા વહેમને મજબૂત કરે છે. તમે જ કહો કે સ્પંદનાએ ઑપરેશન માટે પૈસા ભેગા કરવા જે વ્યવસ્થા કરી તે નિશીથને પસંદ ન આવે અને એમાં એ મરવામારવા જેવી વાત કરે એ શું સૂચવે છે ? એક સામાન્ય મિત્ર કરતાં વધારાના કોઈ સંબંધને સહારે જ એ આવો હક કરતો હશે ને!’

‘તને ખબર છે કે સ્પંદનાને તારા ઑપરેશન માટેના પૈસા ભેગા કરવામાં શી શી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે ?’

‘મને ખબર છે. એણે ઘર, વાસણકુસણ ને પોતાના દાગીના પણ વેચી દીધા હતા. જો ઑપરેશન સફળ ન થયું હોત તો અમારે જીવવું પણ અઘરું થઈ પડ્યું હોત. તેણે ઘણી હિંમત દર્શાવી છે.’

‘ને તોય તું એના પર વહેમ લાવે છે ?’

‘મારી જગ્યાએ તમે જ હો તો શું કરો ? તમારી પત્ની પર એના મિત્રના પત્રો આવતા હોય અને એ તમારાથી એ વાત છુપાવતી હોય અને તમારી મરજીની ઉપરવટ એની સેવા કરવા દેશમાં દોડી આવે તો તમે શું કરો ?’

‘નિશીથની વાત કરે છે તું ?’

‘હા.’

‘તો મારે કહેવું પડશે કે તેં તનની આંખો ભલે મેળવી હોય પણ મનની આંખો તો તેં ગુમાવી છે. તું સ્પંદના પર વહેમાય તો પછી હદ જ આવી રહી. એને ઓળખવામાં જ તું થાપ ખઈ ગયો. એને જો નિશીથની સાથે સંબંધ રાખવો હોત તો એ તારી આંખોના ઑપરેશન માટે તમારો ફલેટ ને પોતાનાં ઘરેણાં ન વેચી દેત. એ તારી અંધ આંખોની સામે જ તારા જ ફલેટમાં ઉજાણીઓ કરી શકત. નિશીથને પણ તારી શી પડી હોત! એણે પોતાનું ઘર વેચી દઈને તને શા માટે પૈસા આપ્યા હોત ?’

'પણ એ બધાની પાછળ એમનો આશય_'

'અમનો આશય ખરાબ હોઈ જ ન શકે. થને ખબર નથી કે તું નિશીથના પર વહેમ લાવે છે પણ એણે તો જિંદગીથી હાથ ધોઈ નાખ્યા છે સ્પંદનાના શીલને ખાતર.' ભટ્ટાચાર્યે કહ્યું. રવીન્દ્રને આમાંનું બધું ન સમજાયું પણ પોતાનાથી કાંઈક ખોટું થઈ ગયાનો અહેસાસ તો એને થયો જ.

'મને તમારી વાતમાં પૂરી સમજણ પડતી નથી. મને લાગે છે કે આમાં કશીક ગેરસમજ થાય છે.'

'હા, એમાં ગેરસમજ થાય છે એ વાત સાચી પણ તારી, મારી નહીં.'

'ભલે એમ રાખો.' કહેતાં તે બહાર નીકળવા ગયો.

'કયાં જાય છે તું ?'

'થોડે સુધી ફરી આવું. હું ખૂબ જ ગૂંચવાઈ ગયો છું. હું મારા મનની વાત તમને સમજાવી શકતો નથી એ વાત સાચી પણ બીજી બાજુ હું ખોટો છું એ સ્વીકારી પણ શકતો નથી. એ હકીકત છે.'

'તો તું સ્પંદના પાસે નથી જતો ?'

'સ્પંદના કયાં છે એની મને ખબર નથી. ને કદાચ ખબર હોય તો પણ તેનો કશો અર્થ નથી.' તેણે બચાવ કરવા  પ્રયત્ન કર્યો.

'કેમ ?'

'હું ત્યાં જવા માગતો નથી.'

'તો પછી ઉતાવળો થઈ દેશમાં કેમ ભાગી આવ્યો ?'

'હું સમજું છું તમારી લાગણીને. પણ મને તમે વધારે ગૂંચવણમાં ન મૂકો. હું દેશમાં દોડી આવ્યો છું એ વાત સાચી પણ હું સ્પંદનાને મળવા જ દોડી આવ્યો છું એવું નથી. કદાચ મારી અને સ્પંદના વચ્ચેની તડ પુરાઈ પણ જાય. અત્યારે તો હું કાંઈ ચોકકસ કહી શકતો નથી.' તે છેલ્લા શબ્દો માત્ર ભટ્ટાચાર્યથી પીછો છોડાવવા માટે જ બોલ્યો હતો. બાકી હવે સ્પંદનાની સાથે પોતાનો મેળ સધાય એ વાત એને અશકય જ લાગતી હતી.

'અત્યારે તું કયાં જાય છે ?'

'મહાલક્ષ્મી સુધી રખડી આવું.'

'મારું માને તો સીધો ધનુભાઈ શેઠને બંગલે જ જા. મને ખબર છે ત્યાં સુધી સ્પંદના ત્યાં જ છે.'

'હું એ જાણું છું.'

'તો તું ત્યાં જાય છે ?'

રવીન્દ્ર થંભ્યો. પછી પાછો ફરતાં બોલ્યો : 'હું ધનુભાઈ શેઠને ત્યાં જવાનું કહીને અહીંથી મારી સૂટકેસ લઈને બીજે કયાંક ચાલ્યો જાઉં એવું તો તમે નથી ઈચ્છતાને!' કહેતાં તે બહાર નીકળ્યો.

તેના આવા વર્તાવથી ભટ્ટાચાર્યને લાગ્યું કે રવીન્દ્ર સ્પંદના સાથે સંબંધ સુધારવાની તક લેવા જ માગતો નથી. તેણે જે મનથી માની લીધું છે એને જ વળગી રહી તે સ્પંદનાને દુઃખી જ કરી મૂકશે. તેમના સુપ્ત મને જાણે તેમને ધકકો માર્યો હોય એમ અચાનક તે ચમકી ઊઠ્યા ને દોડીને રવીન્દ્રને પકડી પાડતાં બોલ્યા : 'તું પાછો

ચાલ હું તને એક એવી વાત કહીશ કે સ્પંદના પરનો તારો ગુસ્સો શાંત થઈ જશે.'

રવીન્દ્ર તેમની પાછળ દોરાયો અને પાછો સોફામાં ગોઠવાયો : 'બોલો, શું કહેવું છે તમારે ? '

ભટ્ટાચાર્યે ટેબલના ડ્રોવરમાંથી એક છરી જેવું સાધન બહાર કાઢ્યું અને તે રવીન્દ્રની સામે ટેબલ પર મૂકતાં કહેવું શરૂ કર્યું : 'તું ડૉક્ટર છે એટલે તને ખબર છે જ કે આ સાધનનો એક જ ઘા કોઈનો જીવ લેવા માટે પૂરતો છે.

'જો તું બીજી કોઈ રીતે તારો ગુસ્સો શાંત ન કરી શકતો હોય તો તારે આ દુનિયા પર એક જ માણસ પર ગુસ્સો ઉતારવાનો રહે છે : મારા પર. પૈસા ભેગા કરતી વખતે સ્પંદનાની લાચારીનો લાભ લઈ મેં જ બળજબરી કરી એના શીલને કલંકિત કર્યું હતું. નિશીથને માટે તું શંકા સેવે છે પણ એ તો બિચારો મારા આ પાગલ પગલાનું પ્રાયશ્ચિત્ત કરે છે, પોતાની રીતે. એ જાણ્યા પછી એણે જિંદગીથી જાણે હાથ જ ધોઈ નાખ્યા છે.'

ભટ્ટાચાર્યની વાત જાણી રવીન્દ્રનો ગુસ્સો માઝા મૂકી ગયો છતાં સાચી બીના જાણવાનું કુતૂહલ એને વશમાં રાખી રહ્યું. ભટ્ટાચાર્યે આગળ ચલાવ્યું : 'તને કદાચ ખબર નહીં હોય પણ જાતીયવિકૃતિનો સાયકોલોજિકલ પેશન્ટ છું. હું સયકોલોજિકલ પેશન્ટ છું એમ કહી છટકી જવા માગતો નથી. પણ મારાથી અભાનપણેય જે ભૂલ થઈ ગઈ છે એનું પ્રયશ્ચિત્ત પેલો ઓલિયા જેવો માણસ કર્યા કરે અને તું એના પર વહેમ ખાઈ એને અધમ કક્ષાનો માણસ સમજી એને અન્યાય કર્યા કરે કે સ્પંદનાને વગર વાંકે દુઃખી કરે એ મારાથી સહન નહીં થાય.'

'નિશીથને આ વાતની કયાંથી ખબર પડી ?'

'હા, એ પણ હું તને કહું. જયારે આ બન્યું ત્યારે મારો એક પાડોશી સ્પંદનાને હતાશ પગલે મારા ઘરમાંથી બહાર નીકળતી જોઈ ગયો હશે. તેણે મને સ્પંદનાની બાબતમાં એક દિવસ ટોન્ટ માર્યો હતો ને મેં એને ધમકાવીને મૂંગો કરી દીધો હતો. મને લાગે છે કે એણે જ નિશીથને વધારીને વાત કરી હશે તે નિશીથ એક દિવસ રાતોપીળો થતો મારે ત્યાં આવ્યો.

'તેણે તો મને મારી જ નાખ્યો હોત પણ મેં એને જ્યારે મારા આ દર્દની વાત કરી ત્યારે એ ઢીલો પડ્યો. એણે છેવટે કહ્યું : ડૉક્ટર, હું આમાં તમારો દોષ નથી એમ માની શકતો નથી. કોઈ પાગલ માણસ રસ્તે જતા બીજા માણસને હાનિ પહોંચાડે તો એ અસાધ્ય રોગનો રોગી હોય પણ એની જવાબદારી તો એની જ રહે છે. જો તમે તમારા આ અસાધ્ય રોગથી મુકત ન થઈ શકતા હો તો તમારે આપઘાત કરી જિંદગીથી મુકત થઈ જવું જોઈએ. છતાં મને નથી લાગતું કે તમે સ્પંદના સાથે જે વર્તાવ કર્યો છે એનું પ્રાયશ્ચિત્ત થઈ શકે.'

'પછી ?'

'પછી એ કહે આમાં તો ડૉક્ટર તમારા કરતાં મારો વાંક હું વધારે જોઈ રહ્યો છું. જો હું મારી ફરજ ચૂકયો ન હોઉં તો મને પડતો મૂકીને એને તમારી પાસે પૈસા માગવા આવવું જ શા માટે પડે ? એટલે મારેય મારા આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવું જ પડશે.'

થોડા મહિના પહેલાં વૃંદા નામની એક યુવતી તેને મારી પાસે લઈ આવી હતી. મેં તેનો એકસ-રે લીધો હતો. એને બીજા સ્ટેજમાં ટી.બી. હતો. અત્યારે એ કદાચ મરવાની અણી પર જ હશે. મેં તેને કેટલીક દવઓનો કોર્સ લખી આપેલો. તો મને એ કહે : ડૉક્ટર તમારે મને જો દવા કે સલાહ આપવાં જ હોય તો આનાથી ઊલટાં જ આપો. હું બંધિયાર હવાવાળી જગ્યામાં પડયો રહું, ઓછો સાત્ત્વિક ખોરાક લઉં. આ સિવાય મારે બીજું શું કરવું જોઈએ મારે વહેલા મરવા માટે ?'

'મેં એને એવું ન વિચારવા માટે કહ્યું તો મને કહે : ડૉક્ટર, હવે મારે કોને માટે વધારે જીવવું ? એક

સ્પંદનાને સુખી જોવાની તમન્ના હતી તેય તમે રહેવા દીધી નથી. મને થાય છે કે કોઈક દિવસ આ વાત બહાર આવશે અને એના લગ્નજીવનમાં ચિનગારી ચંપાઈ જશે. એવું કાંઈ થાય એ પહેલાં હું આ દુનિયાથી આંખ મીંચી દેવા માગું છું. તમે મારા વતી રવીન્દ્રને એટલું કહેજો કે સ્પંદનાના વતી મેં પ્રાયશ્ચિત્ત કરી લીધું છે. તમે કહેશો ને ?'

'મને લાગે છે કે તેણે પ્રાયશ્ચિત્ત કરી જ લીધું હશે. એની પાસે ભાગ્યે જ એકબે અઠવાડિયાં રહ્યાં હશે હવે જીવવા માટે.' કહેતાં ભટ્ટાચાર્યે આંખો લૂછી.

રવીન્દ્ર શું બોલે ? તેને પોતાની ભૂલ પર ગુસ્સો આવતો હતો તો પોતાના અવિચારી વર્તન પર ખેદ થતો હતો. 'સારું થયું કે તમે મને સમયસર બધી વાત કરી દીધી અને મનેય પ્રાયશ્ચિત્ત કરવાની તક મળી. નિશીથની તબિયત હવે સારી થઈ ગઈ છે. હું હવે સ્પંદના પાસે જાઉં છું.'

'આ છરીનું તું શું કરવા માગે છે ?'

'કાંઈ નહીં. જ્યાં નિશીથે તમારો વાંક જોયો નથી ત્યાં હું શું જોવાનો હતો ?' કહેતાં તેણે છરી ઉપાડીને દૂર ખૂણામાં ફેંકી દીધી અને ઉમેર્યું : 'તમે સારું કર્યું કે મને આ બધી વાત કરી દીધી ને મહાપાતકમાંથી બચાવી લીધો.' કહેતાં સૂટકેસ લઈ તે બહાર નીકળ્યો.

ટેકસી કરી તે સુસ્મિત-નિવાસ પહોંચ્યો તો ખબર પડી કે બધાં વરસોવાવાળે બંગલે રહેવા ચાલ્યાં ગયાં હતાં એટલે એણે ટેકસી એ તરફ લેવા માટે સૂચના આપી.

અનુક્રમ

## ૩૭. મને માફ કરશો ને ?

વરસોવાવાળો બંગલો લગ્નની ધમાલથી ગુંજી રહ્યો હતો. નિશીથને માથે કામનો બોજો વધી ગયો હતો. તેને સુસ્મિત કરતાં વહેલો પરણાવવાની અમૃતગૌરીની ઈચ્છા મનમાં જ રહી ગઈ હતી પણ એ હજુ નિશીથને પરણાવવાની ઈચ્છામાંથી પાછાં પડ્યાં ન હતાં. એ હજુ હિંમત હાર્યાં ન હતાં. તેમને આશા હતી કે સ્પંદના ને સુસ્મિત એને પરણાવ્યા વગર છોડવાનાં ન હતાં.

એમની માનસિક સ્વસ્થતા તો સુસ્મિત આવ્યો ત્યારથી જ સુધરી ગઈ હતી તેમાં નિશીથ સાજો થઈ એક શેઠની જેમ કામમાં વળગી પડ્યો હતો અને ખ્યાતિ મેળવી રહ્યો હતો એટલે તો એ ફૂલ્યાંય સમાતાં ન હતાં. તેમનું શરીર પણ પેલા અકાળે આવેલા વૃધ્ધત્ત્વને ફગાવી લાલાશ ધારણ કરી રહ્યું હતું. અરે, બે મહિનાના ટૂંકા ગાળામાં જ એમના મોં પરથી કેટલીય કળચલીઓ દૂર થઈ ગઈ હતી ને.

એમણે ત્રણ દિવસ પહેલાં જ શેઠને યાદ દેવડાવ્યું હતું કે રવીન્દ્રને તાર કરીને લગ્ન પર બોલાવવાનું સ્પંદનાને જણાવવું. ને આવી વાત પોતાને કે શેઠાણીને વહેલી કેમ યાદ ન આવી તેનો શેઠ અફસોસ કરવા લાગ્યા. છતાં નિશીથને બોલાવી તેમણે રવીન્દ્રને ફોન કરવાની સૂચના તો આપી જ. જો કે વચમાં સમય એટલો ઓછો રહ્યો હતો કે હવે રવીન્દ્ર આવી શકે એ વાતમાં એમને શંકા હતી.

'મારે તને શું કહેવું એ જ મને તો સમજાતું નથી. ભલા માણસ, રવીન્દ્રને મોડામાં મોડો એક અઠવાડિયા પહેલાં તાર કરી દેવો જોઈએ કે જેથી એ આવવા ધારે તો આવી શકે. હવે આપણે એને તાર કરીએ કે ફોન કરીએ એનો શો અર્થ ? તું બધાં નાનાં નાનાં કામ પાછળ દોડ્યા કરે છે ને મુખ્ય કામ ધ્યાન બહાર જાય છે. હું તને ક્યારનોય કહ્યા કરું છું કે તું કામમાં સુસ્મિતની મદદ લેતો રહે. એ કાંઈ મહેમાન થોડો જ છે ?' તેમણે કહ્યું.

'મને લાગે છે કે હજુ બહુ મોડું નથી થયું. એ આવવા ધારે તો હજુય આવી શકે એટલો સમય છે. હું હમણાં જ એમને ફોન કરી દઉં છું.' કહી તે રવીન્દ્રનો સંપર્ક કરવાના કામે લાગ્યો. જો કે તેને પણ મનમાં તો શંકા હતી જ કે રવીન્દ્ર કદાચ આવવા ધારે તોપણ હવે સમય એટલો ટૂંકો રહ્યો હતો કે એ આવી શકે તેવી કોઈ શક્યતા ન હતી. કદાચ લેઈટ કેન્સલેશનને કારણે ઘણી વખત તત્કાલિક જગ્યા મળી જતી હોય છે એ આશ્વાસન પણ એ મેળવવા પ્રયત્ન કરતો હતો.

બીજી બાજુ જ્યારથી સ્પંદના દેશમાં આવી ત્યારથી રવીન્દ્રનો કોઈ કાગળ તેના પર આવ્યો હોય એવું તેના જાણવામાં ન હતું. કે સ્પંદનાએ પણ એને કશું લખ્યું હોવાનું તેની જાણમાં ન હતું. તેને સ્પંદનાના ઉદાસ મોં પરથી ખ્યાલ આવી જ ગયો હતો કે એ બે વચ્ચે જરૂર તડ પડી હશે. પોતાનાથી એમાં કશું કરી શકાય તેમ ન હતું એ વિચારે એ પણ દુઃખી થતો હતો. પોતે જે આંધીની શંકા સેવતો હતો એ આંધી આવી જ ગઈ હશે એમ તે માની રહ્યો હતો.

એ સ્પંદનાની પાસેથી સાચી પરિસ્થિતિ જાણવા આતુર હતો પણ અત્યારે એ વાત ઉખેળવાનો સમય ન હતો. લગ્નના આ મહોલમાં સ્પંદનાને વધારે દુઃખની છાયા સાથે ઘૂમતી જોવાની તેની ઈચ્છા ન હતી. કાંઈક તો કરવું જ જોઈએ એમ તેને લાગતું હતું પણ અત્યારે કશું થઈ શકે એમ ન હતું. પછીય શું થઈ શકશે એનોય કશો તેને અંદાજ ન હતો. જ્યાં સુધી શું કરવું એનો જવાબ ન જડે ત્યાં સુધી કશુંય ન કરવું એ જ યોગ્ય હતું એમ તે માનતો હતો.

એક તરફ લગ્નની ધમાલ તેનો ઘણો સમય લઈ લેતી હતી તો બીજી તરફ માંદગીમાંથી તાજો જ બેઠો થયેલો દેહ પણ તેની પાસે પૂરતા આરામની માગણી કરી રહ્યો હતો. એકલા દેહની જ જો આ માગણી હોત તો નિશીથે એની બહુ દરકાર કરી ન હોત, પણ છેલ્લા ત્રણેક મહિનાથી નિશીથનું સ્વસ્થ્ય જાણે બધાંની કાળજીનો વિષય બની રહ્યું હતું. આને કારણે એને આરામની જરૂર જણાય તે પહેલાં કોઈકને તો તેના આરામની જરૂરની જાણ થઈ જ જતી હતી. ને પછી તો નિશીથને આરામ લેવા માટે જાણે હુકમો જ છુટતા.

આવતી કાલે લગ્ન હતાં. કલકત્તાની ઑફિસેથી કેટલાક અધિકારીઓ આજે બપોરના આવવાના હતા. મુંબઈની ઑફિસના ઑફિસરો ને કર્મચારીઓ તો છેલ્લા પંદરેક દિવસથી ધમાલમાં પડી ગયેલા જ હતા. આવતી કાલે તો ફેક્ટરી પણ બંધ રાખવામાં આવી હતી. બહારથી આવનારા અન્ય મહેમાનો પણ આવવા લાગ્યા હતા. ને જેમ આવતા જતા હતા તેમ તેમને રહેવાની અને અન્ય સુવિધાઓની વ્યવસ્થા પણ તેને માટે નિયુક્ત કરાયેલા કર્મચારીઓ ગોઠવી રહ્યા હતા.

આજે વૃંદાની બેનપણી ઊર્મિલા આવવાની હતી. વૃંદા તો આજે નવરી જ ક્યાંથી હોય ? સ્પંદનાને એને લેવા જવાનું હતું. તેને કાર માટે સૂચના આપતી જોતાં નિશીથે પૂછ્યું : 'ક્યાં જવું છે તારે ?'

'ઊર્મિલા આવે છે એટલે તેને રીસીવ કરવા મારે સ્ટેશને જવાનું છે. તમારા કોઈ મહેમાન આવવાના હોય તો તેને પણ લેતી આવીશ.'

'એ બધી વ્યવસ્થા તો ગોઠવાયેલી જ છે. તું તારી ઊર્મિલાને રીસીવ કરી આવ. પણ હું માનું છું કે ઊર્મિલા તો વૃંદાની બેનપણી છે.'

'અની જ છે. પણ આજે વૃંદાને નવરાશ ક્યાં છે ? ચાલ, હું જાઉં.' કહેતાં એ ડ્રાયવરે બહાર કાઢેલી કાર તરફ ચાલી. તે કારમાં બેસવા જતી હતી ત્યાં જ એક ટેકસી આવી અને કાર અને નિશીથની વચ્ચે ઊભી રહી ગઈ. ઝાંપા પરનો ચોકીદાર બારણું ખોલવા દોડતો આવ્યો પણ તે પહેલાં તો રવીન્દ્ર ટેકસીનું બારણું ખોલી બહાર આવી ગયો હતો. ને રવીન્દ્રને ટેકસીમાંથી બહાર નીકળતો જોતાં કારમાં બેસવા જતી સ્પંદના ઊભી રહી ગઈ હતી.

'તું મારા વિયોગમાં આટલી બધી કરમાઈ ગઈ હશે એવી મને ખબર નહોતી નહીં તો હું થોડો વહેલો આવ્યો હોત ને. સોરી મેમ સાબ, વેરી વેરી સોરી.' રવીન્દ્રએ હસતાં કહ્યું.

સ્પંદના કેટલુંક તેના હસવા પરથી તો કેટલુંક તેના ચાળા પરથી સમજી ગઈ. બાકી હતું તે તેના અચાનક આવી પહોંચવા પરથી સમજી ગઈ અને દોડીને એના બાહુઓમાં સમાઈ ગઈ. ટેકસીમાં કોણ આવ્યું છે એ જોવા નિશીથ વરંડા પરથી નીચે આવતો હતો તેણે આ મિલન જોયું અને તે હર્ષથી ઝૂમી ઊઠ્યો.

'અઈ મિસ્ટર, આ તમારું ઈંગ્લેન્ડ નથી. અહીં જાહેરમાં આવું બધું નહીં ચાલે.' નિશીથે કહ્યું ને પેલાં બેય શરમાઈ રહ્યાં.

'સોરી નિશીથભાઈ. પણ તમે મારી દવાની વાટ જોયા સિવાય સાજા થઈ ગયા એમ પરણીય ગયા હોત તો એ પણ અહીં ન જ ચાલત.' રવીન્દ્રએ સામી ટોળ કરી. ને સ્પંદના તરફ ફરતાં કહ્યું : 'સોરી સ્પંદના, મેં તને બહુ દુઃખી કરી.'

સ્પંદનાએ એના હોઠ પર આંગળી દબાવી દેતાં કહ્યું : 'એવું બધું અહીં નહીં ચાલે. આ લોકો આપણી મશ્કરી કરશે પાછા.'

'હું તો ક્યારનો મનમાં ગોખ્યા કરતો હતો કે ક્યારે નિશીથભાઈ ભેગા થઈ જાય ને બેચાર કાણાં પાડી દઉં. પણ તમે તો મારી દવા વગર જ સારા થઈ ગયા છો ને! સ્પંદના તેં એમને કોઈ નવું ઓળખાણ તો નથી કરાવી આપ્યું ને ?'

'અરે, એ તો મોટો શેઠ બની ગયો છે. હવે એને આપણે ઓળખાણ કરાવી આપવાનું ન હોય. હવે તો એ ઓળખાણ નહીં કરી લે તો કોઈક એની સાથે ઓળખાણ કાઢતું આવશે.'

'જો, વૃંદાબેનને કહે કે તેમની બેનપણીને લેવા બીજા કોઈને સ્ટેશન પર મોકલે. સ્પંદનાના ગેસ્ટ આવી ગયા છે એટલે હમણાં તો એ બીઝી થઈ ગયાં છે.' નિશીથે ડ્રાયવરને કહ્યું. અડધું રવીન્દ્રના હસવા પરથી અને બાકીનું તેના વર્તાવ પરથી સમજી જતાં નિશીથને ખાતરી થઈ ગઈ કે રવીન્દ્રએ સ્પંદનાને માફ કરી જ દીધું હશે. પણ તેને ક્યાં ખબર હતી કે રવીન્દ્ર તો સ્પંદનાની માફી માગવા તલસી રહ્યો હતો!

પછીનો કલાક તો આખા બંગલામાં દોડાદોડી મચી ગઈ. શેઠ-શેઠાણી ને સુસ્મિતનો તો હર્ષ માતો જ નહોતો. વૃંદા પણ દોડી આવી પણ હવે ઊર્મિલાને લેવા જવાનું એને માથે આવી ગયું હતું એટલે એને માત્ર ખબર પૂછીને જ ચાલ્યાં જવું પડ્યું.

પછી તો લગ્નનાં એટલાં બધાં કામ પડ્યાં હતાં તોય રવીન્દ્રની ખબર પૂછવામાં જ બધાંના ત્રણેક કલાક તો વહી જ ગયા.થોડી વાર પછી રવીન્દ્ર નિશીથને કહે : 'મને જો સૌથી આનંદ થયો હોય તો તમારી તબિયત જોઈને થયો છે. તમે ઘણી ઝડપથી તંદુરસ્તી પાછી મેળવી રહ્યા છો.'

'અનો બધો યશ સ્પંદનાને ફાળે જાય છે. એ આવી ને નિશીથનો રોગ ગયો.' અમૃતગૌરીએ કહ્યું.

'અટલા માટે તો એને અગાઉથી મોકલી હતી. માસી, ત્રણ મહિના હાથે રોટલા બાળી ખાતાં એવો તો

ગુસ્સો ચઢતો હતો કે — અરે, આવતાં રસ્તામાંથી જ મન સાથે નકકી કરી રાખ્યું હતું કે હું આવું તે પહેલાં જો તેમની તબિયત ઘોડા જેવી ન થઈ ગઈ હોય તો રોજનાં ચારપાંચ ઈંજેક્શનો આપીને એમને ઘોડા જેવા કરી દેવા. એને દવા તો એવી કડવી આપવી કે એ સાજા થયા પછીય ત્રણચાર વરસ સુધી યાદ કર્યા કરે કે એક ઓળખીતો દાકતર મળ્યો હતો.' રવીન્દ્રએ કહ્યું.

'તે હજુ એની દવા ચાલુ જ છે ને તમારી દવા તો એને માફક આવી જ જાય છે.' પેલું માનું દિલ બોલી ઊઠ્યું.

'અરે એટલે તો એમણે હું બંગલામાં દાખલ પણ નહોતો થયો ત્યારથી જ મારી બેગ દરિયામાં પધરાવી દેવાની બીક બતાવી હતી. આ તો માસી તમે છો તે અહીં આવવાનું દિલ થાય છે બાકી એ તો —'

'આ બંગલો કેવો લાગે છે ?' અચાનક નિશીથે એને પૂછ્યું.

'કેમ ? સારો છે એટલે સારો જ લાગે છે.'

'ને બહાર પડી હતી એ પ્લીમથ કાર ?'

'એ પણ સારી છે. મને એમાં રાઈડ આપવાનું વિચારતા હો તો એ વિચાર પણ સારો છે.' રવીન્દ્રને નિશીથના સવાલનું હાર્દ ન સમજાયું.

'અવો કોઈ વિચાર નથી પણ આ બંગલો અને એ કાર માસીએ સ્પંદનાને સુસ્મિતને શોધી લાવવા બદલ ઈનામમાં આપ્યાં છે.'

'સ્પંદનાને કેમ ? સુસ્મિત તો મારો ફ્રેન્ડ છે. હું એને અમારે ત્યાં જમવા લઈ આવેલો ત્યારે જ સ્પંદનાએ એને પહેલી વખત જોયેલો.'

'એનો નિકાલ તમે બેય અંદરો અંદર લાવી લેજો. પણ જયાં સુધી તમે એનો ચાર્જ નહીં સંભાળી લો ત્યાં સુધી હું અને વૃંદા એ કાર તો તમારા હિસાબે અને જોખમે વાપરીએ છીએ એટલે નવરાશ મળે ત્યારે નજીકના પેટ્રોલ પંપ પર જઈ બાકી બિલની રકમ ચૂકવી આવજો.' સુસ્મિતે નિશીથની વાતમાં સૂર પુરાવ્યો.

'જયાં સુધી મારી અને સ્પંદનાની વચ્ચેનો આ દાવો પતે નહીં ત્યાં સુધી એની જવાબદારી અમારા બેમાંથી કોઈનીય ન ગણાય.' રવીન્દ્રએ કહ્યું અને બધાં હસી પડ્યાં.

મોડેથી બધાં છૂટાં પડ્યાં પછી રવીન્દ્રએ નિશીથને કહ્યું : 'મને માફ કરશો, નિશીથભાઈ ?'

'એ બધું મારા હાથમાં નથી. શેઠ સાહેબ જાણે. એમણે ને બાએ જ નકકી કરેલું છે એટલે એ કાર ને બંગલો તો તમારે લેવાં જ પડશે.'

'હું એની વાત નથી કરતો. હું તો તમારી પાસે માફી માગું છું. મેં તમને ન ઓળખ્યા અને તમારા પર શંકાશીલ મન રાખ્યું એ માટે —'

પણ તેને અધવચ્ચેથી અટકાવી દેતાં નિશીથ કહે : 'અરે એવી નકામી વાતો પડતી મૂકો ને તમારા પરદેશની કોઈક વાતો કરો. મનેય હવે તો પરદેશનાં સ્વપ્નાં આવવા માંડ્યાં છે.'

'તમે મારી વાત ઉડાવો નહીં, નિશીથભાઈ.'

'જયાં સુધી મારા મનમાં તમારો કોઈ દોષ વસ્યો જ ન હોય ત્યાં સુધી માફ કરવા ન કરવાની વાત જ કયાંથી ઊભી થાય ? છતાં તમારા સંતોષ માટે કહી દઉં છું કે હું તમને માફ કરું છું, બસ ? હા, મને કડવી દવા ન આપવાની શરતે જ. બાકી તમારે જો કોઈની માફી માગવા જેવી હોય તો એ સ્પંદનાની જ છે. તમે એને ઘણી

દુભવી હોય એમ લાગે છે. મને કહેવા દો કે તમે એ સારું નથી જ કર્યું. તમારે માટે એણે કેવો ભોગ આપ્યો છે એની ભગવાન કરે ને તમને કયારેય જાણ થાય પણ—'

'ત્યાં હતો ત્યાં સુધી મને કશી જ ખબર ન હતી પણ હવે મને ખબર પડી છે. ને મને ગળા સુધી ખાતરી છે કે સ્પંદના મને માફ કરી દેશે. મને એના પર વિશ્વાસ છે.' રવીન્દ્રએ કહ્યું.

'અને મારા પર નહીં, કેમ ?' નિશીથે હસતાં પૂછ્યું.

રવીન્દ્ર હસી પડ્યો. એના એ હાસ્ય પાછળ રવીન્દ્ર ને સ્પંદનાના સુખી જીવનનો પડઘો પડતો હોય એમ નિશીથ અનુભવી રહ્યો. તેની આંખો સજળ બની રહી. ત્યાં રવીન્દ્રનો જવાબ આવ્યો : 'તમારો વિશ્વાસ મને ન હોય એવું હવે કયારેય બનવાનું નથી, હોં.' જાણે રવીન્દ્રનો પશ્ચાત્તાપ બોલી ઊઠ્યો.

— ને પછી કેટલીય વાર સુધી મૌન એ બે હૈયાંનાં ઊંડાણને માપવા મથી રહ્યું.

ઘણાં વરસોનાં વહાણાં વીતી ગયાં છે એ વાતને. બદલાઈ ગઈ છે દુનિયાની તાસીર પણ. હા હજુ કેટલાક સંબંધો એવા જ સચવાઈ રહ્યા છે.

સ્પંદના ને રવીન્દ્ર પાછાં ઈંગ્લેન્ડ ચાલ્યાં ગયાં છે ને તેમનાં બે બાળકો સાથે એનીના પેલા મકાનમાં જ રહે છે. એની હજુ ગયે વરસે જ ગુજરી ગઈ છે. સ્પંદના ને રવીન્દ્રએ છેવટ સુધી એને જીવવાનો સહારો પૂરો પાડ્યો હતો. ને તેમનાં બે બાળકો આવ્યા પછી તો એનીને જાણે સ્વર્ગ મળ્યું હોય એવો આનંદ થઈ ગયો હતો.

પોતાના મરણ બાદ પોતાનું એ મકાન અને અન્ય જે કાંઈ હતું તે એનીએ સ્પંદનાને મળે તેવી ગોઠવણ પોતાની હયાતીમાં જ કરી દીધી હતી. જો કે રવીન્દ્રની નોકરી એવી સારી હતી એટલે તેમણે એ મિલકતમાંથી મકાન સિવાયની બધી ચીજો તથા રોકડ એનીના નામે દાનમાં આપી દીધી હતી.

હા, મકાન સાથે એમને એવી આત્મીયતા બંધાઈ ગઈ હતી કે જ્યારે એમને વધારે મોટા મકાનની જરૂર જણાઈ ત્યારે એમણે બીજું મકાન લેવાને બદલે એમાં સુધારા-વધારા કરીને ને તેમાં બીજા રૂમો ઉમેરીને તેને પોતાની જરૂરિયાત મુજબનું બનાવી લીધું હતું.

સુસ્મિતે પોતાનું મકાન હજુ ચાલુ જ રાખ્યું છે. નિશીથને રવીન્દ્ર અને સ્પંદના પરાણે ઈંગ્લેન્ડ ફરવા લઈ આવ્યાં હતાં ત્યાં શેઠે પોતાના ધંધાની ઑફિસ ત્યાં ખોલવાની વાત કાઢી એટલે નિશીથ ત્યાં કામમાં વળગી પડ્યો હતો. ને દેશમાંથી આવેલી એક યુવતી સાથે પરણી પણ ગયો છે.

સુસ્મિત અને વૃંદા કયારેક ઈંગ્લેન્ડ આવે છે ત્યારે બધાં જૂની વાતોને વાગોળતાં સવાર સુધી જાગ્યા કરે છે.

## સંપૂર્ણ

અનુક્રમ